અધિકારાનુસાર ત્રણ લોક એટલે પ્રવાહી સૃષ્ટિ, મર્યાદા સૃષ્ટિ અને દૈવીસૃષ્ટિ પ્રવાહી સૃષ્ટિ માટે આપ જગત બનીને આકર્ષી છે.

મર્યાદાસૃષ્ટિ માટે આપ જ્ઞાનરૂપ બન્યા અને અક્ષર બ્રહ્મરૂપે આકર્ષી છે અને પુષ્ટિ સૃષ્ટિ માટે આપ કૃષ્ણ ગોવર્ધનધારી બનીને આકર્ષો છો. પરંતુ આ દાસજનોને તો આપ મોહમાં હંમેશા નાખી દો છો તેથી તો આપ માહાત્મ્ય જણાવો છો છતાં તેઓ મોહવશ-સ્નેહવશ આપના માહાત્મ્યને વીસરી જઈને માત્ર આપ પર સ્નેહ વરસાવવા લાગી જાય છે તે એટલા માટે કે ભક્તોની ઈંદ્રિયોનું પોષણ કરનાર તથા ભક્તોના આશ્રયરૂપ (ઘર) આપ બની ગયા. છતાં આપ તેમના લાલન (લાલ) બની ગયા છો. તેમનાથી પાલન પામતા અને લાલાયીત રહો છો આવા ગોવર્ધનધર-ગિરિધર પ્રભુ આજે પવિત્રા ધારણ કરવા તત્પર થઈને બિરાજ્યા છે, પ્રમેય કરવા માટે.

પ્રભુએ ગોવર્ધનને ધારીને ઈંદ્રનો મોહ દૂર કર્યો (મોહ-ન) બ્રહ્માજીએ વાછરડાં-ગ્વાલબાલને ચોર્યા છતાં પ્રભુ સર્વ બનીને લીલા કરતા રહ્યા આમ બ્રહ્માજીનો મોહ દૂર કર્યો. મહાદેવજીને મોહ અજ્ઞાનવશ નહિ પણ કુતૂહલવશ થયો હતો તેથી મોહિનીરૂપનાં દર્શન ઈચ્છયાં, છતાં પણ રૂપ પર મોહિત થઈ ગયા ત્યારે પ્રભુએ ભક્ત મહાદેવનો મોહ દૂર કર્યો. નારદજીને વિષયો પર મોહ થયો, તો તેમનું મુખ મર્કટાકૃતિ કરીને મોહ દૂર કર્યો. (મહાપ્રભુની આસુર વ્યામોહ લીલાથી ભગવાનદાસ મોહ થયો તે આપના દર્શન કરાવી દૂર કર્યો.) ગુંસાઈજીના સ્વરૂપ બાબતનો મોહ છીતુ ચોબાને હતો તે આપે શ્રીફળ-નાળીયેરનું સ્વરૂપ બદલી દઈ છીતુનું સ્વરૂપ પણ બદલીને દૂર કર્યો. આવાં અનેક ઉદાહરણ પ્રભુએ મોહ કરાવ્યાના અને મોહ દૂર કરાવ્યાના છે.

આપે પોતાની માંયા શક્તિ દ્વારા પુરી જીવસૃષ્ટિને મોહમાં નાખી દીધી અને આપના સ્વરૂપ, વાણી અને કર્મથી આપ મોહ દૂર પણ કરે છે.

ટૂંકમાં પ્રભુપ્રતિનો મોહ-આકર્ષણ તે ઉદ્ધારક-તારક છે અને પ્રભુની કૃતિરૂપ વિષયો પ્રતિ, પ્રભુને ભૂલીને થતો મોહ તે દાહક છે. (૨)



।।શ્રીહરિ:।।

# ભગવત્કીર્તન રહસ્ય

## વિભાગ-૫


- શ્રીમહાપ્રભુજીની વધાઈ
- નિત્યનાં પદ-શિતકાળ
- શ્રીગુસાંઈજીનું પદ
- શ્રીગોકુળનાથજીનું પદ
- શ્રીયમુનાજીનું પદ
- જગાયવે કે પદ
- કલેઉ
- વ્રતચર્યા
- ખંડીતા
- ઘટાનાં પદ (શિતકાલ)
- શિતકાલનાં પદ (શૃંગાર)
- ભોજન (શિતકાલ)
- હિલગ
- ભોગ સમય
- ગાય બુલાયવે કે પદ
- આવની કે પદ
- શયન દર્શન
- માન - શિતકાલ
- પોઢવેકા પદ

# શ્રીમહાપ્રભુજીની વધાઈ / પદ

**(૪૩) રાગ – સારંગ** **૨/૩૦૦**

શ્રીવલ્લભનાથકૌ રૂપ કહા કહો પ્રગટે હૈ સબ સુખકે સાગર
લીલાભાવ જો પ્રકટ જનાવત કીનો હૈ સબ જગત ઉજાગર
દેખી દેખી જો યહ નિધિ આઈ ગહોં જો ચરનસરન મન દઢકર
છીતસ્વામી ગિરિધર રસ બરસત અપુને જીવ પર મતી કરૂનાકર

**ભાવાર્થ :**

છીત સ્વામીજી શ્રીવલ્લભની વધાઈ ગાતાં આપશ્રીની બડાઈ કરે છે કે શ્રીવલ્લભ એટલે કે જે પ્રિય પણ છે અનેનાથ-સ્વામી પણ છે આમ બન્ને ભાવ પોતાના સેવક સાથે એકસાથે નિભાવનારા છે તેવા સ્વરૂપની કેટલી બડાઈ કરવી? આપનું પ્રાકટ્ય જ બધા દૈવી જનોના સુખાર્થે છે. અહીં પારમાત્મિક સુખની વાત છે ભિન્ન ભિન્ન ભાવાનુસાર સર્વપ્રકારનું સુખ આપનાર છે, જેમ સાગરમાં વિવિધ મોતી-રત્ન પ્રાપ્ત થાય છે તે રીતે. પરંતુ આ તો એવો સાગર છે કે તેનો દરેક અંશ સુખરૂપ છે ભક્તના અંતઃમનમાં ભગવલ્લીલાનો સાક્ષાત્ (પ્રકટ) અનુભવ કરાવે છે. આપના પ્રાકટ્યથી જગતમાં અજવાળું ફેલાઈ ગયું તેથી અજ્ઞાન તિમિરમાં અટવાતા દૈવીજીવોને પ્રકાશ લાધ્યો અને માયાવાદમાં ફસાયા હતા તેમાંથી નિવૃત્ત થયા. (૧)

છિતસ્વામી કહે છે જૂઓ... જુઓ... આ નિધિ ભંડાર તો ખૂબ જ કિંમતી, સાચવી રાખવા લાયક છતાં ગુપ્ત રાખવા લાયક છે તેવાં શ્રીવલ્લભનાં ચરણકમલોને પકડી લો, અને તેમના શરણે જાઓ તથા આ ચરણોમાં મનને દઢકરીને સ્થિર કરી દો. (દઢ ઈન ચરનન કેરો ભરોસો...) તો આપ માત્ર સંસાર પાર કરાવશે એટલું જ નહિ પરંતુ પોતાના જીવ પર એટલી બધી કરૂણા કરશે કે સદાનંદ રસાત્મક કૃષ્ણ-ગિરિધર રૂપ રસ વરસાવશે.

વિના પ્રયત્ને પ્રભુને મેળવી આપશે, સુખદાન થશે. રસોવૈસઃ મહાપ્રભુ રસોવૈસઃ પ્રભુ-રસ ભક્તને રસમય કરી નાખશે. આવું શ્રીવલ્લભનું સ્વરૂપ છે. શ્રીવલ્લભનાથકો રૂપ કહાં કહો....! (૨)

### (૪૪) રાગ – આસાવરી  ૨/૨૮૮

હોં યાચક શ્રીવલ્લભ તીહારો યાચન તુમકોં આયો હો
મહાઉદાર દેત ભક્તનકોં અપ અપનો મન ભાયો હો  ૧
હેમ ગ્રામ ભૂષણ સુખસંપતિ સો મોહી મન ન સુહાયો હો
પર્યો રહૂં નિત્ય જૂઠન પાઉં યહ મેરો ચિત્ત લાયો હો  ૨
પ્રફૂલ્લિત ભયો નિરંતર દ્વિજવર બ્રહ્મવાદ તરૂ છાયો હો
ગાઉં ગુણ લાવણ્ય સિંધુકે દાસ ચરણ રજ પાયો હો  ૩

**ભાવાર્થ :**

હે વલ્લભ, હું તો માત્ર આપની પાસે જ માંગનારો યાચક છું. આજે હું આપની પાસે માંગવા આવ્યો છું. મને શ્રીગુસાંઈજીની વાણીથી ખબર છે (સર્વોત્તમ સ્તોત્ર) કે આપ મહાઉદાર છો. 'મહા' એટલા માટે કે આપ દરેક ભક્તને જે જે મનોરથ છે તે તે આપ આપો છો. નહિ કે સ્વેચ્છાએ આપો છો. (૧)

મને તો સુવર્ણ, ભૂમિ, આભૂષણ કે જે લૌકિકસુખ આપનારાં છે તેવી સંપતિ નથી જોઈતી, તે મારા મનને સહેજે પસંદ નથી. સર્વદા મારા ચિત્તમાં એ જ ભાવના રહી છે કે આપના દ્વારે, આપના ચરણતરમાં પડ્યો રહું અને આપની જૂઠન (અન્ન-વચન) પામું. (૨)

હે દ્વિજવર જે બ્રહ્મવાદ તરૂ મુરઝાઈ ગયો હતો તે આપના પ્રતાપે ચિરંજીવી થયો અને ખીલી ઉઠયો. તેવા આપના લાવણ્ય સિંધુ રૂપના ગુણગાન કરું અને આપની ચરણરજને પામું બસ આટલી મારી યાચના છે. તે આપ પાસે આ આપનો યાચક દાસ યાચવા આવ્યો છે. (૩)

### (૪૫) રાગ – આસાવરી

શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર કહો કોનપેં જૈયે હો
સબગુણ પુરન કરૂણાસાગર જહાં મહારસ પૈયે હો  ૧
સુરત હી દેખ અનંગ વિમોહીત તમમન પ્રાણ વિકૈયે હો
પરમ ઉદાર ચતુર સુખસાગર અપાર સદા ગુન ગૈયે હો  ૨
સબહીન તેં અતી ઉત્તમ જાની ચરનપર પ્રીત બઢૈયે
કાન ન કાહૂકી મન ધરીયે વ્રત અનન્ય એક ગ્રહીયે  ૩
સુમરસુમર ગુનરૂપ અનુપમ ભવદુખ સબ બિસરૈયે



મુખ વિધુ લાવણ્ય અમૃત ઈકટક પીવત નાહીં અઘૈયે  ૪
ચરન કમલકી નિશદિન સેવા અપને હૃદે બસૈયે
રસિક કહે સંગીન સોં ભવોભવ ઈનકે દાસ કહૈયે  ૫

**ભાવાર્થ :**

શ્રીહરિરાયજી કહે છે મારે બીજો કોણ આધાર છે ? શ્રીવલ્લભ જ મારો ઠાકુર છે તેમને છોડીને બીજે ક્યાં જઈએ ? તે તો કહો.

શ્રીવલ્લભ સર્વગુણથી પૂર્ણ (સર્વલક્ષણ સંપન્ન) છે, કરૂણાસાગર છે (કૃપાનિધિ) અને જે સાગરમાંથી તો મહારસ પીવા મળે છે. (૧)

આપની પ્રભુ સાથેની રતિ નિહારીને તો કામદેવ પણ આભો થઈ ગયો છે. તેવા શ્રીવલ્લભ માટે તો તન-મન-પ્રાણને વેચી દઈએ તો પણ ઓછું છે. આપ પરમ ઉદાર, ચતુર તથા સુખસમુદ્ર છો કે જેનો પાર ન પામી શકાય તેવા છો તેવા શ્રીવલ્લભના સદા ગુણગાન કરતા રહીયે. (૨)

શ્રીવલ્લભ સમાન કોઈ નથી આપ સર્વોત્તમ છો તેથી પ્રીત કરવા લાયક આપના ચરણો જ છે. કોઈની પણ વાત કાને ધરવા જેથી નથી. બસ આપના પ્રતિ અનન્યતાનું વ્રત ગ્રહણ કરવા લાયક છે. (૩)

આપના નામ-રૂપ-ગુણ અનુપમ છે. (સર્વોત્તમ-વલ્લભાષ્ટક-સપ્તશ્લોકી) તેનું સ્મરણ થતાં માત્રમાં ભવદુ:ખો વિસરી જવાય છે (સ્મૃતિમાત્રાર્તીનાશન) આપના મુખચંદ્રના લાવણ્યમાંથી શ્રીઅમૃત શ્રવે છે તેને એકસરખું પીધા કરીએ તો પણ તૃપ્તિ થતી નથી. વધુ અને વધુ પીવાની અપેક્ષા રહે છે. (૪)

રાત્રી-દિવસ બસ આપના ચરણ કમલની સેવા અને હૃદયમાં આપના સ્વરૂપને ધારણ કરી લઈએ. શ્રીહરિરાયજી પોતાના સંગી-સેવકોને કહે છે કે આપણે ભવોભવ શ્રીવલ્લભના દાસ કહેવાઈએ. બસ આટલો જ મનોભાવ છે.! (૫)

### (૪૬) રાગ – આસાવરી  ૨/૨૮૮

પ્રીત બંધી શ્રીવલ્લભ પદસોં ઔર ન મનમેં આવે હો
પઢ પુરાન ષટદરશન નીકે જો કછુ કોઉ બતાવે હો  ૧
જબતેં અંગીકાર કીયો હૈ તબ તે ન અન્ય સુહાવે હો
પાય મહારસ કોન મૂઢમતિ જિત તિત ચિત ભટકાવેહો  ૨

જાકે ભાગ્ય ફલે યા કલિમેં શરણ સોઈ જન આવે હો
નંદનંદનકો નિજસેવક હે દઢકર બાંહ ગહાવે હો 3
જિનકોઉ કરો ભુલ મન શંકા નિશ્ચય કરી શ્રુતિ ગાવે હો
રસિક સદા ફલરૂપ જાનકેં લે ઉછંગ, હુલરાવે હો ૪

**ભાવાર્થ :**

શ્રીહરિરાયજી કહે છે શ્રીવલ્લભ (પ્રિય)નાં ચરણોથી જો (દાસત્વપણાથી) એકવાર પ્રીત બંધાઈ જાય તો બીજું બધું લૂખ્ખું લાગે અને તેથી બાકી કંઈપણ મનમાં આવે નહિ કેમ કે ભાવે નહિ. શ્રીવલ્લભ સિવાય આપણા માટે પુરાણ-ભાગવત અને છ દર્શન શાસ્ત્રનો સાર જે કંઈ છે તે બતાવનાર બીજું છે કોણ? આમ, પ્રમેય-પ્રમાણ બતાવ્યાં (૧)

શ્રીઆચાર્યજીએ જ્યારથી મને સેવક તરીકે સ્વીકારીને અંગીકાર કર્યો છે ત્યારથી બીજું કોઈ જ સુહાતુ નથી. પરંતુ જેની મતિ મૂઢ છે એટલે કે સાચા-ખોટાની સમજ નથી અને જે આપના ચરણ છોડીને ચિત્તને અહીં તહીં ભટકાવે છે તેને કોણ મહારસ પીવડાવે ? કોઈ નહિ. મહારસ તો કૃષ્ણનો ભજનાનંદ છે. તેમાં તો ચિત્તની પ્રભુમાં એકાગ્રતા કરવાની છે.

ચેતસ્ તત્ પ્રવણં સેવા
માનસી સા પરા મતા તત સિદ્ધયૈ તનુ વિત્તજા (૨)

આ પ્રકારે 'ચિત્ત એકાગ્ર' કરવાનું સાધન બતાવ્યું અને 'મહારસનુ પાન' તે ફલ બતાવ્યું. પરંતુ જે કોઈ દૈવીજીવ હોય અને જેના પર શ્રીવલ્લભની કૃપા થઈ છે તે જ જન આ કલિયુગમાં આપના શરણે આવે છે. તે આપના સેવક હોવાથી શ્રીનંદનંદનના હાથમાં આ સેવકને સોંપે છે અને તેને છોડે નહિ તેવી વિનતી કરે છે. (દઢકર બાંહ ગહાવે) (૩)

શ્રુતિ ખૂબ જ નિશ્ચય જણાવે છે કે શ્રીનંદનંદન સ્વયં પરબ્રહ્મ પુરૂષોત્તમ છે તેથી તે બાબતમાં કોઈપણ સેવકે ભૂલથી ય શંકા ન કરવી શ્રીમહાપ્રભુજી ફલરૂપ છે. રસરૂપ છે, રસિક છે છતાં તે આજે બાળક છે, આવા વિરૂદ્ધ ધર્માશ્રયી છે. આવા શ્રીવલ્લભને ગોદમાં લઈને ખેલાવો અથવા શ્રીવલ્લભ સમજાવે છે કે તેવા પ્રભુને ગોદમાં લઈને ખેલાવો. તેવા બાળક સમાન કોમળ જાણીને તેમની સેવા કરો.(૪)



## (૪૭) રાગ – સારંગ ૨/૨૯૧

ભક્તિસુધા બરખત હી પ્રકટે શ્રીવલ્લભ દ્વિજરાજ
માધવમાસ કૃષ્ણ એકાદશી પીય પુનિત દિન આજ ૧
કરૂણાવંત અતુલ સુખસાગર સંગ લીયે સકલસમાજ
બંધુકુમુદ અનુચર ચકોરકે ભયે મનોરથ કાજ ૨
આનંદરૂપ જગતકે ભૂષણ લસત સબન શિરતાજ
વિષ્ણુદાસ ગુણ ગણિત થકીત ભયે પંડિત પાવત લાજ ૩

**ભાવાર્થ :**

વિષ્ણુદાસ શ્રીવલ્લભને દ્વિજરાજ કહે છે એટલે કે આપ વર્ણથી જે બ્રાહ્મણો છે તેમાં સર્વોત્તમ છો અથવા દિક્ષાદાતા સેવકને બીજો જન્મ આપી દ્વિજ બનાવે છે. તેમાં આપ શ્રેષ્ઠ દિક્ષાદાતા છો અથવા જેમનુ તનુ ભગવદ્ સેવાર્થ હંમેશા નૂતન છે તેથી આપ દ્વિજ છો પણ આપ સમાન કોઈ નથી તેથી દ્વિજરાજ છો અથવા આપ આપના સેવક-દિક્ષિત દ્વિજમાં રાજકરો છો તેથી દ્વિજરાજ છો. આપના પ્રાકટ્ય થતાં જ ભક્તિરૂપ અમૃત સુધા-પ્રભુનો ઉચ્છિષ્ટ રસ-ભાવ પણ વરસવા લાગ્યો. કેમ કે આપમાં અને ભક્તિ સુધામાં કોઈ ભેદ નથી. કેમ કે આપજ તો કૃષ્ણાસ્ય - ભગવદ્ મુખારવિંદ છો.

જે માસ છે તેનું નામ પણ માધવ-કૃષ્ણથી યુક્ત છે અને એકાદશી પણ કૃષ્ણાયુક્ત છે તેથી તે બહુપ્રિય-પવિત્ર દિવસ છે. (૧)

શ્રીવલ્લભ ખૂબ જ કરૂણાવંત છે અને આપ સુખનો સાગર છે. સૌ ભક્તો શ્રીવલ્લભને પામીને સુખ જ પામે છે. આપ એકલા નથી પધાર્યા પરંતુ જેમ સારસ્વત કલ્પમાં પ્રભુ પરિકર સાથે ભૂતલ પર પધાર્યા હતા તેમ શ્રીવલ્લભ પણ પોતાના સકલ સમાજને સાથે લઈને પધાર્યા છે. આપના ૮૪ વૈષ્ણવો વ. આપના નિત્ય લીલાના નિર્ગુણ સંગી-ભક્તો છે. કુમુદ જેમ ચંદ્રની અપેક્ષા કરે અને ચકોર પણ ચંદ્રની અપેક્ષા કરે છે તેમ આપના પ્રાકટયની રાહ જોતા ભક્તોના મનોરથ પૂર્ણ થયા. (૨)

આપ જ આનંદરૂપ છો અને ભૂતલનું ભૂષણ છો, તથા સર્વભક્તોના શિર પર આપ લહેરાવ છો વિષ્ણુદાસ છીપાજી કહે છે કે પંડિતો પણ આપના ગુણો ગાય છે પરંતુ જ્યારે પૂરેપૂરા નથી ગાઈ શકતા એટલા અગણિત ગુણો છે તેથી તેમની પંડિતાઈ ત્યાં લજવાઈ જાય છે. પંડા - બુદ્ધિ તેમની બુદ્ધિ શ્રીમહાપ્રભુજીના ગુણોનો પાર પામી શકતી નથી.

સપ્તશ્લોકીમાં શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે ગુણૈરન્ય કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ (૩)

## (૪૮) રાગ – રામકલી

પ્રેમરસ ભૂતલે પ્રકટ ભયો
દેખોરી દેખોભરી નેનન પ્રભુ આનંદ મયો ૧
જો રસ નિગમ અગમહૂ અગોચર સો સબ સઘ લયો
સો રસ શ્રીલક્ષ્મણભટ્ટ ગૃહ પ્રકટીત પ્રેમ મયો ૨
ઘર ઘર નંદનંદન ફલ ફૂલ્યો સેવા વિધિ સિખયો
આપનુ કીયે રસાલ રીતીસું શ્રીવલ્લભ ગિરિધર રીઝયો ૩

**ભાવાર્થ :**

આજે ભૂતલ પર રસ - પરમતત્વ પ્રકટ થયું છે. તે એવું ગૂઢ છે કે કોઈ તેને જાણી શકે તેમ નથી.

તે જ તો આનંદમય પ્રભુ છે તેથી આંખો ભરી ભરીને દેખો. (૧)

જે રસ વેદ-પુરાણ માટે પણ ગમ્ય નથી તે જ તો અહીં સામે તુરત ગ્રહી શકાય તેટલો નિકટ છે. તે રસે શ્રીલક્ષ્મણભટ્ટના ઘરમાં પ્રકટીને સૌને પ્રેમમય કરી દીધા છે. (૨)

તે આપે (મહાપ્રભુજીએ) પ્રત્યેક ઘરમાં (દૈવીજીવ-સેવકના) નદંનંદનને પધરાવ્યા છે કે જે તો ગલીત ફલ છે અને પછી તેમને પ્રસન્ન કરવા માટે સેવાની રીત પણ સીખવી છે. તે સેવા પ્રકારને રસાળ-પ્રેમયુક્ત બનાવ્યો તેથી તો શ્રીગિરિધર રીઝેલા રહે છે અને જે કોઈ આ પ્રકારે સેવા કરે તેના પર શ્રીવલ્લભ પણ રીઝેલા રહે છે. આવા શ્રીમહાપ્રભુજીનું ભૂતલ પર પ્રાકટ્ય થયું છે. (૩)

## (૪૯) રાગ – સારંગ ૨/૨૯૧

સુનોરી આજ નવલ વધાયો હે
શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયે હે શ્રીવલ્લભ મન ભાયો હે ૧
બાજત આવજ ઢોલક મુહુવર ઘનજ્યોં ઢોલ બાજાયો હે
કોકિલ કંઠ નવલ વનિતા મિલ મંગલ ગાયો હે ૨
હરદી તેલ સુગંધ સુવાસિત લાલન ઉબટ ન્હવાયો હે
નખશિખ આભૂષણ ભૂષિત પિતાંબર પહરાયો હે ૩



અસન વસન કંચન મણિ માણિક ઘરઘર યાચક પાયો હે
શ્રીવિઠ્ઠલ ગિરિધરન કૃપાનિધિ પલનામાંઝ ઝૂલાયો હે ૪

**ભાવાર્થ :**

ભક્તો કહે છે કે સાંભળો આજે નૂતન વધાઈ છે કે આપણા મનને જે પ્રિય છે તેવા શ્રીવલ્લભ, લક્ષ્મણભટ્ટના ઘરે પ્રકટ થયા છે. (૧)

તે ખુશીમાં આવજ, ઢોલ, મહુવર અને ઘન-વાદળા જેવા ઘેરા અવાજમાં ઢોલ વાગે છે. તથા કોયલ સમાન તીણા-મીઠા સુરમાં યુવતીઓ મળીને મંગલ ગીતો ગાય છે. (૨)

બાલ વલ્લભને હલદી, તેલ તથા સુવાસીત ઉબટનો કરીને સ્નાન કરાવે છે. તથા આપને નખથી શીર (ચોટી) પૂર્ણ આભૂષણો ધરાવ્યા છે. પિતાંબર પહેરાવ્યું છે. (૩)

આ શુભ પ્રસંગે સર્વ જન ઉદાર મનવાળા થયા છે તેથી યાચકવર્ગને આસન, વસ્ત્ર, સુવર્ણ, મણિ, માણેક વગેરેની ન્યોછાવર કરે છે.

શ્રીવલ્લભ જ શ્રીવિઠ્ઠલ, શ્રીગિરિધર, કૃપાનિધિ છે તેમને બધાં પલનામાં ઝૂલાવે છે. (૪)

## (૫૦) રાગ – નટ

જોપેં શ્રીવલ્લભ પ્રકટ ન હોતે
ભૂતલ ભૂષણ વિષ્ણુસ્વામી પથ શૃંગારશાસ્ત્ર સબ રોતે ૧
પ્રેમસ્વરૂપ પ્રકટ પુરૂષોત્તમ બીન પાયેં કૈસે જીતે
સેવાકાજ લાલ ગિરિધરકી કુસુમદાસ કેસે પોતેં ૨
કર આસરો રહે જે નિજજન તે ભવ પાર ક્યોં હોતે
સગુણદાસ સિદ્ધાંત બીના યહ ઉર કપાટ ક્યોં ખોતે ૩

**ભાવાર્થ :**

સગુણદાસજી કહે છે કે જો શ્રીવલ્લભ ભૂતલ પર પ્રકટ જ ન થાય હોત તો શું થાત?

આ ભૂતલ પર અનેક સંપ્રદાયો છે ભગવત્ પ્રાપ્તિ માટે, પણ વિષ્ણુસ્વામી પથ ભૂષણરૂપ છે. જે પથમાં શ્રીઠાકોરજી ભક્ત સાથે શૃંગારરસ પ્રકટ કરે છે તેવી વ્યવસ્થા શ્રીવલ્લભે કરી. આ પ્રકાર આ પહેલાં ક્યાંય પ્રકટ ન્હોતો. વળી, શૃંગારરસ

વિનિયોગ લૌકિકાર્થે જ થતો પરંતુ આ માર્ગમાં તેનો વિનિયોગ ભગવદર્થ થવાથી શૃંગારરસ કૃતાર્થ થયો.

પરંતુ જો શ્રીવલ્લભ પ્રકટ ન થયા હોત તો શૃંગારશાસ્ત્રને રડવાનો વારો જ આવત કેમ કે તેનો સંબંધ અલૌકિક સાથે ન થાત. (૧)

વળી, જે પ્રકટપુરૂષોત્તમ પ્રેમસ્વરૂપ છે એટલે કે ઘરેઘરે પુરૂષોત્તમને પ્રકટ કર્યા છે ને પ્રેમસ્વરૂપ હોવાથી પ્રેમાત્મક સેવા અંગીકાર કરે છે. તે પણ પ્રાપ્તન થતાં, તેવા દૈવી પુષ્ટિજીવો - (પ્રેમીજીવો) કેવી રીતે જીવન વિતાવત ?

આ માર્ગમાં ભક્તોનું સ્વરૂપ કુસુમ-ફૂલ છે તેવા દાસનું જીવન લાલગિરિધરની સેવા અર્થે છે. તો જો શ્રીવલ્લભે આ સેવામાર્ગ પ્રકટ ન કર્યો હોત તો આ ભક્તો પોતાનું જીવન ક્યાં પરાયણ કરત ? પોતાના ચિત્તને ક્યાં પરોવત ? (૨)

જે ભક્તોને કે જે નિજજન હોવાથી બીજા કોઈના આશ્રયે નથી માત્ર શ્રીવલ્લભને જ આશ્રયે રહેલા છે. પરંતુ જો શ્રીવલ્લભ જ પ્રકટ ન થયા હોત તો તે બધાં ભવ-પાર કેવી રીતે ઉતરત ? અને છેલ્લે સગુણદાસ કહે છે કે શ્રીવલ્લભે એવા એવા સિદ્ધાંત પ્રકટ કર્યા છે કે જેને જાણીને જીવનમાં ઉતારવાથી જ હૃદયના બંધ દરવાજા ખૂલે છે. જો શ્રીવલ્લભ પ્રકટ ન થયા હોત તો તે સિદ્ધાંતોથી અજાણ રહેવાથી હૃદય દ્વાર કેવી રીતે ખુલત ? કેમ કે હૃદયના દ્વારમાંથી જ પુષ્ટિપ્રભુ પધારે છે.

પરંતુ આજે સ્થિતિ એવી છે કે શ્રીવલ્લભનું પ્રાકટ્ય પણ છે, શ્રીવલ્લભે હૃદયદ્વાર ખોલવા રૂપ સિદ્ધાંતો પણ પ્રકટ કર્યા છે. છતાં શ્રીવલ્લભના સિદ્ધાંતોને કુમાર્ગમાં દીક્ષાપામનાર નથી જાણવા માગતા કે નથી પાળવા માગતા. તો પછી દીક્ષા લીધી હોવા છતાં તેમના હૃદયદ્વાર નહિ ખૂલે અને નહિ તેમાં પ્રભુ પધારે અને જે પ્રભુ કૃષ્ણથી વિમુખ જ રહેવા, માંગે છે તેના માટે શ્રીવલ્લભનો સ્પષ્ટ મત છે કે "વો મેરો નહિ કહલાયગો."

આપે શ્રીકૃષ્ણ સંબંધની ગરિમાને એટલી બઢાવી-ચઢાવી છે કે એક જગે આપ કહે છે કે જો શુદ્ધાદ્વૈત મતને કૃષ્ણસંબંધ નથી તો તે મત્ત પણ ખોટો ! (૩)



# નિત્યનાં પદ - શિતકાળ

**(૫૧) રાગ - ભૈરવ** 3/3

જપ તપ તીરથ નેમ ધરમ વ્રત
મેરે શ્રીવલ્લભપ્રભુજીકો નામ
રસના યહી રટૈં નિસવાસર, દુરિત કરૈ સુઘરૈ સબ કામ ૧
આંગન બસૌ જસોદાસુત પદ લીલા સહિત સકલ સુખધામ
રસિકન યેહ નિરધાર કીયો હૈ સાધન તજ ભજ આઠોં યામ ૨

**ભાવાર્થ :**

શ્રી હરિરાયજી અહીં શ્રીવલ્લભનું સ્વરૂપ દર્શાવે છે કે -

જપ - કોઈપણ મંત્ર કે નામનું રટણ કરવારૂપ કાર્ય

તપ - દેહનું દમન કરવું

તીરથ - પવિત્ર તેવું નદી કીનારાનું ભગવદ્ ધામરૂપ ક્ષેત્ર

નેમ - કોઈપણ એક નિયમ લીધો તેને કોઈપણ સંજોગોમાં પાળવો.

ધરમ - વર્ણ કે આશ્રમ અનુસાર નિશ્ચિત થયેલ કર્તવ્ય

વ્રત - વિધિ પૂર્વક કરવામાં આવતો ઉપવાસ

આ બધા જે ઉપાયો છે તેનું પ્રયોજન કંઈક આલોક કે પરલોકમાં પ્રાપ્તિ છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જે કંઈ આ કે બીજાં ઉપાયો છે બધું જ હાથીના પગલા જેવા મારા શ્રીવલ્લભના નામમાં આવી ગયું. એટલે કે મને શાસ્ત્રો આજ્ઞા કરે કે ન કરે મારા મનમાં અપેક્ષાઓ ઉઠે કે ન ઉઠે તે બધું વિચાર્યા વગર મારા માટે તો બસ એક શ્રીવલ્લભપ્રભુનું નામ જ કલ્યાણ કરનારું છે.

તેનાથી શું ફળપ્રાપ્તિ થશે તે હવે કહે છે -

રસના કહેતાં જીહ્વા કે જે ભોગના સ્વાદ ચાખીને આનંદ પામે છે અને પ્રેમપૂર્વક ખાય છે, ચાખે છે તેમ આ મારી જીભ પણ પ્રેમપૂર્વક શ્રીવલ્લભપ્રભુજીનું નામ જ રટયા કરે. તેને તેમાં જ આનંદ આવે. વધુને વધુ નામ લેવામાં ઉત્સાહ જાગે (જેમ ખાવાની બાબતમાં) અને તે શ્રીવલ્લભના પ્રભુના નામ ઉચ્ચારણમાં જ મસ્ત રહે.

પ્રભુનામનું માહાત્મ્ય એવું છે કે જેના કારણે ભગવત પ્રાપ્તિમાં જે કંઈ પ્રતિબંધ-બાધક દુરિત હોય તેનો વિનાશ થઈ જાય. (કરૈ) અને જે મનોરથો (સબ-કામ)

હોય તે સારી રીતે ધારણ થાય એટલે કે તે બની શકે તેવા સંયોગો થાય (સુ-ધરે). (૧)

હું શ્રીયશોદોત્સંગ લાલિત સદાનંદ કૃષ્ણના ચરણ કમલ જ્યાં બિરાજે તેમની સન્મુખ (આંગન) જ રહું. એટલે કે સંયોગસુખને પામું અને પ્રભુ જે ધામમાં બિરાજે છે તે લીલાપરિકરની - લીલા ચેષ્ટા સર્વકલાયુક્ત છે અને ભક્તોને ખૂબ જ સુખ-આનંદ આપનાર છે. મતલબ કે પ્રભુ ભક્તને લીલા સહિત સ્વરૂપદાન પરમાનંદની અનુભૂતિ કરાવે.

પરંતુ તે માટે જીવની પાત્રતા કે સાધના કઈ? તે શ્રીહરિરાયજી મહાપ્રભુ નિશ્ચય પૂર્વક કહે છે (નિરધાર કીયો) ભગવદ્ ભજન એટલે કે અવસરમાં સેવા અને અનવસરમાં કથાનું ચક્ર પ્રેમપૂર્વક ચાલે. સ્નેહ અને માહાત્મ્યજ્ઞાનનું એક બીજું ચક્ર પણ તેની અંતર્ગત ચાલે તે 'ભજ' પરંતુ આ ભજન નિઃસાધનતા ભાવથી કરવાનું છે (સાધન તજ) અને તે ભાવના અષ્ટ પ્રહર એટલે કે સદા કરવાની છે.

શ્રીવલ્લભના નામમાં એટલે કે વલ્લભોક્ત ભક્તિ પ્રકારમાં જપ-તપ-તીરથ-નેમ-ધર્મ-વ્રત બધાં જ ધર્મ, ધર્મીને અંતર્ગત છે. ભગવન્નામ સેવા કરવા માટેની પાત્રતા સિદ્ધ કરી આપે છે. સેવ્ય કોણ કે જે લીલા સહિત યશોદાજીને ત્યાં રહી વ્રજભક્તોને સુખ આપ્યું તે. તેમની નિઃસાધનતા ભાવથી સર્વદા સેવા-કથા કરવાં "સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધિપઃ" ચતુઃશ્લોકીના ચારે પુરૂષાર્થો આ ભક્તિરૂપ સ્વતંત્ર પુરૂષાર્થમાં આવી ગયા કે જે ભક્તિ શ્રીવલ્લભે કૃપા કરી નિજજનોને બતાવી. (૨)

### (૫૨) રાગ – બિલાવલ 3/૫

ચરણ લગ્યો ચિત્ત મેરો શ્રીવલ્લભ ચરણ લગ્યો ચિત્ત મેરો
ઈન વીન ઓર કછુ નહિ ભાવે ઈન ચરણન કો ચેરો ૧
ઈનહીં છાંડ ઓર જો ધાવે સો મૂરખ જૂ ઘનેરો
ગોવિંદદાસ યહ નિશ્ચય કર સોઈ જ્ઞાન ભલે રો ૨

**ભાવાર્થ :**

ગોવિંદદાસજી સ્વયંને કહે છે કે હે વલ્લભ, મારું ચિત્ત આપના ચરણમાં નિશ્ચિતતા પૂર્વક લાગ્યું છે તેથી તે વાક્ય બે વાર બોલે છે.

બીજો ભાવ એવો છે કે ગોવિંદદાસનું ચિત્ત શ્રીવિઠ્ઠલના ચરણમાં પણ લાગ્યું છે તે પણ વલ્લભઆત્મજ હોવાથી, ફરી તે જ કડી દોહરાવે છે.



'ચિત્ત લાગ્યું છે' તેમ શ્રી વલ્લભને એટલા માટે કહે છે કે આપની મારા પર કૃપા છે, ઉપકાર છે કેમ કે મારું ચિત્ત તો આપના ચરણોમાં લાગી જાય તેવું મારું સામર્થ્ય નથી પણ આપનાં ચરણ પ્રમેય કરીને મારા ચિત્તમાં લાગી ગયા છે અને આપનાં ચરણો ચિત્તમાં છે તે જોઈને તો શ્રીનાથજી મારી સાથે ખેલે છે, મને સખ્યભાવનું દાન કરે છે. (૧)

જ્યારે હવે મેં આ સખ્યભાવ રૂપ ભજનાનંદનો સ્વાદ એકવાર ચાખી લીધો પછી બીજું કાંઈ પણ કઈ રીતે ભાવે? (ઈન વિન ઓર કછુ નહિ ભાવે) - પ્રભુ સાથે તો હું સખ્યત્વના ભાવથી બંધાયો છું તેથી ત્યાં તો દાસભાવ કરું તો તો રસાભાસ થઈ જાય. તેથી (ઈન) જે ચરણો આ મારા ચિત્તમાં છે તેનો હું ચેરો-દાસ થઈને રહું. કેમ કે સખ્યભાવ તે તો જ્ઞાનમાર્ગની જેમ ખાંડાનો ખેલ છે. તેવી ભક્તિ બહુ દોહ્યલી છે. ત્યાં માહાત્મ્યજ્ઞાન કેવી રીતે કેટલું નિભાવવું તે બહું વિવેકની જરૂર છે. મારી ભક્તિ જળવાઈ રહે તે માટે આપનું દાસત્વ ખૂબ જ ઉપકારક છે. દાસત્વ વગરના સખ્યત્વથી અભિમાન આવી જાય તો તો હું ક્યાંયનો ન રહું. માટે હું તો હે વલ્લભ આપના ચરણનો દાસ છું.

આપે જ મને શ્રીવિઠ્ઠલના રૂપમાં ટોક્યો હતો કે "ઠાકોરજી તને દાવ આપવામાં અંચાઈ કરે અને ઉપરથી કાંકરી મારે તો પણ તારાથી સામે કાંકરી ન મરાય કે ન તેમની દોસ્તીને છોડાય. કેમ કે જે પ્રભુ તારા મિત્ર બન્યા છે તેથી ઊંચી વાત કઈ? તેથી તેવી ભક્તિ છોડી બીજું જે કંઈ પણ કરે તો તે મહાનતમ્ મૂર્ખતા ગણાશે."

ગોવિંદદાસ કહે છે જેથી મેં આપે જે આજ્ઞા કરી તે વાતની મનમાં ગાંઠ વાળી દીધી છે અને આપની આ જ્ઞાન-શીક્ષા મારા માટે કલ્યાકારી (ભલે રો) છે.

મારા પર આ પ્રકારે કૃપા કરનાર શ્રીવલ્લભ ચરણ જ છે. તેવા શ્રીવલ્લભ ચરણોને છોડે તે તો મહામૂર્ખ ગણાય. મને કોઈ જ્ઞાનની જરૂર નથી. હું શ્રી વલ્લભનો ચેરો છું, એટલું જ જ્ઞાન મને રહે તે મારે માટે ઘણું (ભલે રો) છે. અને તે સિવાય હું કોઈનો ચેરો નથી અને તેના સિવાય મને કાંઈ ન રૂચે તથા તેમને છોડીને હું ક્યાંય ન જાઉં બસ આ જ જ્ઞાન. આ એવું જ્ઞાન છે કે જેનાથી મારું ચિત્ત આપના ચરણોમાં દૃઢ થઈ જશે અને તથી પ્રભુ પણ મને નહિ છોડે.

## (૫૩) રાગ – રામકલી 3/૫

શ્રીવલ્લભ ચાહે સોઈ કરે
જો ઉનકે પદ દઢ કરી પકરે મહારસસિંધુ ભરે ૧
વેદપુરાન સુઘરતા સુન્દર યે બાતન ન સરે
શ્રીવલ્લભ પદરજ ભજકે ભવસાગરતેં તરે ૨
નાથ કે નાથ અનાથ કે બંધુ અવગુણ ચિત્ત ન ધરે
પદ્મનાભકું અપનો જાની કે ડૂબત કર પકરે ૩

**ભાવાર્થ :**

પ. ભ. પદ્મનાભદાસજીની શ્રીવલ્લભ પ્રતિ પ્રીતિ અનન્ય હતી. તે તો પ્રસિદ્ધ છે. મનસા વાચા કર્મણા તેમના થઈને રહ્યા હતા. તેમનો શ્રીવલ્લભ પ્રતિનો વિશ્વાસ દ્રઢા તી દઢ હતો તેથી કહે છે - 'શ્રીવલ્લભ ચાહે સોઈ કરે' - એટલે કે શ્રીવલ્લભ જેને ચાહે છે તેનું સર્વસ્વ કરે છે કે શ્રીવલ્લભની ઈચ્છા સર્વોપરી છે, આપની ઈચ્છા ભક્તના કલ્યાણની પ્રમાણ છે તેમાં ફેરફાર ન થઈ શકે, કે શ્રી વલ્લભ ભક્ત જેમ ચાહે (ભક્ત મનોરથ) તે પૂર્ણ કરવાવાળા ભક્તાધીન છે. પણ શરત છે કે જે ભક્ત આપશ્રીના ચરણારવિંદ દઢ કરીને પકડે છે એટલે કે જે આપનો મનસા - વાચા - કર્મણા શરણાગત ભક્ત છે અથવા જે આપના પદ (વચનો-શબ્દો)ને દઢતા પૂર્વક પકડે છે, અનુસરે છે. આવા નિષ્ઠાવાનને આપ મહારસ સમુદ્રથી ભરી દે છે તેના હૃદયમાં પૂર્ણાનંદ શ્રીકૃષ્ણને પધરાવી દે છે અથવા આપના ચરણ મહારસસિંધુથી ભરેલા છે તેવા ચરણોને દઢ કરી પકડે તો તે પણ તે મહારસમાં વિહાર કરી શકે. (૧)

કોઈ શંકા કરે કે 'વેદપુરાણનો આશ્રય કરે તેને પણ અલૌકિક ફળ તો મળે.' તેવાં વચનો છે. તો પદ્મનાભદાસ કહે છે - પણ અહીં જે અલૌકિકતાનું સૌંદર્ય, સુધડતાપણું એટલે કે સ્વરૂપાનંદ છે તે ફળ વેદ-પુરાણથી પ્રાપ્ય ન થાય.

શ્રીવલ્લભના ચરણોને કદાચ કોઈ દઢતાથી પકડી ન રાખી શકે પણ આપના ચરણની એક રજની પણ ભક્તિ કરે તો ય ભવસાગરથી તો તરી જાય અને આ ફળ વેદ-પુરાણના અવગાહનથી મળે છે! સરળ કયું ? (૨)

આમ થવાનું કારણ સમજાવે છે કે શ્રીવલ્લભ તો વિરુદ્ધ ધર્માશ્રયી છે. આપનું માહાત્મ્ય અતૂલ છે જેને નાથ કહેવામાં આવે છે. તે બધાના જ આપ નાથ છે એટલે કે દેવાધિદેવ છે. कृष्णात् परम् नास्ति दैवं અને સાથે સાથે આપશ્રીમાં પોતાના ભક્તો પ્રતિ એટલો બધો સ્નેહ ભર્યો પડયો છે કે આપ નિ:સાધન



ભક્તોના નાથ ન રહેતાં બંધુ થઈ જાય છે. તેના સુખે સુખી અને તેના દુ:ખે દુ:ખી અને તે વખતે તે ભક્તમાં અવગુણો કેટલા છે તે પ્રતિ દૃષ્ટિ પણ નથી કરતા, ચિત્તમાં ધારણ જ નથી કરતા.

પદ્મનાભદાસજી કહે છે - હું, પણ આવો જ છું. પરંતુ વલ્લભે મને પોતાનો જાણ્યો છે તેથી તો હું ભવસાગરમાં ડૂબતો હતો કેમ કે તેવા દોષથી ભરેલો હતો પણ આપે મને બચાવ્યો. આ હકિકત છે કેમ કે શ્રીમદ્ ભાગવતની કથા વૃત્તિ અર્થે કરતા હતા તેથી તેમનું અધ:પતન નિશ્ચિત હતું પણ શ્રીવલ્લભે તેમને દૈવી-પોતાના જણ જાણી તેવા પ્રસંગ ઊભા કર્યા અને જ્ઞાનનું અંજન આંજનાર ગુરૂ બની રહ્યા કે તેમના ચિત્તના દ્વાર ખૂલી ગયા તેથી પણ લઈ લીધું કે 'ભગવત્ કથા વૃત્તિ અર્થ નહિ કરું.' આમ વલ્લભે બચાવી લીધો.

શ્રીવલ્લભની ચાહના જે પદ્મનાભદાસ મહાત્મ્યની ટોચ પર હતા - મહાપુરાણી હતા તેમને દીનતા સાગર બનાવવાની હતે જેથી સૂકી લાકડી વેચતા કર્યા. જેમનો યશ લોકમાં હતો તેમનો યશ પ્રભુ આગળ કરાવ્યો. જેમનાં કોઠારો અનાજથી તથા ધન-ધાન્યથી ભરેલા રહેતા હતા તેમને શ્રીવલ્લભે ભોજનમાં બે ઘડી મોડું ન થાય તે માટે ઉધારી કરાવી. જે પોતાના ઘરેથી બહાર ક્યાંય નીકળ્યા નહિ તે શ્રી વલ્લભની પૂંઠે પૂંઠે પરદેશ ખેડતા રહ્યા. જેમની પાસે ભરેલા ભંડાર હતા તેમને દેહનિર્વાહ માટે માત્ર છોલાંથી ચલાવવું પડયું. આ બધી લીલા શ્રીવલ્લભની હતી... 'શ્રીવલ્લભ ચાહે સોઈ કરે.'

પરંતુ પદ્મનાભદાસજી નથી માયૂસ થયા કે નથી ભાગ્યને કે ભગવાનને દોષ આપ્યો. તેમને મન તો 'શ્રીવલ્લભ ચાહે સોઈ કરે...' આવી મનની દઢતા થઈ તેનું કારણ તેમને શ્રીવલ્લભના ચરણો દઢ પકડયા છે અને શ્રીવલ્લભની વાણી તો પ્રથમથી જ ભાગવતનો વૃત્યર્થ કથા ત્યાગ કર્યો ત્યારથી સ્પષ્ટ છે.

તેમને શ્રીવલ્લભના ભોજનમાં સ્હેજે અવેર થાય તો તો મારો જન્મારો એળે જાય. તેમ વિચાર્યું. શ્રીવલ્લભના પૂછતાં કહ્યું કે "પુષ્ટિધર્મ ગિરે મૂકીને પૈસા ચૂકવ્યા. તેવી કઠીન ટેક ન લઈએ તો કારજ ન થાય". શ્રીઆચાર્યજીએ કાશીથી મહાલક્ષ્મીજી પધરાવી લાવવાની આજ્ઞા કરી ત્યારે મધરાતે કોઈપણ પરિસ્થિતિનો વિચાર કર્યા વગર નદીકાંઠે પહોંચી ગયા. અન્ય વૈષ્ણવો એમ પણ બોલ્યા કે "બ્રહ્મણ બાવરો થયો છે." મનસા - વાચા - કર્મણા ત્રણે અનુક્રમે આપશ્રીનાં ચરણોદઢ કરી પકડયાના ઉદાહારણો છે.

તો શ્રીવલ્લભે પણ તેમનો મહારસસિંધુ ભર્યો છે. પદ્મનાભદાસના શ્રીવલ્લભ

સંબંધિ ચાલીસ પદ જે પ્રકટ થયા છે તે આના નમૂનારૂપ છે. શ્રીમથુરાનાથજી કહે છે ''છપ્પનભોગ તો આરોગ્યો પર પદ્મનાભદાસ કે છોલા બરાબર નાહિ.''

ગોકુલનાથજી કહે છે ''કોટીમાં વિરલા''

શ્રીગુસાંઈજી કહે છે ''પદ્મનાભદાસની સંતતિ આવી જ હોય''.

શ્રીઆચાર્યજી તથા શ્રીઆચાર્યવચનો આપને માટે પરમનાથ હતા. તેથી તો વૈષ્ણવ જ જાણ્યો પોતાની જ્ઞાતિ ન જાણી તેવાને જમાઈ કર્યા. શ્રીમહાપ્રભુજીને ત્યાંથી આવેલ સામગ્રીને પાછી મોકલી. ''તત્ સિદ્ધયૈ તનું વિત્તજા'' રૂપ વચનોને નાથ ગણ્યા. રામદાસજીના ઠાકુરને મુગલ લઈ ગયો તો સાત દિવસ અન્ન જલ ત્યાગ્યા. 'ઠાકુરમાં ભાવ-ભેદ ન હોય' તે વચનો આત્મસાત કર્યા હતા. આમ, ગુરૂ-વૈષ્ણવ અને પ્રભુ સર્વમાં તેમને ભેદસહિષ્ણુ અભેદ હતો.

તેમની દીનતા તો એવી કે કહે ''હવે અમને કાઢવાનો ઉપાય કર્યો.'' તેમ પોતાની અનધિકારીતા પ્રકટ કરે છે નહિ કે સિદ્ધાંતની શ્રેષ્ઠતા. આવો નિઃસાધના ભાવ તો દુર્લભ છે. અમને ડૂબતા બચાવવા માટે નો આ ઉપાય છે તેમ વિચારે છે અને તે એટલા માટે કે શ્રીવલ્લભની મહાઉદારતા છે કે તે મારા જેવાને પોતાનો જાણે છે. (નાથ કે નાથ અનાથ કે બંધુ.)

દરેક પ્રસંગમાં પદ્મનાભદાસનો વિવેક - विवेकस्तु हरिः सर्व निजेच्छातः करिष्यति છે. 'त्रिदुःख સહનં ધૈર્યં' તે પણ ઉપરના પ્રસંગોથી સિદ્ધ છે. છતાં આપના આશ્રયમાં તનકભર પણ ક્ષતી નથી આવી ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः છે. આ વિવેક ધૈર્યાશ્રય તો ભક્તિની પાત્રતા થવા માટે છે. તેમ સમજે છે તેનાથી તો ભવસાગર જ તરાય પણ પદ્મનાભદાસ તો શ્રીમથુરાનાથજીની સેવા કરે છે અને જે ભાગવત્ લોકોને સંભળાવતા હતા તે ભગવદ્યશ પ્રભુને સંભળાવે છે તે ફળ છે. (૩)

## શ્રીગુસાંઈજીનું પદ

**(૫૪) રાગ - ભૈરવ** 3/૬

શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ વિઠ્ઠલેશ કહી રે
ઈનકે સંબંધ બિના દશ્યમાન વસ્તુ માત્ર તાકો તુ જીયમેં ક્લેશ કહી સહી રે ૧
રસના ગુણરૂપકો નિસવાસર કર યહ સુખ નિરંતર અહાર જૈસે લહીરે
શ્રીવિઠ્ઠલેશકે શ્રીવલ્લભકે પદકો પરાગ પાવે જહાં તીનકે તુ દાસનકો દાસ ભયો રહી રે ૨



**ભાવાર્થ :**

મનસા, વાચા, કર્મણા શ્રીવિઠ્ઠલેશનું નામ બોલવાનું છે, નામ બોલવા સાથે ચિત્તમાં ધરવાનું છે અને શ્રીવિઠ્ઠલેશની આજ્ઞાનું પાલન પણ કરવાનું છે. વિઠ્ઠલ તે કે અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરે અને પ્રભુનું તથા જીવના સ્વરૂપનું જ્ઞાન કરાવે તેવા ગુરુ-પરમગુરૂ (ઈશ)

આવા શ્રીવિઠ્ઠલેશના સંબંધ વગરની સર્વ વસ્તુ આનંદ રહિત છે તેમ સમજવું. આપે નિષિદ્ધ કરી છે તે વસ્તુ કલેશરૂપ લાગવી જોઈએ અને આપ જે અને જેને સ્નેહ કરે છે તેમાં જ સ્નેહ કરવાનો છે. (૧)

જીવનો ભાવરૂપ આહાર કયો ? કે જેનાથી જીવના ભાવને પોષણ મળે ? પુષ્ટ થાય ? તો કહે છે કે શ્રીવિઠ્ઠલેશના રૂપ અને ગુણનું જીહ્વા થકી ગાન કરવું રસના-જીભથી આ રૂપ-ગુણ જે આરોગવાના છે અને તે પણ બે કે ત્રણ સમય, ભોજન કરીએ છીએ તેમ નહિ પણ (નિસવાસર) રાત-દિવસ અને તે તો પરમ સુખ રૂપ છે.

વળી જ્યાં પણ શ્રીવલ્લભ કે શ્રીવિઠ્ઠલના ચરણ કમળના પરાગની રજ મળે એટલે કે જે ભક્ત આપના ચરણકમળના પરમકૃપાપાત્ર છે તેવા ભક્તોનો દાસ થઈને રહેજે. તેમ પ્રભુના અષ્ટસખા કહે છે. (૨)

## શ્રીગોકુળનાથજીનું પદ

**(૫૫) રાગ - ભૈરવ** 3/૭

પ્રાત હી શ્રીગોકુલેશ ગોકુલેશ નામ
સકલ સુખનિધાન માન, કરત ત્રિવિધ દુઃખ કી હાન
યહ જીય જાન ભજો અષ્ટયામ ૧
ઈન વિના યોગ યજ્ઞ કરત વૈરાગ્ય ત્યાગ
વિવિધ ભાંત નેમધર્મ કરત સબ નિકામ
નિશ્ચય ગહિ ચરણકમલ ભક્તિભાવ હીયે અમલ
ગાવત મુખ નિરખ દાસ વારું કોટી કામ ૨

**ભાવાર્થ :**

સવારે ઉઠતાં જ સર્વપ્રથમ શ્રીગોકુલેશનું નામ સ્મરણ કરવું આ નામ સકલ સુખ

નિધાન છે. એટલે કે આ લોક અને પરલોક બન્ને સ્થળે સુખરૂપ સેવાનું દાન કરનારું છે. માટે તો બે વાર ગોકુલેશ કહ્યું છે અને સેવા સુખને કારણે જ સકલ સુખનિધ કહ્યું છે. તથા સેવામાં આવતાં ત્રણે પ્રકારના દુઃખ પ્રતિબંધને પણ દૂર કરનાર છે જેવાં કે ઉદ્વેગ - ભોગ અને પ્રતિબંધ.

આમ આ નામનું સ્વરૂપજ્ઞાન હૃદયમાં ધારણ કરીને (યહ જીય જાંન). ગોકુલેશને ભજવાનું છે. એટલે કે તેમની સેવા, તેમના નામરૂપ લીલાનું સ્મરણ કીર્તન-શ્રવણ કરવાનું છે. અને તે પણ આઠેયામ. ચોવીસે કલાક. (૧)

જો શ્રીગોકુલેશને નથી ભજતા અને યોગ સાધવામાં આવે, ચિત્તની નિરોધતા, યજ્ઞ, વૈરાગ્ય-ત્યાગ સર્વ કંઈ તથા વિભિન્ન શાસ્ત્રોક્ત નિયમ-ધર્મ જે કંઈ કરવામાં આવે તેનું કંઈ મૂલ્ય નથી, એકડા વગરનાં મીંડાં છે. આપશ્રીનું દાસત્વ દૃઢ કરીને (શરણ) ભક્તિભાવને હૃદયમાં ધારણ કરીને (આત્મનિવેદન) તેનો વિનિયોગ-અમલ કરે. મુખથી ગાન કરું, નયનોથી દર્શન કરું, આવું દાસત્વ બસ મને મળે તે જ કામના. બીજી કરોડો કામના તે હું આપના ચરણે ધરી દઉં છું. (૨)

**(૫૬) રાગ – બિભાસ** **૩/૮**

**પ્રાતસમે શ્રીવલ્લભ સુતકો ઉઠત હી રસના લીજીયે નામ**
**આનંદકારી પ્રભુ મંગલાકારી અશુભ હરન જન પૂરણકામ ૧**
**યાહી લોકપરલોક કે બંધુ કો કહી શકે તિહારે ગુણગ્રામ**
**નંદદાસ પ્રભુ રસિક શિરોમણી રાજ કરો શ્રીગોકુલ સુખધામ ૨**

**ભાવાર્થ :**

વહેલી સવારે ઉઠતાં વેંત જ શ્રીવલ્લભસુતનું નામ, સ્મરણ કરી રસના-જીહ્‌વાથી નામ લીજીયે તો જ તે જીહ્‌વા રસના છે, રસની અધિકારી છે અને રસ તો આનંદ કૃષ્ણ છે. (રસોવૈસ). જે રસ છે તે જ આનંદકારી પોતાના રસનું દાન કરનાર બીજાને આનંદ કરાવનાર (આનંદકારી) છે. તથા તે જ આ દાસના સ્વામી છે અને જીવ માટે મંગલ-કલ્યાણ કરનારું આ નામ છે. આ નામ સર્વ પ્રતિબંધો - અશુભને હરનારું છે તથા તે ભક્તના મનોરથ પૂરા કરનાર છે (જનપૂરણકામ) (૧)

આ લોક અને પરોલકમાં હંમેશાં સાથ આપનારું, સુખ કે દુઃખમાં સાથ આપનાર (સાતા આપનાર) આ નામ છે. તેથી તેને 'બધું' કહ્યું છે. તે નામના ગુણગાન કરીએ તેટલા ઓછા છે. આ નામ જેનું છે તે 'આનંદ'નો હું દાસ છું અને તે મારા પ્રભુ છે. આ પ્રભુ રસિક છે એટલે ભક્તને રસદાન કરવાવાળા છે. તથા તે જ



પરબ્રહ્મ પુરુષોત્તમ છે (શિરોમણિ) આ જે મારો દેહ (ગોકુલ) છે તેને પોતાનું સુખધામ (વૈકુંઠ) બનાવીને તેના પર રાજ કરો, તેને ચલાવનારા બનો, તેનું સાધન ફલ સર્વ કંઈ બનો, આ દહેભૂમિના માલિક બનો.... ! (૨)

# શ્રીયમુનાજીનું પદ

**(૫૭) રાગ – બિભાસ** **૩/૯**

**દીન જાન મોહી દીજે યમુના**
**નંદકુમાર સદાવર માંગો ગોપીનકી દાસી મોહી કીજે ૧**
**તુમ તો પરમ ઉદાર કૃપાનિધિ ચરણ શરણ સુખકારી**
**તિહારે વશ સદા લાડલીવર તવતટ ક્રિડત ગિરિધારી ૨**
**સબ વ્રજજન વિહરત સંગ મિલ અદ્‌ભૂત રાસ વિલાસી**
**તુમારે પુલિન નિકટ કુંજદ્રુમ કોમલે શશી સુવાસી ૩**
**જ્યોં મંડલમેં ચંદ વિરાજત ભરભર છિરકત નારી**
**શ્રમજલ હસત ન્હાત અતિરસભર જલક્રિડા સુખકારી ૪**
**રીનીજીકે મંદિરમેં નિત ઉઠ પાય લાગ ભુવનકાજ સબકીજે**
**પરમાનંદદાસ દાસી વ્હે નંદનંદન સુખ દીજે ૫**

**ભાવાર્થ :**

ભક્ત શ્રીયમુનાજીને દીનતાપૂર્વક વિનંતી કરે છે કે મારી પાસે સાધન કરવાનું કોઈ જ સામર્થ્ય નથી. વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત છું. પાપમાં આસક્તિવાળો છું અને દીન છું તેવો મને જાણીને મારા પર કૃપા કરી મને વરદાન આપો. <u>વિવેક ધૈર્યભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ પાપસક્તસ્ય દીનસ્ય</u> મને એ વરદાન આપો કે નંદકુમારને જે હું પ્રેય-શ્રેય જાણું તે સદા મારા 'વર' રહે. અન્ય સર્વને તેમનાથી ન્યૂન જાણું તેવો દ્રઢાશ્રય આપો અને નંદકુમાર જેમને વશ છે તેવા ગોપીજનોનું દાસપણું મને આપો. (૧)

શા માટે શ્રીયમુનાજી પાસે માંગે છે ? તે આગળ કહે છે કે, હે યમુનાજી ! આપ સમાન ઉદાર કોઈ નથી, અને આપ તો કૃપાના ભંડાર છો. તેથી આપના દેવાથી ઘટશે નહી અને આપનો સ્વભાવ જ આપવાનો છે. આપના ચરણોમાં મેં શરણ લીધું છે તે જ મારા માટે સર્વ સુખોને પ્રાપ્ત કરાવનારું છે.

નંદકુમાર ભલે સ્વામિનીજીના વર હોય પણ તે વશ તો આપને છે તેથી ક્રિડા

કરવા માટે તો આપના તીર પર જ પધારે છે. પ્રભુ પૂરા વિશ્વનો ભાર વહેવાવાળા છે, સર્વભક્તોનો નિરોધ સિદ્ધ કરી આપનરા છે છતાં ક્રિડા તો તે સર્વની સાથે કરે તે આપની સાક્ષીમાં જ. (૨)

જૂઓ બધા જ વ્રજજનો સાથેમળીને પ્રભુ સાથે વિહાર કરે છે તેવી રાસ-વિલાસ રૂપ લીલા કે જે પરમ અદ્‌ભૂત છે તે પણ આપની સાક્ષીમાં કરી. તમારા કીનારા પર વૃક્ષોની ઘાડી કુંજો છે તેમાં પ્રભુને સુખ થાય છે. આકાશમાં કોમલ ચંદ્રની ચાંદની છે તેમ અહીં પણ સુકોમળ કનૈયો ચંદ્ર હોય અને મંડલમાં ચાંદની રૂપ વ્રજભક્તો છે. શ્રીયમુનાજળમાં તે ભક્તો પ્રભુને પ્રેમજળથી સ્નાન કરાવી આનંદ માણે છે. રાસ ક્રિડામાં જે શ્રમ થયો તેના શ્રમને શ્રીયમુનાજી હરિ લે છે તેથી ખૂબ જ રસપૂર્વક જલક્રિડા કરી રહ્યા છે. (૩)

આટલો બધો સુખલ્હાવો લીધા પછી પણ આ ભક્તોને ધરવ થતો નથી. જેથી પરસ્પર કહે છે કે હવે તો રોજ સવારે યશોદારાણીજીને ત્યાં તેમને પાય લાગીને પછી જ આપણાં ગૃહકાર્ય કરવાં (મનમાં તો તે ભાવ છે કે તે મિસે લાલનના દર્શન થાય, ક્યાં મળશું તે ઈશારાથી નક્કી થાય.)

પરમાનંદદાસજી કહે છે આવાં વ્રજભક્તો કે જે પરમભાગ્યવાન છે તેમનાં દાસી થઈએ એવું હે શ્રીયમુનાજી અમને દાન કરો કે જેથી પરોક્ષરીતે નંદનંદનને સુખ દઈએ. (૪)

પુષ્ટિભક્તિ માર્ગમાં તત્સુખની ભાવના મુખ્ય છે. દીનતા ભાવ, નિઃસાધન ભાવ, દૃઢાશ્રય, એકાંતિક સ્નેહ, શ્રીયમુનાજીની કૃપાવલંબન પણું, ભક્તોનું દાસપણું આ બધું તથા કૃષ્ણને 'વર' માનવા 'પરબ્રહ્મસ્તુ કૃષ્ણો.'

સારસ્વત કલ્પની લીલામાં પ્રભુ નંદનંદન બન્યા વ્રજભક્તોને ભગવદ્ દર્શનાર્થ શ્રીયશોદાજીના મંદિરમાં જવું પડતું. પ્રભુ તેથી પ્રત્યેક ગોપીજનોના ઘરમાં ભક્તવશ્ય સ્વરૂપે બિરાજી એક જ કાળમાં સર્વને સુખ-મનોરથ પૂર્ણ કરતા. ત્યાંની લીલામાં પ્રભુએ સદા ડરતા રહેવું પડતું, અન્ય ગોપી કે મા યશોદાથી છૂપાઈને ભક્તવલ્લભ થવું પડતું.

ભગવાનનો આ મનોભાવ શ્રીવલ્લભથી છાણો નથી કેમ કે શ્રીવલ્લભના હૃદયમાં કૃષ્ણ અને કૃષ્ણના હૃદયમાં વલ્લભ બિરાજે છે. તે બન્નેય ભક્ત પર કૃપાદૃષ્ટિ કરનારા છે. શ્રીઠાકોરજીની આજ્ઞાથી પોતાનો આત્માનુભાવ પ્રકટાવવા શ્રીવલ્લભ ભૂતલ પર પધાર્યા અને ઘરે ઘરે નંદનંદનને પધરાવી યથેચ્છ સુખલ્હાણ કરી.

तस्यैवात्मानुभाव प्रकटन हृदयस्याज्ञया प्रादुरासिद भुमै। તેથી મંદિરમાં દર્શન કરવા



તે તો સારસ્વતકલ્પની લીલા છે. આજે તો સિ.મુ.માં આજ્ઞા કરી છે તેમ પોતાના તન-ધનથી મન લગાડી ઘરમાં રહીને પ્રભુસેવા કરવી તો ગોપીજનોની જેમ 'માનસી' સિદ્ધ થઈ જશે સર્વ ઈન્દ્રિયોનો વિનિયોગ પ્રભુમાં કરવો. ધર્મ-અર્થ-કામ-મોક્ષ સર્વ ભક્ત્યર્થ છે. તે શ્રીઆચાર્યજીએ પ્રભુએ આત્માનુભાવ પ્રકટ કર્યો છે.

## (૫૮) રાગ – રામકલી 3/૧૧

તુમ સમ ઔર ન કોઈ શ્રીયમુનાજી
કરો કૃપા મોહી દીન જાનીકે નિજ વ્રજવાસો હોઈ ૧
રાખો ચરણ શરણ તરણી તનયા જન્મ આપદા ખોઈ
યહ સંસાર સ્વારથકો સબ વિધ સુતબંધુ સગો ન કોઈ ૨
પ્રેમ ભજનમેં કરત વિઘ્નતા સંત્ત સંતાપે સોઈ
તાકો સંગ મોહી સપને ન દીજે માંગત નયનભર રોઈ ૩
ગરલપાન ડારત અમૃતમેં વિષયારસસોં મોઈ
**રસિક કહૈ દીન હોય માંગૂ લહર સમુદ્ર સમોઈ** ૪

**ભાવાર્થ :**

શ્રીહરિરાયજી અહીં પરમકૃપાવંત શ્રીયમુનાજી પાસે દુઃસંગ ન થાય અને ભગવદ્‌સંગ થાય તેવો વર માંગે છે. તેનું કારણ એ કે દુઃસંગ પ્રભુ અને પોતાની વચ્ચે આવીને સંતાપ કરાવે છે.

હે શ્રીયમુનાજી, આપના સમાન બીજું કોઈ નથી. શ્રીહરિરાયજી અહીં કૃપાની બાબતમાં ભક્તથી મોટું કોઈ નથી તેમ કહે છે. શ્રીયમુનાજી પ્રભુનાં એવા નિર્ગુણ-કૃપાવંત-લાગણીશીલ ભક્ત છે કે તેવા તો ભગવાન પણ નથી!

અહીં ભક્તની બડાઈ છે, શ્રીયમુનાજીની બડાઈ છે. શ્રીયમુનાજી અને પ્રભુમાં કોઈ ભેદ ન હોવા છતાં અહીં શ્રીયંમુનાજી પ્રભુના એક કૃપાળુતા રૂપ ધર્મ રૂપે ઉભરી આવ્યા છે. શ્રીહરિરાયજી એ માંગે છે કે મને આપની પાસે પ્રભુને પ્રિય તેવા વ્રજમાં વાસ થાય તેવું આપો. મારું કોઈ સામર્થ્ય નથી, તેથી મારા નિઃસાધનત્વ (દીનજાન)ને ધ્યાનમાં લઈને ગોપીજનોનો પ્રેમ જ્યાં વિહાર કરે છે તેવા વ્રજનો સંગ કરી આપવામાં આપ જ સમર્થ છો. (૧)

વ્રજમાં વાસ આપ્યા પછી પણ હે તરણીતનયા મને આપના ચરણમાં શરણું આપો. ત્યાંથી બીજે કોઈ સ્થળે મારે જવુ નથી. માટે તેથી અન્યજન્મ રૂપ આપદાને ટાળો.

અહીં તરણીતનયાનો અર્થ સૂર્યરૂપ નારાયણ - પરબ્રહ્મની પુત્રી અથવા તરણી એટલે હોડી એટલે માહાપુરૂષો કે જે દેહધરીને પધારે છે તેવા તરણીતનયા અથવા તરણ એટલે તૃણ એટલે કે જેમનામાં સ્હેજે અભિમાન નથી તેવાનાં પુત્રી, નિઃસાધનતા જેમના અંગે-અંગમાં ભર્યા છે તેવા.

અહીં શ્રીહરિરાયજી (શ્રીયમુનાજી)-ભક્તિનું શરણ છોડી ક્યાંય જવા તૈયાર નથી કેમ કે સંસાર-અહંતા-મમતાના અંગરૂપ પુત્ર કે બંધુ વગેરે કોઈ જ સાચાં સગાં નથી કેમ કે તેમની દરેક કૃતિની પાછળ કામ-અર્થરૂપ સ્વાર્થ હોય છે. તેઆત્મકલ્યાણ કરવામાં મદદરૂપ નથી. (૨)

તેનું કારણ હજુ પણ આગળ વધીને કહે છે કે મદદ તો છોડો પણ પ્રેમપૂર્વિકા ભક્તિમાં પણ તે વિઘ્ન બની રહે છે અને તેવાઓ વાણી-ક્રિયાથી દુઃખ આપનારા છે. શ્રીહરિરાયજી તેવાંના સંગ સ્વપ્નમાં પણ આપવાની ના પાડે છે. સ્વપ્ન મિથ્યા હોવા છતાં તે સૂક્ષ્મ રીતે મનમાં ધુસી જાય છે અને મનમાં ધુસેલું તો વાણી અને ક્રિયામાં પ્રકટે. તેથી કાકલૂદી પૂર્વક વિનવીને કહે છે તે તેવા દુઃસંગથી મને બચાવો. (૩)

અમૃતમાં ઝેરવાળું પ્રવાહી નાખવામાં આવે તો જે સ્થિતિ થાય તેવી સ્થિતિ મારા માટે દુઃસંગરૂપ વિષયતા રસનો મને સંગ થઈ જાય તેથી થાય. તેથી શ્રીહરિરાયજી શ્રીયમુનાજી પાસે માંગે છે કે મને એવો સંગ આપો કે જેવો સંગ સમુદ્રની લહેરોને સમુદ્રનો છે. હું ભગવદ્ અંશ હોવા છતાં ભગવાનનો સેવક છું જેથી ભગવદ્સેવાર્થ ભગવદ્સંગ થાય તેવી મારી આશા પૂર્ણ કરો. (૪)

## જગાયવે કે પદ

**(૫૯) રાગ – બિભાસ** **૩/૧૫**

ભોર ભયે જાગો નંદનન્દ સંગ સખા ઠાડે જગવંદ (૧)
સુરભીન પય હિત વત્સ પિવાયે પંછીયૂથ દર્શોદિશ ધાયે (૨)
મુનીસર તકે તમચર સ્વર હોય, સિથિલ ધનુષ રતિપતિ ગહી ડાર્યે (૩)
નિશિ હી ઘટી રવિરથ રૂચિ રાજે ચંદ મલીન ચકઈ રતી સાજે (૪)
કુમુદીની સકૂચી વારિજ ફૂલે ગુંજત ફિરત અલિગણ ઝૂલે (૫)
દરસન દેહો મુદિત નરનારી **સૂરદાસ** પ્રભુ દેવમુરારી (૬)

**ભાવાર્થ :**

હે નંદનંદન, સવાર થઈ ગયું છે આપ જાગો હે જગવંદન આપના સાથી સખાઓ



આવીને ઊભા રહી ગયા છે. (૧)

ગાયો (સુરભીં ગાય) પોતાનું દૂધ વ્હાલને કારણે પોતાના વત્સ-વાછરડાને પીવડાવે છે. જેથી અમને પણ ભાવ ઉદ્બોધ થાય છે કે અમારા આ બાળને અમે દૂધ પીવડાવીએ અને પંખીઓ પણ પોતાના નાના બચ્ચાંના ચણ માટે દશેદિશે ઝડપથી ઉડી રહ્યા છે. (૨)

આ બગલા કે જે મુનીની જેમ તળાવમાં ધ્યાનથી પોતાના પોષણ માટે પ્રયાસ કરી રહ્યા છે. નિશાચર પંખી-પશુ હવે ચૂપ થઈ ગયા છે રતિપતિએ (કામદેવ) રાતભર તેના કામસર ચલાવ્યાં તેથી હવે તેણે પોતે થાકી જઈને ધનુષ્યને ફેંકી દીધું છે.(૩)

રાત્રી પૂરી થઈ ગઈ છે. સૂર્યદેવનો રથ ઉત્સાહપૂર્વક આવી રહ્યો છે. ચંદ્ર ઝાંખો થઈ ગયો છે. ચકલા-ચકલી એકબીજાને પ્રેમ કરવા તત્પર થઈ ગયાં છે. (૪)

આકાશમાંની ચાંદની શરમાઈ જાય તેમ સંકોચાઈ ગઈ છે. અને જલના કમળો ખીલી રહ્યાં છે. ભમરાના જૂથો આનંદ સહિત ઉડી રહ્યાં છે. (૫)

તથા નરનારી સર્વ પ્રસન્ન વદન છે. માટે હે નંદનંદન જગવંદન દર્શન આપો. આ સૂરદાસના પ્રભુ તો દેવના દેવ છે. અથવા (સૂર) દેવો તા તેમના દાસ છે અને પ્રભુ તેમના સર્વદોષને દૂર કરનારા છે (જેમ ઈંદ્રના દૂર કર્યા). (૬)

**વિશેષ અર્થ :**

હે શ્રીવલ્લભના લાલ (ભોર-ભયે) અમારું ભાગ્ય ખૂલી ગયું છે હવે આપ અમારા અંતર્યામી રૂપે (પોઢેલા) સાક્ષી છો તે હવે (જાગો) સાનુભાવ જતાવો.

સાથે સાથે અપ-વર્ગ દેવો વગેરે (સખા) પણ આતુરતાથી ક્યારના ઊભા છે. અને આખું જગત આપને વંદન કરવા (મર્યાદા) તત્પર છે. માટે પધારો. આવરણ (માયા) દૂર કરી સન્મુખ થાઓ.

આપ પૂર્ણાનંદ હોવાથી બધે જ આનંદ પ્રકટ થઈ ગયો છે. આ ગાયો પોતાનાં વાછડાંને પ્રેમથી દૂધ પીવડાવી રહી છે. પોતાના નાનાં બાળ પક્ષી માટે ચણ લાવવા પંખીના યૂથ દશે દિશા દોડી રહ્યા છે.

બધાંએ આપની સ્વાધીનતા સ્વીકારી છે. પોતાના ધર્મ છોડી દીધા છે. શરણાગત થયા છે, અર્જુનની જેમ. તેથી તો મુનીઓ જે અંદર ધ્યાનમાં સ્થિર છે તે આપના દર્શન માટે નજર કરી રહ્યા છે. રાત્રે ચરનારા જીવે પોતાના મુખ્ય ધર્મરૂપ સ્વર છોડી દીધો છે. કામદેવ કામના બાણ છોડે છે તેનું તો ધનુષ્ય જ નિર્બળ થઈ ગયું છે.

અમારામાં રહેલા અંધકાર-અજ્ઞાન આપની કૃપાબળથી ઓછું થઈ ગયું છે (સૂર્ય)-જ્ઞાન દેવનો પ્રકાશ પથરાઈ રહ્યો છે. દોષયુક્ત પ્રકાશ વાળો ચંદ્ર (શાંકરમત-શિવજી ચંદ્રને ધારણ કરે છે) આપના મુખ પ્રકાશથી (કૃષ્ણાસ્યરૂપ વલ્લભ)થી શુદ્ધાદ્વૈતના પ્રકાશને લીધે ઝાંખો પડી ગયો છે. ચકલાં જેવાં અમારા જેવા નિઃસાધન જીવોમાં આપે ભાંવરૂપ રતિને સાજી દીધી છે જે ચંદ્રપ્રકાશથી આનંદ પામી વિકસે તેવા માયાવાદીઓ કરમાઈ ગયેલા મુખવાળા થઈ ગયા છે અને જે કૃષ્ણ કૃપારૂપ રસમાંથી પ્રકટયા છે તેવા વારિજ ફૂલ્યા નથી સમાતા. જેઓ ભક્તિ રસમાંજ મસ્ત છે તેવા ભ્રમરો, પ્રભુકીર્તન રૂપ ગુંજારવ કરવામાં જ આનંદ પામે છે.

આવા આપના પ્રાકટયના એંધાણથી જે ખૂબ પ્રસન્ન થઈ ગયા છે તેવા નર-નારીને હે પ્રભુ, આપ કૃપાકરીને દર્શન આપો. સાનુભવ જતાવોકેમ કે શાસ્ત્રો રૂપ આપના સ્વરૂપને જોવાનો અધિકાર નારીને નથી તો તેવો અધિકાર આપના સાક્ષાત્ સ્વરૂપથી આપો.

સૂરદાસ એટલે કે જે દેવાધિદેવના દાસ છે તેમના આપ સ્વામી (પ્રભુ) હોવાથી આ દૈવીજીવો (દેવ)ના દોષો દૂર કરનાર (મુરારી) બનો કે જેથી કરીને નિર્દોષ બ્રહ્મ સાથે સદોષ જીવને સંબંધ થઈ શકે.

### (૬૦) રાગ – ભૈરવ (શિતકાલ) 3/૧૬

**ઊઠો મેરે લાલ ગોપાળ લાડલે રજની વીતી બિમલ ભયો ભોર**
**ઘરઘર દધિ મથત ગોપિકા, દ્વિજ કરત વેદકી સાર ૧**
**કરો કલેઉ દધિ ઓર આનંદ મિશ્રી મેવા પરોસું ઓર**
**આસકરણ પ્રભુ મોહન તુમ પર વારી તનમન પ્રાન અકોર ૨**

**ભાવાર્થ :**

(લાલન) પ્રભુને જગાવતાં માતાજી ભાત ભાતની પસંદગીના વચનો કહે છે.

હે લાલ તમે મને બહુ જ પ્રિય છો માટે હું તમોને લાડ લાડવવા માટે જ જગાવું છું. તેથી તમે તમારી મરજીથી ઊઠો. જ્યારે અંધકાર (રાત) વિદાય થએલ છે તેથી સર્વ ઊઠયા, તેમ આપ પણ ઊઠો. જે સવાર થયું છે તે ખૂબ જ વિમલ પવિત્ર છે, ભલે રજની અપવિત્ર રહી હોય ! તેથી બીજું ભૂલી જઈને વર્તમાનની બિમલતાને યાદ કરીને પણ ઊઠો. ગોપીઓ પોત-પોતાના ઘરમાં દહીંને વલોવે છે. પોતાના ચિત્તનું મંથન કરી તેમાંથી સારૂપ પ્રેમ-માખણ તો આપ જ છો. પ્રત્યેક ઘરમાં તેઓ આપને માખણ આરોગાવવા તત્પર થયેલ છે. તે સૌના મનોરથ પૂર્ણ કરવા



માટે જાગો. (મંદિરમાં નહિ - ઘરઘર) અને જેઓ શાસ્ત્રીય મર્યાદા અનુસાર દીક્ષીત થયા છે તેઓ ઊંચા અવાજે આપના જ ગુણગાન (વેદ-વાક્યો) નો ઉચ્ચાર કરીને ગાઈ રહ્યા છે જેથી તેમના કેવલજ્ઞાન યુક્ત અંતઃકરણને ભગવદ્દભાવયુક્ત જ્ઞાન વાળાં અંતઃકરણ બનાવવા પણ જાગો. (૧)

લાલન, તમે રાતભરના ભૂખ્યા થઈ ગયાં છો. દિવસે તો તમોને લાડ-લડાવીને સ્નેહનું ભોજન કરાવીએ, પણ આપ પોઢો પછી તે બની ન શકે તેથી આપ પ્રેમભૂખ્યા પણ થઈ ગયા હશો તેથી અમારી ભક્તિનું ભોજન-કલેઉ કરવા ઊઠો. દહીં અને ભાત તૈયાર છે જે આપને ખૂબ જ પ્રિય છે. કેમ કે ગોપી દહીં વલોવીને પોતાના પ્રેમને દઢ કરે છે અને બ્રાહ્મણો નિત્યકર્મરૂપ યજ્ઞ કે જેમાં ધાન્યનો ઉપયોગ છે. તેમ કરી નિષ્કામકર્મથી આપના (ભાત) પ્રતિ પ્રતિબધ્ધ થાય છે. વળી આપનો હું મિશ્રી અને લીલા-સૂકા મેવા પણ પીરસીશ. મિશ્રી તો આપના રસદાન સ્વરૂપને યાદ રાખી ધરી છે અને તે ભજનાનંદ સમાન મીઠી છે તો મેવા છે તે જ્ઞાનરૂપ છે કેમ કે તે બુદ્ધિને તેજ કરનારા છે. તે પણ આપને સમર્પું છું. માટે હે પ્રભુ અમારું સમર્પણ સ્વીકારવા જાગો. અમને ફલ શું જોઈએ છે, તેમ પૂછો છો? આસ કરન? આપ જાગો, આરોગો અને પ્રસન્ન રહો તે જ આસા કરનારા છીએ, માટે જાગો. આપ તો પ્રભુ છો તે પણ અમને ખબર છે અને મોહ ફેલાવીને અમારામાં રહેલ માહાત્મ્યજ્ઞાનને ભૂલાવી દેવડાવનારા પણ આપ છો. હે લાલન જાગો અમારું તન-મન-પ્રાણ આખે આખા આપને ભેટ-ઉપહાર રૂપે ધરી દઈએ છીએ, સમર્પિત કરીએ છીએ. આપ તેનો યથેચ્છ ઉપભોગ કરો, તે માટે પણ જાગો. હે લાલન, મારા લાડીલા કુંવર, આપ જાગો. (૨)

### (૬૧) રાગ – બિભાસ 3/૨૩

**મેં જાન્યો જાગી કન્હાઈ તાતે યશુમતિ તેરે ઘર આઈ**
**મેરે પિછવારે વેસેઈ સુરન સો તિનહૂ મધુરી મુરલી બજાઈ ૧**
**જનમ સુફલ કર વિનતિ ચિત ઘર અપને કન્હાઈ કિન દેહો જગાઈ**
**લે ઉછંગ મોહનકો યશુ મતિ આંગન ઠાડી**
**ગોપી મુખ દેખત હંસતે રસિક બલજાઈ ૨**

**ભાવાર્થ :**

ગોપી સવારના પહોરનાં પોતાનાં નિત્ય કર્મ પડતાં મૂકીને અથવા કહો કે વિસરી જઈને યશુમતિને આંગણે આવે છે. જેની સર્વ ઈંદ્રિયો પ્રભુ ગામી થઈ ગઈ છે તેવી ગોપી પોતાનાં નિત્ય-નૈમિત્તિક ધર્મોની ઉપરવટ થઈને શ્રીપ્રભુમાં ચિત્ત પરોવી દે

છે. પણ તેટલા માત્રથી તેને સંતોષ નથી થતો કેમ કે તે તો પુષ્ટિભક્તિ હૃદય યુક્ત છે જેથી પ્રભુ દર્શનની તાલાવેલી જાગે છે. આથી તે જેની બુદ્ધિ હંમેશા પ્રભુનાં જ યશ વિચારવામાં વ્યસ્ત છે તેવાં યશોમતિને આંગણે આવે છે. (નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ) અને યશોમતિને કહે છે કે એમ લાગ્યું કે કાન્હ કુંવર જાગી ગયા છે. ("મૈં જાન્યો જાગી કન્હાઈ તાતે યશોમતિ તેરે ઘર આઈ"). યશોમતિ, (તાદૃશી) તમારા હૃદયમાં તો કૃષ્ણ સદા જાગૃત છે પણ તમારા સંગે આજે મારા હૃદયમાં કંઈક પ્રેરણા થઈ છે, કાન્હ જાગ્યા તેવી. તેથી બહાર પ્રકટેલ કાન્હ મારા હૃદયના કાન્હને જગાવે અને મારાં સર્વ દોષ દૂર થાય જેથી શુદ્ધ હૃદયરૂપ આસન તેને લાયક થાય. (સં.નિ.)

બહિશ્ચેત પ્રકટ સ્વાત્મા વન્હિવત્ પ્રવિશેદ્ યદિ
તદૈવ સકોલ બન્ધો નાશમેતિ ન યાન્યથા
સર્વાનન્દ મયસ્યાપિ કૃપાનંદ સુદુર્લભ

આ કૃપાનંદ એટલે કે સાક્ષાત્ અંદર-બહાર અનુભૂતિ માટે તારે આંગણે આવી છું. સર્વાનંદ તો મારા હૃદયમાં હતાં જ!

ગોપી કહે છે મારી પાછળ મધુરી મુરલીના સૂર સંભળાયા અને તે સૂર બરાબર લાલો બજાવે છે તેવાં જ હતા તેથી મને લાગે છે, તેણે જ આ મુરલી વગાડી તેથી લાલો હવે જાગી ગયો હશે જ.

મને પરોક્ષમાં તેના મુરલીના સૂર સંભળાયા (પિછવારે) મને ખાત્રી છે કે તેવો પરમ-આનંદરૂપ નાદ-રવ તેના જ અધરામૃતમાંથી પ્રસરેલા હોય અને તે મુરલીના શબ્દ-સાકાર રૂપે મને અનુભૂત થયાં. મને જાણે કહેતા હોય "તને મેં વચન આપ્યું હતું તે સાકાર કરવા હમણાં જ ચાલી આવ." પ્રભુની મુરલીના નાદની પ્રેરણા અને બળથી તો ગોપી સર્વબંધનો છોડી-તોડી રાત્રે વનમાં આવેલી અને દોષોથી નિવૃત્ત થઈને પરમાનંદને પામી હતી. (૧)

ગોપી તે જ આશાએ યશોદાજીના આંગણે આવી છે. પણ ત્યાં કાન્હને ન જોતાં, કે ન અણસાર જણાતાં હવે તે બેબાકરી બની જાય છે, કંઠ ભરાઈ આવે છે અને યશોદાજીને વિનવે છે કે "મારો જન્મ સુફલ કરવામાં સહાય કર. મારી આ વિનતીને તો કાને નહિ પણ ચિત્તમાં ધારણ કર અને કૃપાળુ પ્રભુને જગાવી દે, અને મને દર્શન કરાવ ("જનમ, સુફલ કર વિનતી ચિત્ત ધર અપને કાન્હ દેહો જગાઈ") અહીં ગોપી એમ કહે છે કે મારા હૃદયમાં રહેલા કાન્હને જગાવી દો અને માતા સમજે છે તેમના કાન્હને જગાવી દે. પુષ્ટિલીલા ભક્તોદ્ધારકતાની છે



સર્વોદ્ધારકતાની ગૌણથી, તેથી બન્ને પોતપોતાની રીતે ઠીક છે. કેમ કે કૃષ્ણ આપણી અંદર પોઢેલા છે તે જાગે તો જ 'જન્મ' પુષ્ટિ ભક્તિમાર્ગની દૃષ્ટિથી સુફલ થાય. पुष्टिं कायेन निश्चयात् कृष्णसेवा सदा कार्या મોટા લોકો બહુ જ કૃપાળુ હોય છે. તેથી યશોદાજી પોતાના ઘરમાં જઈ પોતાના કનૈયાને ગોદમાં પધરાવીને આંગણામાં આવીને ઊભી રહી. આ કનૈયો સર્વને મોહ પમાડનાર છે. જે પ્રવાહી છે તેને લોકમાં આસક્તિ કરાવે, તેને કનૈયાનું સ્વરૂપજ્ઞાન ન થાય અને જે વેદમાં શ્રદ્ધાવાન છે તેમને યજ્ઞ અને ધ્યાનરૂપ કૃષ્ણ જણાય જ્યારે મર્યાદા ભક્તો શાસ્ત્રની મર્યાદામાં બિરાજતા કૃષ્ણની પૂજા કરે જ્યારે પુષ્ટિ ભક્તો તેને નિષ્કામભાવે સર્વભાવથી પોતાના સ્વકીય જાણી પૂર્ણ સ્નેહથી ભજે. આ ભગવાનનું મોહન સ્વરૂપ છે. ("લે ઉછંગ મોહનકો યશુમતિ આંગન ઠાડી".)

ગોપી કૃષ્ણનું મુખ જોતાં કે કૃષ્ણ ગોપીનું મુખ જોતાં (હસતાં પ્રસન્ન થઈ ગયા અથવા પ્રભુ ગોપીને મીઠો વિલંબ કરાવ્યો તેથી મુસકાઈ રહ્યા છે અને ગોપી કહે છે કે 'મહત્ કૃપાથી આપે પધારવું જ પડે' તેમ કહી મલકાય છે.) ગોપી ભક્ત પ્રભુના મુખારવિંદ રૂપ શ્રીવલ્લભને નિરખીને પ્રસન્ન થઈ રહી છે. આ સુંદર લીલા-(અનોખી લીલા) નિહારીને જે રસિક ભક્તો સાંપ્રત કાળના છે તે ભક્ત-બગવાન અને લીલાનાં ઓવારણાં લે છે. શ્રીહરિરાયજીની કૃપાથી આ સુંદરલીલા કીર્તન રૂપે આપણને પ્રાપ્ત થઈ. (૨)

# કલેઉ

**(૬૨) રાગ – રામકલી** **૩/૨૬**

**મૈયા મોહી માખન મિશ્રી ભાવે**
**મીઠો દધિ મિઠાઈ મધુ ઘૃત અપને કરસોં ક્યોં ન ખવાવે** ૧
**કનક દોહની દે કર મેરે ગૌ દોહન ક્યાં ન સિખાવે**
**ઓટયો દૂધ ધેનુ ધોરી કો ભરકે કટોરા ક્યોં ન પિવાવે** ૨
**અજહૂ વ્યાહ કરત નહીં મેરો તોહી નીંદ ક્યોં આવે**
**ચતુર્ભુજ પ્રભુ ગિરિધરકી બતીયાં સુન લે ઉછંગ પયપાન કરાવે** ૩

**ભાવાર્થ :**

કનૈયો યશોદા મૈયાને કહે છે - મને માખન મિશ્રી બહુ ભાવે છે. (પુષ્ટિ પ્રભુ મહાપ્રભુને (સ્વકીયને) કહે છે કે મને તો આ ગોકુળમાં પધાર્યા તેથી કોમળ ભાવ તથા પ્રિયત્વનો ભાવ કે જે બન્ને શુભ-સ્વેત (સાત્વિક નિર્ગુણ) મિશ્રી હોય તે

ભાવ-પ્રેમ સહિત હોય તેની અપેક્ષા છે.)

દહીં પણ મીઠું અને મિઠાઈ પણ મધુર અને ઘી આ બધું તું મને તારા પોતાના હાથથી કેમ નથી ખવડાવતી? દૂધ વિકૃત થાય પણ પ્રભુ અનુકૂળ હોય તેવું દહીં (તેવો સ્વભાવ).મને પ્રિય છે. લોટ વ. મોળા હોય પણ તેને મિષ્ટ-સુગંધીત કરવામાં આવે તેમ જીવસ્વભાવ તો દુષ્ટ હોય પણ (ઘડતર) સંસ્કારથી તેને યથા શક્ય પ્રભુ ઉપયોગી ઈષ્ટ બનાવવામાં આવે. તથા (સ્નેહ) માખણ જેવા ભક્તોની પરીક્ષા કરવામાં આવે તેને તાવવામાં આવે તો ઘી સમાન બની જાય છે. અથવા થોડાક જ વિપ્રયોગરૂપ ઉષ્માથી જે પિગળી જાય તેવા સ્વભાવના શુદ્ધરૂપમાં બની ગયા છે તેવા મને બહુ પ્રિય છે અને તેવા ભક્તો આપના કરકમલમાંથી મારા મુખમાં (મુખારવિંદરૂપ તો મહાપ્રભુ જ છે.) પધરાવો. (૧)

સુવર્ણની દોહની મારા હાથમાં પધરાવીને તું મને ગાયો દોહવાનું શીખવીશ? કેમ શિખવતી નથી?

હે વલ્લભ જે ઉત્તમ-સુવર્ણ સમાન પાત્ર-અધિકારી જીવો છે તેમાં તો રસ સમાય, ઢોળાય નહિ અને વિકૃત પણ ન થાય. દયારામભાઈ કહે છે "જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે. સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસૂતને જરે. કનકપાત્ર પાખે, સૌધાતુ ફોડીને નિસરે". હું તેવા ઉત્તમ ભક્તોને રસદાન કરવા બહુ આતુર છું. તમે ભૂતલ પર જઈ તેવા ભક્તોને શોધી શોધીને તેવાં સુવર્ણ પાત્ર-દોહનીને મારા હસ્તમાં પધારવો. મારે તેવા ઈંદ્રયધારી (ગો) માંથી રસ પ્રકટાવવો છે કે જે બીજાનું કંઈક કલ્યાણ કરવામાં સહભાગી થાય. "તું જ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો."

હે મા તેં આ ધોરી-ધૈનુનું દૂધ ગરમ-મીઠું ઉકાળીને ઓટયું છે તેના કટોરા ભરી ભરીને મને કેમ નથી પિવડાવતી.

હે વલ્લભ આ જે નિર્મલ (ધોળી) ધેનુ (ભક્ત) નો જે ઓટયો દૂધ ખૂબ મંથન તથા તાપયુક્ત હૃદયમાંથી નિકળેલ પ્રેમરસ મને બહુ ભાવે છે. હું પુષ્ટિસ્થ તેટલા માટે જ થયો છું. નિઃસાધન ફલાત્મા માટે જ છું. તું મને તેવા તદીયના રસનું પાન કટોરા ભરી ભરીને કરાવ. જોકે તે બધાં જ શ્રીસ્વામિનીજીના ભાવથી ભાવિત છે. (૨)

હે માતા, તને નિંદ કેમ આવે છે? મારો બ્યાહ કરાવ્યાં વગર? તને ચેન કેમ છે? ચિંતા કેમ નથી થતી કે હજું મારો પુત્ર કુંવારો રહી ગયો!

હે વલ્લભ, આપ દૈવી જીવોનો મારી સાથે સંબંધ તત્કાલ કરાવો. આ એક દિવ્ય વિવાહ પ્રકાર છે. એક બીજાના થઈને એક જ ઘરમાં સાથે રહેવાના કોળ છે.



પ્રભુની સંસ્કૃતિ અને જીવની સંસ્કૃતિનું એકરસ મિશ્રણ છે. જીવનાં સુખ પ્રભુના બની રહે છે અને પ્રભુના દુઃખ જીવનાં બની રહે છે, તેવાં આ આત્મ-જોડાણ છે. બ્રહ્મસંબંધ છે. જો જીવ મને સમર્પિત થવાનો કોલ સત્યનિષ્ઠાથી આપે તો પછી હું તેના દોષને જોવા નથી માગતો. મારા સંબંધ માત્રથી તે દોષો પણ દિવ્ય દોષ બની જશે અને ભગવદ્દુપયોગી બની રહેશે. તેનો લોભ મારા દર્શન માટે હશે તેનો ક્રોધ ભક્તિ વિરોધીઓ માટે હશે, તેની કામના પ્રભુસેવાની હશે વગેરે વગેરે. તેને જગતમાં મોહ થશે, તેને રાજના ખાસ ખવાસ તરીકે અસ્મિતા મદદરૂપ હશે. તે પ્રભુ-સેવા કરવા તત્પર હશે અને બીજાથી તેમાં વિશેષતારૂપ મત્સર હશે. તો પણ તે મારે માટે હોવાથી હું તેને દોષ નહિ કહું. તેવા જીવ સાથે હે વલ્લભ, મારો વિવાહ કરો. આપ એકક્ષણ પણ વિલંબ ન કરો (નિંદ ન લો).

યશોદાજી આ લાલનની, મોટાઓ કરે તેવી વાતો સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. અને લાલનને ગોદમાં ઉઠાવી લઈને પયપાન કરાવવા લાગ્યા.

સર્વસમર્થ પ્રભુ (ચતુર્ભુજ પ્રભુ) વ્રજભક્તોના દુઃખ ટાળવા માટે ગિરિધર બન્યાં આવી ભક્તવસ્તલતા તથા તે જ પ્રભુ "છછીયાં ભર છાછ પેં નાચ નચૈયા"ની કાલીઘેલી ચેષ્ટા પણ કરે છે. તેવી પ્રભુની લીલા નિહારીને શ્રીવલ્લભ ભાવવિભોર થઈ જાય છે અને લાલનને કંઠે લગાવી દે છે તથા પોતાના હૃદયના ઉછળતા ભાવનું (રસનું) પ્રભુને પાન કરાવે છે. (૩)

# વ્રતચર્યા

**(૬૩) રાગ – રામકલી** **૩/૩૪**

**હરિયશ ગાવત ચલી વ્રજસુંદરી નદી યમુનાકે તીર**
**લોચન લોલ બહિ જોટી કર શ્રવણન ઝલકત બીર** **૧**
**બેની શિથિલ ચારુ કાંધ પંર કટિપટ અંબર લાલ**
**હાથન લીયે ફૂલનકી ડલીયાં ઉર મુક્તામણિ માલ** **૨**
**જલ પ્રવેશ કરે મંજન લાગી પ્રથમ હેમકે માસ**
**જેસેં પ્રીત હોય નંદસૂત વ્રત ઠાન્યો યહ આશ** **૩**
**તબ તેં ચીર હરે નંદનંદન ચઢે કદંબકી ડારી**
**પરમાનંદપ્રભુ વર દેવેકો ઉદ્યમ કીયો હૈ મુરારી** **૪**

**ભાવાર્થ :**

વ્રજની સુંદરીઓ, હજુ બ્રહ્મમુહૂર્તના અંધારાં છે ત્યારે જે ઉત્તમ હરિસ્મરણ નહિ

પણ મોટા અવાજે હરિયશ ગાતી ગાતી શ્રીયમુનાજી કે જેમનું આધિભૌતિક સ્વરૂપ નદી છે તે સ્થાને (તીરે) ચાલી. તે વ્રજસુંદરીઓના લોચન ચપળ (લોલ) છે, એકબીજાના હાથથી હાથ પકડી લીધેલા છે તેમના કાનમાં આભૂષણ ઝળકે છે. (૧)

અંબોડામાં ગૂંથેલી વેણી ઢીલી પડીને ખભા પર આવી રહી છે અને કટી ઉપર બાંધેલ વસ્ત્ર લાલ રંગનું છે. તેમના હાથમાં ફૂલોની છાબ છે અને ગળામાં હૃદય સુધીની લાંબી મુક્તામણિની માળા છે. (૨)

આ વ્રજસુંદરીઓએ જલમાં પ્રવેશ કરી સ્નાન કરવા લાગી. આ હેમંત ઋતુનો પ્રથમ માસ હોવાથી આ પ્રકારનું વ્રત તેઓએ ધારણ કર્યું છે. આ વ્રતનો હેતુ એ છે કે નંદસૂત કનૈયા સાથે પરસ્પર પ્રીત બંધાય, અમારા તે પતિ થાય. (૩)

ત્યારે કિનારે રાખેલા સુંદરીઓના ચીર ગોપ સખા સાથે આવેલો કનૈયો હરિ ગયો અને કદંબની ડારી ઉપર ચડીને બેસી ગયો.

કનૈયો તો સ્વયં પરમ-આનંદ સ્વરૂપ છે અને તે પ્રમેય કરીને (સામે [illegible]ીને) આ વ્રજસુંદરીઓને વર-દાન કરવા તત્પર થયો છે. માટે તો તે આ લીલા કરી રહ્યો છે. આપ તો મુરારી હોવાથી જલમાં આ પ્રકારે સ્નાન કરવાનાં દોષોને પણ મિટાવવા વાળા છો. (૪)

**વિશેષ ભાવાર્થ :**

વ્રજસુંદરીઓ કે જેમાં વ્રજનું સૌંદર્ય જ્યાં ભર્યું પડ્યું છે તેમને નંદનંદન શ્રીકૃષ્ણ પ્રતિ અઢળક નિષ્કામ એકાંતિક સ્નેહ છે. તેવી જાગતાં-ઉઠતાં સ્વપ્નમાં પણ પ્રભુની યશરૂપ લીલામાં જ મગ્ન રહેનારી છે. પ્રભુની કૃપા થાય તો જ કાજ સરે પણ પ્રભુ પ્રતિનો સ્નેહ અન્યની સામે પ્રકટ ન થાય તો જ રસ ઘટ્ટ થાય, તેથી બ્રહ્મ મુહૂર્તમાં નીકળી છે. કૃપાળુ શ્રીયમુનાજી કે જે પુષ્ટિભક્તિના આદર્શ છે તેમના તીરે આવે છે. કૃષ્ણ પણ તેવી કૃપા સિંધુને તીરે જ હંમેશા પ્રાપ્ય થાય છે.

તેમના આ આંતરિક સૌંદર્ય સાથે બહારના લક્ષણોરૂપ સૌંદર્ય પણ ભળે છે. તેમનાં નેત્રોની ચપળતા પ્રભુને શોધવા તત્પર છે. સમાનશીલ સાથે હાથના અંકોડા ભેરવે છે. કાન પ્રભુની આહટ સાંભળવા આમતેમ મુખ ફેરવે ત્યારે આભરણ ઝુલે છે. પ્રભુ નહિ દેખાતાં તેમના હૃદયમાં રહેલ શીરમોરરૂપ કોમળતા અસ્વસ્થ થઈ જાય છે અને જેમના સ્કંધ ભગવાન છે તેના આશ્રયે જાય છે. અનુરાગરૂપ લાલ વસ્ત્રથી અંગને લપેટ્યું છે. પ્રભુનાં પૂજા (માહાત્મ્યરૂપ) ફૂલો બીજા હાથમાં ટોકરીમાં છે. તેમના હૃદય ઉપર તો મુક્તામણિની માલાની વચ્ચે કનૈયો સ્વયં બિરાજે છે.



પ્રભુ પ્રાપ્તિ અર્થે તે ગમે તે કરવા તત્પર છે. તેથી તો હેમંતના પ્રથમ માસની સખ્ત ઠંડીમાં પણ તપ વ્રત ધારણ કર્યું છે. યમુનાજીની કૃપાથી પ્રભુ મળશે તે આશાએ જળમાં પ્રવેશ કરે છે. પોતાની સાંસારિક માયા-મમતા-લજ્જા-આભરણ સર્વ છોડીને માત્ર કૃપાના આશરે જલમાં પોતાના દોષ-અશુદ્ધિને દૂર કરીને વ્રતનો જ વિચાર કરે છે કે નંદનંદન જ અમારા પતિ-રક્ષક થાય. શ્રીકૃષ્ણઃ શરણં મમ. આવી શરણાગતિનો ભાવ છે.

જીવ શરણાગત થાય એટલે પ્રભુ તેના રક્ષણ માટે પધારે જ. તેથી પ્રભુ પણ પરિકર સાથે યમુના કિનારે પધાર્યા અને તેમની સાંસારિક અહંતા-મમતા રૂપ બ્રહ્મસંબંધ મંત્ર થકી કરેલ સમર્પણ સ્વીકારીને પોતે જીવની પરીક્ષાર્થ કદંબની ડાળ પર ચડીને બેઠા.

પ્રભુ વર દેવા માટે તો તત્પર છે પણ જીવની પરીક્ષા પણ લે છે. તેથી તો ફરી સંસારની કાકલુદી કરતી સુંદરીઓને સંસારને ભૂલીને મારે શરણે આવો તેવી આજ્ઞા કરે છે. <u>सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज.</u> જ્યારે સુંદરીઓને પ્રભુના વચનોનો મહિમા સમજાયો અને મન સર્વ શંકા-આશંકાથી મુક્ત કરી માત્ર પ્રભુના જ શરણે આવી, ત્યારે પ્રભુએ પોતાનો સંબંધ પામેલ સંસાર કે જે અલૌકિક બની ગયો હતો તે તેમને પાછો આપ્યો. હવે તે સંસારને ઓઢવા છતાં તેમને તે બાધા કરનાર ન્હોતો કેમ કે તે ભોગ ન્હોતો પણ ભગવાનનો પ્રસાદ હતો.

આ વ્રજલીલા તે પ્રભુની પ્રમેય લીલા છે. ત્યાં સાધન પ્રભુ સ્વયં બન્યા છે તેમ શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે.

## (૬૪) રાગ – રામકલી 3/3૬

યમુનાતટ દેખે નંદનંદન
મોરમુકુટ મકરાકૃત કુંડલ પિત વસન તન ચર્ચિત ચંદન ૧
લોચન તૃપ્ત ભયે દરશનતે ઉરકી તપત બુઝાની
પ્રેમમગ્ન તબ ભઈ ગ્વાલિની તનકી દશા ભૂલાની ૨
કમલનયન તટ પર રહે ઠાડે તહાં સકૂચ મિલી નારી
સૂરદાસપ્રભુ અંતરયામી વ્રતપૂરણ વપુધારી ૩

**ભાવાર્થ :**

કુમારિકાઓએ નંદના લાડીલાને યમુનાજીના તટ પર ઠાડા દેખ્યા. નંદજીના જ ઘરમાં રહેતી કુમારિકાઓએ શું લાલનને આ પહેલાં નથી નિરખ્યા? જરૂર. પણ અહીં યમુનાજી કે જે કૃપાળુ છે અને પ્રભુને ભલામણ કરનારા છે. તેવા કૃપાયુક્ત

નેત્રવાળા લાલનને દેખ્યા અથવા યમુનાતટ પર નંદનંદન કોઈની (અમારી) રાહ (દેખે) જોઈ રહ્યા છે.

આપે માથે મોરમુકુટ ધાર્યો છે એટલે કે રસદાન કરવું છે તે વાતને માથે ચડાવી છે. કર્ણમાં મકરાકૃત કુંડલ ધારણ કર્યા છે. એટલે કે યોગ-સાંખ્ય ભલે કાનમાં આવીને કહે પણ મેકર બધું ગળી જાય તેમ ભગવદ્ કૃપા સાંખ્ય-યોગને પણ ગળી જાય તેવી છે. પિત-વર્ણનાં વસ્ત્ર ધર્યાં છે. પ્રભુના વસ્ત્ર ઉત્વરૂપ છે. આપ માયાને ધારણ કરીને લોભાવી રહ્યા છો. અને તન પર ચંદન લગાવ્યું છે. મનને પ્રસન્ન કરે તેવી ગંધ આપના તનનો જેને સ્પર્શ કર્યો છે તે અમારી નાસિકામાં થઈને અમારા પ્રાણરૂપ બની ગઈ છે. (૧)

આવા આપના સ્વરૂપથી અમારાં (લોચન) દૃષ્ટિ તૃપ્ત નહોતી થતી તે આજે પૂર્ણ બની અને માયા જનિત સુખદુઃખ જે સંતાપ કરાવતું હતું અથવા આપના કૃપાયુક્ત દૃષ્ટિવાળા સ્વરૂપને જોઈને અમારા હૃદયમાં જે ઈચ્છા રૂપ તાપ હતો તે આજે શાંત થઈ ગયો.

આમ બુદ્ધિ (શિર) શ્રવણ, દેહ, નાસિકા, નેત્ર તથા હૃદય, તેમ બધી જ ઈંદ્રિયો અંદર-બહારની તૃપ્ત થઈ ગઈ. આમ થતાં પ્રભુ સાથે પ્રેમના બંધનની ગાંઠ મજબૂત થઈ (પ્રેમ-મગ્ન) અને તેમ થતાં પ્રપંચની વિસ્મૃતિ થઈ ગઈ. ગોપીનાં નિરોધ સિદ્ધ થઈ ગયો. (૨)

ગોપીઓ તો જળમાં છે, સંસાર-સાગરમાં છે અને પ્રભુ સંસારના જ કિનારા પર ઠાડા છે, અલિપ્ત છે. જીવને કૃપાદૃષ્ટિથી નિહારી રહ્યા છે. પ્રભુની કૃપા અને જીવનો પ્રમાદ જોઈને જીવ સ્વયં સંકોચ પામી રહ્યો છે તેથી ગોપીઓને સંકોચ-શરમ આવી રહી છે. પ્રભુ તેમના અંતર મનમાં પ્રેરણા કરી રહ્યા છે કે તમે જેવા છો તેવાં મને સ્વીકાર્ય છો. (સિ. ૨. માં પાંચ પ્રકારના દોષોને પ્રભુ ગણકારતા નથી અને સ્વીકાર્યા છે) પણ તમારા સંસારાવરણને છોડીને વસનહીન છો તેવા જ શરણાગતિ સ્વીકારીને - હાથ જોડીને મારામાં જ ચિત્ત રાખીને, સંસારનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરીને મારી સમક્ષ આવો. હું તમારા મનની વાત જાણું છું તેથી તમારે પ્રાર્થના કરવાની પણ જરૂર નહિ પડે (પ્રાર્થિતેવા તતઃ કિં સ્યાત્ સ્વામીભિપ્રાય સંશયાત્) હું તમારા વ્રતને પૂર્ણ કરવા જ પરબ્રહ્મ હોવા છતાં લોકવત્ દેહને ધારણ કરી વ્રજમાં પધાર્યો છે. મારી ભક્તવત્સલતા (પુષ્ટિ)ને પ્રકાશમાં આણવી છે. હું સૂર છું અને તમે દાસ છો તે ભાવ ધારીને મને પ્રભુ જાણીને મને મળો. (૩)



## (૬૫) રાગ -રામકલી 3/37

બનત નહિ યમુનાજીકો નહિવો
સુંદરશ્યામ ઘાટપર ઠાડે, કહો કોન વિધિ જઈવો ૧
કરતે બસન ઉઘાર ધરે હમ, કેસે જલ હી સમઈવો
નંદનંદન હમકો દેખેંગે કેસે કરકે નહીવો ૨
ચોલીચીરહાર લે ભાજત સો કેંસે કર પઈવો
અંકન ભર ભર લેત સૂરપ્રભુ કાલ્હ ન યહિ મગ ચૈવો ૩

**ભાવાર્થ :**

ગોપીજનો અંદર અંદર યમુનાજીને કિનારે આવીને પરસ્પર મુંઝવણ બતાવે છે કે વ્રતચર્યામાં વહેલા યમુનાસ્નાન કરવું પડે પણ તે બની શકે તેમ લાગતું નથી. કેમ કે સુંદરશ્યામ કનૈયો કિનારે જ ઊભો છે, હવે જલમાં કેવી રીતે જવું કેવી રીતે ? (૧)

વસ્ત્રો ઉતારીને કિનારે રાખવા. હવે આ સ્નાન કેવી રીતે બને ? નંદનંદન અમોને નિર્વસ્ત્ર જોઈ લેશે. (૨)

અને તે તો પાછા ચોલી-વસ્ત્ર અને હાર લઈને ભાગી જશે તો પછી અમે શું કરીયે ? આ કનૈયો તો અમને ભેટી પડશે. ના હવે તો કાલે આ રસ્તેથી અહીં આવવું જ નથી. (૩)

**વિશેષ ભાવાર્થ :**

ભગવદ્પ્રાપ્તિ અનુગ્રહ લભ્ય છે પણ અમારી નિષ્ઠા તો વ્રતમાં છે.

આ મર્યાદા ભક્તિરૂપે યમુનામાં અમારે ન્હાવું છે પણ તેને પ્રભુ બનવા દેતા નથી કેમ કે તેણે અમારું વરણ પુષ્ટિમાં કર્યું છે.

આ સ્વરૂપાસક્તિ કરાવનાર પ્રભુ સર્વથી સુંદર છે અને પ્રેમને દૃઢ કરાવનાર તેનામાં રસરૂપતા (શ્યામ) છે. શૃંગારનો રંગ શ્યામ છે. આમ તે સુંદર-રસરૂપ છે અને તે તો અમારાથી સ્હેજે દૂર નથી જતા. તેમની નજરમાં જ અમને રાખે છે. હવે અમે અમારી વ્રત-મર્યાદા એટલે કે દૂર કેવી રીતે જઈએ ?

અમારા ઉપર અમે જે શાસ્ત્રીય મર્યાદાઓ ધારણ કરી છે તે એટલી છે કે સહજતાથી (ઉતરે) જાય તેમ નથી. પણ પ્રભુનું પ્રમેય પ્રબળ છે જે અમને મર્યાદા જાળમાં સમાઈ જવા દેવા નથી માંગતા કેમ કે અમારું વરણ તે પ્રકારનું નથી. નંદનંદનની દૃષ્ટિ મર્યાદાની બહાર આ સૃષ્ટિમાં કાંઈ જ નથી પણ અમારી મર્યાદાને કારણે

અમને લાગે છે કે તે અમને જોઈ રહ્યો છે. અમને એ નથી ખબર કે તે જ તો અમારો અંતર્યામી છે. અમે તેને જ ચાહીયે છીએ પણ તેને પ્રાપ્ત કરવા માટે આ મર્યાદાનો આશ્રય લઈ રહ્યા છીએ તે બધું તે સાક્ષીભાવે નિરખી રહ્યો છે. ઊંચ-નીચ ભાવ તો અમારા છે. તે તો નિર્દોષ બ્રહ્મ છે. તેથી અમે અંદર-બહારના ભિન્ન ભાવોને કારણે તેની દૃષ્ટિથી દૂર થવા ઈચ્છીએ છીએ.

તે સત્યસંકલ્પ -દૃઢ છે અને અમને જ ચાહે છે જેથી અમારી નિષ્ઠારૂપ, વિધિ, વ્રત, તપ રૂપ અમારાં વસ્ત્ર અથવા કહો કે મર્યાદારૂપ આધિભૌતિક-આધ્યાત્મિક અને આધિદૈવિક વસન (નિષ્ઠા)ને હરિ લેશે. હવે અમારી માર્યાદિક નિષ્ઠાને બચાવવા શું કરવું ?

તે તો અમને સ્વરૂપાનંદનું દાન દેવા તત્પર છે પણ અમે દુર્ભાગી છીએ જેથી નિશ્ચય કરીએ છીએ કે એ પુષ્ટિમાર્ગે ભવિષ્યે પણ નથી આવવું અથવા કહો કે આ એવો માર્ગ છે કે જ્યાં કાલ પણ નથી આવી શકતો.

અમારા પરમ સૌભાગ્ય છે કે જ્યાં પ્રભુ સ્વયં અમારો ઉદ્ધાર કરવા માટે અમને મર્યાદામાંથી કોઈપણ પ્રકારે (લાલચ-દંડ કે ભેદ નીતિથી) ઉગારે છે. કેમ કે અમે તેમના શ્રીઅંગથી નિયામક તેવી સૃષ્ટિના જીવ છીએ. અમે શુદ્ધ નથી પણ તે અમને શુદ્ધ બનાવે છે. સ્વઅંગસ્પર્શાદિ સેવાથી...

## ખંડીતા

**(૬૬) રાગ – લલિત** 3/૫૧

જરીકે જરાયવેકો તાતે તન તાયવેકૂં
કટે લોન લાયવેકૂં દ્વાર આપ ઠાડે હો
રેન બસે ઔર ઠોર અબ આયે મેરી ઓર
વાહીપેં પધારો કાન્હ જાકે વસ પરે હો ૧
બીનગુણ માલ સોહે અધર અંજન રેખ
મેરી સોં કાન્હ અબ જાઓ તુમ ભરે હો
ચાર યામ વીતે મોહી ઘડી ભર કલ્પન્યાયી
સૂરસ્યામ હિયે હુ તે નેક હૂ ન ટરે હો ૨

**ભાવાર્થ :**

પ્રભુ પધારશે તેવો સધિયારો મળ્યો હતો. જેથી ગોપી આખી રાત રાહ જોતી રહી પરંતુ આપ તો સવારે પધારે છે ત્યારે ભર્યા હૃદયથી ગોપી પ્રભુને સંભળાવે છે.



આપ હવે મારા દ્વાર પર શા માટે પધાર્યા છો તે હું સમજું છું કે - મને અપમાનીત કરવા જ કેમ કે હું તો આપના વગર બળી રહી છું, તેને વધારે બાળવા માટે. મારું તન આપ વગર ધખી રહ્યું છે તેને વધારે ધખાવવા માટે અને મારું કાળજું કપાઈ ગયું છે તેના ઉપર (લોન) મીઠું ભભરાવવા માટે આપ હવે મારા દ્વાર ઉપર આવીને મજા લેવા ઊભા છો. આખી રાત તો બીજાને ત્યાં ઠહેર્યા અને હવે મારી પાસે આવ્યા, એવું આવવાનો શો અર્થ છે ? આપને જેણે વશ કર્યા છે તેને ત્યાં જ પધારો ! (૧)

આપના દિદાર તો જૂઓ કે કંઠમાં ફૂલમાળા કરમાઈ ગયેલ છે અને આપના ઓષ્ઠ ઉપર કાળા-કાજળની રેખા દેખાય છે. આ પરથી લાગે છે કે આપે ભરપૂર રતિ માણી છે, આપ સંતુષ્ટ થઈ ગયેલા છો તો પછી ફોગટનું મારું મન રાખવા શા માટે પધાર્યા છો ? તમોને મારા સોગંદ છે આપ હવે અહીંથી પધારી શકો છો.

પરંતુ આપ જરા વિચાર તો કરો કે આપ ચારયામ પછી પધાર્યા ત્યારે એક એક ઘડી મારા માટે એક એક યુગ જેટલી લાંબી રહી અને એકક્ષણ પણ મારી હૃદય સ્મૃતિમાંથી આપ ખસ્યા નથી. વિશેષ શું કહેવું આપ તો બહુ જ સયાના છો. ! (૨)

**વિશેષ ભાવાર્થ :**

અત્યારે આપના સાક્ષાત દર્શન થયા તેનું રહસ્ય મને આજે સમજાય છે કે હૃદયમાં એટલી બધી આર્તી થાય કે આંતરીન્દ્રિયો તથા બહિરીન્દ્રિયો બધેથી જ સંસારાસક્તિ બળીને ભસ્મ થઈ જાય તથા એકમાત્ર આપના જ રટણની આહ થાય કે ઘા પર મીઠું છીરક્યું હોય તેમ ! હા નાથ હા મહાભૂજ... ! તેમ, ત્યારે આપ પધારો છો જરૂર !

જ્યાં સુધી મારામાં અજ્ઞાનરૂપ રાત્રીનો અંધાર હતો (માહાત્મ્યજ્ઞાન નહોતું) ત્યાં સુધી આપ બીજે હતા. મારી સમક્ષ પ્રકટ ન્હોતા થતા પણ હવે મારું અજ્ઞાન દૂર થતાં સવાર થયું છે અને જે આપને નિઃસાધનતા ભાવથી ભજે છે તેને આપ વશ થઈને રહો છો. આજે આપ અહીં પધાર્યા છો તે પણ તેવા ભગવદીયોની કૃપારૂપ આજ્ઞાથી જ. તેથી મારા ઉપર પ્રથમ ઉપકાર તો તેમના છે.

આપના કંઠમાં જે વ્રજભક્તોને આપ અંગ સુખ આપતાં ધારણ કરો છો તેમના ગુણને આપ જોતા નથી. આપ તો સ્નેહને જોવા વાળા છો. તેમની દૃષ્ટિમાં રહેલ ભાવને આપ ચાખો છો, આરોગો છો નહિ કે વસ્તુને. હે પ્રભુ ! આપ તો કૃપાળુ

છો તેથી મારી દરકાર કરો છો પરંતુ જીવનો દાસ ધર્મ તો એ છે કે પ્રભુના સુખમાં પોતાનું સુખ જોવું.

ચારયામ એટલે કે હવે મારામાંથી ધર્મ-અર્થ-કામ-મોક્ષ તેમ બધા જ પુરૂષાર્થો વિરમી ગયા છે. તથા એકમાત્ર ધર્મીરૂપ આપ વગર મારા માટે એક એક ક્ષણ યુગ સમાન બની રહી છે. સહસ્ત્ર પરિવત્સરથી આપથી બિછર્યા છીએ તેની સભાનતા મને સતત છે અને તેવા ભાનને કારણે આપનું સ્મરણ મને એક ક્ષણ પણ ટળ્યું નથી. શ્રીમહાપ્રભુજીની વાણી છે કે રાઈનો દાણો ગાયના શિંગ પર ટકે તેટલું પણ પ્રભુનું વિસ્મરણ બહિર્મુખ બનાવી દે.

પ્રભુ આપ તો અંતર્યામી પણ છો તેથી હવે આપને ઠીક લાગે તેમ મારા હિત માટે જ કરશો !

**(૬૭) રાગ – લલિત** 3/૫૧

નખ કહાં લાગે વન વાનરા લગાયે નખ
ચખ કયાં રાતે પ્રાત દેખ્યો તાતે ભાનકો
ચંદન લગ્યો હે કહાં વિઘ્નહરન પૂજા કીની
વંદન લગ્યો હે કહાં પરસ ભયો પાન કો ૧
રેન કહાં નટ નૃત્ય જહાં
અખરે ક્યોં બોલો મોંસો ડરભયો આનકો
ગૂજરીસોં ગુજરી અબ આગે આય ઠાડે સૂર
થેગરી કહાં લોં દેત ફાટે આસમાનકો ૨

**ભાવાર્થ :**

પ્રભુ ગોપીને ત્યાં પધાર્યા તે પહેલાં બીજી કોઈક સખીને દાન કરીને પધાર્યા છે તે વાત ગોપી સમજી ગઈ છે તેથી કટાક્ષ-મજાકની ભાષામાં કહે છે -

આ આપને નખ ક્યાં વાગી ગયો ? શું વનમાં વાંદરાએ લગાવ્યા ? આ ચક્ષુ કેમ રાતાં છે અત્યારે સવારના પહોરમાં ? શું કંઈ તાતો-ગરમ-બપોરનો સૂર્ય જોઈ લેવાયો છે ? આ આપના દેહને ચંદન ક્યાંથી લાગ્યું ? શું વિઘ્નહરન ગણપતિ વગેરે દેવો-ગ્રહોની પૂજા કરીને આવ્યા છો ? અને આ રાતા રંગનું કુમકુમ (વંદન) ક્યાંથી લાગ્યું ? શું કોઈ દેવના સ્થાનક (થાનકો) પર માથું ટેકવ્યું હતું ? (૧)

રાત ભર ક્યાં હતા ? શું ક્યાંય નટનું નૃત્ય જોતા હતા ? આમ બોલતાં કષ્ટ કેમ પડે છે (અખર) શું મારી સામે આવતાં ડરો છો ?



જે થઈ ગયું તે થઈ ગયું, હવે મારી સન્મુખ તો ઠાડા રહો. આ આભ ફાટયું છે પછી થીંગડાં દેવાથી શું થશે ? માટે બીતીને ભૂલી જઈને હવે કૃપા કરો. (૨)

**(૬૮) રાગ – માલકૌંસ** 3/૫૪

આવન કહ ગયે અજહૂ ન આયે
સબ નિસ બિતી મોહે ગિનત હી તારે
દીપક જ્યોત મલીન ભઈ હૈ
કિન દુતીયન બિરમાયે પ્યારે ૧
તમચર બોલે બગર સબ ખોલે ફૂલે મધુપ ગુંજારે
ધોંધીકે પ્રભુ તુમ બહુનાયક આયે નિપટ સવારે ૨

**ભાવાર્થ :**

પ્રભુ ગૌચરણ કરીને જ્યારે પાછા પધાર્યા હતા ત્યારે કોઈ ગોપીને રાત પડતાં જ આવવાનું વચન આપી ગયા હતા. "હાંકે હટક... ગોકુલકી ગલી અતી સાંકરી... કા સોહા કહી કા સો ના કહી"... પરંતુ ગોપી તો રાહ જોતી જ રહી પણ પ્રભુ પધાર્યા નહિ. વિરહ વ્યથા અતીશય વધી ન જાય માટે સમય પસાર કરવા આકાશનાં તારા ગણતી બેસી રહી. (કેમ કે વિરહ વ્યથા વધી ગયા પછી પ્રભુ પધારે તો કદાચ માન થઈ જાય તો મિલનનું સુખ પરવારી જાય).

હવે તો રાત પણ પૂર્ણ થવા આવી છે કેમ કે દીવડામાં તેલ ખલાસ થયું છે અને તેની જ્યોત પણ ઝાંખી અને નાની બુઝવા લાયક થઈ ગઈ છે.

ગોપી વિચાર કરે છે - કેમ ન પધાર્યા ? આવવાનું તો કહ્યું હતું અને આપ તો રસિક છે. તેને મનોમન જવાબ મળે છે કે - જરૂર કોઈ બીજીની દૂતીઆએ મારા પ્યારાને ભરમાવ્યા હશે. (૧)

હવે તો લાગે છે સવાર પણ પડી રહ્યું છે. કૂકડા પણ બોલી રહ્યા છે, ગાયોના વાડા વગેરે પણ ખૂલ્લા થઈ ગયા છે. ભમરા પણ ગુંજારવ કરી રહ્યા છે. તેથી હવે તો આશા રાખવી નકામી છે. પણ અરે ધોંધીના પ્રભુ તો આ વહેલી સવારે સવારે પણ પોતાનું વચન પાળવા આવી લાગ્યા ને ! વાહ પ્રભુ તમે તો અનેકના નાયક છો એટલે અનેક વિરહ દુખને ટાળવાવાળા છો. આપ તો બહુ નાયક છો સૌના નાયક છો. (૨)

**વિશેષ ભાવાર્થ :**

જીવ પ્રભુથી વિખૂટો પડ્યો ત્યારે શુદ્ધ હતો. ત્યારે પ્રભુએ વચન આપ્યું હતું કે હું

જરૂર તને મળીશ. તને ભટકાવીશ નહી. પણ તું ય મને તારી અંદર સાચવી રાખજે, તારી સ્મૃતિમાં. પરંતુ જીવ હવે કલ્પાંત કરી રહ્યો છે કે મારી વિસ્મૃતિ-અજ્ઞાનરૂપ રૂપ પૂરી રાત વિતી રહી છે. પ્રભુ તેમાંથી મને મુક્ત કરાવવા પણ નથી આવતા ? હું તો તેમને ભૂલીને જે 'અન્ય' છે તેમના તરફ દૃષ્ટિ કરી, તેવા આકાશના તારા (ફોકટના) ને ગણી રહી છું. હવે તો મારી આશા રૂપ દીપક પણ ઝાંખો થઈ રહ્યો છે. મને લાગે છે સ્વરૂપ વિસ્મૃતિને કારણે જ પ્રભુને કોઈએ ભરમાવ્યા છે કે હું તો અન્યનો થયો છું. પણ હવે મને લાગે છે શ્રીવલ્લભની કૃપા રૂપ સૂર્ય (ભક્તિમાર્ગબ્જમાર્તંડ) મારા હૃદયમાં પ્રકટાવાનો એંધાણ લાગે છે. તેવી કૂકડા પૂકાર થઈ રહી છે, ઈન્દ્રિયોના (ગાયોના) બંધનરૂપ વાડા ખૂલી ગયા છે. અને ભગવદ્સ્મરણ રૂપ તથા સેવા રૂપ મધુરાષ્ટકનો ગુંજાર હૃદયમાં થઈ રહ્યો છે. મારી બુદ્ધિને શુદ્ધ કરનારા (ધોંધી = સ્વચ્છ બુદ્ધિ) પ્રભુ તમે તો ઘણી જાતના નાટ્ય કરવામાં ચતુર છો તેથી મોડે મોડે પણ મારા માટે પધાર્યા જરૂર !

**(૬૯) રાગ – માલકૌંસ** **૩/૫૪**

**પ્યારી તેરી પૂતરી કાજર હૂં તે કારી માનો ભંવર દોઉ ઉડે લરાલર**
**ચંપેકી ડાર કુન્દ અલી બેઠે લાગી જીય બરાબર** **૧**
**માનોં કામકો કટક સખીરી જબ જીય હોત ડરાડર**
**હરિદાસ કે સ્વામી શ્યામા કુંજબિહારી દોઉ મિલ લરત ઝરાઝર** **૨**

**ભાવાર્થ :**

હરિદાસજી સ્વામિનીજીનું વર્ણન કરતા કહે છે, એક સખી શ્રી રાધાજીનાં નેત્રોનું વર્ણન કરતાં કહે છે હે પ્યારી તારી આંખની કાળી પૂતરીઓ તો કાજળ કરતાંય વધારે કાળી છે. જાણે કે બે ભમરાં એક સાથે એક જ હરોળમાં ઉડતા હોય તેમ જણાય છે.

આપનો મુખાકૃતિનો વર્ણ સોનેરી પીળો છે. તેથી જાણે ચંપાની ડાળ ઉપરના ફૂલની ઉપર ભમરા બેઠા હોય તેમ જ એકદમ લાગે છે. (૧)

આ દૃશ્ય કુંજનું છે - જ્યારે ડાળ હાલે ત્યારે પુષ્પ વગેરે હલી ઉઠે ત્યારે ભમરાં પણ હલચલ કરવા લાગે. તેમ સ્વામિનીજીના નેત્રોમાં ડરની લપક-ઝપક દેખાઈ રહી છે. તેથી જાણે લાગે છે કે કામનું કટક-દળ ધસી આવ્યું હોય. પણ અહીં તો કામનાકટક સમાન હરિદાસના સ્વામી પધાર્યા છે. સ્વામી અને શ્યામાજી કુંજમાં વિહાર કરવા લાગ્યા ત્યારે જાણે એમ લાગે છે કે બન્ને દળ સામસામા જ્વાળા જેવા બનીને તૂટી પડ્યા હોય ! (૨)



# ઘટાનાં પદ (શિતકાલ)

**(૭૦) રાગ – ટોડી** **૩/૬૮**

**પીરેઈ કુંડલ નુપૂર પીરે પીરો પિતાંબર ઓઢે ઠાડો**
**પીરીઈ પાગ લટકે સીર સોહે પીરો છોર રહ્યો કટી ગાઢો** **૧**
**પીરી બની કરટી કાછની લાલકે, પીરો છોર રચ્યો પટુકાકો**
**ગોવિન્દપ્રભુકી લીલા દરસત પીરોઈ લકૂટ લીયે કર ઠાડો** **૨**

**ભાવાર્થ :**

પીળો રંગ મંગલકારી છે. તેથી તો પીળી હળદરનો રંગ તરીકે ઉપોયગ થાય છે.

આપશ્રીએ (પીળી ઘટા શૃંગાર)ને ધારણ કર્યા છે. આપના મંગલમય સ્વરૂપનાં દર્શન ગોવિન્દસ્વામીને થાય છે. આપના કુંડલ પીળા છે, મંગળરૂપ છે. આપના સાંખ્ય-યોગ પણ તેવા માર્ગીનું કલ્યાણ કરનારા છે અને આપના નુપૂર જે ચરણોમાં ધારણ કર્યા છે તે પણ પીળા છે. જે ભક્તો આપના ચરણોને વિંટળાઈને આપનાં કીર્તન કરે છે તેવા શરણાગતનાં ગીત પણ મંલકારી છે. આપે પીળા રંગનું મંગલકારી પિતાંબર ધારણ કર્યું છે જે આપના સ્વરૂપને ઢાંકી રાખનાર માયારૂપ છે તેથી તેવા જનોને જગત મિથ્યા લાગે છે. તો કોઈકને આપના સ્વરૂપની ઉપર જે અંબર-આકાશ નિરાકાર ધારણ કરેલ છે તેને જ માત્ર આપનું સ્વરૂપ માને છે તેવા ખંડ જ્ઞાનવાળા પણ આપની લીલાના ભાગરૂપ છે. તેમને આપના દર્શન નથી થતા પણ આપના (અક્ષર) અંબરમાંજ દર્શન થાય છે. તેવા અધિકારી માટે તે પણ ઠીક ! પ્રભુ તેમના માટે ઠાડા રહે છે કેમ કે વ્યાપક પ્રભુ ક્યાંય જતા-આવતા નથી, સર્વ તેમના પ્રતિ જાય છે, તે તો અચલ રહે છે. આપના શીર પર પીળી પાગ લટકી પડી છે તેથી શીરનું દર્શન થાય છે. આપના શીરનાં દર્શન તો કોઈ ભાગ્યવાનને જ થાય. કેમ કે ત્યાં તો આપ ભ્રમરરૂપ ભક્તોથી વીંટળાયેલા હોવ તવા છો. (વાળનાં ગુંચળાં ભ્રમર રૂપ છે.)

ગોવિન્દસ્વામીએ આવા દર્શન કર્યા કે પાગ લટકી ગઈ છે અને સીર સોહાતું દર્શાઈ રહ્યું છે, તેથી દોડીને આપની પાઘને ઠીક કરીને સારી રીતે બાંધી દીધી. કોઈએ આ વાત શ્રીગુસાંઈજીને કહી તો શ્રીગુસાંઈજી ચૂપ કરી રહ્યા. કેમ કે પ્રભુના શીરને બાંધે તે તો કોઈ તેમનો પર સખા જ હોય. એકવાર જશોદાજીએ આપના ઉદરને બાંધ્યું હતું કેમ કે આપની ફરિયાદ દૂધ-દહીં-માખણ ખાઈ જવાની બહુ આવતી હતી. ખાવાની વસ્તુને આપ ઢોળફોડ કરતા હતા. પણ

ગોવિન્દસ્વામીએ તો આપની ભક્તવત્સલતા કોઈ અનઅધિકારી ન નિરખી જાય માટે પાધ સરખી કરી બાંધી. (૧)

આપની કટીપર પીતાંબરનો છેડો કે કમરકસનાનો પટ્ટો જે મજબૂત બાંધ્યો છે (ગાઢો) તે લટકી રહ્યો છે તે પણ પીળો-મંગલકારી છે. માયાને આપે ગાંઠવાળીને બાંધી છે. કોઈ ભક્ત જ માયાના બંધનોને છોડી શકે. તેવા ભક્તના ભાવરૂપે પીળો છોર આપે લટકાવી રાખ્યો છે. આપે મંગલમય કટી પર કાછની ધરી છે અને જે પટુકાને પણ સુંદર રીતે ધારણ કર્યો છે.

ગોવિન્દસ્વામી પોતાના સ્વામીની લીલાને નિરખી રહ્યાં છે કે આવા ભક્તવત્સલ પ્રભુ કે જે બંધાઈને પરાધીન છે તે સૌને પોતાને આધીન કરવા દંડ લકુટ લઈને ઠાડા છે. અથવા માર્ગ પરથી હટી જાય તેને પોતાની લકુટી સાધનરૂપા ભક્તિથી માર્ગ પર લાવી રહ્યા છે. આવી વિરુદ્ધ ધર્માશ્રયી લીલાના દર્શન આપ ગોવિન્દસ્વામીને કરાવે છે ! (૨)

## (૭૧) રાગ – ટોડી 3/૬૯

બાંકે આસન બાંકે સિંઘાસન બાંકે તકીયનકી છબી ન્યારી
બાંકે રાસવિલાસ બને અરૂ બાંકી બની રાધા જુ પ્યારી ૧
બાંકે મંદિર કંચન કે અરૂ બાંકી બની વ્રજકી વ્રજનારી
ગોવિંદ દેખત નેન તાકી રહી ઝુકી ઝરોખન બાંકે બિહારી ૨

**ભાવાર્થ :**

પ્રભુ જે આસન પર બિરાજ્યા છે તે આસન વાંકુ છે અને તે આસન જેમાં છે તે સિંઘાસન પણ વાંકુ. તેની પાછળ બાજુમાં તકીયા છે તે વાંકા છે પણ આ બધાંની શોભા કંઈક વિચિત્ર જ છે.

આપ જે આસન પર બિરાજે છે તે તો ભક્તોનું હૃદય છેઅને તે શ્રેષ્ઠ (બાંકા) છે. આપ જે અક્ષરધામ રૂપ સિંહાસમાં બિરાજે છે તે તો (બાંકા) અપૂર્વ છે. આપ જેની ગોદમાં આરામથી બિરાજે છે તેવા વાત્સલ્ય ભાવથી ભરપૂર યશોદાજીની ગોદ જે તકીયા સમાન છે તે શ્રેષ્ઠ (બાંકી) છે અને તે સર્વથી ન્યારી-ભિન્ન પણ છે. કેમ કે ક્યારેક લાલનને સોટીથી ધમકાવી છે, ક્યારેક દૂધના લોભે તેમને નીચે મૂકે છે તો ક્યારેક બાંધી દે છે તો ક્યારેક મુખમાં વિશ્વદર્શન કરીને ભયભીત-આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. પણ આ બધાં તો સંચારી ભાવની જેમ ક્ષણેક માટે



આવે છે અને જાય છે. પરંતુ વાત્સલ્યભાવ તો પડછાયાની જેમ હંમેશા બિરાજેલ છે. આવા ભિન્ન-વિચિત્ર પ્રકારના આ તકીયા વચ્ચે યશોદોત્સંગલાલિત બિરાજેલ છે. આ છબિ-દૃશ્ય એવું ન્યારું છે કે કોઈને સમજાતું નથી. તેથી ગોપીઓ ફરિયાદ કરે છે કે - અરે યશોદા તારી વૃદ્ધવસ્થામાં તને આ એકનો એક લાલ છે, તો તૂં માખન, દૂધ બાબતે કેમ કૃપણ થાય છે ? એટલે તો તારો-લાલ ઘેર-ઘેર ચોરી કરતો ફરે છે. આવી વિચિત્ર છબિ ઉપસે છે. આમ બાળલીલાના પ્રસંગ પૂરો થયો.

હવે કીશોરલીલા શરૂ થાય છે. આપનો રાસ-રસસમૂહ રસશાસ્ત્રના વર્ણવેલા રસ કરતાંય અનેક વધારે ભિન્ન પ્રકારના અલૌકિક રસ જ્યાં પ્રકટ થઈ રહ્યા છે તે રાસ. ટૂંકમાં રાસ એટલે ભાવ-ઉદ્બોધન અને ભાવો પ્રકટ થવા અને ભાવોમાં વિલસવું. આવો રાસવિલાસ અપૂર્વ છે (બાંકા) શ્રેષ્ઠ છે પણ સાથે સાથે તેમાં ટેઢાપન પણ છે. તે રીતે કે પ્રભુ વેણુનાદ કરીને વ્રજભક્તોને રસદાન કરવા બોલાવે છે અને પછી પૂછે પણ છે કે કેમ આવ્યા ? પાછા જાઓ. વ્રજભક્તો પણ ટેઢા થઈને પ્રત્યુત્તર આપે છે માત્ર આદેશ માથે ચઢાવવા જેવા સરળ નથી રહ્યાં.

આવા શ્રેષ્ઠ રાસ પછી અભિમાન પ્રકટ થવું અને પાછો એકાદમાં સૌભાગ્યમદ પ્રગટ થવો આ એક (ટેઢી) વિચિત્રતા ગણાય. ભગવાનના આત્યંતિક સંબંધ-રાસ પછી પણ જે પ્રભુ રાસમાં અત્યંત નિકટ હતા તે અંતર્ધાન થઈને એક દુઃસાહસ કરી બેઠા પોતાના પ્રિયજનો પ્રતિ ! ગોપી જેના માટે આ વિકટ (ટેઢી) પરિસ્થિતિ હતી. તેમને પ્રભુને શોધવા બહુ પ્રયાસ કર્યા પણ પ્રભુ તો દુર્ગમ્ય છે (ટેઢા) તે તો પોતાની ઈચ્છાથી જ મળે, ભક્તોના પ્રયાસથી નહિ. (સાહિબલ કૈસે મીલે ?) ભક્તોના રૂદન રૂપ કષ્ટ પ્રભુ સહી ન શક્યા (સરળ) ત્યારે પોતાનું છેલપણું (ટેઢા) છોડીને પ્રકટ થયા. ત્યારે પણ યમુનાજીના પુલિનમાં ભગવાનને પ્રશ્નો પૂછે છે "જે ભજે તેને ભજે ?". જે ભજે છતાં ન ભજે ? અને જે ન ભજે તેને ભજે ? જે ન ભજે તેને ન ભજે ? આવા ટેઢા સવાલો પૂછીને પ્રભુની સ્થિતિ જાણવા ચાહી. આવાં રાધાજી કે જે તો પ્રભુને અતી પ્રિય છે છતાં પણ પ્રભુ તેમને માટે ય ટેઢા થયા અને ગોપીજનો પણ પ્રભુ માટે ટેઢા સવાલો કરે છે. આનાથી વિચિત્ર (ટેઢી) વાત કઈ હોઈ શકે ? (૧)

આ વાત કંઈક એવી છે કે પ્રભુએ ભક્તોમાં રહેલ સર્વદોષોને નિવૃત્ત કર્યા જેથી તેઓ કંચન સમાન શુદ્ધ દેહવાળા બન્યા જેથી તો પ્રભુએ (સાહસી) બાંકે = ભક્તો સાથે મહારાસની લીલા કરી અને તે રાસલીલા પછી પણ વ્રજની નારી (બાંકી) શ્રેષ્ઠ થઈને બહાર આવી.

હવે તો તેમના માટે ગોવિન્દ એ જ માત્ર દૃશ્ય છે અને તે દૃશ્યના દૃષ્ટા સ્વયં પોતે છે તેથી કહે છે ગોવિન્દ દેખન - ગોવિન્દને જોઈને તાકી રહી આંખમાં પૂર્ણ પણે ભરી રહી. પોતના દેહમંદિરના મનજરુખામાંથી વાંકી વળી વળીને તાકી રહી. પોતાને કષ્ટ પડે તેની પરવા નથી પણ વધુમાં વધુ દર્શનની અભિલાષા છે. હવે તેમને પ્રભુનું વાંકાપનું નથી દેખાતું, ભલે હોય! પણ તે તો તેમનામાં રહેલ બિહારી-વિહાર કરનાર કરાવનાર જ જૂએ છે. ''બાંકે બિહારી.''

ગોપીજનો હવે પ્રભુને પૂર્ણ સમર્પિત (અપૂર્વ) થઈ ગયા છે. તેથી તો પ્રભુ કહે છે નમે ભક્તપ્રણશયતિ હું આપનાથી ઋણમુક્ત થઈ શકું તેમ નથી. મને મારા ભક્તો સર્વથી વિશેષ પ્રિય છે. આ એક અપૂર્વ કથા છે (બાંકી) કે જે શાસ્ત્રમાં પ્રભુએ આ પહેલાં ક્યારેય કહી નથી.

બાંકા = ટેઢાપન, સુંદર, અપૂર્વ, છેલા, સાહસી, શ્રેષ્ઠ, વિચિત્ર, વિકટ, દુર્ગમ, બાના

બાના = મર્યાદા સે પ્રાપ્ત હોત સ્થિતિ, અંગીકૃત ધર્મ, સ્વભાવ

## શિતકાલનાં પદ (શૃંગાર)

**(૭૨) રાગ – બિલાવલ** 3/૬૫

**ફૂગ્યો ફેંટા સખી લલિત લાલકે શિશ પર**
**નિરખી છબિ માધુરી અખિયાં સિરાતરી**
**પ્રેમકી બાવરી હોં સખી વ્હે રહી**
**સુધબુધ બિસર ગઈ દ્વાર વ્હે જાવરી** ૧
**રૂપકે ગર્વ કછૂ આવ આદર કીયે**
**બહોરો કૃપા લગે મુસકાતરી**
**દાસકુંભન નાથ ગોવર્દ્ધનધર સાથ**
**ગોપીજન રીઝે મિલ સાંવરે ગાતરી** ૨

**ભાવાર્થ :**

ફૂલેલો ફેંટા લાલનના શિર પર શોભે છે. તેથી હે સખી, તે સુંદર સ્વરૂપ મને મધુરું લાગે છે અને મારી આંખો પ્રસન્ન થાય છે (જેમ સૂર્યના દર્શનથી કમળરૂપ આંખો વિકસે તેમ) પરંતુ તે જે અનુરાગ પ્રકટયો તે તો વિકાસ પામીને આસક્તિની પાર



કૂદાવી ગયો તેથી હે સખી, હું તો તેવા વ્યસનાત્મક પ્રેમને કારણે બ્હાવરી થઈ ગઈ. હું તેથી તો સુધ-બુધ સમજણ અને અક્કલ બધું જ જાણે વિસરી ગઈ. અને તેથી તો કોઈ લાજ-શરમ રાખ્યા વગર પ્રભુનો આદર કરવા દ્વારે જઈને ઊભી રહી. (૧)

મેં તો મારા રૂપના ગર્વની સાથે સાથે કંઈક સ્વાગત અને કંઈક આદર આપ્યો. હું સુધ-બુધ ખોઈ બેઠી હતી પણ ગર્વને ન્હોતો ખોયો. (ગોપીજનો લોકવેદ ત્યજી ભગવાનના વેણુનાદથી બ્હાવરી બનીને વનમાં આવી, પણ ગર્વને ન વિસરી તેથી પ્રભુ અંતર્ધાન થયા હતા.) પણ અહીં તો પ્રભુએ મારા ગર્વનો અનાદર કરીને બહુ જ કૃપા કરીને મંદ હાસ્ય કર્યું. ગોપી વિચારે છે હું છું તો દાસ, માટીના ઘડા જેવું મારું અનિત્યપણુ - તકલાદીપણું છે છતાં તે કુંભઘડાને મેં ગર્વથી ભરેલો રાખીને, દાસધર્મ કે જેમાં પ્રભુનું નિઃસાધન ભાવથી સ્વાગત કરવાનું છે તે ન કરી શકી.

પરંતુ પ્રભુ તો ગોવર્ધનધર છે. તેથી તો આપ મારું પાલન (વર્ધન) કરવાનુ ભૂલતા નથી (ગો-વર્ધન) અને તે મને આપની સાથે ધરી રાખે છે મને છોડી જતા નથી (ધર-સાથ) વળી તે પોતાનું નાથપણું નથી છોડતા.

ગોપીજન છીએ અમે તો, એટલે કે અબૂધ-સ્ત્રી-મનુષ્ય દેહધારી છીએ. પ્રભુ તો અમારા જેવાને મળીને પણ રીઝે છે. લાગે છે તે અમારા સ્નેહની ઉત્કટતા જ જૂએ છે! આપનું તનું સાંવરું છું તેથી અમારા બધા જ રંગ (તામસ-રાજસ-સાત્વિક) તેમના સાંવરા રંગમાં ખોવાઈ જાય છે. આપનું આકર્ષણ જ એવું છે કે અમારું અપાકર્ષણ તેની આગળ કઈ વિસાતમાં નથી, તેથી તો આપનું મિલન શક્ય બન્યું છે (રિઝે મિલ)! સાહેબ કૈસે મિલે ?

**(૭૩) રાગ – સારંગ** 3/૬૨

**છબીલો લાલ દુહત ધેનુ ધોરી**
**માથે કમલવરણ કો ટીપારો ઓઢે પીત પીછોરી** ૧
**કહારી કહૂં કછુ કહત ન આવે ડારી કઠીન ઠગોરી**
**કુંભનદાસપ્રભુ સુખ ગિરિધરકો જબ ભેટું ભરકોરી** ૨

**ભાવાર્થ :**

આ લાલન કે જેની આકૃતિ-સ્વરૂપ અતીશય મોહક છે (છબિલો) તે પોતાની પ્રિય ધોરી ગૈયાને દોહી રહ્યો છે.

આપે (માથે) શિર પર (કમલવરણ) કમલના રંગ જેવો રાતો ઉઘડતો રંગનો ટીપારો ધારણ કરેલો છે અને (પીત) પીળા રંગની પીછોરીથી અંગને ઢાંકતી ઓઢણી ધરી છે. (ઓઢે પીત પીછોરી) (૧)

આ શૃંગારથી આપનું સૌંદર્ય એવું મોહક થઈ ગયું છે કે કહેવા માટે મારી પાસે શબ્દ નથી (કહારી કહું કછુ કહત ન આવે) બસ એટલું જ કહી શકાય કે બહુ ભારી જાતની ભૂરકી અમારા ચિત્તમાં નાખી છે! જેથી તેના સૌંદર્ય સિવાયનું બધું જ ફીકું લાગે છે. તેનામાં જ મોહિત છીએ (ડારી કઠીન ઠગોરી) અમારું મન તો શુદ્ધ નથી. તે તો તેમના સિવાય અન્યમાં ભટકે તેવું 'કુમન' છે પણ તેમણે અમને દાસ તરીકે સ્વીકાર્યા છે (કુમન-દાસ) અને તે પોતે અમારા પ્રભુ-સ્વામી બન્યા છે અને અમને દાસ કરીને તો તે અમારા દુઃખને દૂર કરવાની જવાબદારી લઈ લીધી છે. (ગિરિ-ધારી બન્યા છે) અને તેમ કરવામાં આપને સુખ થાય છે (સુખ ગિરધરકો) આવા સ્વામી મને મળ્યા તે મારું અહોભાગ્ય છે. તેથી મનમાં થાય છે ક્યારે તેમને પ્રેમપૂર્વક ભેટું? હમણાં તો ધેનુને દુહે છે ને? તેથી કઈ રીતે ભેટું? (જબ ભેટું ભરકોરી) (૨)

## (૭૪) રાગ – ટોડી 3/૬૬

દેખો સખી ઠાડો મદન ગોપાલ
પહેર કવાય ધરે સીસ ટોપા ફલગુલ ઓઢે લાલ ૧
વાઘો સરસ તાસકો સોહે સુથન મોજ લાલ
કિશોરીદાસ પ્રભુકી છબિ નિરખત ઉર રાજત વનમાલ ૨

**ભાવાર્થ :**

એક વ્રજગોપી બીજીને બતાવે છે કે - દેખો સખી આ જે ગોપાલ છે તે અમારી ઈન્દ્રિયોનું, તેનામાં આકર્ષણ પ્રકટાવાને પોષણ કરી રહ્યો છે અને તે એટલા માટે જ ઠાડો છે. તેણે વસ્ત્રો ધારણ કર્યા છે તેનાથી અમારું મન ચંચળ થાય છે. કવાય પહેરી છે, સીસ પર ટોપો છે અને ફલગુલને ઓઢી છે. (૧)

સરસ તાસનો વાઘો પહેર્યો છે તથા સુથના સુંદર શોભી રહી છે અને ચરણોમાં લાલ મોજાં ધર્યા છે. આપનું પૂરું સ્વરૂપ વસ્ત્રોથી આચ્છાદિત શોભી રહ્યું છે. તેમ આ ગોપીજનો કે જે કીશોરી, રાધાજીનીદાસી સમાનભાવવાળી છે. પરંતુ પ્રભુ પર અધિકાર તો રાધાજીનો છે. છતાંય પોતાનું મન પ્રભુના અંગસુખને ચાહે છે. તેથી કહે છે - ઉર રાજત વનમાલ. આપના હૃદયકમળ ઉપર જેમ વનમાલા શોભે



છે તેમ અમોને પણ તેવું સુખદાન થાય. (વ્રજભક્તોના ભાવથી ફૂલમાળા આપણે ધરીયે છીએ અને પુષ્પો વ્રજભક્તોનું સ્વરૂપ છે તેવી ભાવના આપણે સ્વીકારી છે.) (૨)

## (૭૫) રાગ – ટોડી 3/૭૦

ભલે પાઉ ધારે મોરે અંગના યશોદા કે છગનમગના
જો પગ ધરો મેરી અખિયન પર હોં બલબલ જાઉ
ન્યોછાવર કરો હાર-ચીર કંગના ૧
કંઠમાલ સોહે નગન જટીત મન મોહે, પાયન પેજની સોહે
ખેલે દોઉ અંગના
કલ્યાન કે પ્રભુ ગિરિધર દેખે સુખભયો
ગયો દુઃખ દૂર, ભયો મન લગના ૨

**ભાવાર્થ :**

લાલન હજુ માંડ ચાલતાં શિખ્યા છે, મુગ્ધભાવ ધારણ કર્યો છે તે યશોદાજીને ત્યાંથી બાજુમાં જ રહેતી ગોપીના આંગણામાં ચાલતાં ચાલતાં પધાર્યા છે. દર્શન કરીને હરખ પામતી ગોપી કહે છે - હે યશોદાના નાનકડા બાલુડા, મારા આંગણામાં આપે ચરણ ધર્યા, તે મારું કલ્યાણ છે. (લાલન છે યશોદાનો, પણ કૃપા કરવા માટે આપણા માથે પધાર્યા છે.)

ગોપી કહે છે - આંગણે તો પધાર્યા તે ભલી કરી પણ હવે મારાં નેત્રો પર બિરાજી જાઓ તો તો હું આપની ઘણી ઋણી થઈ જાઉ, આપનાં ઓવારણા લઉં, મને આપ સિવાય કંઈ જ દૃષ્ટિમાન ન થાય તેવું કરો.

(પ્રભુ માથે બિરાજે પછી જીવ પ્રભુને એજ વિનંતી કરે છે કે મને ભક્તિનું દાન કરો કેમ કે તે તો કૃપાસાધ્ય છે, સાધન સાધ્ય નથી. વળી મારો નિરોધ સિદ્ધ કરી દો કે જેથી મારાં નેત્રો (બહારનાં અને અંદરનાં) આપ સિવાય કશાનાં દર્શન ન કરે. પ્રપંચની વિસ્મૃતિ થઈ જાય અને નેત્રો દ્વારા આપનામાં આસક્તિ થઈ જાય.) કન્હૈયાશાલ ક્ષત્રી - ''મારા નેત્રો પર ગોવર્ધનધર બિરાજ્યા છે.''

ગોપી કહે છે - મારી પાસે મારું કંઈ નથી કે જે આપને લાયક હોય. જ્યારે હું બલબલ જાઉં ત્યારે મને સર્વસ્વ ન્યોછાવર કરવાનું મન થઈ જાય છે તેથી હું મારા કંઠમાં રહેલ તથા છાતી સુધી આવતો મોટો હાર, મારા અંગને ઢાંકતાં ચીર

એટલે કે મારી લજ્જા-મારો આ લોક સમર્પીત કરું અને મારા કંગન એટલે કે હું આપની થઈને રહેવા માગું છું. મારા સ્વામી આપ અને હું આપની દાસી. આમ, ગોપી (કંઠમાંના પ્રાણ) હૃદયનો ભાવ, લોક વેદ અને પોતાનું સતીત્વ સર્વસ્વ લાલન પર ન્યોછાવર કરે છે.

ભક્તના ઘરે સામે ચાલીને પ્રમેયબળથી જ્યારે પ્રભુ પધારે ત્યારે ભક્ત પ્રભુને શું આપી શકે ? તેથી પોતાનું સર્વ સમર્પણ કરે છે કે જે શ્રીઆચાર્યજીએ ગદ્યમંત્રમાં બતાવ્યું છે. તેમાં હાર-ચીર-કંગનમાં બધું આવી ગયું. જીવમાં રહેલ શુદ્ધ ઐશ્વર્ય-વીર્ય-હાર રૂપ છે. યશ-શ્રી ચીર રૂપે છે અને જ્ઞાન વૈરાગ્ય બન્ને કંગનરૂપે છે તે ન્યોછાવર કરે છે.

હાર (ઈન્દ્રિય, પ્રાણ-અંતઃકરણ તેનાં ધર્મ) ચિર (દારા-ઘર-પુત્ર, સંબંધિઓ, વિત્ત) કંગન (આલોક-પરલોક-આત્મા). અહંતા-મમતા, સૂક્ષ્મ શરીર સહિત આત્મા અને નિયતી આ ત્રણનું સમર્પણ હાર-ચીર કંગનમાં આવી ગયું. (૧)

હવે પ્રભુના સ્વરૂપનું વર્ણન કરે છે.

(જેમ ગદ્યમંત્રમાં 'કૃષ્ણ'-'ગોપીજનવલ્લભ' કહ્યું છે તેમ.)

પ્રભુના કંઠમાં પણ નંગથી જડેલ માળા સોહે છે. જેનાથી ગોપીનું મન મોહ પામે છે એટલે કે તેને સંસારની બધી વસ્તુમાં પ્રભુના ધર્મોના જ દર્શન થાય છે. પ્રભુએ પોતાના પગમાં પૈજની ધરી છે તે પણ પ્રભુને ખૂબ સોહે છે. આપ પોતાના બન્ને ચરણોથી નાચતા-કૂદતા ચાલતા આંગણામાં ખેલી રહ્યા છે. ગોપીનો મનોભાવ છે કે (દોઉ) પ્રભુ મારા હૃદયના આંગણામાં અને આ ઘરના આંગણામાં બન્ને જગાએ પોતાના ચરણ થી વિવિધ ચેષ્ટા કરીને ખેલી રહ્યા છે. ભક્ત વિચારે છે આપના કંઠની શોભાથી મને મધુરભાવનું દાન કરે છે અને ચરણની શોભાથી દાસભાવનું દાન કરે છે.

આમ શ્રીઆચાર્યજી કહે છે ''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધીપઃ'' તેમ ભક્તે સર્વભાવથી પ્રભુને રીઝવવાના છે અને પ્રભુ પણ ભક્તને સર્વભાવનું સુખ આપે છે.

શ્રીકલ્યાણરાયજી કહે છે, મારા પ્રભુ શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન માત્રથી મને સુખ થાય છે અને દુઃખો દૂર થાય છે. આમ દુઃખ-ક્લેશ દૂર થતાં મારું મન પ્રભુમાં લાગેલું રહે છે.



ગોપીને પોતાના આંગણામાં ખેલતા પ્રભુને નિરખીને દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે કેમ કે પરમાનંદરૂપ સૂર્ય પ્રકટ થતાં દુઃખરૂપ અંધકાર રહે જ નહિ અને મન-ચિત્તમાં પરમાનંદ વ્યાપી ગયો. તેથી તે તદ્રૂપ થતાં તે - ગિરિધરણમાં લાગી જાય તે સહજ છે. વિપ્રયોગરૂપ જે ક્લેશાનંદ રાતભરનો છે તે પ્રભુ સવારના પ્હોરમાં સામેથી પધાર્યા તેથી દૂર થયો અને પરમાનંદરૂપ સંયોગ સુખ પ્રાપ્ત થયું તેથી મન સ્થિર થયું. ચેતસ્ તત્, પ્રવણં - સેવા કરવાને લાયક મન થયું. વિપ્રયોગમાં સેવા ન નભે.

---

*અંદરની વૃત્તિ - સ્વ સંબંધિ અહંતા - હાર કંઠ અને હૃદય સાથે જોડાયેલ છે તે અંદરની વૃત્તિ છે.*

*જેમ બહારની વૃત્તિ મમતા તે ચિર - વસ્ત્ર જે દેહને રક્ષણ આપે, શોભાવે તેથી તે અંદરની વૃત્તિને પોષણ આપે - ઢાંકે, પૂરેપૂરું આવરીત કરે છે.*

*આલોક-પરલોક, આત્મા ભાવાત્મક કંગન પરિણામ છે તે પહેરે તો સધવા, કાઢેતો વિધવા. તે દેહ માટે સારું છે. દેહમાં આત્મા પ્રવેશે તો સધવા. પ્રભુમાં સ્વામીભાવ તે સધવા માટે કંગન.*

**(૭૬) રાગ – આસાવરી** 3/૭૨

આજ બને મોહન રંગભીને,
કેસરીપાગ શિથિલ અલકાવલી સિસ ચંદ્રિકા દીને ૧
કેસરી વાઘો અતી હી રાજે હરિ ઈજાર ચરણન મેં દીને
હાર હમેલ દરપન લે નિરખત રસિક પ્રીતમજુ ચરણન દીને ૨

**ભાવાર્થ :**

આજે મોહન સૌંદર્ય ભરપૂર થયા છે અથવા તો તેમને જે રંગનાં વસ્ત્ર ધર્યા છે તે તેમના પર ચોંટી ગયા છે. ખૂબ જ સોહાય છે અથવા આજે મોહન ખૂબ પ્રેમથી ગદ્ગદ્ થઈ ગયા છે. (રંગભીને)

આપે કેસરી પાગ ધરી છે વાળની ચોટી ઢીલી ઢીલી છે અને (પાગ પર) સીસપર મોરચંદ્રિકા ધરી છે.

આપના (શિર) બુદ્ધિમાં ઉત્સવ છવાઈ ગયો હોવાથી કેસરી પાઘ ધરી છે. ગદ્ગદ્ થઈ જવાના કારણે આપની અલકાવલી શિથિલ થઈ ગઈ જણાય છે. તેવી શિથિલ અલકાવલી આપના પ્રેમભાવની ઉત્કટતાને પ્રકટ કરે છે. આપના શીશ પર મોરચંદ્રિકા ધરી છે તેથી લાગે છે કે આપનામાં રસ ઉભરાવા લાગ્યો છે. આપ રસદાન કરવા તત્પર છો. (૧)

આપે કેસરી વાગો ધર્યો છે તે ખૂબ શોભે છે અને ચરણોમાં લીલા રંગની ઈજાર ધરી છે. આપે આપના ચરણોમાં સ્વામિનીજીને સ્થાન આપ્યું છે અને સ્વામિનીજી દ્વારા ઉત્સાહથી આવરીત છો (કેસરી વાગો).

કંઠમાં હાર ધર્યો છે. તે કંઠમાં આપના ભક્તોને સ્થાન આપ્યું છે. આપના પોતાના આ ભક્ત સહિત પ્રેમાવતારનું દર્શન આપ પોતે જ કરો છો. આ જ તો આપનું સૌંદર્ય છે તેને આપ ખુદ નિરખીને ખુદ જ પ્રસન્ન થાઓ છો. (દરપન લે નિરખત) તે પ્રસન્નતાને કારણે જ આપ રસભરપૂર છો તેનો ખ્યાલ ભક્તોને આવે છે, (રસિક).

બસ અમારી તો એક જ વિનતી છે કે આપ અમારા પ્રીતમ બન્યા રહો અને તે પ્રીતિ આપ તે રીતે પ્રકટ કરો કે આપના ચરણ અમને દઈ દ્યો. સદાકાળનું દાસત્વ આપી દો. (પ્રીતમ જુ ચરણન દીને) અથવા તો અમે આપને રસિક જાણ્યા, કેમ કે આપ અમારા પ્રીતમ પણ બન્યા અને અમને આપના તરફથી આપના ચરણોનું દાન કર્યું અને દીધેલું દાન તો ભૂલેચૂકે પણ પાછુ ન લેવાય તે તો આપ જાણો છો. જેમ નૃગરાજાને કુવામાંથી બહાર કાઢી ઉદ્ધાર કર્યો. તેમ અમારો કોઈ દોષ થયો હોય તો તેમાંથી બહાર કાઢજો અને બીજી વાત, આપ પણ નૃગકથા યાદ રાખીને અમને આપેલું દાસત્વ (ચરણ) પાછું લેવાની ભૂલ ન કરતા! આપના પ્રભુ તો કોઈ છે નહિ કે આપને કૂવામાંથી કાઢે! તેવી રસિક મજાક ગોપી કરવા લાગી.

## (૭૭) રાગ – ટોડી 3/૭૨

પૂછત જનની કહાંતે આયે
આજ ગયો શ્રીવલ્લભકે ઘર બહુતક લાડ લડાયે ૧
વિવિધ ભાંત પટ ભૂષણ લે લે સરસ સિંગાર બનાયે
સીસપાઘ સિરપેચ બાંધે, તહાં મોરચંદ્રિકા લાયે ૨
બહોત ભાંત પકવાન મિઠાઈ બિંજન સરસ બનાયે
પાયસ આદિ સમર્પિત મોહી મેરી લીલા ગાયે ૩
પ્રેમ સહિત વલ્લભ મુખ નિરખત ઔરન કછૂ સુહાયે
રસિક પ્રીતમ કહત જનની સોં આજ અધિક સુખ પાયે ૪

**ભાવાર્થ :**

એક નિત્યલીલા ચાલી રહી છે અને બીજી ભૂતલ પરની લીલા ચાલી રહી છે. નિત્ય



લીલાના યશોદાજી લાલનને બહારથી આવતા જોઈને પૂછી રહ્યાં છે "લાલન ક્યાંથી આવ્યા?" મા તો એમ સમજાતા હતા કે ગોપબાળો સાથે ખેલતા હશે કે ગોપીના ઘરે કંઈક ધાંધલ કરીને આવ્યા હશે! પણ લાલન કહે છે, "મા! હું તો ભૂતલ પર શ્રીવલ્લભના ઘરે ગયો હતો. વળી પ્રત્યેક વૈષ્ણવના ઘરે પણ વલ્લભની કહેણીથી આપ આરોગે છે." તેથી આપ તો સર્વ વૈષ્ણવોના ઘર માટે આ શબ્દ જ વાપરે છે. માના પૂછ્યા વગર જ કહે છે કે "તેમણે મને બહુ જ લાડ લડાવ્યા." (૧)

હવે શું શું લાડ લડાવ્યા તે કહે છે -

વિવિધ પ્રકારના વસ્ત્ર તથા આભૂષણોથી મને બહુ જ રસપૂર્વક, ચિત્ત દઈને, પ્રેમપૂર્વક સિંગાર કરાવ્યા અરે એકવેળા ગુસાંઈજી મને સિંગાર કરતા હતા ત્યારે બહાર ધનનો ઢગલો ભેટ મોકલ્યો હતો તે ઠાલવ્યો - તેથી આપનું ચિત્ત ક્ષણ માટે વિક્ષિપ્ત થઈ ગયું તેથી આપ પૂરા ધનને શ્રીયમુનાજીમાં પધરાવી દેવા આજ્ઞા કરેલી. આવા રસપૂર્વક મને સિંગાર કરે છે. બહુ જ રસપૂર્વક પાઘ બાંધી. અરે પેલો મારો ગોવિંદદાસ મને એવી સરસ પાઘ બાંધે છે તેથી તો એક દિવસ મેં તેની પાસે બંધાવવા માટે પાઘને છોડી કાઢી અને તેને આજ્ઞા કરી કે 'બાંધ'. તેણે સરસ બાંધી તે કોઈક નિરસ વૈષ્ણવ જોઈ ગયો તે ગુસાંઈજીને ફરિયાદ કરી કે - ગોવિંદસ્વામીએ અપરસ કર્યા વગર પ્રભુને પાઘ બાંધી. ગુસાંઈજી ફરિયાદ સાંભળીને આવ્યા અને પૂછ્યું ત્યારે મારા સખા ગોવિંદે તો સંભળાવી દીધું - આ તમારા લાલને પૂછો, એને કહ્યું હતું કે નહિ? અરે તે ય રસમાં હતો અને હુંય રસમાં હતો. પછી બીજી અપરસ કઈ હોય? તેથી ગુસાંઈજી કાંઈ બોલ્યા નહિ. પાઘ ઉપર પાછા સીરપેચ બાંધ્યા અને મોરચંદ્રિકા મૂકી. (૨)

તે પછી મને જાત જાતના પકવાન અને મિઠાઈનું ભોજન કરાવ્યું અને મને વિંઝણો-પંખો નાખ્યો. વળી મને ગમતું પાયસ વ. પણ પીરસ્યાં તથા સતત મારી લીલા ગાઈને મને પ્રસન્ન કરતા રહ્યા. (૩)

વળી આ પૂરા સમય દરમિયાન વલ્લભ મારા મુખના રસને એકટક પી રહ્યા હતા. જાણે તેમને મારા સિવાય અન્ય કાંઈપણ પ્રિય ન્હોતું લાગતું.

મા એ વખતે મને યાદ આવી ગયું કે મને તું ગાડા નીચે મૂકીને ઘરે આવેલા સગાંની મહેમાનગતિ કરવા ગઈ ત્યારે હું ખૂબ રડયો, તો પણ તું નહિ આવી ત્યારે મેં તારું ધ્યાન દોરવા લાત મારીને ગાડું ઉલાળી મૂકેલ. તો વળી તે દિવસે દૂધને ઊભરાતું જોઈને તું મને ધવરાવવાનું મૂકીને ત્યાં દોડી હતી. ત્યારે મેં તારા

મહીનાં મટકાં ફોડી નાખ્યા હતાં, ત્યારે તેં પણ બહુ ખીજાઈને મને ઉખલ સાથે બાંધ્યો હતો. તને દૂધ વ્હાલું હતું, સગાં-વ્હાલાની મહેમાનગતી વ્હાલી હતી પણ વલ્લભને તો મારા સિવાય કાંઈ પ્રિય નથી.

જે માત્ર રસને જ વશ છે તેવા રસિકને જે પ્રીત કરે છે તેના તે પ્રીતમ થઈ જાય છે. તે જનનીને વ્હાલ કરતાં કરતાં કહે છે - આજે મને અધિક સુખ થયું.

મા ત્યાં ભૂતલ પર તો વૈષ્ણવો અનેક વિડંબણાની વચ્ચે પણ મને આટલો બધો સ્નેહ કરે છે, અહીં નિત્ય ધામમાં તો કોઈ વિડંબણા છે જ નહિ, તેથી મનેઅધિકસુખ થયું. મારા પેલા પદ્મનાભદાસે મને જુદી જુદી ઢગલી કરીને છોલાં ધર્યા પણ ભાવ વિવિધ ભોગ-સામગ્રીનો કર્યો અને ગિરધરજીએ છપ્પનભોગ ધર્યા ત્યારે મેં તો ચોખ્ખું કહી દીધેલું કે પદ્મનાભદાસના છોલામાં મને અધિક સ્વાદ આવેલો.

મા હું તો રસરૂપ છું અને રસમય છું. ''કરપાદ મુખોદરાદિ'' તેથી મારા જેવો જે ભક્ત મને જે ધરાવે, જ્યાં ધરાવે, જેવી રીતે પણ ધરાવે તે હું બહુ પ્રસન્નતાથી આરોગુ છું. પણ રસમાં સ્હેજ કમી હોય તો મારી ખુશીમાં પણ કમી થઈ જાય છે.

મા આજે હું બહુ પ્રસન્ન છું. મને વલ્લભે સ્વહસ્તે પ્રેમથી રમાડયો જમાડયો.(૪)

### (૭૮) રાગ - ટોડી 3/૭૪

**સૂધેં ન બોલ કહા ઈતરાને**
**યો વ્રજમેં કોન કોનતેં કો વડો કહા રંક કહા રાને** ૧
**કોન ટેવ દિન દિન પ્રતિ પ્રતિકી તાકત અંગ વિરાને**
**જે જે હાલ કી એક હી દેહોં આન સ્વામી રહે છાંને** ૨

**ભાવાર્થ :**

પ્રભુ આ ભક્તોનો નિરોધ સિધ્ધ કરી દેવા માટે ઉલટા સીધા સર્વ રસ્તા આપનાવે છે. ગોપીની કંઈક એવી છેડછાડ કરે છે કે ગોપીના મનમાંથી તે વિસરાતા નથી.

ગોપી તેથી જવાબ આપે છે કે સીધી-સરળતાના બોલ કેમ નથી બોલતા? ટેઢી ભાષા કેમ વાપરો છો? અને અકડાવ છો પાછા? આ વ્રજમાં તો કોઈ રંક હોય કે કોઈ રાય હોય તેથી શું વડાઈ થઈ ગઈ? (૧)

આ રોજે રોજની શું ટેવ પડી કે પતિ-છોકરાં વાળી સ્ત્રીનાં અંગો સામે તાકયા રહો છો? અત્યારે તો મારી આ (દયામણી-કરગરવા) જેવી સ્થિતિ કરી છે પણ એકવાર મારા સ્વામીને આવવા દો. પછી તમારી બોબડી બંધ થઈ જશે (રહે છાને)



# ભોજન (શિતકાલ)

### (૭૯) રાગ - ટોડી 3/૭૪

**કહું અકેલે પાએ પ્રીતમ લે બેઠી વે ગોપી ગોદ**
**શિખવત ચોરી મિસ આવો ગેહ**
**સામગ્રી ધરી રાખી છિનક પર**
**ભાવે સો લીજીએ યહ તુમારી દેહ** ૧
**જન કોઉ ઓર છીએ યહ બડો તાપ દીએ**
**અકેલેહી ભોજન કરો વરસાવો મેહ**
**રસિક પ્રીતમ હમ ઉરાહને કે મિસ આવેગી**
**જસુમતી કે આગે તુમ મનમેં મતિ દીજો છેહ** ૨

**ભાવાર્થ :**

પોતાના સૌથી વધુ પ્રિય તથા જેનામાં સૌથી વધુ પ્રીત છે તેવા કનૈયાને એકલા ઠાડા જોઈને, ગોપીએ તેમને પ્રેમથી બોલાવીને, ખોળામાં બેસાડીને શિખવવા લાગી કે તમે મારા ઘરે ચોરીના બહાને આવજો. પ્રભુપ્રીતનું એક એવું સામર્થ્ય અને વૈચિત્ર્ય બન્ને છે કે લોક વેદમાં જે નિંદીત છે તે અહીં પ્રસંશનીય છે કેમ કે ભગવદ્ સંબંધને કારણે તેમાં દિવ્યતા આવી જાય છે. આ ચોરી પણ દિવ્ય બની ગઈ. જેમ વાલ્મિકીનું 'મરા' બોલવું પણ (જીવન) 'રામ' થઈ ગયું.

ગોપી કહે છે કે છિંકા પર સામગ્રી આપને માટે જ મૂકી રાખી છે. તમોને તેમાંથી જે જે રૂચે તે આરોગજો. આ દાસી તમારા માટે જ છે તો પછી સામગ્રી પણ તમારી જ છે તેમ માનજો.

ગોપીનો ઈર્ષ્યા ભાવ પ્રકટ થાય છે તેથી કહે છે કે તમારી વસ્તુને બીજું કોઈ સ્પર્શે તો મને બહુ ગુસ્સો આવે છે. તેથી એકલા જ આવજો અને એકલાજ આરોગજો. આમાં મારો કંઈ સ્વાર્થ, લાભ નથી હોં. બસ તમે મારા પર કૃપા દૃષ્ટિ રાખજો (બરસાવો મેહ) (સ્વાર્થ-લોભ).

તમે તો રસિક છો તેથી સ્નેહ કૃપા વરસાવવાની છે, તે રસની. કેટલી? તો - મારી તમારી પ્રીત જેટલી (પ્રીતમ) તે રસથી લથબથ છતાં અમે અતૃપ્ત (અગ્નિ અને વાસનાની જેમ) રહ્યા હોવાથી હવે કંઈક બહાણું કાઢીને જસુમતીની સમક્ષ તમારે ઘરે આવશું, ઠપકો દેવા માટે. પણ જો જો હોં તમે તમારા મનમાં તેને

ઠપકો ન ગણતા મનમાં સંશય ન રાખશો. અમે તો ફરી, તમારી દૃષ્ટિ અમારા પર પડે અને તમારા સ્વરૂપનાં દર્શન થાય માટે જ આવવાના છીએ. તેથી તમેય નાટક બરાબર ભજવજો, (છલકપટ)

ગોપીને ખબર નથી કે આજ પરબ્રહ્મ ઈશ્વર છે. તે સર્વકંઈ અંતરની જાણે છે બધે બધું તે જ થયા છે તે સર્વને શિખવે છે. તેમને શિખવા પણું કંઈ નથી. તેમને નથી લાલચ કે નથી ઉપેક્ષા. તેમને નથી ક્રોધ કે અક્રોધ. ગોપી જે કંઈ કહે છે તે તેનો મોહ છે, અજ્ઞાન છે.

પરંતુ વ્રજમાં આ નિઃસાધન પ્રભુના અતૂટ પ્રેમમાં આકંઠ ડૂબેલા વ્રજભક્તોનાં લોક વેદમાં કહેલા સર્વ દુષણોને પોતાનાં કંઠમાં વૈજ્યંતિ માળા બનાવીને પહેરે છે અને ધારણ કરે છે અને તેને પોતાની શોભા સમજે છે. આપ આ લૌકિકગુણોને ધારણ કરે છે. આપના ધારણ કરવાથી તો તે અલૌકિક બની જાય છે. ભક્તો પ્રભુને પોતાનું જીવન સમજે છે, હકીકત સમજે છે. ભગવાન માટે તે લીલા છે.

આવા પ્રભુ ગોપીની ચોરી-શિખવણી, તેનો કામ, તેનો ક્રોધ, તેનો લોભ, છલકપટ, સ્વાર્થ, ઈર્ષ્યા, મોહ વ. સર્વને પોતાની પ્રેમભરી દૃષ્ટિથી દિવ્ય બનાવી દે છે.

**(૮૦)** **૩/૭૭**

**જેંવત કાન્હ નંદજૂકી કનિયાં, કછુક ખાત કછુ ધરણી ગિરાવત**
**છબી નિરખત નંદરનિયાં** ૧
**બરી બરા બેશન બહુભાંવન વ્યંજન વિવિધ અગનિયાં**
**આપન ખાત નંદમુખ લાવત યહ સુખ કહત ન બનીયાં** ૨
**આપુન ખાત ખવાવત ગ્વાલન કરમાખન દધિ દનિયાં**
**સદમાખન મિશ્રી મિશ્રીત કર મુખ નાવત છબિ ઘનીયાં** ૩
**જો સુખ મહરિ યશોદા વિલસત સો નહિ તીન ભવનીયાં**
**ભોજન કર અચવન જબ કીનો માગત સૂર જુઠનીયાં** ૪

**ભાવાર્થ :**

કનૈયો ભોજન કરવા બિરાજ્યો છે તે લીલાનું વર્ણન છે. માતાજી આપને ભોજન કરાવે છે તે નંદજીની કાન્હી અપાય ત્યારે જ જમે છે અને જમતાં જમતાં કેટલુંક ખાય છે અને કેટલુંક ધરણી પર પાડે છે. યશોદાજી (નંદરાણી) આ લીલા સ્વરૂપને નીરખી રહ્યાં છે. (૧)



સામગ્રીમાં વડી વડા, વેશણ ઘણી જાતના તથા વિવિધ અને અગણિત વ્યંજન બનાવેલાં છે. લાલો આ બધું આરોગે છે અને નંદરાયજીના મોઢે સુધી લાવી નંદરાયજીને જમાડવાના ચાળા પાડી રહ્યા છે. આ લીલાસુખને વાણીથી વર્ણવી શકાય તેમ નથી. (૨)

પ્રભુ પોતે ખાય છે અને ગ્વાલ સખાઓને પણ ખવડાવે છે. આપના હાથમાં માખણ અને દહિંના દોણા છે. તાજા માખણમાં મિશ્રી ભેળવીને લાવેલ છે તેનો કોળીયો મોમાં મૂકે છે. આ દ્રશ્ય અનુપમ લાગે છે. (૩)

આ જે સુખમાં શ્રીયશોદાજી વિલસે છે તેવું ત્રણે લોકમાં ક્યાંય નથી. આપ ભોજન કરીને અચવન કરી લે છે ત્યારબાદ સૂરદાસજી આપની જૂઠનની પ્રાર્થના કરે છે. (૪)

**વિશેષ ભાવાર્થ :**

આ પુષ્ટિપ્રભુ છે જેથી સ્વયં નથી આરોગતા પણ ભક્તની વિવશતા જાણીને જ આરોગે છે. આપ જે સામે આવે તેને પોતાના નથી જાણતા - દૈવી જીવોને મુખમાં મૂકે છે અને આસૂરીને ધરણી પર ગિરાવે છે. પણ સર્વે સૃષ્ટિના ધારણ કર્તા તો આપ જ છો. આ દ્રશ્યને સર્વાત્મભાવ પ્રાપ્ત થયેલ વ્રજભક્ત નિરખે છે.

પ્રભુની સૃષ્ટિ પ્રભુના ભોગ માટે છે અને તે અગણિત તથા અનેક પ્રકારની વિવિધતા વાળી છે. જેને પ્રભુ ભોગવે છે અને ભક્તને ભોગવવા કહે છે. પણ જેને સખ્ય ભાવ નથી તેને તો પ્રભુની મર્યાદા જાળવવાની જ છે.

સ્નેહના સમર્યાદ (સાત્વિક)-અમર્યાદ (તામસ) બન્ને પ્રકાર પોત પોતાના સ્થાને શ્રેષ્ઠ છે. પુષ્ટિભક્તિની આ વિરુદ્ધધર્માશ્રયી લીલાનાં દર્શન સુખનું વર્ણન કરી શકાય તેમ નથી. પોતાના અમર્યાદ સખાઓને તો પોતે ખાય પછી તુરત જ ખવડાવે છે. કેમ કે તેઓ પ્રભુની જૂઠન વગર ક્ષણ પણ રહી શકતા નથી. (તામસ ભાવ છે) આપના શ્રીહસ્તમાં તત્વરૂપ (માખણ) અતી શુદ્ધ નિષ્કામ તેવી ભક્તિ છે પણ તેમાં માહાત્મ્યજ્ઞાન રૂપ સારમાં સ્નેહાત્મક મિશ્રી ભેળવેલી છે અને તે હસ્ત પોતાના મુખકમળરૂપ શ્રી આચાર્યજીમાં પધરાવેલ છે. આ દ્રશ્યથી વિશેષ કયું દ્રશ્ય હોય? ભક્તો જે આ સુખમાં વિલસી રહ્યા છે તે સુખ ત્રણે લોકમાં દુર્લભ છે. પ્રભુ જ્યારે આ વ્રજભક્તો સાથે સ્નેહાત્મક ભોગ ભોગવે છે તેનું જૂઠન પણ અર્વાચીન ભક્તોને મળી જાય તો તે મહાભાગ્ય છે. માટે સુરદાસજી તેની વિનતી પ્રભુને કરે છે કે તેવી લીલાની જૂઠન અમોને આપો. કૃપાળુ યમુનાજીરૂપ અચવન જલ જે સ્મરશ્રમ મિશ્રીત છે તે જૂઠન આપો.

## (૮૧) આસાવરી 3/૭૮

મોહન જેંવત હૈરી અબ જીન જાઓ તીવારી
સિંઘપોર તેં ફિર ફિર આવત બરજી હૈં સો વારી ૧
રોહિણી આદિ નિકસ ભઈ ઠાડી દે દે આડ મુખ સારી
તુમ તરૂણી જોબન મદમાતી એસીએ દેખનહારી ૨
ગરજત લરજત પ્રતિ ઉત્તર દે કોઉ બજાવત તારી
કુંભનદાસ પ્રભુ ગોવરધનધર અબ હી બૈઠે થારી ૩

**ભાવાર્થ :**

યશોદાજી ગોપીઓને જવાનું કહે છે કેમ કે તેઓની હાજરીમાં લાલન સારી રીતે જમવામાં ચિત્ત રાખીને જમતો નથી. તેનું ચિત્ત વિક્ષિપ્ત થઈ જાય છે. વળી આપને લાલો જમતો હોય ત્યારે કોઈની હાજરી પસંદ નથી કેમ કે લાલાને નજર લાગી જાય!

યશોદા કહે છે અરી! મોહન જમે છે તેથી તમો સૌ તિબારી - ઘરને દરવાજે જશો નહિ. તમને કેટલીવાર કહ્યું ? તમને કહીએ ત્યારે સીંઘપોળ સુધી પાછા જાઓ છો અને પાછા, પાછા ફરી ફરીને આવો છો. હું તમોને એકસો વખત કહી ચૂકી છું (સિંઘપોર તે ફિરી ફિરી આવત બરજી હૈ સો બારી) (૧)

રોહિણી વ. પણ બહુ દૂર નહિ તેવા ઠાડા છે પણ તેઓએ પણ તેમના મુખને સાડીની આડમાં રાખ્યું છે કે જેથી અવાજ ન થાય (દે દે આડમુખ સારી) અવાજ થાય તો લાલનનું ચિત્ત ભોજનમાંથી હટી જાય છે. આ મોટાંઓ જુઓ અને તમે તરૂણીઓ જુઓ. તમે તમારા યૌવનના મદથી છકી ગયેલીઓ આમ જ ડોળા ફાડીને તેના તરફ જુઓ છો, (એસી હી દેખનહારી) (૨)

વળી મોટે મોટેથી બોલીને જાણે ડરાવતા હોય તેવો સામો જવાબ વાળો છો અને કોઈક નિર્લજ્જ તો તાળી બજાવી બજાવીને ડોલે છે.

હવે યશોદાજીને લાગે છે કે આમની સાથે દમ મારવાથી કામ નહિ બને તેથી તેમને વિનતી કરે છે કે આ લાલન હજુ હમણાં જ થારી પર બેઠો છે, નહિ તો પાછો ઊભો થઈ જશે તો ભૂખ્યો રહેશે તેથી તેને જમવા દો. (૩)



**વિશેષ ભાવાર્થ :**

મોહન કે જે જગતના સર્વને મોહ પમાડી રહ્યો છે તે જ માત્ર સર્વનો ભોગ કરવાનો અધિકારી છે. તમે જો તેના સ્વરૂપને નિરખવા માંગતા હો તો ત્રણ-બારી (સાત્વિક - રાજસ - તામસ) પ્રતિ જશો નહિ. તમોને દરેક કાળમાં મહાપુરૂષોને મોકલીને આ વાત સો સો વાર સમજાવી છે. પરંતુ તમે ફરી ફરીને તે જ ગુણોમાં આસક્ત થઈને આવો છો. તમે આ પરમ નિર્ગુણ રોહિણીજીને નિરખો તેમાંથી બોધ લો (રોહિણીજી હંમેશા કૃષ્ણનું સુખ જોતાં, ઠાકોરજીને યશોદાજીના ગુસ્સાથી બચાવતા, પણ તેમણે કદી કૃષ્ણને લાડ-લડાવવાનું, ખેલાવવાનું સ્વસુખ નથી વિચાર્યું) તે રોહિણીજી બહુ દૂર નહિ તેવા પ્રભુની પાછળ આડમાં ઠાડા છે. પ્રભુની જરૂરિયાતને જૂએ છે પણ તેમને વિક્ષેપ થાય તેવું નથી કરતા. તેમના મુખની આડમાં સાડી છે. તે જગતની અને પોતાની વચ્ચે એક નાજુક પડદો રાખે છે. તેઓ ખૂબ જ વિનમ્ર અને દીનભાવવાળા ભક્ત છે. આ માર્ગમાં દીનતા તે પાયો છે. નિઃસાધનતા ભાવથી તે પનપે છે.

જ્યારે તમે તો તરૂણી છો એટલે કે તમારામાં પ્રૌઢતા - પાકટતા, ધારણ કરવાની શક્તિ, ધૈર્ય વિ. નો અભાવ છે. આવા અભાવને કારણે સહજતાએ અભિમાન આવે અને તે અભિમાન મદમાં પલટાય તો પ્રભુ માન કરી જાય . (ગોપીગીત - રાસ પંચાધ્યાયી) તેમાં તો પ્રભુની મર્યાદા પણ ચૂકી જવાય (મને ઉઠાવી લ્યો) (એસે હી દેખનહારી) જે મર્યાદાભાન વગર ઊંચી નજરે જૂએ તો દૃષ્ટિદોષ થયો. ત્યારબાદ વાણી દોષ આવે 'ગરજત' ત્યાર બાદ મનનો દોષ આવે 'લરજત' અને પછી બુદ્ધિમાં દોષ આવે 'તાળીદે'.

આ અયોગ્ય - અપાત્રતા સિદ્ધ થઈ. પાત્રતા સિદ્ધ કરવા માટે એ વિચારવું કે પ્રભુ કુંભન સર્વના એકમાત્ર કર્તા છે અને હું દાસ છું. કુંભન-દાસ તે સ્વામી છે (પ્રભુ) તે આપણી ઈન્દ્રિયોનું પોષણ કરીને સિદ્ધ કરનાર છે અને ધારણ કરનાર છે. જો આમ વિચારશું તો પ્રભુ આપણા ઘરે પધારીને આપણી બનાવેલી સામગ્રીને આરોગશે. વલ્લભાષ્ટકના જથા શ્લોક પ્રમાણે 'ચારુહાસે' પ્રસન્નતા પૂર્વક આરોગશે.

## (૮૨) બિલાવલ 3/૭૯

જેવોં મેરે કુંવર કન્હાઈ
સખામંડલી સમેત જેંઈએ બલી જાઉં કહતી જસોદા માઈ ૧

ખીરખાંડ ઘૃત માખન મિશ્રી જો ચાહો સો લે હો ભાઈ
હંસી હંસી માંગી લેત મનમોહન સખા મંડલી સબ પધરાઈ ૨
ચિરંજીયૌ મૈરો છગનવા સબ ગોપીજન લાગતી પાંઈ
**પરમાનંદદાસ કૌ ઠાકુર સબ વ્રજજનકે અતી સુખદાઈ** ૩

**ભાવાર્થ :**

શિતકાલમાં લાલનને ગાયો ચરાવવા જવાનું થાય છે કેમકે રાત લાંબી હોવાથી જલ્દી ઊઠી જવાય છે અને રાત વહેલી પડવાથી વહેલા પોઢી જાય છે. ગાયોને પણ વહેલી ચરાવી લાવવી પડે કેમકે અંધારું વહેલું થાય.

માતા શિતકાલમાં ઘરેથી જમાડીને મોકલે છે. પણ લાલન ભોજન પર બેસવામાં આડાઈ કરે છે જેથી માતાજી સમજાવે છે - મારા કુંવર કન્હાઈ જમી લો. જોઈએ તો સાથે સખામંડલીને પણ જમવા બોલાવી લઉં પણ જમો તો બલિહારી જાઉં. (૧)

જૂઓ ભોજનમાં શું છે ? તને ગમતી ખીર-ખાંડ, ઘી-માખન, મીશ્રી, તને જે ગમે તે છે. ત્યારે પ્રભુ મનાઈ ગયા અને પોતાની ગમતી વસ્તુ જોઈને હસી હસીને માંઝી માંગીને લેવા લાગ્યા. ત્યારે સાથે તેમના પ્રમોદ માટે સખામંડલીને પણ બોલાવી લીધી. (૨)

ત્યાં તો ગોપીજનો પણ લાલનનું મુખ જોવા આવી ગઈ અને દર્શન થતાં જ દેવને પગે લાગીને કહેવા લાગી કે મારો લાડકો બાલુડો ઘણું જીવો, તેવા મંગલ વચનો કહેવા લાગી. તેઓને એ ખબર નથી કે આ તો પરમ આનંદ જે બ્રહ્મનો આકાર છે, સ્વરૂપ છે તે છે. વળી તે તો સૌનો, જડ-જીવ-દેવ વગેરે, બ્રહ્માદિ પર્યંતનો ઠાકુર છે અને આપણે સૌ તો તેમના દાસ છીએ. (પરમાનંદ દાસ કો ઠાકુર.) તેમનું વ્રજમાં પધારવું તે બધા વ્રજજનોને સુખ દેવાનું છે. વ્રજ-ફરવું. જેમની વૃત્તિઓ સંસારમાં ફરી રહી છે તેવા જન વ્રજજનને પણ પ્રભુએ પોતાનામાં આસક્ત કરી દીધા કેમકે આપ તેઓને પરમાનંદરૂપ સુખ આપવાને પધાર્યા છે. આ પ્રભુની એવી પ્રમેય લીલા છે કે જેમાં પ્રભુ જ સાધનરૂપ બન્યા છે.

જે વ્રજ હતા તે સ્થિત થઈ ગયા અને પ્રભુ તેમના માટે વ્રજ થઈ ગયા.

વ્રજજનોને એમ લાગે છે કે અમે પ્રભુને સુખ દઈ રહ્યા છીએ આવું અજ્ઞાન, પણ જેમાં ભારોભાર સ્નેહ ભર્યો છે તે મને આ અજ્ઞાન બાધક નથી બનતું પણ સાધક બને છે.



પ્રભુ જ્ઞાન સાથે પણ રમણ કરે અને અજ્ઞાન સાથે પણ. પ્રભુની લીલા તપસ્વી સાથે પણ થાય અને સંસારી સાથે પણ થાય કેમ કે પ્રભુ વિરૂદ્ધ ધર્માશ્રયી છે. પ્રભુ સર્વ ધર્મોને ધારણ કરે છે પણ ધર્મથી લેપાતા નથી.

ભક્તોને પ્રભુથી સુખની અનુભૂતિ થાય છે અને વિરૂદ્ધ ધર્માશ્રયી પ્રભુ પણ ભક્ત થકી સુખ પામે છે.

## (૮૩) જેતશ્રી ૩/૭૯

ખીચરી ભોર હી રૂચી દેન
પરત હિત સોં પ્રીત સજની કરત હૈં દ્રુમ બેન ૧
પ્રાનપતિ દગ પૂતરી મય ઊભે સબ સુખ એમ
ગોરસ રૂચિસો લેત ભોગી વલિત આલસ નૈન ૨
ચલત ઈત ઉત નેહ પૂરિત કલકટાચ્છન સેન
સ્વાદ ભેદી અઘસ, અંગન પુનિ જગાવત મેન ૩
સિત હેમંત પ્રીત પોષ સહચરી દે ચેન
વૃંદાવન હિતરૂપ અચવન લગત બીરી લેન ૪

**ભાવાર્થ :**

સવારના પહોરમાં જ ખીચડી થકી પ્રભુની રૂચિ જાગે છે. જેમાં દાળ-ચોખા એકમેકમાં ભળી ગયાં છે તે જોતાં જ પ્રભુને સ્વામિનીજીમાં રૂચિ પ્રકટાવી દે છે.

પ્રીત તેને કહીયે કે જ્યાં હિત કરવાની ભાવના સમાયેલ હોય. (પરત હિત સોં પ્રીત) અને તે જ (સજની) - સ્વજન છે. તેથી તો વૃક્ષ-દ્રુમ કે જે વૈષ્ણવો છે તે બેન-વેણ ગાય છે. વનના વૃક્ષો પવનના કારણે જે અવાજ કરે તે પ્રભુને પ્રસન્ન કરવાના હિતકારી ગીત છે. (૧)

પ્રભુને સુખ દેવા માટે બધાં જ ખડે પગે છે. (ઊભે સબસુખએન) અને આ સહજસેવા છે (એન) તેનું કારણ કહે છે, પ્રાણપતિ પ્રભુ તો અમારી આંખ-દગના તારા - પૂતરી સમાન છે. અમારા નેનની કીકી તો અમારા પ્રભુ છે. જેથી તેમની કાળજી લેવાનું સહજ બને છે.

આજે પ્રભુ ભોગી બનીને પધાર્યા છે તેથી ખૂબ જ રૂચિ પૂર્વક ગોરસને લે છે. ગોરસ-ઈન્દ્રયોનો રસ. જે ભક્તો ઈન્દ્રિયધારી છે તે રસરૂપ છે તેમને પ્રભુ પ્રીતિ

પૂર્વક ભોગવે છે. પરંતુ પ્રભુનાં નયનમાં આળસ સળવળે છે એટલે કે આપ પોઢવા ચાહે છે. (૨)

આપની દૃષ્ટિ આમ તેમ ફરે છે. હૃદયમાં સ્નેહ છલકાઈ જાય છે. હરેકને એમ લાગે છે કે મારા પ્રતિ દ્રષ્ટિથી મનોહર કટાક્ષ કરે છે. તેથી પ્રત્યેકને એમ લાગે છે કે મારા પ્રતિ ઈશારો છે (કલ કટાચ્છન સેન)

આ પ્રભુ પ્રતિની જે રસાનુભૂતિ થાય છે તે જીવાત્મના - પ્રાણી માત્રના પાપ-દોષોનો નાશ કરનાર છે. સ્વાદ (રસાનુભૂતિ) ભેદી (નાસકરનાર) અઘ (દોષ) સ (જીવાત્મા). આમ પ્રભુ ભક્તોમાં રસાનુભૂતિ કરાવે છે. પ્રભુમાં રહેલ અલૌકિક રસ ભક્તમાં પ્રભુના દૃષ્ટિકટાક્ષથી પ્રવેશે છે. તેથી તે નિર્દોષ થઈ જાય છે. ત્યારે બાદ આપ (પુનિ) ભક્તોના પ્રત્યેક અંગોમાં કામ જગાવે છે (અંગન જગાવત મેન) આ અલૌકિક કામ છે. કેમકે શ્રીઆચાર્યજી કહે છે વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરે । તેથી આ લૌલિક કામ નથી. (૩)

આ હેમંત ઋતુની શિત છે તે પ્રીતનું પોષણ કરનારી છે અને શુભ્ર-શુદ્ધ શિતળતા - સાત્વિકતા જ છે. આ પોષ માસમાં શીત હેમંત ઋતુમાં પ્રીત સહજ બને છે.

આવી ઋતુ પ્રભુ સહચરી બનીને નિશ્ચિત કરી દેનારી છે. એટલે કે પ્રીતમાં સહાયક બને છે.

વૃંદાવન (સ્ત્રીઓનો સમૂહ) પ્રભુના સુખનો જ ઈચ્છે છે. પ્રભુને સુખદેનાર છે. અથવા પ્રભુના સુખનું જ બીજું રૂપ આ વૃંદાવન છે. આ ગોપીજનો છે. પ્રભુ અચવન કર્યા પછી બીરી લે છે. આ પ્રકારે પ્રભુ ભોજન કરે છે. ત્યાર બાદ આચમન કરી હાથ-મુખ પ્રક્ષાલન કરે છે અને મુખશુદ્ધિ અર્થે બીરી આરોગે છે.

આ સર્વ પ્રભુની લીલા છે. લીલા કર્યા પછી પ્રભુ તેનાથી અલગ થઈ જાય છે અને પોતાની લીલાને બીરી (ગોળ વીંટાળી દે છે) તિરોહિત કરે છે. આ લીલાની પ્રક્રિયા છે. (૪)

## (૮૪) ટોડી 3/૮૦

**અરી તું બાર બાર ઉઝક ઉઝક આવે જાની ભોજનકી બિરીયાં**
**જેંવત નંદ ગોદ લે ઢોટા વરજે હે સૌં બિરીયા ૧**
**ઘર ન સુહાત જાય બિન દેખે ડોલત ફીરત નિડરીયાં**
**શ્રીવિઠ્ઠલગિરિધરન છેલ કો તકિહી રહિત દિન ભરીયાં ૨**



**ભાવાર્થ :**

યશોદાજી ગોપીને ધમકાવતાં કહે છે કે - અલી તું વારંવાર ઉછળી ઉછળીને આવે છે. આ ભોજનનો સમય છે તેની તને ખબર છે છતાંય શા માટે આવે છે ? તને તો સો વખત ના પાડી છે કે નંદજી ગોદમાં લાલનને બેસાડીને ભોજન કરાવતા હોય ત્યારે ન આવવું, છતાંય તું વારંવાર ઉછળી ઉછળીને એટલે કે અવજ્ઞા કરીને આવે છે. (૧)

લાગે છે કે મારા લાલનને જોયા વગર તને ઘરમાં જવાનું ગમતું નથી. અને જ્યાં સુધી તેને ન દેખે ત્યાં સુધી ડર્યા વગર અહીં તહીં (ડોલત) જ ફર્યા કરે છે.

જ્યારે તને (શ્રીવિઠ્ઠલ-ગિરિધરન) મારો લાલ છબીલો જોવા મળે ત્યારે તો તેને તાકી તાકીને આખો દિવસ જોયા કરે છે.

ગોપીને પ્રભુ દર્શનની એટલી બધી પ્યાસ છે કે તે વિવેક પણ ગુમાવી બેઠી છે તેથી કસમયે (ભોજનની વેળા) આવે છે, વારંવાર આવતાં પણ અપમાન થયેથી લજાતી નથી, નંદરાયની આમાન્યા પણ નથી રાખતી. લાલનને ભોજનવેળા નજર લાગી જાય તો તેની દૃષ્ટિની સમાજમાં નિંદા થશે તેનોય ડર નથી. આ બધી પ્રેમની દશા છે.

તેને ઘર અરુચિકર લાગે છે. જ્યાં સુધી પ્રમેયને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી હારતી નથી. (જાય બિન દેખે ડોલત ફીરત) તેને કોઈનો ભય નથી (અભયતા તે આસક્તિનું લક્ષણ છે) આ બધા આસક્તિના લક્ષણ છે. આસકત્યા સ્વાદ્ ગૃહારૂચિ.

શ્રીવિઠ્ઠલ-ગિરિધર કે જે છલિયા (છેતરનારો) છે છતાં પણ દિનભર તેને નિરખ્યા કરે છે, તેનું રસપાન કરતાં તૃપ્ત નથી. એટલે કે તેને સંસારના કોઈ જ વિષયોમાં રસ નથી. સંસારી તેને પોતાનાં નથી ભાસતાં, માત્ર પ્રભુ જ તેને આત્મવત્ થઈ ગયા છે. તેથી (તકી હી રહત દિન ભરીયા) આ વ્યસનાવસ્થા છે. *ગૃહસ્થાનાં બાધકત્વં અનાત્મત્વમ્ ચ ભાસતે યદા સ્યાદ્ વ્યસનંકૃષ્ણે । (ભ.વ.)*

તેથી હવે તે કૃતાર્થ થઈ. તેને કરવા પણું કંઈન રહ્યું હવે જે કરશે તે વિઠ્ઠલ. વિઠ્ઠલ તેના જ્ઞાનનાં ચક્ષુ બનશે અને ગિરિધર તેની ચેષ્ટા ક્રિયાને ધારણ કરશે. તે પ્રભુના હાથ-પગથી ચાલશે - ખાશે - ફરશે - ક્રિયા કરશે અને પ્રભુ બતાવશે તે જ જોશે. તેની પાંપણ પર વિઠ્ઠલ બિરાજી જશે. તેના માટે હવે બધું પ્રભુ કરશે.

*કૃતાર્થ સ્યાત્ તદૈવ હિ।*

## (૮૫) ટોડી    ૩/૮૨

પરોસત ગોપી ઘુંઘટ મારેં
કનકલતાસી સુંદરસીમા આઈ હૈં જ્યોં નારેં    ૧
ઝનકનક આંગનમેં ડોલત લાવણ્ય મોર સવારે
નંદરાય નંદરાની તેં દૂર લાલેં ભલે નિહારે    ૨
ઘરકી સૌંઝ મિલાય થારમેં આગે લે જબ ધારેં
પરમ મિલનીયાં મોહન જૂટી હાંસી મિસ હુંકારે    ૩
રુચિર કાછિની જટીત કાંધની જુરો બાહં ઉઘારેં
**પરમાનંદ અવલોકન કારણ ભીર બહુત સીંઘદ્વારે**    ૪

**ભાવાર્થ :**

ગોપી ઘુંઘટથી પોતાનું મુખ છૂપાવીને પ્રભુને - લાલનને પરોસે છે. કદાચ ગોપી લાગ જોઈને ભોજન સમયે જ આવીને યશોદાજીને કહે છે કે - મા તમે રસોઈ કરીને થાકી ગયા હશો અને તમને ખબર છે કે આ લાલન તમારાથી બહુ લાડ કરે છે, તેથી ભોજન કરવામાં આડો થાય છે. અને મારાથી ચૂપચાપ ઘણું બધું ખાઈ લેશે. તમે થોડા દૂર ઊભા રહી નિરખ્યા કરો, હું પીરસું છું. વળી મારું મોઢું ઢાંકી દઈશ તેથી તેને ખબર નહી પડે અને ક્યાંક નંદરાયજી આવી ચડયા તો! તેથી પણ ગોપી ઘુંઘટ ખેંચીને લાલનને પીરસે છે.

હવે ગોપીનું વર્ણન કરે છે કે તે કનક-પીળા રંગની લતાં જેવી પતલી - નમણી - સુંદર અને બધા અંગોથી વળી જાય તેવી છે તેની સુંદરતા અપાર છે. જાણે કે સ્વર્ગની નર્તકી (નારે) જ ન હોય! અને ચરણના પાયલ ઝનક-મનક અવાજ કરે છે, તેથી એમ લાગે કે આંગણામાં સવારે સવારે સુંદર મોર નૃત્ય કરે છે (લાવણ્ય મોર સવારેં) નંદરાય અને નંદરાની દૂર દૂર ઊભા આ દશ્ય નિહારે છે કે (નંદરાય નંદરાની તેં દૂર લાલેં ભલે નિહારે) જેમાં લાલન ભલા થઈને આરોગે છે તે નિહારે છે.    (૨)

ગોપી પોતાના ઘરેથી પણ લાલન માટે કંઈક સામગ્રી લાવી છે તે યશોદાજીની સામગ્રીની સાથે સાથે, બતાવી બતાવીને પીરસે છે. લાલન સાથે મિલન સુખ પામવા માટે લાલનની સાથે હંસી-મજાક કરતી પૂકાર કરે છે (પરમ મિલનીયાં મોહનજૂકી હાંસી મિસ પૂકારે)    (૩)



હવે લાલનના સ્વરૂપના દર્શન કરે છે.

લાલને રૂચિ જગાવતી મનોહર કાછની પહેરી છે જે જડાઉ ચમકદાર છે. આપના બન્ને બાહુ ઉઘાડા છે.

આવા પરમ-આનંદ જેના સ્વરૂપથી અંદર પ્રકટ થાય છે તેમને નિરખવા માટે સીંઘદ્વારે બહુ જ ભીડ જામી છે એટલે કે ક્યારે ભોજન કરીને બહાર પધારે અને તેમના દર્શન કરીએ! તેવી ઉત્કટતા પૂર્વક ભીડ જામી છે.    (૪)

## (૮૬) ટોડી    ૩/૮૩

ગ્વાલન કરતેં કોર છૂડાવત
જૂઠન લેત સબનકે મુખ તેં અપને મુખ લે નાવત    ૧
ખટરસકે પકવાન ધરે સબ તામે રૂચિ નહિ આવત
હા હા કરકે માંગ લેત હૈં કહત મોહી અતી ભાવત    ૨
યહ મહિમા યહ પન જાનત જાહે આપ બતાવત
**સૂરશ્યામ સ્વપને નહિ દરસત મુનિજન ધ્યાન લગાવત**    ૩

**ભાવાર્થ :**

અહીં જે પ્રભુનું સ્વરૂપ સુરદાસજી પ્રકટ કરે છે તે વિરુદ્ધ ધર્માશ્રયીનું છે કે ભક્ત વત્સલતાનું છે કે પ્રભુનું વચન પ્રતિપાલકતાનું છે કે લીલાર્થ છે કે કંઈક નવીનતા પ્રકટ કરવા માટે છે? તે તો પ્રભુ જ જાણે કે પ્રભુની જેના પર કૃપા થાય તે જ જાણી શકે.

ગ્વાલન ગ્વાલમંડલીની મધ્યમાં બિરાજેલા પ્રભુને કોળીયો કરીને આપના મોઢામાં મૂકવા જાય છે. પણ આપ આવી પ્રેમલક્ષણા ગોપીના હાથમાંથી કોળીયો મૂકાવી દે છે. શું ગોપીના હાથનું નથી આરોગવું? કે ગોપીનો કઈ વાંક છે? કંઈ માન કરે છે? અન્ન અશુદ્ધ છે? એકસાથે અનેક પ્રશ્નો ગોપીના મનમાં ઊઠી જાય છે.    (૧)

આજે કનૈયાને થયું છે શું? બધાં ગોપબાળકો કે જે ભોજન લઈ રહ્યા છે તેમનું જૂઠન અને તે પણ સ્પર્શથી થયેલ જૂઠન નહિ પણ (મુખતેં) મુખથી થયેલ જૂઠન, સીધું પોતાના મુખમાં જ લઈને પધરાવી દે છે (અપને મુખ લે નાવત) શું ગોપબાળકોને દોષ નહિ લાગે? જાણે અજાણે પ્રભુને અર્ધભક્ત કે ભુક્ત આરોગાવે તો? આ અવતારકાલીન લીલા છે, જેમાં પ્રભુ ભક્તને ગાડીની પાછળની

કે બાજુની સીટ પર બેસાડીને પોતે ડ્રાઈવીંગ કરી રહ્યા છે. તેમને ભક્તને મુકામ પર પહોંચડવાથી પ્રતિજ્ઞા કરી છે. તેથી અહીં ભક્ત સાક્ષી ભાવે માત્ર સહકારી છે. મતલબ કે સાધના ભગવાન કરે છે ભક્ત નહિ. તેથી જે સાધના નથી કરતો તેને દોષ પણ ક્યાંથી? અહીં વિચિત્રતા એ છે કે પ્રભુએ પ્રતિજ્ઞા કરી છે કે હું નિ:સાધન જીવોનો આત્મા બનું. હવે દોષ લાગે તો આત્માને લાગે દેહને થોડા લાગે? પ્રભુ જ સર્વકંઈ છે પ્રભુ કર્મ નથી કરતા લીલા કરે છે માટે આપને નથી દોષ લાગતો કે નથી આપના કારણે ભક્તને લાગતો.

પ્રભુ ભક્ત સાથે અનેક ભાવથી ખેલે છે. અત્યારે ભગવાનને બ્રહ્મ ભાવ થઈ ગયો છે. તેથી ભક્ત અને બગવાનના ઉચ્છિષ્ટમાં કોઈ ભેદ નથી રહ્યો. બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે. (૧)

હવે આપનામાં ભક્તવશ્યતાનો ભાવ પ્રકટ થાય છે. તેથી આપને ધરેલા છ પ્રકારના રસયુક્ત પકવાન છે તે છ રસ પ્રત્યે આપની રૂચિ નથી પ્રકટતી. આ બધાં પકવાન -રસ માહાત્મ્ય છે. પણ સ્નેહરસ - ભક્તિરસ માટે તો આપ એવા લાલચી થઈ ગયા છે કે રૂચિની પાર કુદાવીને આસક્તિમાં પડયા હોય તેમ "હાહાકરકે માંગે લેત હૈં" જેમાં 'પ્રભુ' છે તેવી સભાનતા જતી રહી છે, સર્વનું પોષણ કરે છે, તે માંગે તો કેવું લાગે? તેવી લજ્જા પણ નથી. વેદાદિગ્રંથોમાં જે શબ્દો પ્રમાણ થઈ ચૂક્યાં છે તેનો ખૂલાસો કેવી રીતે કરશું? આમ લોક-વેદ બન્નેની સીમા તોડી નાખી છે અને વાણી બોલે છે કે "કહત મોહી અતી ભાવત" આમ નિર્ગુણતા નેવે મુકીને રાજસ-તામસ ભાવને ધારણ કર્યા હોય તેમ લાગે છે. (૨)

આ પ્રભુનો કોઈ નવા પ્રકારનો મહિમા છે શું?

શું આને માહાત્મ્ય કહેવાય? શું આવી પણ પ્રતિજ્ઞા હોય કે જેમાં પોતાનું ઈશ્વરત્વ ખતમ કરી દે? આ વાત મનુષ્ય બુદ્ધિથી જાણી શકાય તેમ નથી. તે તો આપ જણાવે તેને જ જણાય (યહ મહિમા યહ પન જાનત જાહે આપ બતાવત).

તેવા ભાગ્યશાળી પદ્મનાભ દાસ, જેની રોટી પ્રભુ સીધી જ હાથમાં લઈ લેતા હતા તેવી અંધમાજી વગેરે અનેક ભક્તો છે, તે જ જાણી શકે. એટલે કે પ્રભુ જેના પર કૃપા કરવા ઈચ્છે તેને જ જણાય. તે કંઈ સાધન કરેથી ન જણાય. અરે સ્વપ્ને પણ તેનો ઈશારો ન મળે. જે સાત્વિક છે, જેમણે સર્વ વિષયોનો ત્યાગ કર્યા છે, જે પ્રભુના ધ્યાનમાં લીન છે તેને પણ આ ન જણાય, "મુનીજન સપને નહી આવે"



પણ "સાહેબ કૈસ મિલે?" પ્રભુ નિ:સાધન ફલાત્મા છે અને એ જ પ્રભુ ફળ છે અને એને જ પ્રભુ સ્વેચ્છા લીલા કર્તા છે. તે આ કીર્તનમાં સુરદાસજી સમજાવે છે. (૩)

**(૮૭) ધનાશ્રી** **૩/૮૪**

**જસોદા પેડે પેડે ડોલે**
**યહ ગૃહકાજ ઉનેં સુતકો ડર દહું ભાંતિન મન તોલે** **૧**
**અબહું કુંવર તુમ ભોજન કીજે જનનિ રોહિણી બોલે**
**પરમાનંદપ્રભુ વહ ફિર ચિતયો આનંદ હદે કલોલે** **૨**

**ભાવાર્થ :**

યશોદાજીનું મન પ્રત્યેક પલે ડોલી રહ્યું છે. એક ડગલું ભરે ત્યારે એમ થાય કે આ ઘરના કાજ કરવાના બાકી છે. તેને પૂરા કરી લઉં તો બીજા પગલે એમ થાય કે લાલન ભૂખ્યો થયો હશે તેને જમાડી દઉં.

જીવની પણ કાચી દશામાં આ જ સ્થિતિ છે. તેણે જે જે સાંસારિક જવાબદારીઓ માની લીધી છે. તે પૂરી કરવા માટે વિચારે છે (ઘડપમ ગોવિંદ ગાશું) અને બીજી બાજુ તેને પ્રભુનું માહાત્મ્ય જાણવાને કારણે ધર્મ કરવા પણ છે. શાસ્ત્રના વચનોને યથાર્થ ન કરી શકવાને કારણે તેનું મન બન્ને ય બાજુ ડોલે છે. બન્ને બાજુમાંથી યોગ્ય શું તે પ્રકારે મનથી વિચારે છે, તોલે છે, કયું પ્રથમ મહત્ત્વનું છે?

નાનાવાદ વિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ, પાષંડેક પ્રયત્નેષુ ... આવી સ્થિતિમાં મન મુંઝાય છે. (૧)

પરંતુ જ્યારે જનની ભાવ પ્રબળ થઈ ગયો ત્યારે સ્નેહની પ્રબળતાને કારણે પહેલાં (પ્રભુ સુખ) - લાલનને ભોજન કરાવવાનો વિચાર કર્યો તથી કહે છે - અબહું કુંવર તુમ ભોજન કીજે તેમ રોહિણીજી જે બોલી ઉઠયા, કેમ કે રોહણિ - આરોહિણી છે. તે ઉપરતરફ જૂએ છે. ભગવદ્દસ્થાન ઉપર છે અને સંસાર સ્થાન નીચે છે તેથી તેમના મનને કોઈ દ્વિધા નથી.

જીવમાં પણ (સુતકો ડર) માહાત્મ્ય જ્ઞાન પછી જનની ભાવક સ્નેહભાવ પ્રકટે તો તેણે દિશા સ્પષ્ટ થઈ જાય છે. તેથી તેની સૌ પ્રથમ ફરજ પ્રભુ પ્રત્યે, પછી વેદાદિ કાર્યો પ્રતિ અને ત્યારબાદ લૌકિક કાર્યો પ્રતિ. આમ તેનું મન પછી (પડે પડે ડોલે) ઘડીકમાં આ અને બીજી જ ઘડીએ તે, તેમ નહિ થાય.

રોહિણીજીએ પ્રભુને ભોજન માટે વિનતી કરી તેથી તુરત જ પરમાનંદપ્રભુ લાલને તે વાત ચિતમાં લીધી. ભાગમ ભાગ ન કરી. આમ પ્રભુ સરળતાથી માની ગયા તેથી યશોદાજીના હૃદયમાં આનંદ લહેરાવા લાગ્યો, કેમ કે બે માંથી એક જે પ્રથમ કરવાનું તે નિશ્ચિત થઈ ગયું.

તેથી જો જીવ પ્રભુ સંબંધિ વિચારવાનું શરૂ કરશે, પ્રભુ સંબંધિ જીવન જીવશે તો જે સ્વામી છે તે હવે તે જીવ માટે પરમાનંદ બની જશે અને પોતાના ચિત્તમાં પણ તે જીવને સ્થાન આપશે. અથવા તો તે જીવના હૃદયમાં પ્રભુ પધારીને તેને કલ્લોલ કરાવશે. (૨)

## (૮૮) ધનાશ્રી 3/૮૫

હરિકો ટેરત હે નંદરાની
બહુત વેર ભઈ કહું ખેલત કહાં રહ્યો સારંગપાની ૧
સુનત હી ટેરી દોરી તવ આયે કબકે નિકસે લાલ
જમત નહિ નંદ તુમ હી બીનુ વેગી ચલો ગોપાલ ૨
સ્યામહી લ્યાઈ મહેરી જસોદા તુરત હી પાવ પખારે
સુરદાસ પ્રભુ સંગ નંદ કે બેઠે હે દોઉ વારે ૩

**ભાવાર્થ :**

નંદરાનીજી હરિને ભોજન માટે ટેર કરે છે. પૂકારે છે - મર્યાદા ભક્તો હરિ-દુ:ખહર્તાને પોતાને દુ:ખ પડે ત્યારે ટેર - પૂકાર કરે છે. પુષ્ટિ ભક્તરૂપ નંદરાની હરિનાં ભૂખનાં દુ:ખ દૂર કરવા માટે પૂકાર કરે છે. વિપ્રયોગી ભક્તો પ્રભુ વગરના થયા હોવાથી તાપ-ક્લેશને કારણે પૂકારે છે. પુરૂષોત્તમદાસ શેઠના બેટા ગોપાલદાસ પ્રભુના મંદિરને બારણે ઉમરે માથુ ટેકવી સૂઈ જતાં અને મદનમોહનજીને ઉંઘમાં જ પૂકારતા. ત્યારે પ્રભુ કહેતા - હું અહીં જ છું. ત્યારે ગોપાલદાસ કહે છે - પ્રભુ આપ શા માટે મારા ખાતર જાગો છો ? મને તો ટેવ પડી છે. ''નયનન ઐસી ટેવ પડી''ની જેમ, વાણીને પણ પ્રભુનું વ્યસન થઈ જાય છે. આ જ માનસી સિદ્ધિ છે.

હરિકો ટરેત હૈ નંદરાની

યશોદાજીને એ ખબર નથી પડતી કે આપ ક્યાં ખેલે છે ? તેથી મનમાં જ બોલે છે - આ ક્યારના ક્યાં ખેલે છે અને ક્યાં એટકી ગયા આ સારંગપાની -વિષ્ણુ ?



મર્યાદાભક્ત માટે પ્રભુની આ લીલા ભક્તના હૃદયમાં ચાલી રહી છે કે ભક્તના સન્મુખ ? કે જગતરૂપે ચાલે છે કે જીવોને મુક્તિ આપવા રૂપ કે દુષ્ટોના સંહારરૂપ... આવી તો અનેક લીલા છે તે ખબર નથી પડતી. અધિકારાનુસાર જ મર્યાદા લીલા સમજાય તેથી મર્યાદા ભાવથી કહે છે. પ્રભુ તો ચંચળ છે. ઘણી બધી લીલા કરનારા છે. તો પછી આટલી બધી વાર, ક્યાં અટકીને એકમાત્ર લીલા કરે છે ?

અને પુષ્ટિ આર્ત ભક્ત વિચારે છે કે આ ચંચલ પ્રભુ કોઈ એકની સાથે ખેલે પછી બીજાને ભૂલી જાય છે. આપ ક્યાં ખેલો છો પ્રભુ ? શું પુષ્ટિપ્રભુ મારા પર કૃપા નહિ કરે ? શું તે વિષ્ણુરૂપ મર્યાદાને સ્વીકારી બેઠા છે ? આવો તાપ કરે છે. તો કોઈ તામસ ભક્ત પ્રભુને ધમકાવવાના સૂરમાં કહે છે આટલી વેળ ક્યાં અટકી ગયા છે ? પોતાની જાતને તો સારંગપાણી હરણાં જેવા ચપળ સમજી બેઠા છે ! બહુત વેરભઈ કહું ખેલત કહાં રહ્યો સારંગપાની ? (૧)

સુનત હી ટેરી દોરી તવ આયે, કબકે નિકસે લાલ ?
જેમત નહિં નંદ તુમહી બીનું વેગી ચલો ગોપાલ

યશોદાજીની ટેરી સાંભળીને (સુનત હી ટેરી) તુરત જ પ્રભુ દોડી આવ્યા (દોરી તવ આયે) ત્યારે યશોદા તુરત જ બોલી પડે છે - ક્યારનો તું બહાર નિકળી ગયો છે મારા લાલ ! આ તાત નંદજી તારા જમ્યા વગર જમતા નથી તેથી હે લાલ, તું જલ્દી જલ્દી ચાલ...

ભક્તની આર્તી - પૂકાર સાંભળીને ભગવાન જ્યાં હોય છે ત્યાંથી તુર્ત જ દોડી આવે છે. ત્યારે પુષ્ટિ ભક્ત કહે છે કે - મારા હૃદયની - ઘરની બહાર તું ક્યારનો નીકળી ગયો છે. હવે કૃપા કરીને પધારો. આ જે તારા પિતા નંદજી છે એટલે કે તું ભગવાન એટલા માટે થયો કે કોઈક ભક્ત થયું તે દૃષ્ટિથી કારણ રૂપ ભક્ત પિતા થયો. તે તારા ભોજન વગર ભોજન નથી કરતા.

અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વ્રજનમાચરેત્ (૨)

તેથી તેવા સમર્પિત જીવ પર આપ જલ્દી કૃપા કરવા પધારો. કેમ કે આપ જ આ જીવના દેહ-ઈન્દ્રિયોનું આપના સ્વરૂપથી પાલન કરનાર છો. તેથી આપ સ્વયં ન પધારો ત્યાં સુધી પુષ્ટિભક્તને ચેન નથી પડતું. પુષ્ટિભક્ત પોતાના પ્રભુને પુષ્ટ જોવા ચાહે છે માટે તો ભાત ભાતની વાનગી બનાવી તેમને પ્રસન્ન રાખવા ચાહે છે. મર્યાદાભક્તને અસમર્પિતની ટેક માત્ર છે તેથી પ્રભુને ભોજન કરાવવા ચાહે છે.

વિપ્રયોગી ભક્તતો પ્રભુના સ્વરૂપના દર્શન કરી તેને હૃદયમાં પધરાવી રાખવા ચાહે છે. આમ તે કૃષ્ણ ભાવ સ્વરૂપ સંયોગરસને ભોજનનો કોળીયો જેમ મૂખમાં મૂકી પેટમાં જાય તેમ આ સંયોગભાવને હૃદયમાં પૂરીને તેની સ્મૃતિરૂપ (વિપ્રયોગ) રસથી પોતાના દેહનું - આત્માનું પાલન કરે છે.

સ્યામહી લાઈ મહેરી યશોદા તુરત હી પાંવ પખારે

યશોદાજી લાલન સ્યામને ઘરમાં લાવી. બહાર ખેલતાં જે પગ છુવાયા હોય - મેલાં થયા હોય તેથી ચરણ ધોવડાવી દીધા.

મર્યાદા ભક્ત તદીય (મહરી) છે તેથી યશ પ્રભુને આપે છે. (યશોદા) પોતાના તો અનેક દોષ છે, જેથી પ્રભુ પધાર્યા તેમાત્ર કૃપા કરીને જ પધાર્યા છે, તેથી તે કૃતજ્ઞતા પ્રકટ કરવા આપના ચરણને ધોવાને બહાને સ્પર્શ લાભ પામે છે. તથા પોતાના હૃદયમાં રહેલા દૂરીતને દૂર કરે છે. પ્રભુના ચરણની રજ પ્રાપ્તિ માટે આ પ્રકારે પ્રાર્થના કરે છે. જેમ પ્રભુ પ્રાકટ્ય વેળા માતા દેવકી અને પિતા વસુદેવજી કરે છે તેમ!

પુષ્ટિભક્ત માટે તો આ શૃંગાર કલ્પદ્રુમ (શ્યામ) છે અને તે (મહરી)મોટા ઓની (શ્રીમહાપ્રભુજીની) કૃપાથી જ આમારા ઘરમાં બિરાજ્યા છે. જેથી ક્યાંય પણ જાય તો પણ આ ઘરમાં જ પાછા પધારે તેવા વિશ્વાસ સાથે આપની પુષ્ટિ શરણાગતિને વિસરતો નથી.

આવા કૃપાળુ પ્રભુ નવધાભક્તિમાં શ્રેષ્ઠ તેવી સખ્ય અને આત્મનિવેદનરૂપ ભક્તિને સ્વીકારતા નંદજી-ભક્તના સંગે બેસે છે અને ભક્તની સત્તાનું ભોજન આરોગે છે. ભક્તની અહંતા-મમતાના ભોક્તા બને છે. આમ સમર્પણ રૂપા ભક્તિ પણ પ્રભુ સિદ્ધ કરી આપે છે, છતાંય જીવને એક સાધારણભાવ દાસપણાનો છે કે હે કૃષ્ણ હું તારો દાસ છું, તે કાયમ રાખે છે. આ પુષ્ટિ ભક્તિ છે કેમ કે (સ્યામ હી લ્યાઈ) પ્રભુ ભક્તાધીન છે તેમ વચન છે.

આમ, ભક્તની સમક્ષ પ્રભુ ક્યારે પ્રકટે, ભક્તિ સ્વીકારે, તે પ્રકાર અહીં સુરદાસજી પ્રકટ કરે છે. જે નિરોધ લક્ષણમાં શ્રી આચાર્યજીએ પ્રકટ કર્યો છે. તથા ગદ્યમંત્રમાં પણ પ્રકટ કર્યો છે.



# હિલગ

## (૮૯) રાગ - ધનાશ્રી 3/૯૨

મેરો મન બાવરો ભયો
લરકા એક ઈહાં હું તો ઠાડો તાહી કે સંગ ગયો. ૧
જાનોં નહિ કોનકો ઢોટા ચિત્ર-વિચિત્ર ઠયો
પિતાંબર છબિ નિરખ હર્યો મન પઠ કછુ મોહી દયો ૨
ગ્વાલની એક પાહુની આઈ તાકી યહ ગતિ કીની
**પરમાનંદ**પ્રભુ હસત સેન દે, પ્રેમપાણિ ગહિ લીની ૩

**ભાવાર્થ :**

મારું મન બ્હાવરું થયું એટલે કે બધું સૂધ-બુધ વગરનું થયું છે. કારણ મારું મન અહીં જે એક છોરો ઊભો હતો તેની સાથે ચાલી ગયું. તેનાથી આકર્ષાઈ ગયું જેથી લોક-વેદમાંથી હટી જતાં લોક-વેદ દૃષ્ટિવાળાને બ્હાવરું લાગે જ. (૧)

એ છોરો કોનો છે તેની ય મને તો ખબર નથી. મતલબ કે તેની ઓળખાણ-પીછાણ નથી પણ તેનો વેશ-દેખાવ ચિત્ર-વિચત્ર એટલે કે મનમોહક સુંદર છે. તેને ધરેલ પિતાંબરને લીધે તેવા સુંદર દેખાવથી મારું મન હરાઈ ગયું અને વધારામાં તેણે પણ કંઈક કહ્યું. આમ, રસરૂપ સ્વરૂપ અને રસરૂપવાણીને ગોપીએ પ્રકટ ન કરી. (૨)

હવે પોતાને સાનુભાવ થયો છે તે વાત ગુપ્ત રાખવા બીજાનું નામ દઈ કહે છે કે - 'એક ગ્વાલીની' પછી તેમની નજીક સરકી તેવી ગ્વાલીનની આ દશા છોરાએ કરી. અને પરમાનંદરૂપ પ્રભુ એ મધુર સ્મિત કરીને તેને ઈશારો પણ કર્યો, મૂક વાતો કરી તથા તે ગ્વાલીનનો પ્રેમરૂપ હસ્ત પોતે ગ્રહણ કરી લીધો અથવા કહો કે પ્રભુએ તેનું પ્રેમપૂર્વક પાણિગ્રહણ કરી લીધું.

લાગે છે કે ગ્વાલીન દેહ ભાન પણ ભૂલી એટલે 'એક ગ્વાલીન' તેમ કહે છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

જીવની વ્યસનાવસ્થામાં તે બ્હાવરા જેવો થાય (ભક્તિવર્ધિની)

*ગૃહસ્થાનાં બાંધકત્વં અનાત્મત્વંચ ભાસતે યદા સ્યાદ્ વ્યસનં*

ત્યારે તે જીવ પ્રભુ વગર તરફડે છે. આ દશા મનની થાય છે. માટે તો પરાસેવાને માનસી કહી છે. પણ તેનું સાધન ચિત્ત કરે છે. *ચેતસ્ તત્ પ્રવણં.* પરંતુ અહીં તો સાધન ભગવાન બન્યા છે 'લરકો'. ભગવાન સ્વયં તેવા જીવની સામે આવીને ઊભા થઈ ગયા છે. પછી લોકવેદ કઈ રીતે ઊભા રહી શકે ? તેથી તે મન સ્વયં તેમનાથી આકર્ષિત થઈને તેમનો સંગ કરી બેઠું. મન વગરનો દેહ બાવરો થાય !

અનવતારકાળમાં પણ માહાત્મ્યજ્ઞાન જરૂરી છે. તેથી ભક્તને ખબર પડી કે આ પ્રભુ તો અજન્મા છે, તે કોઈનો પુત્ર નથી અને ચિત્ર-વિચિત્ર સૃષ્ટિનો કર્તા આ જ છે. પરંતુ આવો પરબ્રહ્મ કે જે અંબર (વ્યાપક) તત્ત્વ છે. તેણે ગુણ ગ્રહણ કર્યા (પીળા), તે જોતાં જ મારામાં ભક્તિનો પ્રવેશ થયો. મહાત્મ્ય જ્ઞાનની સાથે પ્રેમનો ઉદય થયો. પ્રેમ ઉદય થવાનું કારણ પણ ભગવાનની ગુણ-ગ્રહણ લીલા જ. એટલું જ નહિ પણ તે પોતે જ શાસ્ત્રરૂપ હોવાથી મને આપે પોતે જ પોતાની લીલાઓ કહી સંભળાવી. પ્રભુએ આટલું પ્રમેયબળ કર્યા પછી જો જીવ પ્રભુની પાસે આવવારૂપ સાધન પણ ન કરે તો કંઈ ન બને. પણ જો જીવ, પાસે આવવા રૂપ રૂચિ પ્રકટ કરે તો પછી પ્રભુ કૃપા કરી તેને પ્રેમ-આસક્તિ અને વ્યસન રૂપ ભક્તિનું દાન કરી બ્હાવરા કરી મૂકે, પ્રભુ વગર તરફડતા કરી મૂકે અને પ્રભુ તેને મધુરાહાસ્યથી પરમાનંદનું દાન દે. પ્રભુનું હાસ્ય લોભાત્મક છે. જેથી નિરોધ સિદ્ધ કરાવનારું છે અને તે નિરોધ સિદ્ધ થાય તો પ્રભુ સમર્પણને સ્વીકારે તેથી પ્રભુએ પ્રેમપૂર્વક સમર્પણ સ્વીકાર્યું.

પ્રભુની કૃપા કેવી છે તેનો સાર જોઈએ. પહેલાં ઠાડા રહે, મનને આકર્ષી દૃષ્ટિને પિતાંબરધારી સ્વરૂપથી આકર્ષે, દોસ્ત બનાવી શ્રવણને કંઈક કહીને આકર્ષે, પ્રભુએ લોભામણું હાસ્ય કર્યું, તેથી દેહ સમસ્તનું આકર્ષણ કર્યું. તેમ ક્રિયાત્મક આકર્ષણ કર્યું અને ઈશારો કરીને જ્ઞાનાત્મક આકર્ષણ કર્યું. પાણીગ્રહણ કરીને હૃદયને આકર્ષિત કર્યું. લોભાવવા માટે પ્રભુએ જાતભાતના વેષ-નાટક કર્યા આવા આકર્ષણને કારણે જીવની લોક-વેદમાંથી બુદ્ધિ ચાલી ગઈ અને તે બુદ્ધિ માત્ર પ્રભુ સાથે જોડાતાં તેનો વ્યવહાર બ્હાવરા જેવો થયો કેમ કે આ બધું કર્યા પછી પ્રભુએ વિપ્રયોગનું દાન કર્યું અને તે પહેલાં સામે ઠાડા થયા એટલે સાક્ષાત્ દર્શન દઈને સંયોગ રસનું દાન કર્યું.

ત્યારે જીવે શું કર્યું ?



આ જે સાક્ષત ઠાડો છે તે કોણ છે તે જાણવા મહાત્મ્યજ્ઞાન પણ ન વાપર્યું પરંતુ એક ડગલું ચાલી પ્રભુની નજીક સરકીને પ્રભુ પ્રત્યે પોતાની રૂચિ પ્રકટ કરી. ગ્વાલીની એક પાહુની આઈ...

જીવનો અલ્પ પ્રયાસ અને પ્રભુની અઢળક કૃપા તેનું નામ પુષ્ટિમાર્ગ.

## ભોગ સમય

**(૭૦) રાગ – ધનાશ્રી** 3/૧૦૦

આજ સખી તોહી લાગી હે યહ રટ
ગોવિન્દ લેહુ લેહુ કોઉ ગોવિંદ, કહત ફિરત વનમેં ઓઘટ ઘટ ૧
દધિકો નામ વિસર ગયો, દેખત સ્યામ સુંદર ઓઢે પીરોપટ
માંગત દાન ઠગોરી મેલી **ચતુર્ભુજ** પ્રભુ ગિરિધર નાગર ૨

**ભાવાર્થ :**

એક ગોપી પોતાની સખીની કંઈક વિચિત્ર હાલત જોઈને તેને કહે છે કે - આજે તને આ શું રટ લાગી છે ? કે એકની એક વાતનું જ રટણ કર્યા કરે છે. સતત બોલ્યા કરે છે કે 'ગોવિંદ લો' 'ગોવિંદ લો' અને આ જ શબ્દો બોલતાં બોલતાં વનમાં ફરી રહી છે. તથા ચીકણા કાદવવાળા નદીના ઘાટ ઉપર પણ ફરી રહી છે. (૧)

માથે જે મટુકી છે તે તો દહીંની છે. તે 'દહીં' નામ જ જાણે તારાથી ભૂલાઈ ગયું છે તેમ લાગે છે ! અને વનમાં તથા આવાં ઘાટ ઉપર તારું દહીં ખરીદનારું પણ કોણ મળે ? ગામમાં જ્યાં વસ્તી છે ત્યાં કેમ ફરતી નથી !

ત્યારે તે ગોપી પોતાની સખીને કહે છે કે સાચી વાત છે, જ્યારથી મેં શ્યામસુંદર ગિરિધરનાગરને કે જેણે પીળો પટકો ધારણ કર્યો છે તેને જોયા છે, ત્યારે જાણે તેણે મારા પર કંઈક ભૂરકી નાખી છે અને મારી પાસે દધિનું દાન માંગ્યું ત્યારથી હું દધિનું નામ ભૂલી ગઈ છું અને ગોવિંદ નામ ચિત્ત પર ચઢી ગયું છે ! (૨)

**વિશેષ ભાવાર્થ :**

'રટ' એટલે જેમાં ચિત્ત સ્થાપિત થઈ ગયું હોય, તેમાંથી બહાર નીકળે જ નહિ. આ આસક્તિની દશા છે (લાગી) ચીટકી જાય તે આસક્તિ કહેવાય અને એટલે તો તે સંસારના સર્વ નામ-રૂપને ગોવિન્દ નામથી ઓળખવા લાગે. માનોકે

સર્વાત્મભાવ થઈ જાય. તે ગોવિન્દની સાથે હોવાથી તે અભય થઈ ગઈ છે. તેને ગામ કે વન, રસ્તા કે ઓઘટ ઘાટ, કુંજ કે નદી કોઈ ભેદ બાધા નથી કરતો. તેનાં ત્રણે ગુણોમાં જે ઉચ-નીચ ભાવ છે, જેના કારણે જ સંસાર છે, પ્રભુપ્રાપ્તિમાં બાધક છે તે બધા જ તેના ગુણ (ભાવ) ગોવિન્દ કે જે નિર્દોષ-નિર્ગુણ છે તેમાં જ વિલીન થઈ ગયા છે. આ સર્વે થવામાં કારણરૂપ પ્રમેયરૂપ ગોવિન્દ કે જે વ્રજજનોના આધિપતિ-તારણહાર છે. ગોવિન્દ માટે આ કાર્ય પોતાની ફરજના ભાગરૂપ બની ગયું છે કે જ્યારે ભક્ત નિઃસાધનભાવથી તેના મય થઈ જાય. આવા ગોવિન્દે શૃંગાર રસને નિર્મળ સ્નેહરૂપ વસ્ત્રથી પરિધાન કરાવ્યું છે. કોઈક અલૌકિક જ્ઞાન શૂન્યતા અબુધતા પ્રભુએ સ્વયં તેવા ભક્તમાં મૂકી દીધી છે જેથી તેને પ્રાકૃત વસ્તુઓની અનુભૂતિ જ નથી અને પછી પ્રભુ તે જીવના સર્વસ્વનું દાન-સમર્પણ (અહંતા-મમતા સર્વનું) માંગી લે છે અને ત્યાર બાદ પ્રભુ તેના પર ચારે હાથ ધરીને ચતુર્ભુજ થઈ તેના (ગિરિ) પહાડ જેવા દુઃખો સંતાપોને હરિ લે છે તથા ભંડારમાં પણ ન સમાય (ન-આગર) તેટલું અલૌકિક સુખદાન કરે છે.

**(૯૧) રાગ – નટ** **૩/૧૦૨**

**હંસત હંસત લાલન આયે રી મેરે અંગના**
**હોંતો તેરો રૂપદેખ ઠગ રહી, મેરી આલી**
**જો કછુ કહો આવે છબી દેખ ભઈ મગના** ૧
**જીયકી રીસ ગઈ અધિક રૂચિ બાઢી**
**મોહન મોહી રી ભચોરી મનલગના**
**કરસોં કર ગહત હૃદયસોં લગાય લઈ**
**મિલેરી ગોવિન્દપ્રભુ સબ સુખ નિશ જગના** ૨

**ભાવાર્થ :**

ગોપી પોતાની પ્રભુ સાથેની મિલનની વાત પોતાની સખીને કહીને તે જ અનુભવને ફરીથી મનથી વાગોળી આનંદ પામી રહી છે. પ્રત્યક્ષ સંયોગ પછીનો આ પરોક્ષ સંયોગ છે. જે ગુણગાન રૂપે હોય છે.

ગોપી પોતાની સખીને કહે છે -

એકવાર લાલન પ્રસન્ન મુખારવિંદ સાથે મારાં આંગણે પધાર્યા. આ અચાનક પધારવાની તો મારી કલ્પના જ ન્હોતી તેથી હું અવાક્ તો હતી જેમાં ખૂબ ખુશી



હતી. વધારામાં હે મારી સખી શું કહું તને ? કે મારી તો બોબડી જ બંધ થઈ ગઈ (જો કછું કહી આવે) કેમ કે આપનું સૌંદર્ય એવું હતું કે ઠગાઈ જાય ત્યારે માણસ જેમ સ્તબ્ધ થઈ જાય તેવી હું સ્તબ્ધ થઈ ગઈ. બસ આપના રૂપ સૌંદર્યમાંજ એકચિત્ત થઈ ગઈ. (૧)

મેં આપને અનેક વિનતી કરવા છતાં ન્હોતા પધાર્યા તેથી હું તેમનાથી રૂઠી ગઈ હતી, તે રીસ કોણ જાણે ક્યારે ચાલી ગઈ ? અને વધારામાં આપના પ્રતિની રૂચિનું ઘોડાપૂર આવ્યું. (અધિક બાઢી) (બાઢ-પૂર) મને લાગે છે કે આ તો આપે મોહ વિદ્યા જ મારા પર ચલાવી હશે, તેથી જ મારું મન જે આપનાથી માન કરી ગયું હતું તે એકદમ લાગી ગયું. તેથી મેં તો આપનો હસ્તકમળ ગ્રહણ કરી લીધો આપને હૃદયથી ચાંપી દીધા. મને હવે મારા ગોવિન્દપ્રભુ મળી ગયા તેથી રાતભર જાગીને સર્વ પ્રકારનાં સુખને પામી. (૨)

**(૯૨) રાગ – નટ** **૩/૧૦૨**

**પ્રીતમ પ્રીતિ હીતેં પૈયે**
**યદપિ રુપ ગુણ-શિલ-સુઘરતા ઈન બાતન ન રીઝૈયે** ૧
**સતકુલ જન્મ, કરમ શુભલક્ષણ વેદપુરાણ પઢૈયે**
**ગોવિન્દ વિના સ્નેહ સુઆલો રસના કહાં જુ નચૈયે** ૨

**ભાવાર્થ :**

પ્રીતમ એટલે પ્રીતનું મૂળ અને તે તો સદાનંદ કૃષ્ણ જ છે. તેમની આ પ્રીતિ એ જ આનંદ છે એ જ 'રસ' છે. દૈવી જીવોમાં પ્રભુએ 'પ્રીત' ધરેલ છે. તે પ્રીતને જો તે આ પ્રીતમ સદાનંદ પ્રતિ પ્રકટ કરે તો જ તે પ્રીતમને પામી શકે 'હી' કહેતાં તે સિવાય અન્ય કોઈ ઉપાય નથી.

કદાચ રૂપથી રીઝવવા ચાહીયે કે ગુણનો ઉપયોગ કરીએ, ચારિત્ર્ય કે સુઘડતા / સાફસુથરા પણું, આ બધાથી બીજાં ઘણાં કાર્ય સરે પણ તે પ્રીતમને રીઝવી શકવામાં કામ નથી આવતાં. ગોપીજનોમાં આ બધું ક્યાં હતું ? પણ અખૂટ સ્નેહ હતો. (૧)

સારાકુળમાં જન્મવું, સારાં કર્મ, સારાં લક્ષણવંતા કે વેદ-પુરાણનું જ્ઞાન, પ્રીતમને રીઝવવામાં અસમર્થ છે.

સ્નેહ તો સુઆલો (સર્વશ્રેષ્ઠ) છે તે સ્નેહ જ્યારે વાણી દ્વારા બહાર પ્રકટ થવા

ઈચ્છે તો તેના સુપાત્ર માત્ર ગોવિન્દ જ છે. તેમના વગરનું અન્ય કયું ઉત્તમ પાત્ર છે કે જ્યાં આ જીહ્‌વાને કીર્તન-ગાન કરીને નચાવીયે ? અને તે જીહ્‌વાનું નૃત્ય એવું સ્નેહ રસભર હોય કે પ્રીતમ રીઝી જાય ! (૨)

**(૯૩) રાગ – નટ** 3/૧૦૨

લાલન નાહીં નેરી કાહૂ કે વસકે
બાવરી ભઈરી ત્રીયા, ઉનસોં મન અરૂઝીયો,
વે તો સદાઈ અપને રસકે ૧
નિરખ પરખ દેખ, જીયકો ભરમ ગયો
કામિની વૃંદન કે મન ન કસકે
યદપિ કછુ મોહની ગોવિન્દ પ્રભુપેં
યુવતી સભામેં વદત યશકે ૨

**ભાવાર્થ :**

અહીં પ્રભુનું મૂળ સ્વરૂપ શું છે ? તે કેવા છે ? તે રાસપંચાધ્યાયીના પ્રસંગથી બતાવે છે.

લાલન - પ્રભુ તો કોઈના સહેજ પણ વશ નથી. સ્વતંત્ર - સ્વાધીન છે. પરાધીન નથી.

પરંતુ જીવ તો પરતંત્ર છે અને એમાંય સ્ત્રી દેહધારી જીવ તો વિશેષ પરતંત્ર છે તેથી તેનું મન ઠાકોરજીમાં અટવાઈ - ફસાઈ ગયું છે અને તેની પરાકાષ્ઠામાં તે બાવરી થઈ ગઈ.

પરંતુ પ્રભુ કોઈનામાં ફસાતા નથી કેમ કે આપ તો નિર્લેપ છે તેથી તે તો પોતાના રસમાં જ મગ્ન છે. આપને પોતાની બહારના, કોઈમાંથી રસ પ્રાપ્ત કરવો નથી કેમ કે આપ સિવાય કંઈ છે પણ નહિ.

ગોપીઓને એમ કે પ્રભુ પણ અમારા પ્રેમથી પરાધીન થઈ ગયા છે, કેમ કે તેમને તેવી અનુભૂતિ લઘુરાસમાં થઈ. તેથી પ્રભુની પરાધીનતાનું પારખું લેવા માટે માન-અભિમાન કર્યું, તો વળી એક કે જેને માન ન્હોતું થયું તેણે પણ પ્રભુને ઉઠાવી લેવા જેવી અનુચિત માગણી કરી. પ્રભુની પરીક્ષા લેવા ચાહી. (નિરખ - પરખ દેખ). (૧)



પરંતુ પ્રભુ તો પોતે પોતાનામાં રાચે છે. જે કંઈ કરે છે તે નિઃસાધન ભક્તોની પ્રસન્નતા માટે કરે છે. આ નિઃસાધનતા ભાવ ખોઈ ચૂકેલી ગોપીઓ પાસેથી પ્રભુ પણ ખોવાઈ ગયા તેથી તેમના મનમાં જે ભ્રમ હતો કે પ્રભુ તો અમારા પરાધીન છે તે ભ્રમ ભાંગી પડયો. (જીય કો ભરમ ગયો).

તેઓના અનેક પ્રયાસ - સાધન કરવા છતાં પણ પ્રભુ તો સ્હેજ પણ તેમના પ્રતિ ઢળ્યા નહિ (કામિની વૃંદનકે મન ન કસકે) તેઓએ બાવરા થઈને વૃક્ષો આદિને પૃચ્છા કરી, ખૂબ શોધ્યા, તેમની લીલાઓ કરી. તો પણ ન મળ્યા. આખરે નિઃસાધનતા ભાવ પ્રકટયો ત્યારે આપ કૃપા કરવા માટે પ્રકટ થયા.

આવા નિર્લેપ પ્રભુમાં છતાંય ગોપીજનો પ્રતિ કંઈક મોહની તો છે જ, તેમ ગોવિન્દસ્વામી માને છે. તેના પ્રમાણરૂપે કહે છે કે તે પછી યમુનાપુલીનમાં બિરાજી તેમના ઉત્તર આપ્યા અને આખરમાં ખૂબ જ ભાવ ભરી વાણીમાં વ્રજયુવતીઓના ગુણગાન - યશ કર્યા. કે ''હું તમારો સૌનો ક્યારે ય અઋણી નહિ થઈ શકું'' (યુવતી સભામેં વદત યશકે.)

આમ, ગોવિન્દસ્વામીએ પ્રભુનો વિરુદ્ધ ધર્માશ્રય રૂપ ધર્મને અહીં પ્રકટ કર્યા છે. (૨)

**(૯૪) રાગ – નટ** 3/૧૦૨

મોહન મોહની ઘાલી સિરપર જોઈ, મોહિ રહત સદાઈ
નિસદિન સખીરી જોલોં નહિ દેખિયત પિય વ્રજરાજકુંવર ૧
યદ્યપિ ઘિરજધર રહત સખીરી તદપિમુરલી ધ્વની સુનત પ્રાણહર
સબન રહ્યોં પરે મિલૂં ગોવિન્દપ્રભુસોં રસિકકુંવર બલબલ સ્યામસુંદર ૨

**ભાવાર્થ :**

પ્રભુ વનમાં પધાર્યા છે અને ગોપી તેમના પધારવાની, મળવાની રાહ દેખી રહી છે. તે પોતાની સખીને કહે છે - આ મોહને મારી (સિર) બુદ્ધિમાં કોઈ મોહ કરી દીધો છે (મોહન મોહની ઘાલી સીરપર) તે તને કહું છું. (જોઈ) તેથી હું સર્વકાળમાં તેનાથી મોહાએલી જ રહું છું.

સખી, સદા એટલે કે રાત-દિવસ કે જ્યાં સુધી તે મારા પિય વ્રજરાજકુંવર મને સાક્ષાત દેખાય નહિ, ત્યાં સુધી મને તેમના સિવાય કંઈ જ બુદ્ધિમાં આવતું નથી. (નિસદિન સખીરી જો લો નહિ દેખીયત પિય વ્રજરાજ કુંવર) (૧)

હું સમજું છું કે આવી મોહની સારી નહિ તેથી હું, હે સખી, ધીરજ રાખવા પ્રયત્ન કરું છું. પરંતુ જેવો આપની મુરલીનો નાદ-ધ્વની મારા કાને પડે છે કે મારી ધીરજ ખૂટી જાય છે અને પછી તો મારો જીવ તેમના વગર તડપવા લાગે છે કે જાણે પ્રાણ નીકળી જશે. (તદપિ મુરલી ધ્વનિ સુનત પ્રાણ હર).

હવે મારાથી રહી શકાય તેમ નથી. હું લોક-વેદનું ઉલ્લંઘન કરીને પણ સામે ચડીને ગોવિન્દ પ્રભુને કે જે કુંવર રસિકવર છે અને સ્યામસુંદર છે તેમને મળીને તેમના ઓવારણા લઈશ. (૨)

**(૯૫) રાગ – નટ** 3/૧૦૨

**આજ બનઠન લાલન આયેરી તેરે માન કર ન્યોછાવર**
**યદ્યપિ બહુનાયક કહૂં ન મન અરૂઝેરી**
**તેરે ગુણ-રૂપ મોહે તાતે તો સોં હૈ રી ભાંવર** ૧
**ઐસેરી લાલન પર તન-મનધન દીજે સમઝ સયાની**
**પલછીન ઘટત વિભાવર**
**દૂતી કે વચન સુન પ્રેમમગ્ન ભઈ મિલીરી**
**ગોવિન્દ પ્રભુસોં રાખે બાંધ સુહાગ દાંવર** ૨

**ભાવાર્થ :**

દુતી પોતાની સખી તેવી ગોપીને સલાહ આપે છે કે - જો આજે લાલન બનીઠનીને આવ્યો છે. હવે તારા રિસામણાને તેના પર ન્યોછાવર કરી દે. માન છોડી દે. આવી રીતે સમજાવે છે (સામ)

હવે થોડીક ધમકી (દંડ) આપે છે કે અરી, એ તો બહુનાયક છે તેને નાયકીની ખોટ થોડી છે ? તેનું ચિત્ત કંઈ કોઈ એકમાં જ લાગેલ નથી. તેથી માન કરીશ તો તો એ પછી નહિ મળે !

આ જે અહીં આવ્યો છે તેનું કારણ તારું રૂપ અને તારાં ગુણ છે. તેનાથી મોહ પામીને તે ભમરાની જેમ તારી આસપાસ ચક્કર લગાવે છે. (૧)

તારામાં શાણપણ હોય તો તો આવા લાલન પર તન-મન-ધન વારી દઈ પોતાનો કરી લઈએ, જરા સમજ.

એક એક પળ ઓછી થતી જશે તેમ તેમ રસોદ્દીપન પણ ઓછું થશે, તે કેમ નથી સમજતી ?



દુતીનાં આવાં વચનો સાંભળીને ગોપી પ્રેમમગ્ન થઈ અને માન ચાલી ગયું તેથી પ્રભુને જઈને મળી. તથા ગોવિન્દપ્રભુને સુહાગની સામગ્રીથી માંગલિક ગીત વગેરેથી બાંધી લીધા એટલે કે હવે તે ક્યાંય જઈ ના શકે. (૨)

**વિશિષ્ટ ભાવાર્થ :**

ક્યારેક પ્રભુની સેવા કરવાનો મોકો સામે ચઢીને આવે છે. પ્રભુ કૃપાવિષ્ટ થઈને પધારવા ઈચ્છે છે, ત્યારે જીવે નમ્ર બનીને સાનુકૂળ થવું જોઈએ. પોતાના અહંકારને દફનાવી દેવો જોઈએ. પ્રભુએ રમણ કરવા માટે તો નામ રૂપ સૃષ્ટિ બનાવી છે. તેને કંઈ કમી નથી. દરેક રમણમાં તે તો પોતાની જ બનાવેલ પોતાના રૂપ સાથે જ રમણ કરે છે. તેથી તેને કંઈ ફરક નથી પડતો. પણ જીવ પ્રભુ સાથે રમણ કરવા ચાહે છે કે સંસાર (અહંતા-મમતા) સાથે તે જીવે વિચારવાનું છે.

પ્રભુએ જીવના રૂપ-સ્વરૂપનો વિચાર કરીને તથા તેના કોઈક ગુણને આગળ કરીને પ્રમેય કરવા ચાહ્યું છે. તેથી તો તે આજે સામેથી પધાર્યા છે. શ્રીમહાપ્રભુજી કહે છે - પ્રભુ તારી નજીક છે માટે તો તેમનામાં રહેલો રસ તારામાં ઉદ્દીપ્ત કરી રહ્યા છે. ભાવ બની રહ્યો છે. ભાવનું તિરોધાન થશે તો પછી તેમને તારામાં રસ નહિ પડે. આવા કૃપાળુ લાલન - કે જે માત્ર લાડ-પ્રેમથી જ રીઝી જાય તેમને બાંધી રાખવા માટે તો તન-મન-ધન તેમનામાં વિનિયોગ કરી દેવાનો છે. આમાં તનુ-વિત્તજાથી પોતાને ઘરે પધારેલા પ્રભુને રીઝવવા તૈયાર નહિ હોવ તો પછી ભાવનાશ - બીજભાવનો નાશ થશે.

સમજદાર સમજી જાય અને ભાવપૂર્વક ચિત્તનું પ્રવણ કરે તો તો ગોવિન્દપ્રભુ તેની ઈન્દ્રિયોને પોતાનો સાનુભવ જતાવે છે અને તેનાથી બંધાયેલા રહે છે.

**(૯૬) રાગ – નટ** 3/૧૦૩

**ઝૂઠી મીઠી બતીયાં લલન મનુહાર કરન આયે**
**કહા કહીયે તેરે હૃદયકી સુંદરતાઈ જૈસે તન શ્યામ તેસેઈ હો મન**
**તાતેં વ્રજયુવતીન મન ભાયે** ૧
**કિત સકુચત પિય ખરે નિકે લાગત પ્રાણ પીયાકે રંગછાયે**
**ધન્ય ધન્ય હો તે પ્રિયા કોન સુકૃત કીને તાતે ગોવિંદપ્રભુ પિય પ્યારે** ૨

**ભાવાર્થ :**

એમ લાગે છે કે જાણે ઉદ્ધવજી વ્રજ સિમંતીનીઓના ભાગ્યને વખાણે છે. જે

પ્રભુને યોગીઓ હજારો વર્ષોના તપથી રીઝવી શકતા નથી તે પ્રભુ સામે ચડીને ખોટી ખોટી લોભામણી વાતો કરીને ગોપીઓની રીસ ઉતરાવીને મનાવવા આવ્યા છે. પ્રભુનાં અનેક પ્રકારનાં અનેક પ્રકારનાં સૌંદર્ય વેદ-પુરાણોમાં છે પણ આવી હૃદયની ભાવની સુંદરતા તો ક્યારેય નથી દીઠી. આપનો વર્ણ દેહ તો શ્યામ છે તેમ કહેતાં શૃંગારરસ યોગ્ય છે, તેમ આપનું મન પણ શૃંગારરસને યોગ્ય છે તેથી તો આ વ્રજયુવતીઓ કે જે તામસભાવ વાળા જીવ છે તેમને પ્રભુ પ્યારા લાગ્યા છે. (૧)

તેઓ કંઈક સંકોચ પામે છે કેમ કે જ્યારે માહાત્મ્ય વિચારે ત્યારે પોતાની પામરતા જણાય. તેવા પર પ્રભુએ આવી કૃપા કરી, પોતે તેને લાયક છે શું ? (કૃષ્ણભટ્ટનો પ્રસંગ - શું હું ચરણસ્પર્શ લાયક છું ?) પરંતુ આ તો અમારા સ્વામી છે તેવો ભાવ દૃઢ હોવાથી તેમને સાચે જ તે પ્રાણ સમાન પ્રિય લાગે છે. (દેહ પ્રિય છે કેમ કે પ્રાણ પ્રિય છે. પ્રાણ પ્રિય છે કેમ કે પરમાત્મા પ્રિય છે.) પ્રભુ રસરૂપ છે એટલે કે આનંદરૂપ છે એટલે કે સ્નેહભરપૂર છે. તેવો પ્રિયનો રંગ સ્નહેરંગ આ ગોપીજનો પર છવાઈ ગયેલો છે.

આવું બધાંને તો નથી થતું. આ વ્રજ સિમંતીનીઓના બડા ભાગ્ય છે. તેઓ તો સ્ત્રી છે તેમને શાસ્ત્રોક્ત સુકૃત ક્યાં કર્યાં હોઈ શકે ? જે શક્ય જ નથી છતાંય કદાચ કર્યાં હોય તો કેવા પ્રકારના હશે, લાકે છે કે તેમણે પોતાના સમગ્ર અસ્તિત્વને પ્રભુને સમર્પિત કર્યું હશે ! તેથી તે પ્રભુ તેમના થઈને રહ્યા લાગે છે ઉદ્ધવજી માને છે સુકૃતથી જ પ્રભુ મળે પણ અહીં તો પ્રભુ પોતાના ઈચ્છા - કૃપાથી મળ્યા છે. (૨)

**(૯૭) રાગ – નટ** **૩/૧૦૩**

**રૂપ દેખ નયના પલક લાગે નહિ**
**ગોવરધનધર કે અંગ અંગ પર દૃષ્ટિ પરત ચિત રહત તહીં તહીં** ૧
**કહારી કહોં અંગ અંગકી બાનિક ચિતચોર્યો માંગી દહી**
**કુંભનદાસ પ્રભુ કે મિલનકી સુંદર બાત સખીયનસો કહી** ૨

**ભાવાર્થ :**

ગોપી પોતાની સખીને પોતાના પ્રભુ સાથેનો પ્રસંગ કહે છે - આપનું રૂપ જ કોણ જાણે એવું છે કે મારાં આ નયનો પલક મારવાનું ભૂલી ગયાં. જાણે તે રૂપને પીતાં ધરાતાં નથી. પલકાંતર વિરહ-ડરના કારણે પલક જ નથી પાડતા. આપનાં સર્વ



અંગ રસરૂપ છે. મારું ચિત્ત ભ્રમર છે. આ ગોવર્ધનધર એટલે કે મારી ઈન્દ્રિયોનું પોષણ કરવાનું જેણે વ્રત લીધું છે તેવા પ્રભુના સર્વ અંગો રસરૂપ હોવાથી મારું ચિત્ત જે અંગનું ચિંતન કરે છે ત્યાંથી ખસી શકતું જ નથી. (૧)

આપનાં પ્રત્યેક અંગની શું વાત કરવી ? કહી શકવાનું સામર્થ્ય નથી તેવી અગાધ કીર્તિ છે. વળી તેમાં વિચિત્રતા તો એ છે કે મારા ચિત્તને આકર્ષવાનું કામ આપે જ કર્યું. તે એ રીતે કે મારી પાસે આવીને દહી માંગ્યું. અને એ વાણી અને અંગ-રૂપનો પ્રભાવ એવો કે ચિત્ત એમનું બની ગયું. માંગ્યું દહીં અને લીધું ચિત્ત. મારું ચિત્ત, દહીં જેમ માખણ જેવું રસરૂપ નથી તેવું રસરૂપ નથી, છતાં પણ પ્રભુના રસસ્વરૂપે તેને ક્યારે સેરવી લીધું તેની મને જાણ પણ ના થઈ. આ વાત અનહોની જ છે.

મારું મન તો સંસારમાં ભટકનારું કુમન હતું. સુમન નહિ પણ પ્રભુનો દાસ હોવાના નાતે તે મારા પ્રભુ હતા. તેટલા માત્રથી આપે મને પોતાની કરી (મિલન) મને મળ્યા. આવી આપની કૃપાળુતાની વાત ગોપી પોતાની સખીને કહે છે. (૨)

**(૯૮) રાગ – નટ** **૩/૧૦૩**

**મોહન નયન હૂ તે નહિ ટરત**
**વિન દેખે તાલાવેલીસી લાગત દેખત મન જો હરત** ૧
**અશન વસન સેનનકી સુધી આવે સબ કછુ ન કરત**
**ગોવિંદ બલ ઈમ કહત પિયારી તૃસિખ દેરી કેસકે આવે ભરન** ૨

**ભાવાર્થ :**

મોહને એવી મોહની કરીં છે કે મારી દૃષ્ટિમાંથી જતા નથી. ચિત્તમાં જવા માટે દૃષ્ટિ જ દ્વાર છે. જેથી ચિત્તમાં પણ તે જ છે. તેમના સિવાય બીજા કોઈને ચિત્તમાં આંખ દ્વારા પેસવા દેતા જ નથી. એવી મોહની કરી છે.

હવે તે દૃષ્ટિથી પર થઈ ગયા અને ચિત્તમાં ભરાઈને બેઠા. તેથી તેમને નિરખવાની ખૂબ જ તાલાવેલી લાગી છે. તેમની દૃષ્ટિ જ એવી છે કે મનને હરિ લેનાર છે તેથી મનને તેમની તાલાવેલી છે. (૧)

આહાર, વસ્ત્ર, દેહ કશાની સુધ હૂવે રહી નથી.

પ્રભુને જે પ્રિય છે તેવાં પ્યારી હવે કહે છે કે આ તૃષિત -તરસીને (તારાં દર્શન) દે ને ! હું શું કરું કે તે મને ભરી દેવા (ભરન) આવે ?

અહીં સ્વામિનીજીની વિરહ દશા વર્ણવી છે. (૨)

# ગાય બુલાયવે કે પદ

**(૯૯) રાગ – પૂર્વી** 3/૧૦૪

**ગોવિંદ ગિરિ ચઢ ટેરત ગાય**
**ગાંગ બુલાઈ ધૌમર ધૌરી ટેરત વેણુ બજાય** ૧
**શ્રવણ નાદ સુન મુખ તૃણ ધર સબ ચિતઈ સીસ ઉઠાય**
**પ્રેમ વિવશ વ્હે હૂંકમાર ચહું દિશ તે ઉલટી ધાય** ૨
**ચતુર્ભુજ પ્રભુ પટપિત લીયે કર આનંદ ઉર ન સમાય**
**પોંછત રેણુ ધનુકે મુખતેં ગિરિ ગોવર્ધનરાય** ૩

**ભાવાર્થ :**

ગોવિંદ (ગાયોના પાલક - રક્ષક) ગોવર્ધન પર્વત ઉપર ચઢીને દૂર દૂર ગએલી ગાયોને બૂમ પાડીને બોલાવે છે કેમકે હવે સંધ્યા થશે તેથી ઘરે જવાનો સમય થયો છે. આપે વેણુ વગાડી તેમાં ગાંગ, ધૌમર, ધૌરી દરેકને વેણુનાદથી પૃથક પૃથક બૂમ પાડીને બોલાવી. (૧)

આ વેણુનાદ સાંભળતાં જ મોઢામાં તૃણ હતું તે તેમ જ રાખીને પ્રેમ પૂર્વક દૃષ્ટિ કરીને, શીશ ઉઠાવીને, પ્રેમ વિવશ થઈને હૂંક મારવા લાગી અને ચારેબાજુ જે ચરતી હતી તે દિશાથી ઊલટી દિશામાં ધસમસતી દોડવા લાગી. (૨)

પ્રભુએ પિતાંબરનો છેડો હાથમાં ધરી રાખ્યો છે અને આપના ઉરમાં આનંદ સમાતો નથી અથવા આવા પિતાંબરધારી પ્રભુના દર્શનથી ગાયોનો આનંદ સમાતો નથી. ગિરિગોવર્ધનરાય તેવા પ્રભુ ગાયોના મુખ પર લાગેલી રજને પોંછી લે છે અને તે રીતે ગાયોની સેવા કરે છે તથા વ્હાલ કરે છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

જેમને ઈંદ્રમાનભંગ અને ગોકુલ રક્ષણની લીલા કરીને જગતમાં પોતાનું નામ ગોવિંદ - ગાયોના રક્ષક - નાથ પ્રસિદ્ધ કર્યું. નિ:સાધન ભક્તોના, ઈંદ્રિયો ધારીના રક્ષક તરીકે પોતાને પ્રસિદ્ધ કર્યા. જે રહસ્ય માત્ર ભક્ત અને ભગવાન વચ્ચે શરણાગત અને શરણદાતા વચ્ચે જ હતું તે સૌ દૈવીજીવો માટે માર્ગ બની રહ્યું. પ્રસિદ્ધિ બતાવવા માટે 'ગિરિ ચઢ' શબ્દ વાપર્યો છે. પ્રભુ હંમેશા પોતાના ભક્તનો યશ ચાહે છે.



અનવતાર કાળમાં પ્રભુ, મુખારવિંદરૂપ શ્રીઆચાર્યજી દ્વારા નિજજનો જેઓને માન્યા છે તેવા ત્રણ પ્રકારના ભક્તો - તામસ, રાજસ, સાત્વિકને પોતાના વચનામૃતરૂપ વેણુનાદથી બોલાવે છે. તામસને ગાંગ, રાજસને ધૌમર અને ધૌરી તે સાત્વિક છે. (૧)

આપનાં વચનને જો કર્ણમાં ધારણ કરે તો પછી સંસાર તેને તૃણ સમાન તુચ્છ જણાય આપનાં વેણુનાદ ગદ્યમંત્રથી પ્રભુને સમર્પિત થઈ જાય તેથી અસમર્પિતને તુચ્છ જાણે અને પ્રભુમાં (ચિતઈ) અનુરાગ થઈ જાય તેથી સીસ (બુદ્ધિ) ઉપર ઉઠે - હૃદયમાં પ્રેમ જાગે ''વિવશ વ્હે'' આસક્તિ થાય. 'હૂંક માર' વ્યસનાવસ્થા થતાં પ્રલાપ કરે, 'ચહું દિશતે' સર્વ સ્થળેથી સંસારથી વિમુખ થઈ 'ઉલટી' પ્રભુ ગામી ઉમળકા પૂર્વક થાય (ધાય). (૨)

ચતુર્ભુજ પ્રભુ કહેતાં જે પરબ્રહ્મ સ્વરૂપ છે તે જેના ચાર વ્યૂહ છે તેવા કૃષ્ણ રૂપે ભૂતલ ઉપર (પટ) બિરાજી, ભક્તોને આકર્ષીત કરવા પીળું વસ્ત્ર ધારણ કરી હાથમાં ધરી રાખ્યું છે. પ્રભુની આ સંજ્ઞાથી ભક્તોના હૃદયમાં રહેલો આનંદ પરમાનંદ થઈને છલકાઈ જાય છે. અનુભાવ પ્રકટ થઈ જાય છે પરસ્પરમાં. એવા રસ ભરપૂર ભક્તોનું રક્ષણ કરનારા જે ગિરિ ગોવર્ધનરાય બન્યા હતા, ઈન્દ્રકોપ વખતે તે ભક્ત ઉપર લાગેલ શરણાગતિના ભાવરૂપ રેણુને પોંછીને હવે સખ્ય ભાવનું દાન કરવા ચાહે છે. રાસલીલાના દાનનો અધિકાર આપે છે. (૩)

**(૧૦૦) રાગ – પૂર્વી** 3/૧૦૪

**ટેર હો ટેર કદંબ ચઢ દૂર જાત હૈ ગૈયાં**
**તુમ્હારી ટેર સૂનત બગ દેગી પાછે પીજે દૈયાં** ૧
**ઝટકત રઈ પતૂખી ફારત ધાવત નંદ દુહૈયા**
**હમતેં બહુત તિહારે ગોધન, હસત કહા હો ભૈયા** ૨
**આજ હમારી ધિરત ન ઘેરી ઉતહી કો જાત હૈ દૈયા**
**રામદાસ પ્રભુ પર હૂંકત આંવી, હેરી દેત કન્હૈયા** ૩

**ભાવાર્થ :**

સારસ્વત કલ્પમાં પ્રભુએ અનેક લીલા કરીને પોતાના ભક્તોને પ્રસન્ન કર્યા. અહીં સખ્યભાવની લીલા છે. વનમાં ગોપબાળકો સાથે પ્રભુ ગાયો ચરાવે છે.

સાંજનો સમય છે. ગાયોને ભેગી કરવાનો સમય થઈ ગયો છે. પરંતુ તે તો દૂર દૂર ચરવા ચાલી ગઈ છે. તેથી ગોપબાળકો કનૈયાને કહે છે - આપણું ગોધન દૂર દૂર ચાલી ગઈ છે માટે કદંબ ઉપર ચઢીને તેને હાંક મારો. કેમ કે આ ગાયો તો તમારી એવી હેરી છે કે તમારી હાંક સાંભળીને જ તે ભટકી ગયેલી ગાયો પાછી આવશે. (૧)

અમે જાણીયે છીએ કે આપનો ઘૈયાં પીવાનો સમય છે, તેનું પાત્ર પણ તૈયાર છે. પણ તે પછી આરોગજો. જે ભક્ત પ્રતિપાલ છે તથા જેણે સખ્ય સ્વીકાર્યું છે તેવા પ્રભુ ઝટકો દઈને ઊભા થઈ ગયા અને ઘૈયાં પીવા માટેનો જે પાંદડામાંથી બનાવેલો દડીયો હતો તેને ફાડીને ફેંકી દીધો. કદંબ પર ચઢીને નંદજીની દુહાઈ દઈને ગાયોને પૂકારવા લાગ્યા. પ્રભુ પોતાની પ્રભુતા નથી બતાવતા.

ત્યારે ગ્વાલ-બાલ મજાક કરવા લાગ્યા કે અમારું કામ તો ઝટકાથી કરતો નથી જ્યારે દૂધ પીવાનું છોડીને પણ ગાયોને પૂકારવા લાગી ગયો !

ત્યારે પ્રભુ પ્રત્યુત્તર આપે છે અરે ભાઈ શા માટે હસો છો ? અમને તો તમારું ગોધન અમારી જાત કરતાં પણ અધિક પ્રિય છે. (૨)

ગોપબાળકો ભોંઠપ અનુભવે છે અને વાતને વાળી દેતાં કહે છે કે અરે ભાઈ, આ ગાયો આજે અમારી ઘેર ઘેરાતી નથી અને અહીં તહીં પાછી ચાલી જાય છે માટે તને કહ્યું. પ્રભુની હાંક સાંભળીને બધી જ ગાયો હૂંકારા કરતી કરતી પ્રભુ સન્મુખ થઈ ગઈ. (૩)

### વિશેષ ભાવાર્થ :

નિત્ય લીલામાં શ્રીઠાકોરજી જૂએ છે કે ભૂતલ પર જન્મેલા દૈવીજીવો (ગાયો) માયાવાદ તથા સંસારાસક્તિને કારણે (ઘાસની લાલચમાં) પ્રભુથી દૂર થઈ ગઈ છે. એટલે શ્રીઠાકોરજી શ્રીઆચાર્યજીને કહે છે કે - તમે કદંબ પર (આચાર્ય જેવા ઉચ્ચ સ્થાને) ચઢીને તે ભટકેલા જીવોને (ગાયોને) મોટા અવાજથી બોલાવો એટલે કે વેદવાણીથી પણ વિશિષ્ટ - પુષ્ટિવાણી પ્રકટ કરો જે (બગદ) ભટકેલાં છે તે તો આપની આવી પુષ્ટિઆજ્ઞાથી જ પાછાં આવશે.

હું જાણું છું કે હાલ આપ અમારી સાથે રસમગ્ન છો અને તે રસને વિશેષ માણવા માટે તત્પર છો પણ આપ તે રસરૂપ ઘૈયાંને પછી પીજો.



મહાપ્રભુએ જ્યારે પ્રભુનાં વચન સાંભળ્યા ત્યારે તત્સુખ માટે તત્પર તેવા આપ તરત જ કટીબદ્ધ થઈ ગયા, રસકટોરા રૂપ પોતાની દિવ્યભોગ ઈચ્છાને તત્કાલ પૂરતી કચડી નાંખી અને પ્રભુની કહેણી આપીને - નંદદુલારાની કહેણીથી ભૂતલના જીવોના ઉદ્ધારાર્થે ભૂતલ ઉપર પધાર્યા અને ભગવદ્વાણી ઉચ્ચારી.

ત્યારે પ્રભુએ શ્રીઆચાર્યજીને મજાકમાં કહ્યું કે - શું તમોને અમારાથી પણ તમારા સેવકો (ગાયો) ખૂબ વ્હાલા છે કે અમને છોડીને ભૂતલ ચાલી નીકળ્યા !

ત્યારે શ્રીઆચાર્યજીના અંતઃકરણ પ્રબોધમાં જે બે, દેશ-દેહ પરિત્યાગ વાળી પહેલી બે આજ્ઞા અવગણી હતી તેના સંદર્ભમાં કહે છે. શા માટે મજાક કરો છો ? આપની આજ્ઞા તો પાળી રહ્યા છીએ.

ત્યારે પ્રભુ વાતને વાળી લેતાં કહે છે, આ ભટકી ગયેલા જીવો (ગાયો) અમારી જ અંગ સૃષ્ટિ (ધન) છે પણ તેમની સંસારાસક્તિ (ઘાસ ચરવાની ઈચ્છા) એટલી પ્રબળ છે કે આજે તો તે અમારાથી પણ દોરાતી નથી. માટે જ તમોને આજ્ઞા કરી છે. (અમોએ ગાયોને ઘેરવાની લીલા સારસ્વત કલ્પમાં કરી હતી. તેઓ તો નિઃસાધન જીવો હતા પણ આ તો દુષ્ટ સાધન જીવો છે. જેથી તેમને ઘેરવાની લીલા આપ જ કરો)

વસ્તુતઃ કૃષ્ણ એવા શ્રીવલ્લભે પોતાના પ્રબળ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગની હેરી આચાર્યપદેથી દીધી કે તુરત જ જે પુષ્ટિલીલાવાળા ભક્તો હતા તે હોંકારા કરતા કરતાં એટલે કે પ્રસન્નતાપૂર્વક અને પોતે તો ભટકી ગયા છે તેનું ભાન થતાં પ્રભુ તરફ દોટ મારી પાછા વળ્યા.

### ત્રીજોભાવ :

આ મહાપ્રભુની ભૂતલલીલાના સંદર્ભમાં છે. શ્રીઆચાર્યજી યમુના કીનારે ગોકુલમાં બિરાજ્યા છે. વિચારમગ્ન છે કે પ્રભુની આજ્ઞાથી દૈવી પુષ્ટિ જીવોના ઉદ્ધારાર્થ પધાર્યો છું પણ સંસારાસક્ત આ જીવોને સંસાર (ચારો) ખૂબ જ પ્રિય છે. જેથી તે પ્રભુથી દૂર ચાલી ગયા છે. હવે કયો ઉપાય કરવો ? કંઈ સૂઝતું નથી કેમ કે જીવ દોષથી ભરેલો છે અને પ્રભુ તો નિર્દોષ છે.

ત્યારે આર્તીના કારણે આપ પ્રભુને વિનતી કરે છે કે - હે પ્રભુ હવે તો ફરી કદંબના વૃક્ષ ઉપર ચઢીને ફરી એકવાર આપના શબ્દરસને - વેણુરસને વહેતો

કરો કેમ કે સહસ્ત્ર પરિવત્સરથી ભટકી ગયેલા જીવ માત્ર આપના મધુરરવથી પાછા આવશે.

અમે જાણીયે છીએ કે આપ નિત્યલીલામાં ભક્તો સાથેની લીલામાં મગ્ન છો પણ થોડો સમય માટે તે છોડીને પણ આ જીવો ઉપર પણ કૃપા કરો.

શ્રીમહાપ્રભુનાં આર્તીયુક્ત વચનો (ગોપીગીત) સાંભળીને હૃદયમાં બિરાજેલા પ્રભુ બહાર સાક્ષાત્ પ્રકટ થયા અને સહસ્ત્ર પરિવત્સર... ગદ્યમંત્ર કે જે વેણુનાદ સમાન છે તે આ ભટકેલા જીવો માટે આપ્યો. જેમાં તે સામર્થ્ય હતું.

આટલી કૃપા કર્યા પછી પ્રભુ મજાકમાં શ્રીઆચાર્યજી ને કહે છે કે શું તમોને અમારા સુખની પડી નથી કે અમને પૂકાર્યા ? તમને તો તમારા ગોધન જ (સેવકો જ) વ્હાલા છે ? ત્યારે શ્રી આચાર્યજી કહે છે શા માટે મજા કરો છો ? આ પુષ્ટિ સૃષ્ટિ તો આપની જ અંગસૃષ્ટિ છે.

શ્રી આચાર્યજી કહે છે કે અમારાથી આ ભટકી ગયેલા જીવોના ઉદ્ધાર માટે કોઈ શાસ્ત્રોક્ત ઉપાય દેખાતો ન્હોતો માટે તે આપને વિનતી કરી કે આપ હાંક મારો.

પછી તો આ નિવેદનમંત્ર રૂપ હાંકના કારણે જે દૈવી પુષ્ટિસૃષ્ટિ હતી તે દોડતી હૂંકારા દેતી પોતાના નિજધામ ભણી દોડવા લાગી. સંસારાસક્તિ (ઘાસ)ને છોડીને ભગવદાસક્તિ પ્રતિ! *(પ્રપંચવિસ્મૃતિ - ભગવદાસક્તિ* (નિરોધ).

## ભોગ સમય

**(૧૦૧) રાગ – નટ** 3/૧૦૪

**હમેં વ્રજરાજ લાડીલેસોં કાજ**
**યશ અપયશકો હમેં કહા ડર કહિનો હોય સો કહી લેઉ આજ** ૧
**કેંધો કૃપા કરી ધો ન કરી જો સન્મુખ વ્રજનૃપ યુવરાજ**
**ગોવિન્દ પ્રભુકી કૃપા ચાહિયે જોં હેં સકલ ઘોષ સિરતાજ** ૨

**ભાવાર્થ :**

ગોપીને પ્રભુની ખૂબ જ આર્તી થઈ છે. પ્રભુપ્રાપ્તિ માટે અધીરી થઈ ગઈ છે. (ભોગ સમય).

તેથી કહે છે કે હું તો એક જ વાત સમજું કે મને તો આ વ્રજમાં જેમનું રાજ ચાલે છે એટલે કે આ મારો દેહ, આત્મા અને મારું સઘળું તેના પર એકમાત્ર હક્ક મારા



લાડીલા વ્રજરાજનો છે તેથી મારે તો તેમનું જ કામ છે. તેની પ્રાપ્તિ તે જ મારું ધ્યેય છે. તેને માટે મારે જે ભોગ આપવો પડે (ભોગસમય) તે મને મંજૂર છે. સ્ત્રીઓ માટે યશ બહુ મહત્ત્વનો છે તેથી ગોપી કહે છે ભગવદ્પ્રાપ્તિ થયેથી કદાચ કોઈ મારાં વખાણ કરે કે કોઈ મારી નિંદા કરે અથવા જે કંઈ વાણીથી બોલે, કે મનથી વિચારે તે બધાંનું વળગણ મને નથી. મારું વળગણ તો આ મારા ગોવિન્દથી છે. (૧)

હે વ્રજનૃપ (નંદજી) ના યુવરાજ ગોવિન્દ, આપ શા માટે મારી પર કૃપા નથી કરતા ? અને શા માટે સન્મુખ નથી થતા ? હું ફરી કહું છું કે મને કંઈ નથી જોઈતું બસ આપની કૃપા જ ચાહું છું. કેમ કે તમે જ આ સકલ ઘોષ - ઘર - દેહ - સ્ત્રીહૃદયોના માથાના મુકુટ છો. અમારું શિર - સર્વસ્વ તમે જ છો.

**(૧૦૨) રાગ – નટ** 3/૧૦૪

**હોં તો ભઈ વિરહ ખિલાનો અવધિ આસ લગી સજનીરી**
**ઘરીઘરી પલપલ વરસ વરસ જાત** ૧
**વિનકે દરસ વિન પલક લગેં ન પલકોના**
**જોઈ જોઈ કહેં રંગ રટના દેખો પંછી પરવસ રાત જગોનાં**
**કહી ન જાય કહ્યું સુંદર ઘન કે પ્રભુ પ્રીત કરી કે ઘોંટોના** ૨

**ભાવાર્થ :**

હું તો આપના માટે વિરહરૂપ ખેલ બની ગઈ છું. પણ હે સજની, મારી આશા લાગી રહેલી છે, આટલો બધો સમય વીત્યાં છતાં (અવધિ આસ લાગી સજની રી) એક એક ઘડી, પલ-પલ, વરસ-વરસ જઈ રહ્યા છે. પરંતુ મારી પલકો આપનાં દર્શન માટે રાહ જોતી પલકારો પણ નથી મારતી. તેટલી તલસાટ છે. (૧)

આપ ઈચ્છે તેવી સર્વ સામગ્રી સિદ્ધ કરવા માટે તત્પર છું. (જોઈ જોઈ કહે રંગ) મારી વાણીથી રટણ તો જો રાત્રે પંખીઓ શાંત થઈ ગયા પણ હું તો મારા પ્રભુને વશ છું કાળને વશ નથી તેથી રાત્રે પણ જાગું છું. (રટના દેખો પંછી પરવસ રાત જગોના) હવે વિશેષ કહેવા માટે મારી પાસે શબ્દો નથી (કહી ન જાય કછુ) હે સુંદર ઘન પ્રભુ, આપ તો સ્વયં સુંદર છો અને વળી રસઘન છો, સ્વામી છો તેથી આપ તો ચાહે તે કરો પરંતુ એક વાત તો વિચારો કે પ્રીત કર્યા પછી તે પ્રીતનું પાલન કરવું જોઈએ કે તેને રૂંધી નાખવી જોઈએ ? તેને મારવી જોઈએ ? બસ આટલું વિચારીને પણ મારા પર કૃપા કરો. (પ્રીત કરી કે ઘોંટો ના) (૨)

# આવની કે પદ

**(૧૦૩) પૂર્વી** 3/૧૦૪

આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય
ગોવિંદ કો ગાયનમેં બસવોઈ ભાવે
ગાયનકે સંગ ધાવે, ગાયનમેં સચુ પાવે
ગાયનકી ખુર રેણું અંગ લપટાવે ૧
ગાયનસોં વ્રજ છાયો વૈકુંઠ વિસરાયો
ગાયનકે હેતુ કર ગિરિ લે ઉઠાવે
**છીતસ્વામી ગિરિધારી વિઠ્ઠલેશ વપુધારી**
ગ્વારીયાકી ભેખ ધરે ગાયનમેં આવે ૨

**ભાવાર્થ :**

સાંજનો સમય છે, પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે તે સમયે, દૂરથી આપના દર્શન કેવા થાય છે તેનં વર્ણન કરે છે.

કે પ્રભુ ગાયોની મધ્યમાં રહીને પધારે છે એટલે કે આપની આગળ પણ ગાયો છે. પાછળ પણ ગાયો છે, નજિકમાં પણ ગાયો છે અને દૂર સુધી પણ ગાયો છે. એમ જ લાગે છે કે જાણે જેમણે ગોવિંદ નામ ધર્યું છે તે સાર્થક કરવા માટે આપને ગાયોની મધ્યમાં બિરાજવું જ ગમે છે. ગાયો દોડે છે તો સાથે આપ પણ દોડે છે. આપ ગાયોની પ્રત્યેક ક્રિયામાં આનંદ અનુભવે છે. તે એટલે સુધી કે ગાયોના દોડવાથી ખરીથી ઉડતી રજને પણ પોતાના અંગે લપટાવવામાં આનંદ માને છે. આવી આપની ગાયો પ્રતિની વાત્સલ્યતા છે, ગાયો પ્રતિની ભક્તિ છે. (૧)

આખું વ્રજમંડળ ગાયોથી છવાઈ ગયું છે. એટલી ગાયોની વૃદ્ધિ આપના સ્નેહને કારણે થઈ ગઈ છે અને આપનો ગાયોમાં એટલો બધો નિરોધ સિદ્ધ થઈ ગયો છે કે આપ પોતાના નિત્યધામ વૈકુંઠને પણ વિસરી ગયા હોવ તેમ જણાય છે. ગાયો પ્રતિનું કલ્યાણ કરવાની ભાવના એટલી બધી છે કે જ્યારે ઈંદ્રે રોષ કરીને ભારે વર્ષા કરી ત્યારે આ ગાયોના રક્ષણ માટે તથા તેમના ઘાસ-ચારા અને વિહારના ધામ રૂપ ગોવર્ધન ગિરિને ઉઠાવી લીધો. એટલે કે અશક્ય તેવા સર્વ કાર્યો નિજજનો માટે કરવા શક્ય કર્યા. જે સ્નેહવશ આપ ભૂતળ ઉપર પધાર્યા તેને ખાતર મહાત્મ્ય પ્રકટ કરતાં પણ ન અચકાયા.



પરંતુ છીતસ્વામીજીનો ભાવ તો એવો શ્રીગુસાંઈજી પ્રતિનો છે કે આ જે ગિરિધારી છે તે જ ફરી વિઠ્ઠલેશ નામનો દેહ ધરીને પધાર્યા છે. જેમણે ગ્વાલનો વેશ ધારણ કર્યો હતો તે પરબ્રહ્મ પરમાત્મા પુરૂષોત્તમ જ આ ગાયોની વચ્ચે પધાર્યા છે તે જ વિઠ્ઠલેશ પ્રભુચરણ છે. (૨)

**વિશેષ ભાવાર્થ :**

પુષ્ટિપ્રભુ ભૂતલ પર અવતારી રૂપે જે પધાર્યા છે તે અસુરોના સંહાર માટે નહિ પણ જે ભક્તો છે, જે નિર્ગુણ નિઃસાધન ભક્ત છે તેમના હિતાર્થે પધાર્યા છે. જેથી આપ હંમેશા તેવા ભક્તો (ગાયો)થી વિંટળાયેલા રહે છે.

(તાદૃશ વેષ્ટિતઃ) ભક્તોનો સાથ તે એક ક્ષણ પણ છોડતા નથી. ભક્ત દોડે તો તેની સાથે દોડે છે. ભક્તને પ્રભુની આર્તી થાય, પ્રભુ પ્રકટ ન જણાય ત્યારે તેનું ચિત્ત પ્રભુ તરફ ખૂબ જ ઝડપથી દોડે છે તો પ્રભુ પણ તેવા ભક્ત માટે દોડે છે. પ્રભુ જે સ્વાનંદતુંદિલ છે તેવા પ્રભુ ભક્તના સુખે ખુશી વ્યક્ત કરે છે અને ભક્તના દુઃખે દુઃખી થાય છે. (ડોશીમાના બે છોકરા મરી ગયા તેનો શોક પાળીને તે સ્વરૂપ આજ પર્યંત માથે ટોપી નથી ધરતા અને આપનો ભક્તપ્રેમ એટલો ચરમસિમાએ પહોંચે છે કે ભક્ત ભોક્તા બને છે અને પોતે ભોગ્ય બને છે. (ગાયનકી ખુરરેણુ અંગ લપટાવે) તેવા ભક્ત માટે તો આપ પોતાનું નિત્યધામ પણ ભૂલી જાય છે. (ભગવાન દ્વારકામાં હોવા છતાં વ્રજભક્તોને યાદ કરતા હતા ત્યારનો પ્રભુની પટરાણીઓ સાથેનો સંવાદ)

વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ આવું ત્યાં વ્રજ ભક્તો ક્યાંથી લાવું ?

આવા ભક્તો માટે પ્રભુ કોઈ પણ કાર્ય કરવા તત્પર થઈ જાય છે. ભક્તોને પોતાનાથી ભિન્ન નથી ગણતા, નથી જાણતા. પ્રભુ તેવા ભક્તના હિતકારી છે. અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિ...

હરિસ્તુ સર્વતો રક્ષામ્ કરિષ્યતિ ન સંશયઃ

શ્રીવિઠ્ઠલેશ પણ પોતાના શિષ્યોનું હિત કરવાવાળા છે. પોતાના ભક્તોને પોતાની અંગસૃષ્ટિ જાણે છે. જેથી તેમના દુઃખે દુઃખી અને તેમના સુખે સુખી છે. (ચાચાજીને ઠોકર વાગી તો આપશ્રીની આંખો દુખવા આવી) પોતાના ભક્તો - શિષ્યો માટે આપ ચિંતામણિ અને કલ્પદ્રૂમ સમાન છે. આપ અહીં વિપ્રવેશ ધારી છે પણ આપ હરિ જ છે.

## (૧૦૪) રાગ - ગોરી

3/૧૦૫

હાંકે હટક હટક, ગાય ઠઠક ઠઠક રહી
ગોકુલ કી ગલી સબ સાંકરી
જારી અટારી ઝરોખન ઝોખન ઝોંકત
દૂર દૂર ઠોરે ઠોર તે પરત કાંકરી ૧
ચંપકલી કુંદકલી વરસત રસભરી
તામેં પુન દેખિયત લીખે હૈં આંકરી
**નંદદાસ** પ્રભુ જહીં જહીં દ્વારે ઠાડે હોત
તહી તહી વચન માંગત લટક લટક જાત
કાહૂ સો હાં કરી કાહૂ સે ના કરી ૨

**ભાવાર્થ :**

પ્રભુ ગાયોને હંકારીને સાંજ ગોકુલમાં પધારી રહ્યા છે ત્યારે હા હા શબ્દોના ઉચ્ચાર કરીને હાંકી રહ્યા છે ત્યારે ગાયોના ચાલવાનો અવાજ ઠર ઠર જેવો આવી રહ્યો છે. જ્યાંથી ગાયોનો સમૂહને આપ હાંકી રહ્યા છે તે ગલીઓ ઘણી સાંકડી છે અને ત્યારે ગોપીઓ પ્રભુના દર્શન માટે અધિરી થઈને કોક જાળીમાંથી તો કોઈક અગાશી પરથી તો કોઈ ઝરુખા પરથી તો કોઈ ગવાક્ષમાંથી આપની ઝાંખી કરી રહી છે. અને સાથે સાથે પોતાના તરફ ધ્યાન દોરવા માટે દૂર દૂર ઊભી રહેલી તથા આજુબાજુમાં ઊભી રહેલી ગોપીઓ કાંકરી પ્રભુ ઉપર નાખી રહી છે.(૧)

પરંતુ કાંકરી ચંપાનીકળી તથા કુંદની કળીમાં વીંટાળીને વરસાવી છે. પ્રભુ તે કાંકરીને ઉઠાવીને ખોલીને જૂએ છે. કળીમાં કંઈક લખ્યું છે તે જુએ છે. તેથી પ્રભુ તેના દ્વારે ઠાડા રહે છે ત્યાં ત્યાં તે તે ગોપી પ્રભુ પાસે મિલન માટે વચન માંગે છે. ત્યારે પ્રભુ કોઈને હા કહે છે તો કોઈને ના કહીને લટકાળી ચાલથી પાછા ગાયો સાથે ચાલી નીકળે છે. ના કહેવાનો અર્થ એ કે કાલે જે હું કહેવા છતાં આવ્યો નહોતો તેવું હું આજે નહિ કરું.

**વિશેષ ભાવાર્થ :**

અનવતારકાળમાં શ્રીવલ્લભે જે, ગ્રંથોથી મર્યાદા મૂકી છે તદ્નુસાર ચાલવું જોઈએ (હાંકે) જીવકૃત કે ભગવદકૃત પ્રતિબંધો પણ આવે (હટક હટક) પરંતુ જીવે (ગાયો) તો શ્રીઆચાર્ય વચનો પ્રતિ પ્રતિબદ્ધ અડગ (ઠઠક-ઠઠક) જ રહેવાનું છે. જેમાં સૌ પહેલું વચન છે કે દૈવી જીવો (ગોકુલ) એ અનન્ય આશ્રયે રહેવું (ગલી



સાંકરી). અનેક દેવોને આશ્રિત થવા જેટલી આ ગલી પહોળી નથી. આમાં તો માત્ર એક કૃષ્ણ જ પસાર થઈ શકે. ''તુમ્હારે સેવક દૂબલે ક્યું ?'' આવી સાંકડી ગલીમાંથી જવાનું છે માટે. અને એક કૃષ્ણ એક ગોપીનો આ માર્ગ છે. ટોળાં માર્ગ નથી, તેથી તો ગૃહસેવાની મુખ્યતા છે. પ્રભુને નિહાળવાના છે. માત્ર આંખોથી નહિ પણ દરેક ઈંદ્રિયોના છિદ્રોથી. આ દર્શન માર્ગ નથી, સેવા માર્ગ છે. સર્વ ઈંદ્રિયોના વિનિયોગનો માર્ગ છે. (જારી-અટારી-ઝરોખન-મોખન ઝાંખત) પ્રભુ પ્રતિ ચારે કોરથી પડવાનું છે. (દૂર દૂર ઠોર ઠોર તે) અને નિ:સાધન ભાવથી પ્રભુને સન્મુખ થતાં કાંકરી - કીંકરી (ગોપીગીત) દરેક ભાવથી રાખવાનો છે. (સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:) તે ભાવ સુકોમળ પ્રભુને પ્રસન્ન કરે તેવાં, નાસિકા ચક્ષુ વગેરે ને સુખ થાય તેવા પુષ્પ સમાન હોવા જોઈએ અને તેમાં હૃદયનો રસ ભરીને વરસી પડવાનું છે (પૂર્ણ ભાવથી) ત્યારે પ્રભુ તે ભાવને તપાસશે કે તેમાં માહાત્મ્યજ્ઞાન પણ છે કે નહિ ? કેમ કે અનવતારકાળમાં ભક્તિની વ્યાખ્યા પ્રમાણે તે જરૂરી છે. (પુન દેખિયત લીખે હે આંકૂરી) ત્યારે પ્રભુ પ્રસન્ન થઈને દરકે ઈંદ્રિયોમાં બિરાજવા તત્પર થઈને ઠાડા રહે છે. ત્યારે તે તે ઈંદ્રિયો પ્રભુ પાસે વચન માંગે છે કે પ્રભુ ''અનત ન જઈએ રહિયે મેરે હી મહલ'' પરંતુ પ્રભુ સ્વામી છે. સ્વામીનો સ્વામી કોઈ છે ? પ્રભુ હંમેશા જીવ માટે હિતકારી વચનો જ કરે. કેમ કે આપ ''સત્ય સંકલ્પ તો વિષ્ણુ:'' છે. તેથી કોઈ ગોપીના હિતમાં તેને હા કહે છે તો કોઈને ના કહે છે અને તેમાં પણ જીવે તો પોતાનું હિત કે પરીક્ષા અર્થે, ધૈર્ય ધારણ કરવા વિચારવું કે પોતાની કાચી દશા છે. ''અપનો દોષ તું દેખ સખી રી ઉન કો કછૂ નવ કહીયે''.

પ્રભુ પોતાની લટકતી ચાલે જતા હોય તેના દર્શન પર વારી જવાનું.

## (૧૦૫) રાગ - ગોરી

3/૧૦૫

ગૌરજ રાજત સાંવલ અંગ
દેખ સખી બનતેં વ્રજ આવત ગોવિન્દ ગોધન સંગ ૧
અંબુજ વદન નયન યુગખંજન ક્રીડત અપને રંગ
કુંચિત કેશ સુદેશ માનોં અલિ શોભિત યે સંગ પ્રસંગ ૨
કબહૂંક વેણું બજાવત કર ધર નાના તાન તરંગ
**ચતુર્ભુજ** પ્રભુ ગિરિધરનાગર પર વારો કોટિ અનંગ ૩

## ભાવાર્થ :

સાંજના સમયે પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે. ત્યારે એક ગોપી પોતાની સખીને દૂરથી પધારતા પ્રભુને બતાવીને પોતાનો પ્રેમ પ્રકટ કરી રહી છે. જો સખી, વનમાંથી વ્રજમાં ગોવિન્દ ગાયોના સંગે પધારી રહ્યાં છે. આપનો સાંવળો વપુ-અંગ ઊડતી ગોરજથી છવાયેલો છે. (૧)

હવે પ્રભુ થોડાક નજીક આવતાં સઘળા અંગ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે તેથી આગળ વર્ણન કરે છે કે આપનું વદન અંબુજ (જળમાંથી પેદા થયેલ) સમાન છે. તેમાં જે બે નયન છે તે જાણે ખંજન પક્ષી જેવા છે. તેઓ જાણે સ્વતંત્ર ક્રીડા કરે છે. (આંખ નચાવે છે) ભમરા સમાન વાંકડીયા મનોહર વાળ જાણે તેઓની સાથે શોભી રહ્યા છે અને આ એક જ દૃશ્ય હોય તેમ લાગે છે. (૨)

પ્રભુ જ્યારેક વેણુ બજાવે ત્યારે જાણે તે જળમાં તરંગ ઉઠતા હોય તેમ જણાય છે. આવા ચતુર્ભુજદાસના પ્રભુ કે જે ગિરિધરનાગર છે તેમના સૌંદર્ય ઉપર કરોડો કામદેવને વારી ન્યોછાવર કરી દઉં છું. (૩)

## વિશેષ ભાવાર્થ :

જે ઇંદ્રિયધારી (ગો) ભક્ત પોતાને રજ (નિઃસાધન) માને છે તેને પ્રભુ પોતના સ્વરૂપાનંદનું સુખ આપે છે. જો સખી, આ પ્રભુ કેવા કૃપાળુ છે કે જે વ્યાપી (વન) વૈકુંઠમાં સર્વ સ્થળે બિરાજે છે તેવાં પરબ્રહ્મ વ્રજમાં પધારી રહ્યાં છે. કેમ કે આપ આ ભૂતળ પરના દૈવી ભક્તોનું કલ્યાણ કરવા વાળા ગોવિંદ છો અને આપ સદા ભક્તો (ઇંદ્રિયધારી-ગો)થી વિંટળાયેલા રહો છો કે જેમનું ધન-સંપત્તિ આપ જ છો. આપ અંબુજ-કમળ સમાન સ્વરૂપવાળા, કોમળ, સુગંધિત, નિર્મળ મનોહર છો. (વદન-કથન) આપની વાણી પણ તેવી જ મધુરી છે. અંબુજ કહેતાં અંબ - જનની. સર્વ જેમાંથી પેદા થયા છે તેવા આપ છો. જળમાંથી પૃથ્વી પેદા થઈ છે તેવા ઉપનિષદ વાક્યો છે તેથી પૃથ્વી - ભૂતળનું કારણ પણ આપ છો. વદન - નાદસૃષ્ટિ પણ આપ છો, નયન - વહન કરનાર , યુગ - કાળના નિયામક પણ આપ છો. ખંજન - આપ ચંચળ છો. એટલે કે આપને વશ કરવા સરળ નથી. ખંજ - પગને જકડવું. જગતની ક્રિયાશક્તિને રોકનાર પણ આપ જ છો. આપ આપની ઇચ્છા મુજબ જ ક્રીડા કરવાવાળા સ્વતંત્ર છો. કુંચિત - વાંકડીયા, સૌને ભ્રમિત કરી દેનાર. કેશ - બ્રહ્માની એક પ્રકારની વિશિષ્ટ શક્તિ - વિષ્ણુ. આપ જ સૌને ભ્રમમાં નાખી દેનાર વિશિષ્ટ શક્તિને ધારણ કરનાર પરબ્રહ્મ વિષ્ણુ (કૃષ્ણ) છો.



(બ્રહ્માએ વાછડા ગોપોનો પ્રસંગ) છતાં પણ આપ (વ્રજભક્તોના) મનનું હરણ કરવાવાળા છો. આપ આવા સમર્થ પરબ્રહ્મ હોવા છતાં આપની શોભા તો ભક્તો (કૃષ્ણ)ની પાછળ મુગ્ધ થઈને ફરો છો તેવાં ભ્રમર છો. (અહીં શોભિત વે સંગ પ્રસંગ)

અનવતાર કાળમાં આપ શ્રીઆચાર્યજી રૂપે થઈને આપના અધરામૃતનું પાન આપના નામ-રૂપ લીલા વચનો દ્વારા કરાવો છો. તેવા વાણીતરંગો ઉપર જે વિહાર કરે છે અને કરાવે છે તે શ્રીવલ્લભ છે.

સ્ફુરત્ કૃષ્ણ પ્રેમામૃત રસ ભરેણાતિ ભરિત<br>
વિહારાન્ કુર્વાણા વ્રજપતિ વિહારાબ્ધિષુ સદા<br>
પ્રિયા ગોપીભર્તુ સ્ફુરતુ સતતં વલ્લભમહિતિ

એવા પ્રભુ કે જે ચારેય યુગમાં ચારેય પુરુષાર્થરૂપ છે અંતઃકરણના ચારેય વિભાગ (મન, બુદ્ધિ-ચિત્ત, અહંકાર)ના વિષય બનવા લાયક છે. અંતઃકરણના કાર્ય (વિચાર નિશ્ચય સ્મરણ અને અનુભવ) કરવા લાયક છે, જેની કૃપા (આરૂઢ પતીતતા, લૌકિક બુદ્ધિથી વેદશાસ્ત્રની નિંદા, પરસ્ત્રી ગમન, વિદ્વાન ભગવદ્ ભક્તો કે બ્રાહ્મણની ઇર્ષ્યા, વેદવિરુદ્ધ આચરણ)માંથી ઉગારનાર છે. ચારે વર્ણ તથા ચારેય આશ્રમમાં જે એક માત્ર ભજવા લાયક છે. ચારેય પ્રકારના સાયુજ્ય, સાલોક્ય, સારૂપ્ય, સામિપ્ય ફળ આપનાર છો. જેમના ચરણમાં ચાર પ્રકારના ધર્મ (સત્ય, દયા, તપ અને પવિત્રતા) બિરાજે છે. ચારેય પ્રકારથી (જ્ઞાન, યોગ, શિવભક્તિ તથા વિષ્ણુભક્તિથી) પ્રાપ્ત મોક્ષ આપનારા પણ જે છે તે, ચારેય પ્રમાણ ગ્રંથમાં પ્રમાણરૂપ (વેદ, બ્રહ્મસૂત્ર, ભગવદ્ ગીતા, શ્રીમદ્ભાગવત)માં પણ આપ છો. પુષ્ટિમાર્ગીય મોક્ષ (સેવોપયોગી દેહ, ભગવલ્લીલા દર્શન, ભગવદ્ રસાનુભવ, સર્વાત્મભાવ) આપનારા પણ આપ છો. ચાર પ્રકારના પ્રલય (નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક, આત્યંતિક) કરનાર પણ આપ છો. ચારેય પુષ્ટિ અવતાર (કૃષ્ણ, રામ, નૃસિંહ, વામન) લેનાર પણ આપ છો. સ્નેહના ચારે ય સ્વરૂપ (પ્રેમ, આસક્તિ, વ્યસન, તન્મયતા)નું દાન કરનાર પણ આપ છો. ચારેય સ્વામિનીજી (રાધિકાજી, ચંદ્રાવલીજી, રાધા સહચરીજી, યમુનાજી) જેમના સંગે બિરાજે છે તેવા આપ છો. ચારે ય ગુણો (તામસ, રાજસ, સાત્વિક તથા નિર્ગુણતા)ના કારણરૂપ પણ આપ છો.

## (૧૦૬) રાગ – પૂર્વી 3/૧૦૫

ધરે ટેઢી પાગ ટેઢી ચંદ્રિકા ટેઢે ત્રિભંગી લાલ
કુંડલ કીરણ માનો કોટી રવિ ઉદય હોત ઉર રાજત વનમાલ ૧
સાંવરે વદન પિતાંબર ઓઢે બજાવત મુરલી મધુર રસાલ
**નંદદાસ** વનતે વ્રજ આવત સંગ લીયે વ્રજબાલ ૨

**ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે. તે સમયના પ્રભુના સ્વરૂપનું વર્ણન નંદદાસજી કરે છે. આપશ્રીએ પાઘ જે શિર પર ધરી છે તે થોડી વાંકી છે અને તે પાઘની ય ઉપર જે ચંદ્રિકા બિરાજે છે તે પણ થોડી વાંકી છે અને આપનું પૂરું શ્રીઅંગ પણ ત્રણ જગેથી ટેઢું છે. એક કંઠ પાસે, બીજું કમરે અને ત્રીજું ચરણારવિંદ પાસે આમ આપ ત્રિભંગી સ્વરૂપે છે. આપના કર્ણમાં બિરાજતા કુંડલમાંના હીરા ઉપર સૂર્ય કિરણો પડતાં જે ચમક પ્રકટ થાય છે તે જાણે કરોડો સૂર્ય ઉદય થયા હોય તેવી છે. આપના શ્રીકંઠમાં હૃદય સુધી પહોંચતી વનમાલા શોભી રહી છે. (૧)

આપનું મુખારવિંદ સાંવળું છે. આપે પિતાંબર ધારણ કર્યું છે અને આપ મુરલી બજાવી રહ્યા છે જેનો સ્વર સૂર-નાદ - રવ બધું જ મધુર એટલે કે કર્ણપ્રિય છે અને સાથે રસાલ છે એટલે કે ભાવોદ્દીપક છે. આવા પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે અને આપના સંગમાં વ્રજના ગોપબાળકો પણ છે. નંદદાસજીને આવાં દર્શન થતાં નિરોધ સિદ્ધ થયો છે. (૨)

**વિશેષ ભાવાર્થ :**

પ્રભુ ઈશારાથી જીવને સમજાવી રહ્યા છે કે ભૂતલ પર સંસાર પ્રવાહમાં વહી રહેલો જીવ પ્રભુ સન્મુખ કેવી રીતે થઈ શકે ? પ્રભુ વનમાંથી વ્રજ પ્રતિ એટલે કે જ્યાં જીવ ભટકી રહ્યો છે તે દિશામાં પધારી રહ્યાં છે. જીવ નિઃસાધન છે. તે સામે પ્રવાહે તરીને કિનારે આવી શકે તેવું તેનું સામર્થ્ય નથી. તેથી તો કૃપાળુ પ્રભુ ઈશારો કરે છે (ભીમ-જરાસંધના યુદ્ધ વખતે નિર્ણાયક ઈશારો પ્રભુએ કર્યો હતો, તે ભક્ત વત્સલતાના કારણે જ). પ્રભુએ પાઘ ટેઢી ધરી છે. ચંદ્રિકા પણ ટેઢી ધરી છે અને પોતે પણ ત્રિભંગી ત્રણ રીતે ટેઢા થઈને કહે છે - સામે પ્રવાહે નહિ, પ્રવાહની દિશામાં નહિ પણ થોડું ટેઢું તરશો તો પ્રવાહમાંથી બહાર નિકળવામાં પ્રવાહ જ ઉપયોગી થશે. તમારે થોડોક પ્રયાસ સ્વયં કરવાનો છે. કલિકાળ વિસમ છે જેથી ટેઢા થવું જરૂરી છે. ત્યાગ નહિ, રાગ નહિ, પણ પ્રભુમાં વિનિયોગ કર્યા



પછી આપના પ્રસાદરૂપે ભોજનની ભાવનાથી ભોજન લેવું. આ ટેઢી રીત. શિરના રક્ષણરૂપ જે પાઘ જે સર્વોચ્ચ સ્થાને છે તે વેદના વચનો પણ થોડા ટેઢા, કરીને અનુસરો, તેવા વેદમાં ચંદ્રિકા રૂપ સ્નેહ તત્ત્વને શોધીને. તે સ્નેહ પણ ટેઢો, તે રીતે કે મને પુત્ર-મિત્ર વગેરે સર્વ પ્રિય છે પણ તે પ્રભુને સમર્પિત હોવાના કારણે પ્રિય છે. આત્મા પ્રિય છે કેમ કે પરમાત્મા પ્રિય છે. આમ પ્રિયત્વને થોડુંક ટેઢું કર્યું. પ્રભુનું સ્વરૂપ પણ ટેઢું ત્રિભંગી છે. કોઈપણ એક લીલામાં સ્થિત થઈ જવાથી પૂર્ણ પ્રભુનો સાનુભવ નહિ થાય. પ્રભુને પૂર્ણ રીતે જાણવા તો જોઈશે. તેથી તો ભક્તિની વ્યાખ્યા મહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ કરી છે. પ્રભુની બાળલીલા, કીશોરલીલા, પ્રૌઢ લીલા ત્રણે પ્રભુની લીલા છે તેમ જાણો. ત્રિભંગી પાસેથી ભંગીના કારણે ચિત્તની સ્થિરતા થાય છે. સ્થિરની સામે ચિત્ત ચલીત થાય અને અસ્થિરની સામે ચિત્ત સ્થિર થાય તેવો (મન-ચિત્ત)નો સ્વભાવ છે.

આપના કુંડલ કે જે સાંખ્ય અને યોગ છે તે જ્યારે ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે સાંખ્ય યોગ રૂપ સૂર્ય કિરણોથી કરોડો ઘણો પ્રકાશ ફેલાવે છે. સાંખ્યથી ભગવાન સંબંધી જ્ઞાનરૂપ પ્રકાશ અને યોગથી બુદ્ધિની સ્થિરતારૂપ પ્રકાશ ચિત્તમાં ફેલાય છે. જેને ભગવત્ સાયુજ્યમાં સાધનરૂપ ભગવાન બનાવે છે. પણ અહીં તો ભક્તિ-સૂર્ય ઉદય થતાં (ભક્તિ માર્ગાબ્જમાર્તંડ) સમસ્ત દેહ-ઈન્દ્રિયો તથા અંતઃકરણ ભગવદ્ સ્વરૂપથી પ્લાવિત થઈ જાય છે. વનમાલા કહેતાં - જે ભક્તોની મંડલી છે અને જેઓ નિઃસાધન છે તેવા ભક્તો કે જે શ્રીમહાપ્રભુ રૂપ સૂત્રથી જોડાયેલા છે, તેવાઓને તો પ્રભુ પોતાના હૃદય ઉપર સ્થાપિત કરી અંગ સ્પર્શનો આનંદ આપે છે, ભજનાનંદનું દાન કરે છે. ત્યાં પ્રભુ ભોગ્ય બને છે અને ભક્તો ભોક્તા બને છે. આ જ તો પુષ્ટિ ભક્તિ માર્ગની ચરમસીમા છે.

આપનું વદન કહેતાં - વાણી - વાક્પતિ શ્રીવલ્લભના વચનો સાંવળા - જળભરપૂર મેઘ સમાન છે. એટલે કે સ્નેહથી ભરપૂર છે. થોડા જ જીવના પ્રયાસથી અઢળક વરસી પડે તેવા કૃપાનિધાન છે. પરંતુ તેમાં વિચિત્રતા આણવા, ચમત્કૃતિ આણવા, ઉત્સવનો ઉમળકો પ્રટકાવવા અને મહાત્મ્યજ્ઞાનને ન ભૂલવા માટે આપ અંબર ધારણ કરે છે (પિત) સ્નેહથી યુક્ત તેવું ભક્તિરૂપ પિતાંબર ધારણ કરે છે. આ 'સુખ સેવ્ય' સ્વરૂપ છે અને આ જ પિતાંબર પ્રભુના શ્રીઅંગના દર્શનમાં અવરોધરૂપ આપની દિવ્ય માયાશક્તિ પણ છે, જેથી અનધિકારી માટે આપ 'દુરારાધ્ય' બની શકે છે.

આપ શ્રીવલ્લભના રૂપે વાણી પ્રકટાવી રહ્યા છે, આ વાણી (મુરલી) જીવના દોષોને

દૂર કરીને પ્રતિબંધો હટાવનારી છે. છતાંય તે પ્રેમભાવને પ્રકટાવનાર મધુરી છે (મધુરાષ્ટક) અને રસથી ભરપૂર છે કે જેથી ભક્તમાં પ્રભુ પ્રત્યે રસ પ્રકટે. જે રસ પ્રકટાવી શકે તે રસ. તેવી રસાળ વાણી છે. (વલ્લભાષ્ટક, કૃષ્ણ પ્રેમામૃત-૫-૭)

આવા કૃપાળુ વલ્લભ નિત્યધામ રૂપ વન (રહપ્રિય) (હરિ તેરી લીલાકી સુધી આવે) છે તેમાંથી દૈવી જીવોના ઉદ્ધારાર્થે ભૂતલ ઉપર પધાર્યા છે, વ્રજમાં પધાર્યા છે અને આપ આ કાર્ય જલ્દી સિદ્ધ થાય માટે વ્રજબાલ રૂપ પોતાના નિર્ગુણ (૮૪) ભક્તો સાથે પધાર્યા છે. જેથી દૈવી જીવોદ્ધારની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે. જે બિંદુ રૂપ આપ છે તે જ નાદરૂપે વિસ્તરે છે. 'એકો હં બહુસ્યામ્'ની આ લીલા છે તેવું ભાન કરાવે છે. તેથી તો કહે છે ઈશ્વરવાદ તો ગોકુલ પૂરતો સિમિત રહે જ્યારે ભક્તિવાદ તો બધે વિસ્તરે.

આપના ત્રિભંગી સ્વરૂપમાં ચરણથી દાસ્યભક્તિ, કમરથી સખ્ય ભક્તિ અને કંઠથી આત્મનિવેદન ભક્તિ સિદ્ધ થાય છે. આ ત્રણે ભક્તિ જીવસાધ્ય નથી, પ્રભુના દાનથી સિદ્ધ થાય. દાન લીલામાં જીવ પ્રભુને સમર્પિત થાય છે અને પ્રભુ તેને સ્વસમર્પણનું દાન કરે છે. પ્રભુની આ પ્રમેય લીલા છે. ત્યાં જીવની ઈચ્છા અનીચ્છાનું કોઈ જ મૂલ્ય નથી. ભક્તિમાં પ્રભુની ઈચ્છા સાકાર બની શકે તેવો જીવે મનોરથ કરવાનો છે. સામર્થ્ય પ્રકટ કરવાનું નથી એટલે કે બળ-આગ્રહ નથી રાખવાનો !

## (૧૦૭) રાગ – પૂર્વી 3/૧૦૫

મોંસો ક્યોં ન બોલે રે નંદકે લાલ
તેરો કહા લીયે જાત
છાંડ દે અંચલ, હોત હે ગહરન, જાનત હો એસી બાલ ૧
વનતે આવત, કમલ ફિરાવત, તાપર ગાવત તાન રસાલ
ધોંધીકે પ્રભુ હાંથ દૂર રાખો, ટૂટેગી મોતીન માલ ૨

**ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી સાંજે પધારી રહ્યા છે ત્યારે એક ગોપી, સામે જઈને પ્રભુને મળી તેમની સાથે વાતો કરવા માગે છે પણ પ્રભુ તો અત્યારે અંતરરામ થઈ ગયા છે તેથી ગોપી કહે છે કે - હે નંદના લાલ, તમે મારાથી કેમ બોલતા નથી? હું તમારું શું લઈ લેવાની છું ?

ત્યારે પ્રભુ બોલ્યા વગર તે ગોપીની ઓઢણીનો છેડો પકરે છે પણ બોલતા નથી એટલે ગોપી ખિજાઈને કહે છે - મારો છેડો મૂકી દે, મારે ઘેર જવાનું મોડું થાય છે. (ઉલટી બાઝે છે) મને એવી તેવી ન સમજી લેશો. (૧)



પણ પ્રભુ તો મસ્તિમાં છે તેથી વનમાંથી આવતાં હાથમાં એક કમળને લઈને તેને ફેરવી રહ્યા છે. અને સાથે સાથે રસયુક્ત ગાન ઊંચા તાનમાં ગાઈ રહ્યા છે

એટલે ગોપી વધારે ખીજાઈને કહે છે, બોલવું નથી અને હાથ તો હવે ઓઢણીથી ઉર સુધી આવી ગયો છે. તે હાથને છેટો રાખો, મારી માળા તૂટી જશે.

ગોપી વાતો કરાવીને પોતાના તરફ પ્રભુનું ધ્યાન દોરવા ચાહે છે. પણ પ્રભુ તો પોતાની મસ્તિમાં ઝૂમી રહ્યા છે.

**વિશેષ ભાવાર્થ :**

જીવ વિચારે છે કે પ્રભુ મારાથી કેમ બોલતા નથી? સાનુભવ કેમ જતાવતા નથી? હું શું સાધન કરું ?

ત્યારે અંતરયામીરૂપ પ્રભુ જતાવે છે કે - તેં સાધનોનો છેડો પકડયો છે તે છોડી દે. સહસ્ત્ર પરિવત્સરથી પ્રભુથી વિમુખ થઈને ભટક્યો છે, મૂઢમતિ થયો છે. ઘણું મોડું થયું છે સન્મુખતામાં, તેથી બાળકની જેમ નિઃસાધનતાની ભાવના (દીનતાપૂર્વક) નત મસ્તક થઈને કરે જા. કરે જા... ફળ તરફ ન વિચાર. પછી પ્રભુ તારા વિરહીત હૃદયકમળને પોતાના ચારૂ વદનકમળથી શાતા આપશે. તારી મૂઢમતિને કમળ સમાન નિર્મળ બનાવશે. તારી હૃદયભાવનાને તત્સુખાર્થ કોમળતા અર્પશે તથા તારું ચિત્ત પ્રભુમાં પરોવાઈ શકે તેવું સુગંધિત બનાવશે. પ્રભુનું વદન કમળ ચારે દિશાએ ફરીને તેમનો જ માત્ર સાનુભવ જતાવશે એટલે કે તે સિવાયનો સર્વ પ્રપંચ વિસરાવી દેશે. સર્વાત્મભાવથી ભરી દેશે. રસયુક્ત વચનોથી પ્લાવીત કરીને રસરૂપ બનાવી દેશે.

ત્યારે જીવ પ્રભુને (અંતરયામીને) વિનતી કરે છે કે - હું તો સ્વભાવથી દુષ્ટ છું, મારા કંઠમાં તો આપેક્ષારૂપ માળાઓ ધારણ કરીને બેઠો છું. જેથી આપ મારાથી દૂર રહો છો તે યોગ્ય જ છે. પરંતુ હવે જ્યારે પૂર્ણકામરૂપ આપના દર્શન થશે ત્યારે મારી તે દુર્વાસનારૂપ માળા તૂટી જશે જ અને મને જરૂર ભાન થશે કે હું તો ધોંધી - ક્ષુદ્રદાસ છું અને આપ તો મહોદાર કૃપાળુ મારા સ્વામી છો.

## (૧૦૮) રાગ – ગોરી 3/૧૦૬

વરજૂ કોટિ ઘુંઘટકી ઓટ
તોઉ ન રહત નયન નિચારે બિકસ કરત હૈં ચોટ ૧
પાછે ફિર દેખે કોઉ ઠાઢે સુંદર વર એક ઢોટ
પરમાનંદ સ્વામી રતિનાયક લગી પ્રીતકી ચોટ ૨

**ભાવાર્થ :**

ગોપી કહે છે - હું ઘુંઘટની અંદર રહી રહીને પણ મારાં નયનોને કરોડો વખત ના પાડીને લડું છું (કે તું તે ઢોટા પ્રતિ ના જા) તો પણ મારા નયનની દૃષ્ટિ તે ઢોટાથી અળગી નથી રહેતી અને ફરી ફરી ત્યાં જ ચોંટે છે. એટલે કે ત્યાંથી ખસતા જ નથી.(૧)

મને ખબર ન્હોતી કે તે ક્યાં ચોંટે છે ? એટલે મેં પાછું ફરીને જોયું તો એક ખૂબ જ સુંદર છોરો ત્યાં ઠાડો છે.

અને આ છોરો તો પરમઆનંદ રૂપ (પરંબ્રહ્મો તુ કૃષ્ણો હિ) મારા સ્વામી છે. વળી તે તો સર્વ રતિના પણ નાયક છે તેથી તો મને પ્રીતની ચોટ લાગી ગઈ અને તેથી તો મારાં નયન ત્યાં ચોંટી ગયા. (૨)

**વિશેષ ભાવાર્થ :**

હું મર્યાદારૂપ શાસ્ત્રોની સીમામાં રહીને મારી દૃષ્ટિને ટોકું છું. વારંવાર ટોકું છું કે વિષય પ્રતિની આસક્તિ (ચોંટ) સારી નહિ. કેમકે વિષય પ્રતિની આસક્તિ થવામાં સૌ પહેલાં દૃષ્ટિ જવાબદાર છે. મારી 'ના' છતાં દૃષ્ટિ (મન) સંસારથી ન્યારી જુદી રહેતી નથી અને ત્યાં જ ચોંટે છે. આસક્ત થઈને તેમાં રત થઈ જાય છે.

પરંતુ મારો સ્વામી કે જે મારો રક્ષક છે અને જે પરમાનંદરૂપ છે તે મારા ઉપર કૃપા કરવા (પુષ્ટિ) મારી પાછળ જ ઠાડો છે. તે પરમાનંદ હોવાથી વિષયાનંદમાં મને શા માટે પડવા દે ? પરંતુ જરૂર હતી એક વાર મર્યાદની ઓટમાંથી બહાર નીકળી તથા વિષયાનંદરૂપ સંસારથી એકવાર મુખ ફેરવી લઈ તે રતિનાયક એટલે કે સ્નેહ સાગર, ચંદ્રના પણ જનક તરફ દૃષ્ટિ કરવાની જેથી, મારા હૃદયમાં રહેલ પ્રીત-જળ તે પૂર્ણચંદ્ર તરફ ભરતીના ઉછાળા મારવા લાગ્યું. રતિએ પોતાના નાયકને નિહાળ્યા અને તેના તરફ દોડવા લાગી, તેને ભેટી પડી, ચોંટી પડી.

**(૧૦૯) રાગ – ગોરી** 3/૧૦૬

મોહન નેક સુનાવહુ ગોરી
બનતેં આવત કુંવર કનૈયા પહોપમાલ લે દોરી ૧
નંદ લાડલે મુરલી બજાઈ પરગઈ પ્રીતિ ઠગોરી
પરમાનંદ પ્રભુ સુવન નંદ કે દુહ દઈ ધુમર ધોરી ૨

**ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી પધારી રહ્યા છે ત્યારે વ્રજમાં રહેલી ગોપી મનોમન પ્રભુને વિનતી



કરે છે કે જરાક ગોરી-રાગ તો સંભળાવો. તેમ કહી તે પ્રભુનું સ્વાગત કરવા પહોપ (ફૂલ) માળા લઈને કુંવર - કનૈયા પ્રતિ દોડી. (૧)

નંદજીના લાડીલાએ (ગોપીની વાત મનોમન સાંભળી લીધી) અને તુરત મુરલી બજાવી. મુરલીના શબ્દો કાનમાં પડતાં તેમાંથી પ્રભુનો અર્થરૂપ સંદેશો સમજાતાં જ તે પ્રભુની પ્રીતમાં પડી ગઈ. જેમ કોઈ ઠગાઈ જાય તેમ. એટલે કે પોતાના પ્રયાસથી નહિ પણ પ્રમેયબળથી અને તેથી તો પરમઆનંદરૂપ તેવા પ્રભુ કે જે નંદના કુંવર તરીકે બિરાજે છે, તેમને જાણે કે આજ્ઞા કરતી હોય તેમ અસંગત પ્રકારે કહે છે કે મારી ધુમર ધોરી ગાયને દોહી દ્યો !

**વિશેષ ભાવાર્થ :**

જીવ પ્રભુને વિનતી કરે છે કે મને આ સંસારથી મોહ ન કરાવો અને જે મોહ થયો છે તે દૂર કરવા માટે આપ આપના શ્રીમુખથી ગોરી (સાત્વિક - ઉપદેશયુક્ત) વચનો સંભળાવો કે જેથી મારો મોહ દૂર થાય. પ્રભુ 'બન તે' બની ઠનીને આવી રહ્યા છે અને આ જ સર્વ જીવોના માટે વર સમાન - (સ્વામી) છે.અને આ જ તો આપણી નૈયાને પાર ઉતારનાર ખેવૈયા છે. તેવું માહાત્મ્ય તેને થોડું ઘણું સમજાયું. તથી જીવ પ્રભુ પ્રતિ પહોપમાલ એટલે ભક્તોના જૂથ સાથે એક સંગ થઈને, સૌને લઈને પ્રભુ પ્રતિ દોડયો (દોડવા રૂપ ક્રિયાશક્તિ સચેત થઈ જ્ઞાન શક્તિથી) ત્યારે પ્રભુએ કૃપા કરી તે જીવના કલ્યાણાર્થે રસરૂપ નાદબ્રહ્મ રૂપ મુરલીના સ્વર વહેતા કર્યા. કેમ કે આપ વ્રજજનોના લાડીલા વ્હાલા છો. પ્રિય છો, વલ્લભ છો અને આ રસરૂપ શબ્દોનું શ્રવણ થતાં જ જીવનો નિરોધ સિદ્ધ થતાં વ્યસન થયું. કે માનસી સિદ્ધિ સિદ્ધ થઈ. કેમ કે આ બધાં જ પ્રીતના પર્યાયવાચી નામો છે. અને આમાં જીવનો કોઈ પ્રયાસ નથી. તેથી તો જેમ કોઈ બીજાની જાણ બહાર, તેનું લુંટી લે તેમ પ્રભુએ પ્રમેયથી જીવની સંસારાશક્તિ લુંટી લીધી અને પ્રીત - કહેતાં ભગવદાસક્તિ આપી દીધી. આમ કરવાનું કારણ એ કે પ્રભુ પરમાનંદરૂપ છે તેથી આનંદ જ આપે તથા આપે હવે સ્વામી પણું સ્વીકાર્યું છે (પ્રભુ) તથા આપ વ્રજભક્તોને આધીન છે તેથી તો જીવ હવે પ્રભુને વિનતી કરે છે કે મારામાં જે સામર્થ્ય છે જ્ઞાન કે ક્રિયા રૂપ, તેને આપ સ્વયં આપનામાં વિનિયોગ કરવા માટે લઈ લ્યો. કેમ કે અમે તો ધુમર (ભટકતા) ઈંદ્રિયધારી જીવો છીએ.) તેમાં જ અમારું શ્રેય છે કેમ કે તે જ તો ભક્તિ છે.

## (૧૧૦) રાગ – ગોરી  3/૧૦૬

કનક કુંડલ કપોલમંડિત ગૌરજ છૂરત સુકેશ
મદગજ ચાલ ચલત સુરનર મુની લાડીલે વ્રજકુંવર નરેશ ૧
નયન ચકોર કિયે વ્રજવાસી પીવત વદન રાકેશ
અતી પ્રફુલ્લિત મુખકમલ સબનકે ગોપકુલ નલિન દિનેશ ૨
અતી મદતરણ વિઘુર્ણિત લોચન અતીવિકસત કૃપા આવેશ
ચલત મધુર વસ્સત ગોવિન્દપ્રભુ વ્રજદ્વારે દ્વારે પ્રવેશ ૩

**ભાવાર્થ :**

સંધ્યા સમયે પ્રભુના જેવા દર્શન થાય છે તેનું વર્ણન ગોવિન્દદાસજી કરે છે.

આપના કર્ણમાં સુવર્ણના કુંડલ ગાલ સુધી લટકી રહેલા છે. આપના સુંદર કેસ માંથી ગૌરજ ઉડી રહી છે. આપની ચાલ મદથી મસ્ત થયેલ હાથીની ચાલ જેવી છે. આવા પ્રભુ વ્રજના રાજકુમાર છે, નરોમાં ઈશ છે તથા દેવ, મુની તથા મનુષ્યોના (લાડીલા) - વ્હાલને પાત્ર છે. (૧)

પરંતુ વ્રજવાસીનાં નેત્રોને તો આ રૂપમાધુરીએ ચકોર બનાવી દીધા છે. અને તેથી તો પ્રભુ - વદન તેમના માટે સ્વાતી જલ સમાન છે જેથી તેવા વદનને આંખોથી પી રહ્યા છે. આવું આપનું વદન ચંદ્રમા સમાન તેજસ્વી તથા હૈયાને શાતા આપનારું છે.

આ વ્રજના ગોપીજનો કમળ સમાન નિર્દોષ, કોમળ હોવાથી પ્રભુને પ્રિય છે અને પ્રભુ તેમના માટે સૂર્ય સમાન છે. તેમના દર્શનથી બધાંજ વ્રજવાસીનાં મુખ કમળ ખૂબ જ પ્રફૂલ્લિત થઈને વિકાસ પામે છે. (૨)

આપના ચંચલ નયનો ખૂબ જ મદયુક્ત છે તથા આપને ભક્તો ઉપર કૃપા કરવાનો અત્યારે આવેશ ખૂબ જ મોટા પ્રમાણમાં આવેલ છે. આ કૃપાવર્ષા આપ ચાલતાં ચાલતાં કરી રહ્યાં છો. તે એવી રીતે કે વ્રજભક્તોના હૃદયે હૃદયે પ્રવેશ કરીને. (૩)

## (૧૧૧) રાગ – ગોરી  3/૧૦૬

આવો મેરે ગોવિન્દ ગોકુલકે ચન્દા
ભઈ બડી વાર ખેલત યમુનાતટ વદન દિખાય દેઉ આનંદ ૧
ગાય આવનકી ભઈ હે વિરીયાં દિનમણિ કિરણ હોત અતીમંદા
આયે મેરે તાત માત છતીયાં લાગ ગોવિન્દપ્રભુ વ્રજજન સુખકંદા ૨



**ભાવાર્થ :**

વ્રજભક્તોને આખા દિવસથી પ્રભુની આર્તી છે. કેમ કે પ્રભુ વાછરડાને ચરાવવા યમુનાતટ ગએલા છે. જેથી તે સૌ પ્રભુને અંતઃકરણથી પોકારે છે કે - હે મારા ગોવિન્દ, હે ગોકુળનાચંદ્ર આપ યમુના તટે ખેલવા પધાર્યાને ઘણો સમય વિતી ગયો છે. અમે ઉદાસ છીએ આપના વદન કમળના દર્શનથી જ અમે આનંદીત થઈશું માટે પધારો. (૧)

જૂઓ ગાયોનો પણ ઘર ભણી આવવાનો સમય થઈ ગયો છે અને મણિ સમાન તેજસ્વી સૂર્યનાં કિરણો પણ મંદ - આછા થઈ રહ્યા છે. એટલે કે તે પણ પોઢી જવા જઈ રહ્યો છે. તેથી આપ પણ પધારો. વ્રજભક્તોની આર્તી જાણી આપ કે જે વ્રજભક્તોના તાત સમાન છે તે પધાર્યા અને માતાજીની છાતીએ માએ વળગાડી દઈ વ્હાલ કર્યું. આવા ગોવિન્દ પ્રભુ વ્રજજનો માટે સુખદાતા બની રહ્યા. (૨)

**વિશેષ ભાવાર્થ :**

ભૂતલ પરના અવિદ્યાગ્રસ્ત દૈવી જીવોને પોતાના ઉદ્ધારનો કોઈ માર્ગ મળતો નથી ત્યારે તેવા ગંગુળામણ અનુભવી રહેલા તથા પોતાને અરક્ષીત સમજતા પ્રભુને પોકાર કરે છે, ગોવિન્દ (કે જે નામ વ્રજવાસીઓના રક્ષણહાર તરીકે ઈન્દ્રે આપ્યું હતું.) અમે પણ ગો - ઈન્દ્રિયધારીઓ નિઃસાધન જીવો છીએ તથા અમારું શરણ માત્ર આપ જ છો જેથી અમારા માટે પણ ગોવિન્દ બની રહો. ગો - કુલ કહેતાં ઈન્દ્રિયોનું કુળ એટલે કે દેહધારીના માટે ચંદા આપ છો. જેમ વનસ્પતિનું, પૃથ્વીનું (ગો) પોષણ ચંદ્ર કરે છે. તેમ અમે પણ ગો - પૃથ્વી તત્ત્વ છીએ, જેથી અમારું પોષણ કરો. આપ વગર અમે દુર્બળ થઈ ગયા છીએ. (વિરહના કારણે - સહસ્ત્ર પરિવત્સરથી ભટકી ગયેલા છીએ). નિર્ગુણ ભક્તો કે જે નિર્ગુણા યમુના સમાન છે. તેમની સાથે આપ નિત્યલીલામાં વિહાર કરી રહ્યા છો પણ અમે કે જે ત્રિગુણોથી યુક્ત છીએ તેમના પ્રતિ દયા કરી, આપના વદનકમળ સમાન શ્રીમહાપ્રભુને ભૂતલ પર પધરાવો. અમારામાંથી આનંદ પૂર્ણ પણ તિરોહિત થઈ ગયો છે. તેવા અમે કલિકાલથી ઘેરાયેલા અને સ્વભાવતઃ દુષ્ટ છીએ તો અમને આનંદનું દાન કરો. આનંદાય નમઃ, પરમાનંદાય નમઃ, શ્રીકૃષ્ણાસ્ય નમઃ

ચાર યુગોમાં આ છેલ્લો યુગ કલિકાળ સાંજરૂપ છે ત્યાર બાદ અંધકાર ફેલાઈ જશે તો અમે છતી આંખે આંધળા થઈ જઈશું. (*દ્વિવિધ આંધરો*) માટે આપ પધારો *અજ્ઞાન તિમિરાંધસ્ય* માટે *જ્ઞાનાંજન શલાકયા ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ* તેવા આચાર્યરૂપ પધારો.

તેવી આર્તી જ્યારે આપે જાણી ત્યારે અમારા માતા-પિતા સમાન કૃપાળુ બની, અમારા હૃદયમાં બિરાજી ગયા. (છતીયાં લાગ) અમે તો વ્રજજન - ભટકતા (સંસારમાં) હતા પણ આપ અમારા માટે સુખકંદા બની ગયા, એટલે કે અમોને બ્રહ્મસંબંધ કરાવી સાક્ષાત્ પ્રભુ અમારે માટે આનંદ સુખનું દાન બની ગયા. અમારા ઘરે ગોવિન્દપ્રભુ - અમારા રક્ષક સ્વામી પધાર્યા. કૃષ્ણ એવ ગતિર્મમઃ ।

**(૧૧૨) રાગ – ગોરી** **૩/૧૦૬**

**મૈયા યા તે ભઈ અબેર**
**આવત ભાજ ગઈ એક ગૈયા જાય ધસી બન ફેર** **૧**
**દોર ગ્વાલ સબ વાકે પાછે પકરનકી કર આસ**
**ચઢ કદંબ પીતાંબર ફેર્યો આય ગઈ મો પાસ** **૨**
**મેં પુચકાર પીઠ કર ફેર્યો લહડે લઈ લગાય**
**બતીયાં સુનત રસિક પ્રીતમકી મન ફૂલી યશુમતિ માય** **૩**

**ભાવાર્થ :**

આજે સાંજે ગાયો ચરાવીને પાછા આવતાં મોડું થઈ ગયું. જેથી અધિરી મા યશોમતિ પૂછે તે પહેલાં જ પ્રભુ પોતાનો પક્ષ બતાવે છે. મા, આજે એટલા માટે મોડું થઈ ગયું કહીને. અમે ઘરે જ આવતા હતા પરંતુ ત્યાં જ એક ગાય વન તરફ પાછી દોડી ગઈ. બધા ગોવાળો તેની પાછળ તેને પાછી વાળવા દોડયા પરંતુ તેમનાથી તે પકડાઈ નહિ.

તેથી હું કદંબ વૃક્ષ ઉપર ચડીને મારું પિતાંબર ફરકાવવા લાગ્યો.. કેમ કે ગાય ખૂબ દૂર ભાગી ગઈ હતી. તે પિતાંબર દૂરથી જોતાં જ તે દોડીને મારી પાસે આવી ગઈ. મેં તેને વ્હાલપૂર્વક પૂચકારી અને તેની પીઠ ઉપર હાથ ફેરવ્યો અને તેને મારા હૃદય સાથે ચાંપી. એટલે મોડું થયું. જેની પ્રીત રસભરપૂર છે તેવાં લાલનની આ મીઠી મીઠી વાતો સાંભળીને મા પ્રસન્ન થઈ તથા પોતાની ગાયો ઉપર લાલનનો પ્રેમ તથા ગાયોનો લાલન પરનો પ્રેમ જોઈને યશોમતિ માતા મનમાં ખૂબ જ હરખાઈ.

**વિશેષ ભાવાર્થ :**

અહીં અંતઃકરણ પ્રબોધમાં શ્રીવલ્લભને પ્રભુની આજ્ઞા થવા છતાં નિત્યલીલામાં



પધારવામાં મોડું કર્યું. ત્રીજી આજ્ઞા પછી જ્યારે આપ નિત્યલીલામાં પધાર્યા ત્યારે સર્વસૃષ્ટિના જન્મદાતા - પાલક પોષક તેવા પ્રભુ કે જેમની મતિ સર્વત્ર યશ-આનંદમય છે તથા જેમની મતિ પોતાના ભક્તોનો યશ ફેલાવવાની છે તેવા પ્રભુને, મોડું થવાનો ખુલાસો આપે છે.

હાં... સાંજ થઈ ગઈ. પાછા આવવાનો સમય થવા છતાં મારાથી ન આવી શકાયું તેનું કારણ આપને જણાવું કે આપે જે ભૂતલ પર ભટકતા દૈવી જીવો (ગાયો)નું યોગ્ય પોષણ કરી-કરાવી તેમના ઉદ્ધાર માટેની આજ્ઞા કરી હતી તો (વનમાં) ભૂતલ પર આવવાનું મારું પ્રયોજન હતું. ઘણા બધા દૈવીજીવોને નિત્યલીલામાં અધિકાર પ્રાપ્ત કરાવીને અમે આપ પ્રતિ આવતા હતા પણ એટલામાં માયાવાદ - કે સંસારમાં આસક્તિવશ થોડાક જીવો ફરી સંસાર (વન)ની દિશામાં ભાગ્યા. તેમને (પકડી) જબજસ્તીથી લાવવા માટે અનેક પ્રમાણ માર્ગો જ્ઞાન-ઉપાસના - સાંખ્ય - યોગ (ગોવાળીયાઓ)થી પ્રયાસ તત્ તત્ મહાપુરૂષોએ કર્યા કે જેથી કરીને આ દૈવીજીવો જે ભટકી ગયા છે તે મોક્ષમાર્ગે વળે પણ મેં જોયું કે તે મોક્ષમાર્ગી નહિ પણ પુષ્ટિભક્તિ માર્ગનો જીવ છે. તેથી તેને લાયક ઉપાય જ કરવો પડશે, તેથી હું સર્વોત્તમ તેવા અનુગ્રહમાર્ગ (કદંબ) ઉપર ચઢી મારી દિવ્ય માયાથી (પિતાંબર) આકર્ષિત કર્યા. તેના સંસારને પ્રભુમાં જોડવાનો ઉપાય બતાવ્યો એટલે તુરત જ તે જીવો દોડતા મારી પાસે આવી ગયા.

મેં તેમને પ્રભુ પ્રતિના પ્રેમનો માર્ગ સમજાવવા માટે વાણીથી ભગવદ્કથા સંભળાવી (પુચકારી) તેને આશ્વાસન આપવા માટે શરણમાર્ગે લીધા. (પીઠ પર ફેર્યો) અને ભક્તિમાર્ગે આગળ વધી શકે તે માટે પ્રેમમાર્ગ માટે આપની સ્વરૂપ સેવા પધરાવી આપી. (લહડે લગાય)

આમ સર્વગાયોને આપના પ્રતિ દોરી લાવ્યો છું. શ્રીમહાપ્રભુના વચનો (બતીયા) સાંભળીને પ્રભુ ખૂબ જ પ્રસન્ન થયા. કેમ કે આપની વાણી રસરૂપ, રસમય હતી તથા તેમાં પ્રીતિ જ માત્ર હતી અને તેથી પ્રભુનો હરખ નથી માતો કે દૈવીજીવોનું કલ્યાણ કરવા માટે તો એકમાત્ર મહાપ્રભુ જ સમર્થ છે. તેથી હરખથી આપની છાતી ફૂલાવા લાગી. ભક્તો પ્રભુનો યશ ગાતા થાય તેવી મતિ શ્રીવલ્લભે ભક્તોની કરી પછી યશોમતિ - પ્રભુ કેમ ખુશ ન થાય ? પોતાના પ્રિય વલ્લભના સામર્થ્યથી કેમ હરખીલા ન થાય ?

## (૧૧૩) રાગ – ગોરી 3/૧૦૭

કમલમુખ શોભિત સુંદર વેનુ
મોહન (તાલ) બજાવત ગાવત આવત ચારે ધેનુ ૧
કુંચિત કેશ સુદેશ બદનપર જનુ સાજ્યો અલીસેન
સહી ન શકત મુરલી મધુ પિવત ચાહત અપને એન ૨
ભ્રકુટી ચારૂ ચાપ કર લીને ભયો સહાયક મેન
**સુરદાસ પ્રભુ અધરસુધા લગ ઉપજ્યો કઠીન કુચેન** ૩

**ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે ત્યારે આપના કમળ સમાન કોમળ નિર્મળ પ્રફૂલ્લિત મુખ ઉપર સુંદર વેનુ શોભી રહી છે.

મુરલીમાંથી આપ શબ્દ તથા તાલ બન્ને પ્રકટ કરીને મોહ ઉપજાવી રહ્યા છે. આવા પ્રભુ ગાયોને ચરાવીને પધારી રહ્યા છે. (૧)

આપના સુંદર દેહ પર વાંકડીયા વાળ જાણે ભ્રમરાઓનું ટોળું ન હોય! ગોપીજન પણ મધુના રસિયા છે, તે સહન નથી કરી શકતા અને પ્રભુને પોતાના કરી લેવા ચાહે છે. (૨)

તેથી તેઓએ ભ્રકુટીને સુંદર ધનુષ્ય બનાવી દીધું અને તેમાં કામદેવ સહાયક બની બાણરૂપ થયો કેમ કે આ સુરદાસના પ્રભુની અધરસુધાની તાલાવેલી ગોપીજનોના હૃદયમાં ચરચરી રહી હતી. (૩)

## (૧૧૪) રાગ – ગોરી 3/૧૦૭

આવત કલ્હી સાંઝ, દેખ્યોરી ગાયનમાંઝ
કોનકો ઢોટારી માઈ, સીરમોર પખિયાં
અતસી કુસુમ તન, ચંચલ દીરઘ નયન
માનોં રસપરી લરત યુગઅખીયાં ૧
ધાતુકો તીલક દીયે ગુંજનકે હાર હીયે
ઉપમા ન બને દીયે જેતી તેતી નખીયાં
રાજત પીત પીછોરી મુરલી બજાવે ગોરી
દેખ ભઈ બોરી એકટક રહી અખીયાં ૨
ચલન ન સુધે મગ, ડગમગત પરત પગ



ભામિની ભવન લાઈ, હાથ ધરેં કખિયાં
માનદાસ પ્રભુ, ચિતચોર દેખ જીઉ
ઓર ના ઉપાવ દાવ, સુનો મેરી સખીયાં ૩

**ભાવાર્થ :**

ગોપી પોતાની સખી (મા)ને કહે છે કે ગઈકાલે સાંજે ગાયોના ધણ સાથે એક જુદો જ તરી આવતો છોરો કોણો છે ?

સામેની સખીનો ચહેરો જોઈને કે જાણે તે કોણ છે તે સમજમાં તેને નથી આવતું તેથી વિશેષ વર્ણન કરે છે કે જેણે શીસ પર મોરપંખનું પીછું ધારેલું છે. તેની કાયા ફૂલ જેવી કોમળ છે. તેના નેત્રો મોટા-લાંબા અને ચંચળ એટલે કે ચારેબાજુ નજર ફેરવનાર છે. જાણે કે બન્ને આંખો રસને માણવા તત્પર હોય. (૧)

ભાલમાં ધાતુનાં રંગથી બનેલ તીલક છે. ગળામાં ગુંજાહાર છે. તેમના નખરાં ઘણાં છે. તેમ તેનું વર્ણન પણ ઘણું છે. ઉપમા આપીએ એટલી ઓછી પડે. છતાં પણ હજુ વિશેષ ચિન્હો બતાવું. તેણે પિળી પીછોડી ધરી છે. અને મુરલી પર ગોરીરાગ ગાતાં પધારી રહ્યો છે. હવે કહે છે કે આવા સ્વરૂપવાળા ઢોટાને જોતાં મારી શું દશા થઈ તે તને કહું– (૨)

તેને નિરખતાં જ હું તો બ્હાવરી (બોરી) થઈ ગઈ. મારી આંખો તેના પ્રતિ સ્થિર થઈ ગઈ. ચાલું પણ રસ્તાનું ભાન નહિ તેવી બુદ્ધિ થઈ ગઈ અને મારા પગ પણ કહ્યામાં ન રહ્યા તેથી ડગમગવા લાગ્યા ત્યારે એક પ્રૌઢ સ્ત્રી મને ઘર સુધી લઈ આવી.. તેણે મારો હાથ પકડી રાખ્યો - મારો સહારો બનીને લાવી આ માનદાસના પ્રભુ આવા ચિત્તચોર છે. તેમના ફરી દર્શન થાય તો જ હું જીવી શકીશ. તે સિવાય બીજો કોઈ જ ઉપાય કે પ્રકાર જણાતો નથી. માટે મને કહે કે ગઈ કાલે મેં જેને જોયો હતો તે કોનો ઢોટા હતો ? કે જેથી તેને ઘરે જઈ તેની સન્મુખ થાઉ તોં જ જીવાશે.

ગોપીએ ગઈકાલે જોયો છે પણ વર્ણન વર્તમાન કાળની જેમ કરે છે જેથી જણાય છે કે તેને કાળનું ભાન નથી તથા તેને સ્વરૂપાસક્તિ થઈ ગઈ છે, જેથી સામે જ હોય તેમ વર્ણન કરે છે.

**વિશેષ ભાવાર્થ :**

સકલ અવતારોના અવતારી તેવા આ પરબ્રહ્મ કૃષ્ણને શ્રીવલ્લભે મારા માથે પધરાવી

આપ્યા છે. તે મારા પર અતીશય કૃપા છે. કેમ કે કળિકાળ છે અને તેના ઓળા પથરાવા લાગ્યા છે. હું તો જ્ઞાનશૂન્ય છું. તેથી અજ્ઞાનનો અંધકાર હવે ફેલાશે ત્યારે મારા માથે આ પ્રભુ પધારી રહ્યા છે પરંતુ આપનું સ્વરૂપ જ્ઞાન મને નથી (કોન કો ઢોટા). 'અજ્ઞાનાદથવાજ્ઞાનાદ્ કૃતમાત્મ નિવેદનમ્', પરંતુ આ પ્રભુએ પોતાના શીશ ઉપર મોર પંખ ધર્યા છે. મોરમાં નિષ્કામ પ્રેમ છે તેથી આ પ્રભુ પણ મારી પાસેથી નિષ્કામ સ્નેહની અપેક્ષા રાખે છે. આપનો દેહ અતીશય કોમળ, ફૂલ સમાન છે. જેથી મારે પણ તેવા સમજી તત્સુખની ભાવના સતત રાખવાની, કેમ કે ગદ્યમંત્રમાં પણ હું દાસ છું. હું આપનો છું. તે બન્ને શબ્દોનો આ જ અર્થ સમજાય છે.

આપના નયન ચંચલ તથા દીર્ઘ છે. જેથી મારે પણ પ્રભુની અનેક લીલામાં મનને વિહાર કરાવવાનો તથા વિશાળ દૃષ્ટિ રાખી સર્વત્ર આપના જ સ્વરૂપની અનુભૂતિ કરવાની (સર્વાત્મભાવ) આપ રસનાં ભોગી છે તેથી મારી સર્વ ઈન્દ્રિયોનો આપમાં જ વિનિયોગ કરવાનો (નિરોધલક્ષણ) ધાતુ - શબ્દોનું મૂલરૂપ ; પરમાત્મા, વીર્ય, વગેરે અર્થ થાય છે. તેથી શબ્દબ્રહ્મ પણ આપ છો, સર્વના આત્મા પણ આપ છો, સૃષ્ટિને પેદા કરનાર પણ આપ છો. તેમ સમજવા છતાં મારા ઘરે પધારેલા નંદનંદન છો. જેથી મારા માટે સર્વશ્રેષ્ઠ (તીલક) છો. આપે નિઃસાધનરૂપ વનની ગુંજાને ધારણ કરી છે તેથી ગુંજાના ત્રણે રંગ લાલ-સફેદ-શ્યામ અનુક્રમે રાજસ, સાત્વિક, અને તામસ ના પ્રતિક છે તેમ મારામાં પણ આ સર્વ સંસારિક ગુણો હોવા છતાં મારામાં નિઃસાધનતા ભાવ હશે તો આપ મને આપના હૃદય કમળનો સ્પર્શરૂપ સુખ જરૂર આપશો જ. આ ત્રિભુવનમાં આપ સમાન કોઈ નથી. *પરમ્ બ્રહ્મ તું કૃષ્ણો હિ ।*

આપે પોતાનું શ્રીઅંગ છુપાવવા - ઢાંકવા પીછોરી ધારણ કરી છે, જે પિતવર્ણી છે. જેથી મારે પણ સ્નેહ (પીળો) વશ થઈને આપની મર્યાદાનો ભંગ પણ નથી કરવાનો. આપે મુરલી ધારણ કરી છે અને તેમાંથી ગોરી રાગના સૂરો વહાવો છો. જેથી મારે પણ આપની લીલા-ગુણોની કથા સાંભળીને મારામાં રહેલા દોષો (મુર) નેદૂર કરીને સ્નેહનું વર્ધન કરવાનું છે. (ગોપી મુરલીનો સૂર સાંભળતાં સ્નેહવશ દોડી ગઈ તેમ) અને જેમ ગોપીજનો લોક-વેદને પણ ભૂલી ગઈ તેમ મારે પણ પ્રભુમાં તેવા બાવરા વ્યસનાવસ્થા સુધી પ્રેમને ગાઢ કરવાનો છે. મારું મન આપમાં લીન કરવાનું છે. મારી દૃષ્ટિ કહેતાં જ્ઞાન-બુદ્ધિ પણ આપમાં જ સ્થિત કરવાની છે. નિરોધ સિદ્ધિ સુધી પહોંચવાનું છે. કૃષ્ણ સિવાય જે કંઈ રસ્તાઓ



છે તેમાં મારી સુધી ન રહે એટલે કે ચિત્ત પણ કૃષ્ણમય થઈ જાય. તથા મારી ઈન્દ્રિયો પણ સંસારમાંથી ડગમગી જાય એટલે કે મારો અહંકાર (કે જે ઈન્દ્રિયોને હુકમ કરે છે) તે પણ આપને આધીન થઈ જાય.

ત્યારે મારો હસ્ત પકડીને જ્યાં મારા પ્રભુ બિરાજે છે તેવા ઘરમાં - તેવા દેહમાં લઈ આવનાર ભામિની - સ્ત્રીભાવવાળા સ્વામિનીજી રૂપ શ્રીમહાપ્રભુ જ છે. આવા પ્રભુ મને સાનુભવ નથી જતાવતા કેમ કે મારાથી માન કરી રહ્યા છે. તેથી મારે તો દાસભાવ જ રાખવાનો સેવકસ્ય તુ ધર્માડયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ, વિવેકસ્તુ હરિ સર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ । કેમ કે સાનુભવ ચિત્તમાં થાય તે તો આપ જ ચોરી ગયા છે. હવે તો આપ સન્મુખ પધારો. (સાક્ષાત મન્મથમન્મથ) તો જ હું જીવી શકું. મને તો કોઈ ઉપાય - રીત જણાતી નથી, તમને પ્રાપ્ત કરવાની કેમ કે અનુગ્રહ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ ।

હે મારી સખી, હે ભગવદીય મને બતાવો ''નિવદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈ જનૈઃ'' આવી વિકલ દશાવાળા જીવ માટે શ્રીવલ્લભ સખી બની જીવને પ્રભુ સોંપ્યા તે સાનુભવ પણ કરાવશે જ ને ?

**(૧૧૫) રાગ – ગોરી** **૩/૧૦૭**

**કોન રસ ગોપીન લીનો ધુંટ**
**મદન ગોપાલ નિકટ કર પાયે પ્રેમ કામકી લૂટ** ૧
**નિરખ સ્વરૂપ નંદનંદનકો લોકલાજ ગઈ છૂટ**
**પરમાનંદ વેદસાગરકી મર્યાદા ગઈ ટૂટ** ૨

**ભાવાર્થ :**

અહીં પ્રશ્ન ઊભો થયો છે કે આશ્ચર્ય વ્યક્ત થઈ રહ્યું છે કે જિજ્ઞાસા પ્રકટ થઈ રહી છે કે પ્રેમકી ધ્વજા તથા શુદ્ધ પુષ્ટિ સ્વરૂપા તેવી વ્રજસિમંતીનીઓએ એવા તે કયા રસનો ઘુંટડો ભર્યો કે પાન કર્યું કે જેના કારણે જે પ્રભુ છે તે મદનગોપાલ બન્યા એટલે કે પ્રેમ - સ્નેહરૂપને પ્રકટ કર્યું તથા સાથે સાથે ગોપી જનોના સમોવડીયા ગોપ બન્યા! તથા તેમનું રક્ષણ કરનાર ગોપાલ પણ બન્યા અને મદન પણ બન્યા! તથા તેવા પ્રભુને પોતાની નજીક આવવા માટે આકર્ષી શકી એટલું જ નહિ પ્રભુમાં રહેલ દિવ્યકામ (પ્રભુ નિષ્કામ હોવા છતાં આત્મકામ હોવા છતાં) ને તથા વિશુદ્ધ સ્નેહને લૂંટીને પોતાને અંક કરવા લાગી! (૧)

આ નંદનંદને પોતાનું મદનગોપાલ સ્વરૂપ છતું કરતાં જ આ ગોપીજનોમાં વીર્યધર્મ પ્રકટ થયો અને તેઓએ નિર્ણય થઈને લોકલાજને ત્યજી દીધી. અને જે વેદ તો સાકાર છે તેની મર્યાદા ઉલ્લંઘવાનો અધિકાર કોઈને જ નથી પણ આ ગોપીજનોમાં જ્યારે પરમાનંદ લહેરાવા લાગ્યો ત્યારે આ વેદસાગરની મર્યાદા પણ તૂટી ગઈ. તેઓને તે છતાં પણ ભગવત્ પ્રાપ્તિમાં કોઈ જ અવરોધ ન રહ્યો.

આવું અપ્રતીમ શૌર્ય તથા કાર્ય પાર પાડી દેવામાં જે મૂલરૂપ રસ છે તે કયો હતો કે જેનું (તેઓએ) ગોપીનજનોએ પાન કર્યું ?

**વિશેષ ભાવાર્થ :**

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય જ આ પ્રશ્નનો જવાબ પ્રકટ કરવા માટેનું હતું. આપશ્રી આજ્ઞા કરે છે કે ''સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપ:'' - એટલે કે એવો કયો રસ છે જે પ્રભુને સમર્પીત (ગોપીજન વલ્લભને) ન કરવો ? તેથી બધા જ રસ સમર્પિત કરવા અને પ્રભુ સ્વયં રસરૂપ છે તેથી 'ભગવાન એવ હિ ફલં' તેથી તે પ્રભુરૂપ રસને જ ફલ માનીને આકંઠ (ઘુંટ) માણવો. માત્ર પેટમાં નહિ પણ કંઠ સુધી ભરીને પીવો અને ઘુંટ કહેતા પીતા પીતા સતત તેનો આનંદ લેવો.

શ્રીવલ્લભે પ્રભુ કે જે સર્વ જગતના, પ્રાણી (ગો) માત્રના પાલનકર્તા છે તેમ માનવા માત્ર તેટલા જ નહિ માનવા પણ તે કૃપાળુ પણ છે જીવના મનોરથોના પૂરક પણ છે પણ શરત એટલી કે તે આપના ભક્ત હોવા જોઈએ. તો આપ અનુગ્રહ (પુષ્ટિ) કરશે અને પ્રભુમાંથી પ્રેમીના લેવલે ઉતરી આવશે અને મદન પણ બનશે અને ગોપાલ થઈને ઈન્દ્રિયોને પણ સર્વ સુખનું દાન કરશે. આવા પ્રભુ તે શ્રીવલ્લભે ઘરે ઘરે પધરાવી આપ્યા. (નિકટ કર પાયે) અને ત્યાર બાદ તે પ્રભુ અને ભક્ત વચ્ચે લૂંટ ચાલી. પ્રેમ કામમય બન્યો અને કામ પ્રેમમય બન્યો. (પ્રેમ ભગવાનનો, કામ ભક્તનો) પરસ્પર ઝૂંટાઝૂંટ કરી શકે તેવો સખ્યભાવ પ્રકટ કરાવ્યો.

તથા વલ્લભે પોતાના ગ્રંથોમાં વેદ-ગીતા-ભાગવત તથા બ્રહ્મસૂત્રોનું રહસ્ય ઘુંટી ઘુંટીને પુષ્ટિ દૈવી જીવોને પીવરાવ્યું તેથી પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થતાં નવી જ દૃષ્ટિ ખૂલી ગઈ (નિરખ) તેથી ભગવદ્ સુખાર્થે, લોકલાજ તથા વેદસાગરની જે મર્યાદાની પાળ ઓળંગવાની હિંમત ન્હોતી ચાલતી તે આવી ગઈ તથા તે સ્મૃતિ શ્રુતિના સાગર (ધામ)માં બિરાજેલ પ્રભુ (પરમાનંદ)માં જ ભક્તને લીન કરી દીધો.



આવો મહોપકાર - મહાએશ્વર્ય અને મહાકૃપાના ઘુંટ શ્રીવલ્લભ આજના કાળના ભક્તોને પાઈ રહ્યા છે.

**(૧૧૬) રાગ - ગોરી** 3/૧૦૭

ચલ સખી ચલ અંહો વ્રજ પૈંઠ લગી હૈ તહાં બિકત હરિપ્રેમ
સૂંઠ સોંધો પ્રાણનકે પલટૈં ઉલટ ધરો યહ નેમ ૧
આનભાત પાયવો દુર્લભ કોટિક ખરચો હેમ
રામદાસપ્રભુ રત્ન અમોલક સખી પાઈયત હૈં એમ ૨

**ભાવાર્થ :**

એક સખી પોતાની સખીને કહે છે, તથા તેને એટલી ઉતાવળ છે કે મોડા પડશું તો રહી જઈશું તેવો ડર છે તેથી 'ચલ' શબ્દ બે વાર કહે છે 'ચલ સખી ચલ.' કેમ જવાનું છે ? તો કહે છે વ્રજમાં પૈંઠ (ગુજરી - હાટમેળો) લાગી છે. 'અહો' કહેતાં પોતાનું સદ્ભાગ્ય પ્રકટ કરે છે. ત્યાં શું વેચાય છે ? તેમ પૂછતાં કહે છે કે ત્યાં હરિ કહેતાં સંસારના દુઃખોને હરિ લેનાર તેવાં વૈરાગ્ય સ્વભાવવાળા હોવાં છતાં તેમના પ્રતિ પ્રેમ જાગી જાય તેવો પ્રેમ મળે છે અથવા કહો કે હરિપ્રેમ જે દુર્લભ છે તે જ (પ્રમેય) વેચાય છે.

કોરી ધરતી-ભૂતલ ઉપર આકાશના પવિત્ર જલબિંદુ પડે ત્યારે જે સુગંધ પેદા થાય તે સોંધો. પ્રભુ જે ઉપરના લોકમાં બિરાજે છે તે ભૂતલ પર પધારી સદા સુગંધરૂપ પ્રેમ આપે છે. પણ આ જે પ્રભુપ્રેમ છે તે સ્નેહપૂર્વક પ્રાણને ધરી દેવાનો નિયમ લો તો જ મળે. બાકી કરોડોનું સોનું હેમ-માયા ને આપો તો પણ તે પ્રાપ્ત થાય તેમ નથી. પરંતુ આ અમૂલ્ય રત્ન સમાન રામદાસના ઠાકુર તો હે સખી એમ જ સહજતાથી પ્રાપ્ત થાય, જો પ્રેમ પૂર્વક પ્રાણ ધરી દઈએ તો ! અનુગ્રહથી. માટે ચલ સખી ચલ.

**વિશેષ ભાવાર્થ :**

વૈષ્ણવ દૈવી જીવને ખૂબ જ આતુરતા પૂર્વક કહી રહ્યો છે કે હે સખી, તું જલ્દી ચાલ કેમ કે ખૂબ જ આશ્ચર્યકારક તથા સદ્ભાગ્યના સમાચાર છે... શ્રીમહાપ્રભુ પધાર્યા છે. આપ જ્યાં પધારે ત્યાં વ્રજ બની જાય અને આપ તો દાતા છે. તેથી સર્વ દૈવીજીવોને તેમના અધિકાર મુજબ આપે, તેવી તેમને હાટડીઓ માંડી છે. તે હાટડીમાં લૌકિક સુખ ભોગ નથી મળતા કે વૈદિક સ્વર્ગાદિક અપરવર્ગના સુખ નથી મળતા પણ ત્યાં તો હરિપ્રેમ - હરિપ્રત્યેનો પ્રેમ વેચાય છે. કોઈ વસ્તુ જોઈએ

તો સામે બદલામાં કંઈક આપવું પડે (બાર્ટર). (સૂઠ) અતીશય (સોંધો) મનને પ્રસન્ન કરી દે તેવી સુવાસ, તેવા ચારિત્ર્ય ની સાથે અથવા અહંતા મમતાના પદાર્થો સહિત આત્મનિવેદન (પ્રાણ) અને તે પણ (ઉલટ) પ્રેમપૂર્વક કરી દો તે શરતે, હરિપ્રેમ મળે. આવો હરિપ્રેમ બીજા અનેક સાધન કે પ્રયાસ જીવ સ્વસામર્થ્યથી કરે તો પણ તે ન પ્રાપ્ત થાય પરંતુ રામદાસના પ્રભુ છે કે જે અમૂલ્ય રત્ન સમાન છે તે સ્વયં અહીં પ્રેમ સ્વરૂપ ધરીને વલ્લભની પાસે બિરાજે છે. તે આપણને વલ્લભના અનુગ્રહથી પ્રાપ્ત થાય.

એટલે કે પ્રેમપૂર્વક આત્મનિવેદન (બ્રહ્મસંબંધ) તથા અનુગ્રહથી પ્રભુ પ્રાપ્ત થાય અન્ય કોઈ ઉપાય નથી. પ્રેમ લક્ષણા ભક્તિથી પ્રભુ પમાય. પ્રભુસેવાથી અધિક કિંમતી કંઈ જ નથી. રામદાસપ્રભુ - આ પ્રેમતત્ત્વરૂપહરિ, દાસને પોતાની સાથે રમણ (રામ) પણ કરાવે તેવું સખ્ય ભાવ પણ જતાવે તથા પ્રભુ - સ્વામીપણું પણ જતાવી દાસભાવનું દાન પણ કરે તેમ સર્વભાવોથી ભાવીત કરે.

### (૧૧૭) રાગ – ગોરી 3/૧૦૭

બનતે આવત ગાવત ગોરી
હાથ લકુટીયા ગાયન પાછે ઢોટા યશોમતિ કો રી ૧
મુરલી અધર ધરે નંદનંદન માને લગી ઠગોરી
યાહી તે કુલકાન હરિ હે ઓઢે પીત પીછોરી ૨
વ્રજવધુ અટન ચઢ દેખત રૂપ નિરખ ભઈ બોરી
નંદદાસ જીન હરિમુખ નિરખ્યો તીનકો ભાગ્ય બડોરી ૩

**ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે અને ગોરી રાગ ગાતા ગાતા પધારે છે. આ યશોમતિનો પુત્ર ગાયોની પાછળ હાથમાં લકુટી સાથે પધારે છે. (૧)

મુખ પર મુરલી ધારણ કરી છે તે લાગે છે કે અમને ઠગનારી છે. કેમ કે એના નાદથી તો અમોએ કુલની મર્યાદા અને લોકોના મહેણાને ધ્યાનમાં લીધા વગર તેને નિરખવા દોડી આવી છીએ. (૨)

પ્રભુ હજુ તો દૂર છે તેથી આ વ્રજવધુઓ અધિરી થઈને અટારી ઉપર ચઢીને દૂર દૂરથી આવતા આપને જોઈ રહી છે અને આપનું રૂપ સૌંદર્ય નિરખીને બાવરી થઈ ગઈ છે.



નંદદાસજી કહે છે કે જેણે હરિનું મુખ નિરખ્યું છે એટલે કે જે સેવા કથાનો લાભ લે છે તેના મોટા ભાગ્ય છે ! (૩)

**વિશેષ ભાવાર્થ :**

પ્રભુ વનમાંથી (એકાંતમાંથી) (એકોડહં બહુસ્યામ્) બહુ થઈને અવિદ્યાગ્રસ્ત જીવો પર કૃપા કરવા પધારી રહ્યા છે. પોતાની વાણી (વેદ) પ્રકટાવી રહ્યા છે. જેમાં સાત્વિકતા (ગોરી) પ્રકટ કરી રહ્યા છે. આ વેદમાર્ગમાં વેદાજ્ઞાની વિરુદ્ધ જાય તો દંડ થાય. વિધિ-નિષેધનું અતિ મહત્ત્વ છે. (હાથ લકુટીયા) તથા તેમાં પ્રભુને અનુસરવું પડે. આપની સન્મુખતા નથી થતી (ગાયન પાંછે) પરંતુ આ જ પ્રભુ પુષ્ટિ ભક્તો માટે મુરલી મુર રાક્ષસના દોષો યુક્ત જીવ હોવા છતાં તેને અનુગ્રહથી પોતાની અધરસુધાનું દાન કરે છે. જીવ તો સ્વભાવથી દુષ્ટ - અવિદ્યાગ્રસ્ત છે. પણ પુષ્ટિ દૈવી જીવ હોવાથી, અંગસૃષ્ટિ હોવાથી તેને પોતાની સન્મુખ રાખે છે (નંદનંદન) તેથી ભક્તોને વશ થવાની લીલા કરે છે. અને ભક્તોમાં એવી પોતાના પ્રતિની ભક્તિથી ભરી દે છે કે તે ભક્તો પ્રભુની આ અનૂઠી (ઠગ) લીલાને વશ થઈ જાય છે. અને આવા ઠગાયેલા ભક્તો પોતાની (કુળની ઓળખ) અહંતા તથા લોકધર્મ (કાન) પણ ભૂલી ગયા છે, ત્યજી દીધા છે. આ ઠગાઈ (પોતાના પીળા પિતાંબરરૂપ) દિવ્યમાયાથી આપે કરી છે.

આવા ભક્તોને સ્વરૂપાસક્તિ એટલી બધી છે કે જે સૌથી ઊંચો વેદ છે (અટારી) તેના ઉપર પણ પગ ધારણ કરીને પ્રભુનો દૃષ્ટિથી સ્પર્શ કરવા પ્રયાસ કરે છે અને જ્યારે પ્રભુના દર્શન થાય છે ત્યારે તેની આસક્તિ વ્યસનાવસ્થામાં (બોરી) વિસ્તરી જાય છે. આવા ભક્તો બડા ભાગ્યશાલી છે કે જે વેદ-કુલકાનની ઉપરવટ થઈ પ્રભુની સ્વરૂપાસક્તિમાં નિરુદ્ધ થઈ જાય છે. કહો કે પ્રભુનો અનુગ્રહ તેવા પર છે કે પ્રભુ તેને આ પદે પહોંચાડે છે.

### (૧૧૮) રાગ – ગોરી 3/૧૦૮

પરમ રસ પાયો વ્રજકી નારી
જો રસ બ્રહ્માદિકકો દુર્લભ સો રસ દીયો મુરારી ૧
દરશન સુખ નયનકો દીનોં રસનાકો ગુણગાન
વચન સુનન શ્રવણન કો દીનો વદન અધર રસપાન ૨
આલિંગન દીનો સબ અંગન ભૂજન દીયો ભૂજબંધ
દીની ચરણ વિવિધ ગતિ રસકી નાસાકો સુખગંધ ૩

**દીયો કામસુખ ભોગ પરમફલ ત્વચા રોમ આનંદ**
**ઢિંગ બેઠ વો દીયો નિતંબન લે ઉછંગ નંદનંદ** ૪
**મનકો દીયો સદારસ ભાવન સુખ સમૂહકી ખાન**
**રસિક ચરણરજ વ્રજયુવતીનકી અતીદુર્લભ જીય જાન** ૫

**ભાવાર્થ :**

સર્વ રસમાં ઉત્તમ-પરમ તેવો રસ કે જે 'રસોવૈસ:' છે, તે જ ગોકુલાધિપ થઈને પધાર્યા છે. તેઓને વ્રજની નારીએ પામી લીધા, મેળવી શકી. આ રસ એટલા માટે પરમ છે, કે આ રસ તો બ્રહ્માજીને પણ દુર્લભ છે. કે જે બ્રહ્મને જાણે છે અને જેમને પ્રભુએ સર્વ પ્રથમ પોતાનું સ્વરૂપ ભાગવતથી જણાવ્યું અને સૌ પ્રથમ જેમને પોતાની નાભીકમળમાંથી પ્રકટ કર્યા તેવા બ્રહ્માજી પણ પ્રભુને મેળવી નથી શક્યા. પ્રભુએ પોતાના મુરારી સ્વરૂપથી તે ગોપીજનોના સર્વદોષોને નિવૃત્ત કરીને પોતાના રસની અધિકારી બનાવી. દોષોની નિવૃત્તિ એટલે કે પ્રભુના ધર્માપણ જેને ભક્તિમાં બાધક લાગે, એટલે કે પ્રભુનું માહાત્મ્ય પણ જેને દોષરૂપ બની રહે. માત્ર ધર્મી જ દોષરહિત છે તેવું ભાન જેને થઈ જાય. *'કૃષ્ણાત્ પરમ્ નાસ્તિ દૈવ વસ્તુત: દોષવર્જિતમ્'* અને તે રસ દ્વારા નિસ્પન્ન થતો આનંદ માત્ર આત્માને જ નહિ પણ ગોપીજનોની સકલ ઈંદ્રિયોને પણ અનુભૂત કરાવ્યો. (૧)

નેત્રોને દરસનનું સુખ આપે છે. રસનાને પ્રભુના ગુણગાન ગાવાથી આનંદ મળે છે, કાનને પ્રભુના વચનો સાંભળવાથી રસપાનથી આનંદ મળે છે. (૨)

પ્રભુ આલીંગન કરે છે જેથી સર્વ અંગો આનંદ પામે છે. ભૂજાઓને પ્રભુ પોતાની ભુજાથી જકડી લે તેનો આનંદ મળે છે, પ્રભુ ચરણોને એ રીતે આનંદ આપે છે કે વિવિધ ગતિ પ્રભુ કરે છે અથવા પ્રભુની વિવિધ લીલામાં સહભાગી થતાં ચરણ આનંદ પામે છે. પ્રભુની સુગંધ અથવા પ્રભુએ ધારણ કરેલ તુલસીમાલની સુગંધ પ્રભુ સંબંધિત હોવાથી તે આનંદ નાસાને મળે છે. (૩)

અને જે જે કામના કરે તે મનોરથો પ્રભુ પૂરા કરે છે અને ત્વચાના સ્પર્શથી રોમાંચ થાય છે તેવું પરમફળ પ્રભુ ગોદમાં બિરાજીને નિતંબ પર લઈને ખેલાવવાથી આપે છે. (૪)

અને મન તો હંમેશા આપનું ભાવન જ કરતું રહે છે (ઉધો મન નહિ દશ-બીસ) તેથી મનને આનંદ મળે છે જેથી આ સુખ તો રસખાન જેવું છે.

જે આવા રસની અપેક્ષા રાખે છે તેવા રસિકજનને પણ આ વ્રજયુવતીઓની



ચરણરજ અતી દુર્લભ છે તેવું નિશ્ચિત છે. જેથી આવા ભક્તોની ચરણરજ પામવાથી જ તે રસિકપ્રભુ અનુગ્રહ કરશે.

આજના કાળમાં આવા રસના અપેક્ષિતે શ્રીમહાપ્રભુના નિરોધલક્ષણ ગ્રંથમાં જણાવ્યું છે તેમ સર્વ ઈંદ્રિયોનો પ્રભુમાં વિનિયોગ કરવો તો જ, એટલે કે પ્રેમપૂર્વક સેવા કથાથી સતત પ્રભુમાં ચિત્ત પરોવશું તો, જે સુખ ગોપીજનોને આપ્યું તેવા ગોપીજનોની કૃપાથી આપણને પણ મળે. (૫)

## (૧૧૯) રાગ – ગોરી 3/૧૦૮

**નંદનંદન ગો-ધન સંગ આવત**
**સખામંડલી મધ્ય વિરાજત ગૌરી રાગ સરસ સૂર ગાવત** ૧
**મોરચંદ્રિકા મુકુટ બન્યૌ સિર, મંદ અધર ધરી મુરલી બજાવત**
**ગૃહગૃહ પ્રતિ જુવતી લઈ ઠાઢી નિરખી વિરહ કી સુલ મિટાવત** ૨
**સિંઘ પૌરી પે જાઈ જસોદા સુતમુખ હેરી હીયેં સુખ પાવતી**
**છીતસ્વામી ગિરિધરનલાલ કર અપનેકર ધરી ઉર સોં લગાવતી** ૩

**ભાવાર્થ :**

સંધ્યા સમયે નંદનંદન ગાયોના ધણ કે ગાયો જ જેના માટે ધન છે તેવા પ્રભુ પોતાના ગોપ સખાની મંડળીના મધ્યમાં બિરાજીને ગૌરી-રાગના રસથી ભરપૂર સ્વરને છેડતા ગોકુલમાં પધારી રહ્યા છે. (૧)

આપે સિર પર મોર-ચંદ્રિકાનો મુકુટ બનાવી ધર્યો છે અને અધર પર મુરલી ધરીને મંદ સ્વરમાં બજાવી રહ્યા છે. ત્યારે રસ્તાની બન્ને બાજુ દરેક ઘરમાંથી યુવતિજનને આપના દર્શન થતાં, દિવસભરના વિરહનો તાપ જે કાંટાની શૂળની જેમ હૃદયમાં દુ:ખ દેતો હતો તે હવે શાંત થાય છે. (૨)

યશોદાજી પણ પોતાના સદનમાંથી નીકળી સિંઘપોર સુધી સામે જઈ પોતાના સુતનું મુખ નિરખીને હૈયામાં સુખ પામે છે અને આ છોટા સા ગિરિધરલાલનો હાથ પોતાના હસ્તમાં લઈને ઉઠાવી લઈને પોતાના હૃદય સરસા લગાવે છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

જે અખિલ બ્રહ્માંડના સ્વામી છે તે સારસ્વત કલ્પમાં નંદના નંદન બન્યા. નંદન-હર્ષ દેવાવાળા તેવા પ્રભુ અનવતારકાળમાં પશુસમાન જીવોને પોતાની ધન-સંપત્તિ (અંગસૃષ્ટિ હોવાથી) માની તેમનો સંગ કર્યો એટલે કે ઘરમાં સેવાર્થે

બિરાજવાની કૃપા કરી, એટલું જ નહીં નવધાભક્તિમાંની સર્વ સેવા અંગીકાર કરીને સખ્યભક્તિનું દાન કરી, સર્વદા કેન્દ્રમાં કૃષ્ણ બની રહ્યા (મધ્ય બિરાજત) એટલું જ નહિ સારસ્વતકલ્પની રાસલીલા (રાસરૂપ સેવા તથા કથા)નું દાન કર્યું. ભક્તો ગાયો સમાન નિઃસાધન હતા પણ તેમનો સ્નેહ નિષ્કામ હતો તેથી "તેવા ભક્તો મને અતીશય પ્રિય છે." તેમ કહી તે ભક્તોને મુકુટના સ્થાન (મુખ્ય) રૂપ કહ્યા અને પોતાના વદનાવતાર સમા શ્રીવલ્લભના વચનામૃતો ખૂબ જ સૌમ્ય (મંદ) વિવેકપૂર્ણ ભાષામાં સંભળાવ્યા (*ઈતિ મે મતિ* । ક્યાયં આજ્ઞા નહિ) તથા પોતે ઘરે ઘરમાં સ્ત્રીભાવથી બિરાજી રહ્યા. એટલે કે સ્વયં ભોક્તા રૂપે પ્રકટ હોવા છતાં આપના હૃદયમાં રહેલો ગૂઢ સ્ત્રીભાવ - દીનતાભાવ પ્રકટ કર્યો. જેથી તો આપ ભક્તને આધીન થઈને ભક્તના ગૃહે બિરાજ્યા અને વ્રજભક્તોને હંમેશા જે વિરહશૂલ હર્તો (કેમ કે પ્રભુ નંદ-યશોદાને ત્યાં બિરાજતા હતા) તે ભક્તના ઘરે સ્થિત થઈને વિરહશૂલ મિટાવી દીધાં. પ્રભુએ જગતમાં (સિંગપોર - ઘર બહાર) પણ સ્વયં શ્રીમહાપ્રભુના મુખેથી ભક્તોને યશ અપાવ્યો (જશોદા) ૮૪ / ૨૫૨ની ગુપ્ત વાર્તા ભગવદીચ્છાથી પ્રકટ થઈ ગઈ.

જીવ સ્વભાવવાળાથી સંબંધ જોડી જે સ્વામી બન્યા અથવા કહો કે જેનામાં બુરાઈ (દોષોથી ભરેલા) હોવા છતાં તેમના પહાડ જેટલા દોષોને પોતે ધારણ કરીને અથવા ભૂલી જઈને પણ તેવા ભક્તને પોતાના હૃદયસરસા ચાંપવાના અધિકારી બનાવ્યાં.

### (૧૨૦) રાગ – ગોરી 3/૧૦૮

આવૈ માઈ નંદનંદન સુખ દૈનુ
સંધ્યા સમૈ ગોપબાલક સંગ આગે રાજત ધૈનુ ૧
ગોરજ મંડિત સકલ મનોહર મધુર બજાવત બૈનુ
ઈહિ વિધ ઘોષ માંઝ હરિ આવત સબકો મન હરિ લૈનુ ૨
કિયો પ્રવેશ જસોદા મંદિર જનની મથી પ્યાવતિ પયફૈનું
છીતસ્વામી ગિરિધરન વદન છબિ નિરખી લજાનૌ મૈનુ ૩

**ભાવાર્થ :**

સંધ્યાનો સમય છે ત્યારે એક ગોપી પોતાની સખીને કહી રહી છે જો નંદનંદન ગોપબાળકોની સાથે આપણા વ્રજજનોને સુખ આપવા માટે પધારી રહ્યો છે. તેની આગળ આગળ આ ગાયો છે. (૧)



અને તેથી તેમની ખુરરજથી છવાયેલ અલક (વાળ)થી તે મનને હરિ લે છે. અને તેમાંય પાછા મધુર સ્વરમાં વેણુ બજાવીને મનને હરી લેવામાં ઉદ્દીપન કરે છે. આમ સર્વનાં મન હરિ લેતાં હરિ લેતાં, આપ પોતાના નેસડા પાસે આવીને શ્રીયશોદાજીના ભવનમાં પ્રવેશ કરે છે. (૨)

ત્યારે પોતાનો પુત્ર ભૂખ્યો થઈ ગયો હશે તેવા અધીરા ભાવવાળી જશોદા દૂધને મથીને ફીણ વાળુ દૂધ લાલાને પાય છે. આવા દૂધપીતા પ્રભુનું (ગિરિધરનું) વદનકમળનું સૌંદર્ય જોઈને કામદેવ પણ લજાઈ ગયો કે આવું મનોહર સ્વરૂપ તો બીજે ક્યાંય નથી! (૩)

**વિશેષ ભાવાર્થ :**

જેમને આનંદ અતીપ્રિય છે (આનંદરૂપ છે) તેવા પ્રભુ સપરિકર સુખ દેવા પધારી રહ્યા છે કે જ્યારે (સંધ્યા) અતીવ તાપક્લેશ ભક્તહૃદયમાં ભગવત્‌પ્રાપ્તિ માટે થાય છે. પરંતુ પ્રભુ ત્યારે જ સુખદાતા બનશે કે જ્યારે ભક્તમાં (ધેનુ) નિઃસાધનતા ભાવ જાગે. તે દર્શાવવા માટે (આગે રાજત ધૈનુ) કહ્યું છે. ભગવાન ભક્તના નિઃસાધન ભાવનું જ પોતાના શ્રીમસ્તકની શોભા બનાવી દે છે. અને સૌ પ્રથમ સુખદાનમાં મધુર એટલે જેમ મધુની સુવાસથી ભ્રમર આકર્ષાય તેમ ભક્તને આકર્ષે છે. નાસા ઈન્દ્રિયથી ત્યાર બાદ જેમ હરણ સુંદર ગાનથી આકર્ષાય તેમ ભક્તોને બેનુ બજાવીને સ્વરથી આકર્ષિત કરે છે. ભ્રમર, હરણ બન્ને નિઃસાધન છે અને પોતપોતાના ઈષ્ટમાં નિષ્ઠાવાળા છે. બૈનુ જે વાંસમાંથી બનેલ છે તે પણ નિઃસાધન છે તો તેને જેમ અધર પર ધરી છે તેમ કહી સંદેશ આપી રહ્યા છે. બોધ આપી રહ્યા છે અને ઘાસ-ફૂસના ઝૂંપડાં પણ નિઃસાધન છે. ક્ષુદ્ર છે તે નિઃસાધન હૃદયકુટીરમાં પ્રભુ પ્રવેશ કરે છે. જ્યારે પ્રભુ પધારે છે ત્યારે આપના સંગથી સકલપરિવારને પોતાની પ્રેમજાળમાં બાંધી લે છે. ભગવાન ત્યાં પ્રવેશે છે કે જ્યાં પ્રભુની કથા-ગુણગાન થાય અને સાથે સાથે સ્વરૂપ સેવા પણ થાય અને તે પણ સ્વતનથી (મથી) અને પ્રભુમાં શુદ્ધ તથા ઉત્તમ વસ્તુનો વિનિયોગ કરાવે (પય ફેનુ) આવા પ્રભુ ભક્ત મનોરથ બને છે અને મનોરથથી પણ અધિક સુખ પોતાના વદનકમળના દર્શનથી કરાવે છે ત્યારે આવું સામર્થ્ય લૌકિક કામમાં તો અંશમાત્ર પણ નથી (નિરખી લજાનો મૈનુ) આ રીતે પ્રભુ નિઃસાધન ભાવાત્મા બની રહે છે.

## (૧૨૧) રાગ – ગોરી

3/૧૦૮

વ્રજકી બીથી નિપટ સાંકરી
ઈહ ભલી રીતી ગાંઉ ગોકુલકી જીતહી ચલીએ તીતહી બાંકરી ૧
જહીં જહીં બાટ-ઘાટ બન ઉપવન તહીં તહીં ગિરિધર રહે તાકરી
તહાં વ્રજબધુ નિકસી ન પાવત ઈત ઉત ડોલત રારત કાંકરી ૨
છિરકત પીક પટમુખ દીએ મુસકત છાજે બૈઠી ઝરોખેં ઝાંકરી
પરમાનંદ ડગમગત શિશ ઘટ, કૈસેંકે જૈએ બદન ઢાંકરી ૩

**ભાવાર્થ :**

વ્રજની ગલીઓ (રસ્તા) ખૂબ જ સાંકડી છે અને વિશેષમાં ગોકુલ ગામની તો રચના જ એવી સુંદર છે કે જ્યાં ચાલો ત્યાં પાછો વળાંક આવે જેથી પાછળ આગળ કોણ છે તે પણ જલ્દી ખબર ન પડે અને ભાગી પણ ન શકાય. (૧)

વળી ગોકુળમાં જ નહિ પણ ઘાટ, વન કે ઉપવનને રસ્તે જ્યાં જઈએ ત્યાં ત્યાં ગિરિધર તો ભેટી જ જાય. જેથી તો ત્યાં પણ વ્રજની વધુઓ હેમખેમ નીકળી નથી શકતી કેમ કે તે આમતેમ ડોલતો આવી કાંકરી મારીને ઝઘડો ઊભો કરે છે. (૨)

તો વળી, ક્યારેક ઝરૂખા ઉપર બેસીને વ્રજવધુ પ્રતિ ઝાંકતા એકીટસે જોઈ રહે છે અને પાનની પીચકારી મારે છે અને પછી પટ મુખ ઉપર રાખી, હસીને મજાક કરે છે. આમારા માથે તો પાણીનું બેડુ હોય છે તેથી શરીર સંભાળીને પણ કેવી રીતે જઈ શકીએ ?

**વિશેષ ભાવાર્થ :**

શ્રીવલ્લભે કંડારી આપેલ પુષ્ટિમાર્ગ કે જેમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વ્રજાધિપની સેવા-કથા એ જ સાધન અને એ જ ફલ છે. પણ તે કહેવાતો માર્ગ તો હકિકતમાં સાંકડી કેડી સમાન છે અને સાંકડી એટલે ઘણી સાંકડી (નિપટ સાંકરી) અને આ ગોકુલાધીશનું ગામ છે. તે તો જેવું છે તેવું સારું જ છે. અમારા માટે અહીંની ગલીઓ પણ વાંકી ચૂકી લચીલી છે. આ માર્ગ જ લચીલો છે. વેદમાર્ગ જેવો સીધો અક્ષરસઃ શબ્દાર્થ સમાન નહિ પણ ભાવના અનુસાર બદલાઈ જાય તેવો ત્રિભંગી જેવો છે.

અહીં તો ધર્મ નથી તમને જોઈ રહ્યો કે નથી તમે ધર્મને જોઈ રહ્યા. અહીં તો ઘરની બહાર કે વ્યવહારનાં કાર્ય (ઘાટ) કે વાનપ્રસ્થ કે સંન્યાસાશ્રમ જેવી સ્થિતિમાં



(વનમાં) કે ગૃહસ્થાશ્રમ જેવી સ્થિતિમાં (ઉપવન) જ્યાં પણ સ્થિતિ હોય પણ દરેક સ્થળે પ્રભુનો ભક્તમાં અને ભક્તનો પ્રભુમાં નિરોધ હોય જ. દરેકમાં (ગિરિધર) ગોપીજન વલ્લભ પ્રીત્યર્થ જ બધું કરવાનું અને ભય લાગે ત્યારે ગિરિધર રક્ષક તરીકે પણ સતત તાકતા જ રહેતા હોય છે. ભક્ત પોતાના સંસારના ઘેરા રૂપ ઘરમાંથી જલ ભરવાને બહાને પ્રભુનો સંગ કરવા. સેવા-કથારૂપ ગલીમાં નિકળી પડે છે, દેખાવ એવો કરે છે કે અમારે રહેવું તો સંસારમાં છે પણ શું કરીએ વ્યવહારના કામે નિકળવું પડે છે. સેવા-કથાની ગલીમાં નીકળેલ ભક્તની સાથે (સખ્યભાવ) ઉત્કટ ભાવમાં પ્રભુ ઝગડો પણ કરે છે અને કાંકરીચારો પણ કરે છે (શ્રીદામા તથા ગોવિંદસ્વામીને યાદ કરો) તેથી ક્યારેક દુઃખ પણ આપે તો ક્યારેક પોતાના અધરામૃતરૂપ પીકથી ભક્તને રંગી દે છે ત્યારે ભક્તની વ્યસનાવસ્થા જેવી અનુરાગપૂર્ણ (રાતી) દશા થઈ જાય છે અને ત્યારે તેવા બ્હાવરા ભક્તની પ્રભુ મજાક પણ કરી લે છે. કુંભનદાસને પોતાની સાથે માખણ ચોરીમાં લઈ જઈને પકડાવી દીધો તથા ચત્રભુજદાસને લગ્ન કરવાની સલાહ પોતે આપી અને પછી કહેવા લાગ્યા કે હજુ તો હમણાં જ રાંડયા અને તુરત જ લગ્ન વગર ન રહેવાયું ? ભક્તને માથે પાછું સંસારનું જળ ભરેલું બેડું છે અને બીજીબાજુ ભગવદ્‌સ્નેહ પણ છે આ બે સાથે નિભાવવામાં પગ ડગમગી પણ જાય છે તો ક્યારેક શીશ ડગમગે તો ક્યારેક બેડું-સંસાર ડગમગે. પણ ભક્ત તો ભગવાનને આશ્રીત છે. "અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ" તેથી પોતે પોતાના સ્વરૂપને નથી ભગવાનથી છૂપાવી શકતો કે નથી જગતથી છૂપાવી શકતો. પણ દરેક પરિસ્થિતિમાં તેને પરમાનંદનું સુખ છે કેમ કે જીત જાઉ તીત આડો હી આવે બીના બુલાયો મોંસો બોલે... માઈ મેરો શ્યામ લગ્યો સંગ ડોલે...

## (૧૨૨) રાગ – ગોરી

3/૧૦૯

મોહન નટવર વપુ કાછૈ આવત ગોધન સંગ લીયે લટકત
દેખનકોં જુરી આઈ સબૈ પ્રિય, મુરલી નાદ સ્વાદ રસ ગટકત ૧
કરત પ્રવેશ રજનીમુખ વ્રજમેં દેખત રૂપ હૃદયમેં અટકત
છિતસ્વામી ગિરિધનલાલ છબિ દેખત હી મન કહું ન ભટકત ૨

**ભાવાર્થ :**

મનને મોહી લેનારા ગિરિધરલાલ નટવર (નટવત - વરવત્) વેશવાળા અભિનય કરવાને પધારી રહ્યા છે અથવા કહો કે તેવા પ્રભુ પટુકા કસીને પધારે છે અથવા કહો કે ખૂબ જ નજીક પધાર્યા છે.

ગોધનને સાથે રાખીને તે પ્રકારે પધાર્યા છે. આપના દર્શન કરવા વ્રજસ્ત્રીઓના સમૂહ આવી પૂગ્યા છે. તથા આપ જે મુરલીનો નાદ વહાવી રહ્યા છે તેનો સુધારસ ગટક ગટક ઘુંટડા ભરીને આકંઠ પી રહ્યા છે. (૧)

આપ લગભગ અંધારું થવાની તૈયારીમાં છે ત્યારે જ પધાર્યા છે. ત્યારે આપના દર્શન કરીને આપના રૂપ-સૌંદર્યને આ વ્રજાંગનાઓ હૃદયમાં ભરી રહી છે અને પ્રભુનું આ સૌંદર્ય એટલું બધું અનુપમ છે કે તે જોયા પછી બીજું બધું ફીકું લાગવાથી મન તેમના સ્વરૂપમાં જ અટકી ગયું છે જેથી બીજે સર્વ સ્થળે ભટકતું મટી ગયું છે. (૨)

**વિશેષ ભાવાર્થ :**

પ્રભુએ જ્યારે રમણની ઈચ્છા કરી ત્યારે સૃષ્ટિ કરી અને તેમાં પ્રવેશ કર્યા એકોહં બહુસ્યામ થયા ત્યારે પ્રભુએ સર્વ શુદ્ધઆત્માને મોહિત કર્યા. એવા પ્રભુ નટવત્ થઈને વૈવિધ્ય આણે. તેથી પ્રવાહી જીવ માત્ર તેવા જ જાણે જેથી સૃષ્ટિમાં મોહિત થઈ રહે. જેઓને વરવત્ (શ્રેષ્ઠ) ભાસ્યા તેવાને માત્ર માહાત્મ્યજ્ઞાન જ થયું અને તેવા દૈવી મર્યાદાજીવ થયા અને જેઓ પુષ્ટિ ભક્ત છે તેમને ખ્યાલ આવ્યો કે આ જે સૃષ્ટિની લીલા થઈ રહી છે અને જે લીલાની સામગ્રી છે તે નટરૂપ પ્રભુનું કાર્ય છે અને તે જ મારે માથે (વરવત્) બિરાજે છે અને મારું કર્તવ્ય તો તેમની સેવા કરવાનું છે અન્ય નહિ. ''વરસ્તુષ્યતિ નાન્યથા'' તથા તે જેમ નચાવે (નટ) તેમ અમારે નાચવાનું અને નાચતી વખતે આપનું માહાત્મ્ય ભૂલી જવાનું (હરિઃ સર્વ નિજેચ્છાતઃ કરિષ્યતિ) આ પ્રકારના ભાવવાળા પુષ્ટિજીવ આવા પ્રભુ ભૂતલ ઉપર આપણા માટે ફરી શ્રીવલ્લભની કૃપાથી પોતાના સમસ્ત પરિકર (ગોધન) સહીત પધારી રહ્યા છે અને જેઓનો સ્વભાવ (સ્ત્રીજન) દીનતાવાળો છે તેવા આવા પ્રભુને નિરખીને પોતાના હૃદયમંદિરમાં પધરાવી ગયા. પ્રભુની નાદરૂપ કથાનું આકંઠ પાન અનવસર તથા અવસરમાં કરતા રહ્યા જ્યારે આવી સાધન રૂપા ભક્તિ થઈ ત્યારે પ્રભુ તેવા સંધીકાળમાં (સાધન-ફલરૂપા ભક્તિ) તે વ્રજભક્તોના હૃદયમાં સ્થિર (દૃઢ) થઈને બિરાજી ગયા અને જ્યારે પ્રભુ સ્વયં કૃપા કરી પોતાના સ્વરૂપાનંદનું દાન કરવા લાગ્યા (ગિરિધરનલાલ છબિ દેખત) જેમ ગિરિરાજધરનની લીલા વખતે પ્રભુએ વ્રજભક્તોનો નિરોધ સિદ્ધ કર્યો હતો. તેમ અહીં પણ આવા ભક્તોનો નિરોધ સિદ્ધ થઈ ગયો (મન કહું ન ભટકત) છિતસ્વામીજી કહે છે આમારો પણ અનુભવ છે કેમ કે હું પણ નટ-છલીયા રૂપે આવ્યો હતો પણ



શ્રીગુસાંઈજી સ્વયં મોટા-છલીયા બની, મજાક કરવા આવનારની મજાક કરીને, મને જ બાંધી દીધો અને મારા (વર) સ્વામી થઈ ગયા. હું ગામમાં કોઈને નહોતો ગાંઠતો, તેવા મારા જેવા કાલીયનાગનું દમન કરી લીધું અને આપમાં નિરોધ સિદ્ધ એવો કરાવી દીધો કે સ્વયં ઠાકુરજીમાં પણ મને તો આપના જ દર્શન થવા લાગ્યા અને આપમાં ઠાકુરજીના. આવો અભેદ માહાત્મ્યજ્ઞાન અને સ્નેહની વચ્ચે કેળવાઈ ગયો.

**(૧૨૩) રાગ – ગોરી** 3/૧૦૯

**મેરે રી મનમોહન ભાઈ**
**સાંઝ સમેં ધેનુ કે પાછેં આવત હૈં સુખદાઈ** ૧
**સખામંડલી મધ્ય મનોહર મુરલી મધુર બજાઈ**
**સુનત શ્રવણ તનકી સુધી ભૂલી નૈનકી સૈન જતાઈ** ૨
**કીયો પ્રવેશ નંદગૃહ ભિતર જનની નિરખી હરખાઈ**
**છિતસ્વામી ગિરિધર કે ઉપર સરવસુ દેત લુટાઈ** ૩

**ભાવાર્થ :**

મનમોહન જે ગિરિધરલાલ છે તે મને અતીપ્રિય છે. અને તે સંધ્યા સમયે જ્યારે વ્રજમાં પધારે છે તે અમને સુખ દેવા જ પધારે છે. (૧)

આપ સખા મંડલીની મધ્યમાં રહીને જ્યારે મુરલી બજાવે છે ત્યારે તે નાદ કાનમાં પડતાં જ દેહની સુધ ભૂલાવા લાગી. ત્યારે જ આપે આંખોથી મને ઈશારો કર્યો (૨)

અને પછી તો આપે પોતાના (નંદજીના) ગૃહમાં પ્રવેશ કરી દીધો ત્યારે માતા આપને નિરખીને ખૂબ જ હરખાઈ આવા છિતસ્વામીના ગિરધરની ઉપર બધાં જ વ્રજવાસી બધું જ લુટાવી દેવા તત્પર છે. (૩)

**વિશેષ ભાવાર્થ :**

અહીં પુષ્ટિપ્રભુનું સ્વરૂપ કેવું છે તેનું વર્ણન છે. પુષ્ટિ એટલે અહેતુકી કૃપા અને પ્રભુ એટલે સ્વામી. જે પ્રભુ કહેતાં સામર્થ્યવાન ઐશ્વર્યવાન છતાં પણ તે પોતાના માહાત્મ્યને નજરઅંદાજ કરીને કૃપા કરવા તત્પર રહે છે, તેમને માટે કે જેઓ પ્રભુને સ્વ (પોતાના) ગણે છે તો પ્રભુ પણ તેઓને પોતાના ગણી તેમના સ્વામી

બને છે. ભક્ત, માત્ર કર્તવ્યવશ તેમને પોતાના નથી ગણાતા પણ તેમને પ્રભુ સિવાય કંઈ ગમતું નથી. એટલે કે જે મનનો સ્વભાવ ચંચલ છે અનેક વિષયો પ્રતિ ઉડાઉડ કરે છે તે મન એટલું મોહિત (સ્વભાવને ભૂલી જવું) થઈ જાય છે કે તેનો નિરોધ તે મોહી લેનાર સ્વપ્રભુમાં તે સ્થિત થઈ જાય છે અને ભરપૂર આનંદ માણે છે.

આ પ્રભુ કેવા પુષ્ટિ પ્રભુ છે ? તો કહે છે - જ્યારે સામાન્ય રીતે સાંજ પડે ત્યારે બધાં જ અસંગ થઈને સ્વસંગમાં લાગે જેમ કે ઉડાઉડ કરતા પક્ષી, બીજા પક્ષીનો આકાશનો, વૃક્ષોનો વગેરેનો સાથ છોડી પોતાના માળામાં આવે, પશુઓ નદી વનનો વિહાર છોડી ગુફા કે ખરૂમાં આવી જાય - કામકાજ અર્થે નિકળેલ વ્યક્તિ બજાર-અન્ય મિત્રો વગેરેનો સંગ છોડી સ્વગૃહે આવે પરંતુ આ મોહન તો પોતાના ભક્તોને સુખ દેવાનું પણ લીધેલ છે તેથી સંઝા સમે પણ પોતાની ધેનુ (ભક્તો)ની પાછળ પાછળ ડોલે છે અને તેમના મનને પ્રસન્ન કરવા મધુરી મુરલી પણ બજાવે છે. દિવસે તૃણ ચરાવી તનનું પોષણ કર્યું, હવે મુરલી બજાવી મનનું પોષણ કરે (પ્રેમ) છે. તથા (સખામંડલી) કે જેઓને સખ્યભાવ છે (આસક્તિ) તેવા ભક્તની પાછળ નહિ પણ તેમની મધ્યમાં બિરાજે છે. તથા જેઓ તેમનાથી દૂર છે તેમને એટલા બધા રસથી ભરી દે છે કે રસસુધા કર્ણમાં પડતાં, દેહ દશા ભૂલાઈ જાય છે. (વ્યસનાવસ્થા) ધેનુ અને સખામંડલી જેવા ભક્તોને સંયોગરસનું દાન કરે છે તો વ્રજસિમંતીનીઓને તે જ સમયે વિપ્રયોગરસનું દાન કરે છે. પરંતુ જ્યારે તેઓને તનની સુધી જવાની તૈયારી છે ત્યારે ફરી પુષ્ટિ કરે છે અને ઈશારાથી (સેનન) તથા દૃષ્ટિથી સંજીવની રૂપ સંયોગરસનું દાન કરે છે તથા વિશેષ સુખ આપવાનું મૂક-વચન આપે છે. નંદજીનું ગૃહ એટલે નંદ-યશોદા, ત્યાં આવેલ સમસ્ત વ્રજવાસી તથા કુમારિકાઓના (ગૃહ) હૃદયમાં ખૂબ જ ઊંડાણમાં (ભિતર) આપે પ્રવેશ કરી હર્ષનો પ્રાદુર્ભાવ (જનન) થતો દર્શાવ્યો (નિરખી) એટલે કે અનુભવાયો. આવા સુખની ચરમસીમા આપનારા પ્રભુએ (ગિરિધરે) એક વિશેષ કૃપા કરીને તેમનામાં સર્વોચ્ચ સમર્પણ ભાવનું જતન કર્યું તેથી આવા પ્રભુ ઉપર સર્વસ્વ ન્યોછાવર કરી દેવા લાગ્યા. પોતાની અહંતા-મમતા-આત્મા સર્વસ્વને લુટાંવી પોતે નિઃસાધન થયા અને પ્રભુ નિઃસ્વાર્થ ફલાત્મા થયા.

**(૧૨૪) રાગ – ગોરી** 3/૧૦૯

**એ આજ કૌન બન ચરાઈ**
**ચેતી ગૈયાં કહાં ધોં લગાઈ એતી બેર બૈઠે વ કહા સુધ લેહો નેન ઓસર** ૧



**એક બન ઢૂંઢ સકલ બન ઢૂંઢી તોઉ ન પાઈ ગાયનકી ગેર**
**તાનસેન કે પ્રભુ તુમ બહોનાયક દેહો કદમ ચઢ ટેર** ૨

**ભાવાર્થ :**

ગ્વાલબાલ કનૈયાને પૂછે છે કે આજે ગાયોને ક્યા વનમાં ચરાવવા માટે મોકલી છે ? કેમ કે આટલી બધી વાર લાગી, ઘરે જવાનો સમય અવસર વેળ થઈ ગઈ છતાં આવી નથી. આમ બેસી રહીને શાંતિથી નિંદ કાં કાઢો છો ? (૧)

અમે તો એક એક વન શોધી વળ્યા તો પણ આ ગાયોનો ઈશારો (હોવા પણાનો) મળ્યો નહિ. સર્વ મુશ્કેલ કાર્યમાંથી રસ્તો કાઢવામાં ચતુર (બહુનાયક) તો તમો જ છો, જેથી કદમ પર ચઢીને ગાયોને ટેર દઈને બોલાવો. (૨)

**વિશેષ ભાવાર્થ :**

પ્રભુના નિત્ય લીલાના પરિકર પ્રભુને પૂછે છે કે આપે સૃષ્ટિ રચી તેમાં દૈવી જીવો (ગાયો) પણ છે તેઓને આપે એવા તે કેવા વનમાં (અહંતા-મમતા) ચરવા (સંસાર ભોગવવામાં) મોકલી દીધા છે, કેમ કે જેમ ગૃહસ્થાશ્રમ પછી વાન પ્રસ્થ કે સંન્યાસ આશ્રમમાં મનુષ્યને પ્રભુની સુધી વિશેષ આવવી જોઈએ પણ તેઓને તેવું જણાતું નથી. (અલૌકિક સામર્થ્ય હોવાથી નિત્યલીલાના જીવો સર્વ કંઈ જાણી શકે છે. અથવા પ્રભુ જે જણાવવા ઈચ્છે તેવી તેમના મનની વાત પણ જાણી શકે છે.)

આપ તો નિરાંત મનથી બિરાજી રહ્યા છો, આ આપની અકળતા અમને વિકળ કરે છે કેમ કે આપ આપની પર બ્રહ્મતા પ્રકટ કરો તો તો પુષ્ટિ ભક્તિમાં બાધક થાય અને તેથી તો આપ તે સંસારમાં અથડાતાં દૈવી પુષ્ટિજીવો પર કૃપા નથી વરસાવતા. તો શું આપ પુષ્ટિભાવને અંતર્હિત તો નથી કર્યાને.?

અમે તો અમારી દિવ્યદૃષ્ટિથી જોયું કે તે કર્મ - જ્ઞાન - ઉપાસના આદિ સકલ વનોમાં ભટકે છે પણ તેમને આપની પાસે પાછા વળવાનો નિષ્કામ નિઃસાધન ભાવવાળો ભક્તિમાર્ગ જડતો નથી. આપ તો કર્તુમ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ (બહુનાયક) છો અને આપ તો તાન (નાદ) સેન (બ્રહ્મ) પણ છો તો આપની વાણી રૂપ નાદબ્રહ્મ - વાક્સુધા શ્રીવલ્લભ સ્વરૂપે (વાક્પતિ) ભૂતલ પર પધરાવો અને તેમને આચાર્યપદે ગુરૂપદે બિરાજાવી સર્વ તેમના થકી સાચા રાહે ચડી જાય તેવો પ્રમેય વિચારો.

# શયન દર્શન

## (૧૨૫) રાગ – નાઈકી 3/૧૦૯

જાન્યોં પ્રીતકો મરમ
મુખકી મોસોં જીયસી ઔરનસોં પાયો હૈ તિહારો ભરમ ૧
ઐસી હૈ જો કોન બાલ જિન રસવસ કર લીને જાનીયત હીયકે નરમ
હરિનારાયણ સ્યામદાસ કે પ્રભુ માઈ ભલીકીની ભોર આયે ચતુર પરમ ૨

**ભાવાર્થ :**

પ્રભુ જ્યારે રાતભર ન પધાર્યા પણ સવારે પધાર્યા તેથી ગોપી કટાક્ષ વચનોથી પ્રભુનું સ્વાગત કરે છે.

પ્રીતનો અર્થ શું ? તેની મને આજે જ ખબર પડી! (જાન્યો પ્રિત કો મરમ) મારી સામે તો મારા હોવ તેમ દેખાવ કરો અને હૃદયનો ભાવ તો અન્યથી હોય. "તેથી આપ જે પધાર્યા છો તે તો તમારુ ભ્રમસ્વરૂપ છે." (તમારા વિશે ભ્રમ ભાંગી ગયો છે) તેમ ગોપી સ્વગત બોલે છે. (૧)

પછી પ્રકટ બોલે છે - એવી તે કોણ તરૂણી (બાલ) છે કે જેણે પોતાના રસ-પ્રેમથી આપને વશ કરી લીધા ? અથવા તો એવું લાગે છે કે આપ હૃદયના ખૂબ નરમ લાગો છો જેથી જે બોલાવી જાય ત્યાં ચાલી જાઓ છો ? (જાનીયત હીયકે નરમ) આપ તો સર્વના દુઃખ હરવાવાળા હરિ છો તેથી તેના પણ દુઃખ હરો અને નારાયણ હોવાથી સર્વ માટે સમાન છો. સ્યામ છો તેથી કપટી છો અને જે કોઈ સેવા કરે તેવા દાસના જ સ્વામી છો. જેથી ગમે તેની પાસે જાઓ તેમાં આશ્ચર્ય નથી! પરંતુ આપે મને એટલી તો લાયક સમજી કે સવાર પડે તો પધાર્યા ! આપ તો ચતુરોમાં પણ ચતુર છો. પરમ ચતુર છો. જેથી મારું કહેવાનું ન સમજો તેમ નથી! (૨)

**વિશેષ ભાવાર્થ :**

પુષ્ટિભક્તિમાર્ગીય પ્રીત શું છે તેનું રહસ્ય આ જે એક પ્રસંગ બન્યો જેથી ગોપીને સમજાઈ જાય છે. તે તેની સખીને બતાવી રહી છે. (આજના કાળના ભક્તોને બતાવે છે).

પ્રભુએ જાણે મને બતાવ્યું કે જીવે પાખંડ ન કરવો જોઈએ. સન્મુખ રહીને સેવા કરે પરંતુ જીવ તો અવિદ્યાગ્રસ્ત હોવાથી સંસારમાં ભટક્યા કરતો હોય (મુખકી



મોસો જીયસો ઔરનસો) પરંતુ પ્રભુ તો અંતરમાં બિરાજેલા હોવાથી જીવનું આ કપટ (ભ્રમ) જાણી લે છે (પાયો હૈ તિહારો ભરમ) પરંતુ જે પ્રભુને પોતાના પ્રેમમાં રસબસ કરી દે (જિન રસ વસ કર લીને) અથવા તો પ્રેમને કારણે પ્રભુને વશ કરી દે તેવા તો કોઈ વીરલા જ હોય (ઐસી હૈ જો કોન) એવા તો કોણ હોઈ શકે ? પરંતુ જો તેવા બાલ હોય એટલે કે નવાસવા જ સેવક થયા હોય તો શું ? જેમ સાસુ-વહુની વાર્તા છે તેમ, પ્રભુ તેમનું બાલપણું નથી જોતા કે નથી પીઢ પણું. આપ તો રસને જ વશ છે અને જે સ્વભાવે અતી દીન છે (જાનીયત હોય કે નરમ) પ્રભુને સ્હેજ અસુખ થાય તેમાં પોતાનો જીવ નીકળી જાય ! પદ્મનાભદાસજીએ, રામદાસજીના ઠાકુરને મ્લેચ્છ લઈ ગયો તો સાત દિવસનાં ઉપવાસ કર્યા. શ્રીઆચાર્યજીને સ્હેજ ભોજનમાં અવેર થાય તેમ જાણી વણઝારાને પુષ્ટિધર્મ ગિરવે મુકીને પણ પૈસા ચૂકવી દીધા. જે તેના હક્કના ન્હોતા તોય, આવા નરમહૃદયના આ ભક્તો છે.

એવા નર માટે પ્રભુ નારાયણ થયા છે અને એવા ભક્તના દુઃખ પ્રભુ પણ સહન કરી શકતા નથી (હરિ) એ ભક્તના દોષ પ્રતિ ન જોનારા આપ તેના 'પ્રભુ' થવામાં ગૌરવ અનુભવે છે. (સ્યામદાસકે પ્રભુ) તેવા ભક્તમાં સારા-બુરા સર્વ પ્રસંગોમાં તેવો જ ભાવ રાખે છે. (ભલી કીની) *"વિવેકસ્તુ હરિ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ"* તેવા વિવેકપૂર્ણ છે.

મારા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા જ પ્રભુ પધાર્યા છે (ભોર આયે) આવા ભક્તનું મન લૌકિક બુદ્ધિમાં અટવાતું નથી કેમ કે તે તો પ્રભુને જ પરમચતુર માને છે.

પ્રભુની સાથેની પ્રીતનું રહસ્ય કહેતાં અહીં ભક્તના લક્ષણો જણાવ્યા છે. તેવા ભક્તો જ પ્રભુની પ્રીતનું રહસ્ય કહી દે છે જે પ્રભુ, પ્રીત ક્યારે કરે ?

## (૧૨૬) રાગ – નાઈકી 3/૧૦૯

લોચન લાલચી ભયે
રોકે ન રહત પ્રેમ કે માતે પલક કપાટ દીએ ૧
જો મનદૂત પવન વ્હૈ નિકસે બહુર્યો સ્યામ પે ગયે
સૂરકે પ્રભુ ખરેઈ સોદાગર બિનુગ્રથ મોલ લીયે ૨

**ભાવાર્થ :**

સૂરદાસજી કે જે પોતાને દ્વિવિદ આંધરો કહે છે તે કહે છે કે મારાં લોચન લાલચી લોભી - તૃષ્ણાવાળા થઈ ગયાં છે, તેની રૂચી આસક્તિ સુધી વધી ગઈ. જેથી તો પલકરૂપ દરવાજા (કપાટ) બંધ કરી દેવા છતાં તેમને રોકી શકાતા નથી કેમ કે પ્રેમની ઉન્મત્ત દશા એવી છે કે જેને કોઈ રોકી ન શકે ! (૧)

જીવન ખૂઈને આત્મા પર સવારી કરીને પણ પહોંચી જાય છે. અથવા તો દેહે કરીને ન નીકળી શકે તો મનરૂપ દૂતની સાથે પવનવેગે નીકળી પડે છે અને સીધા જ સ્યામ મુકામે પહોંચી જાય છે. ત્યારે તેમની જેને માટે લાલચ છે તે લોચન સ્યામ માટે સોદો કરવા, સૂરદાસજીના સ્વામી સાથે બેઠા પણ આ સોદાગર તો શૂરવીરોના સ્વામી નીકળ્યા. આવા સોદાગર તો ક્યાંય જોયા નથી કે જે સ્યામને કોઈપણ બદલા વગર આપી દે ! સૂરપ્રભુ જાણે છે કે પ્રેમનું મૂલ્ય આંકનાર સોદાગર થવા લાયક નથી તેથી તો આપ 'ખરેઈ સોદાગર' છે. (૨)

**(૧૨૭) રાગ – નાઈકી** 3/૧૦૯

**પ્યારે પૈયા પરન ન દીની**
**જોઈ જોઈ વ્યથા હુતી મેરે મનમેં છિન એકમેં દૂર કીની** ૧
**જો સોતીન મોસોં અનખ કરત હી સોઈ આનંદ ભીની**
**નંદદાસપ્રભુ ચતુર શિરોમણિ પ્રીત છાપ કર લીની** ૨

**ભાવાર્થ :**

મને કોણ જાણે એમ લાગ્યું કે મારા પ્યારા પ્રભુ મારાથી દૂરી કરી રહ્યા છે. મારી પાસે તે માટે કોઈ જ ઉપાય નથી. હું તેમનાથી દૂરી સહન કરી શકતી નથી. મારી પાસે કોઈ સાધન પણ નથી કે સાધન પ્રેમપંથમાં પ્રભુને રીઝવવા કામ આવી શકે તેમ નથી. તેથી હું પ્રભુના ચરણો પડીને આપને રીઝવવાનો વિચાર કરતી હતી. પરંતુ પ્રભુએ તો પોતાનો પ્યાર પ્રકટ કરી દીધો અને મને ચરણે પડી વિનતી કરવા પણ ન દીધી એટલો બધો સ્નેહ પ્રકટ કર્યો (પ્યારે પૈયા પરન ન દીની) મારા મનમાં જે કંઈ વ્યથા હતી તે આપે ક્ષણમાંત્રમાં દૂર કરી દીધી. મારા મનમાં જે કંઈ સંશય હતા તે દૂર થઈ ગયા. (૧)

જે જલની ધારા મારી આંખોમાંથી વહેતી હતી તેમાં ભારોભાર રીસ ભરેલી હતી તે ધારા તુરત જ આનંદભીની થઈ ગઈ અથવા જે સહપત્ની મારા પર રીસ કરતી હતી તે મારા પર પ્રેમ વરસાવવા લાગી.



નંદદાસના પ્રભુ ચતુરાઈમાં શ્રેષ્ઠ છે તેથી તો એકમાત્ર 'પૈયા પરન ન દીની' જેવા વ્યવહારથી પોતાની ગોપી પર ખૂબ પ્રીત છે તેવી છાપ કાયમી કરી દીધી. (૨)

**(૧૨૮) રાગ – નાઈકી** 3/૧૧૦

**મિલે કી ફૂલ નયનાહી કહે દેત તેરે**
**સ્યામસુંદર મુખ ચુંબન પરસે નાચત મુદીત અનેરે** ૧
**નંદનંદન પેં ગયો ચાહતે હૈ મારગ શ્રવણન ઘેરે**
**કુંભનદાસ ગિરિધરન મિલનકું કરત ચિન્હ દસ ફેરે** ૨

**ભાવાર્થ :**

એક સખી પોતાની બીજી સખીને કહે છે - તું કહે કે ન કહે પણ તારાં નયનો જ કહી દે છે કે તું ગિરિધરનનું મિલન પામી છે. અને માટે જ ઉત્સાહથી ફૂલાયેલી જણાય છે. લાગે છે કે સ્યામસુંદરે મુખચુંબનથી નયનાંને સ્પર્શ કર્યો છે. માટે તો તે ખૂબ જ આનંદપૂર્વક નાચી રહ્યા છે અને આ આનંદ અને હલનચલન નૂતન જ છે (અનેરે) (નાચત મુદીત અનેરે) (૧)

આ નયનાં તો સ્યામસુંદરને નંદનંદનને મળવા ખૂબ ચાહી રહ્યા છે પરંતુ તેની બન્ને બાજુ કાન-શ્રવણનો ચોકી પહેરો છે તેથી જવામાં ઘણી રૂકાવટ છે. (નંદનંદન પે ગયો ચાહત હૈ મારગ શ્રવણી ઘેરે).

પરંતુ જે કુમન - જગત્પતિનો દાસ છે તે તો પોતાનો નિરોધ જેમાં સિદ્ધ થયો છે તેવા ગિરિધરનને મળવા માટે જાત-જાતના ઈશારા દશ વખત કરશે જ માટે આ નયનાં એ દશવખત પ્રભુને ઈશારા કરીને મળવા પ્રયાસ કર્યા છે ત્યારે તે પ્રભુને મળી શક્યા છે. (દશવખત એટલે પ્રેમપૂર્વિકા નવધાભક્તિ) (૨)

**(૧૨૯) રાગ – નાઈકી** 3/૧૧૦

**ચલે અનત, ઘોખે આયે, મેરે સો તો સકૂચ રહે હી બનેગી**
**વિહારે મિલેકી ફૂલ, પીર આવે વાંકી મોહી**
**અવધિ આસ તારે ભોર લોં ગિનેગી** ૧
**તુમ બહુનાયક સબસુખદાયક**
**દોઉ ધાકોં સોચ કીયે પ્રીત તો તનેગી**
**જાહી કો સુહાગ ભાગ તાહીકો લહનો**
**જગન્નાથ પ્રભુ પ્યારે રસમેં સનેગી** ૨

ભાવાર્થ :

પ્રભુએ મારી પાસે આવવાનું કહ્યું હતું પણ બીજે ચાલ્યા ગયા. (ચલે અનત) મને તો દગો કર્યો (ધોખો આયે) પણ મારામાં તો કંઈ થઈ શકે તેવી હિમ્મત નથી. તેથી ચૂપ રહીને મનમાં જ સંકોચાઈને બેસી રહેવાનું કરીશ (મેરે તો સકૂચ રહે હી બનેગી) હે પ્રભુ, હવે તો તું જ્યારે મળીશ ત્યારે જ ફૂલાઈશ, ત્યાં લગી સંકોચાઈ - ચીમળાયેલી રહીશ (તિહારે મિલેકી ફૂલ) પરંતુ મને તેના લીધે હૃદયમાં પીડા તો બહુ થાય છે. (પીર-પીડ આવે વાંકી તેની / તેથી મોહી - મને) આવા વિયોગની મુદત (અવધિ) પૂરી તો થશે જ, તેવી આશામાં ને આશામાં આખી રાત આકાશના તારા ગણતી ગણતી સવાર પડે ત્યાં લગી રાહ જોઈશ (અવધિ આસ તારે ભોર લોં ગિનેગી) (૧)

મનમાં તો એમ જ વિચારું છું કે પ્રભુ તમે તો બહુનાયક છો, આપને તો અનેક નાયિકાઓ છે અને તે સર્વને સુખ દેવા વાળા છો (તુમ બહુનાયક સબસુખદાયક) તેથી આપ તો બન્ને બાજુનો વિચાર કરો અને પછી જ્યાં આપને વિશેષ પ્રીતિ જણાય તે બાજુ આપ ખેંચાઈ જાઓછો. (દોઉ ધાર્કો સોચ કીયે પ્રીત તા તનેગી.) જેના ભાગ્યમાં સુહાગ લખ્યો હોય તે જ તેને માણી શકે (જાહીકો સુહાગ ભાગ તાહીકો લહનો). જગન્નાથ જે છે પણ અત્યારે તે તેના પ્રભુ સ્વામી થશે અને તેના પ્યારા થશે તેથી પ્રભુ તેને જ પોતાના રસથી તરબોળ કરી દેશે. (જગન્નાથ પ્રભુ પ્યારે રસમેં સનેગી). (૨)

# માન – શિતકાલ

## (૧૩૦) રાગ – કાન્હરો 3/૧૨૦

આજબની વૃષભાનકુંવરી દૂતી અંચલવારત
તૃણ તોરત કહેંત ભલે જુ ભલે ભામા
વદન જોતી કંઠપોતી છોટી છોટી લર મોતીનકી
સાદા શૃંગારહાર કુચબિચ અતી શોભીત હે બોરસરી દામા ૧
એક રસનાં ગુણઅપાર કેસેંક વરણો વિશદકી રતિ
અંગ અંગ પિય નમત અભિરામા
ગોવિંદ બલ સખી કહેં રચિપચિ વિરંચી
કીની સ્યામ મરણકો માઈ તુહી સ્યામા ૨

ભાવાર્થ :

અહીં એક સખી ઠાકોરજીની દૂતી બનીને શ્યામાજીની પાસે આવી છે, ત્યારે દેખાવ



એવો કરે છે તે શ્યામાજીની દૂતી (અંતરંગ સખી) હોય! હકીકતમાં શ્યામાજીને મનાવવા આ સખીને મોકલવામાં આવી છે.

સખી જૂએ છે તો વૃષભાનકુંવરી આજે પોતાની ઓઢણીનો છેડો હલાવ્યા કરે છે, જમીન પરનાં તણખલાં તોડે છે આ પ્રકારે પોતાની ઉદાસીનતા પ્રકટ થઈ જાય છે. (આજબની વૃષભાનકુંવરી, અંચલવારત, તૃણત્તોરત.)

ત્યારે આ દૂતી સખી કહે છે ''ઘણી ખમ્મા વૃષભાનકુંવરીને'' (દૂતી કહેત વૃષભાનકુંવરી ભલેં જુ ભલે ભામા)

હવે સખી બીજું પગલું ભરે છે - તે શ્યામાજીના વખાણ કરે છે. આપનું વદન તો જ્યોતિ સમાન ઉજવળ છે. (વદન જોતી) આપનો કંઠ તો પંખીના બચ્ચા જેવા કોમળ પતલો છે. (કંઠ પોતી) અને તેમાં નાનીનાની મોતીની લર બિરાજે છે, સાદો શૃંગાર છે તથા કૂચની વચ્ચે હૃદય સુધીનો હાર છે (અતી શોભિત હે બોરસરી દામા.) (૧)

મારી તો રસના - જીહ્વા એક જ છે અને આપના ગુણ તો અપાર છે કેવી રીતે વર્ણન કરી શકું ?

હવે સખી મુખ્ય વાત પર આવે છે (વિશદકી રતિ) પ્રેમ તો ભર્યો છે પણ ઉદાસીનતા ભર્યો પ્રેમ છે. બસ આટલી થોડી સી કમી છે. પણ જૂઓ તો ખરા, છતાંય આ ગોવિંદ પિયુ પોતાના પ્રત્યેક અંગથી આપના પ્રતિ વિનમ્રતા પ્રકટ કરે છે. ગોવિંદ સ્વયં સમર્થ છે છતાં સમર્થતાને ભૂલીને આપને પ્રસન્ન કરવા મથે છે. (અભિરામ) (અંગ અંગ પિય નમત.)

આ સખી કહે છેકે બ્રહ્માજી તને બનાવીને તો પરેશાન થઈ ગયા. હાથ ધોઈ નાખ્યા. એટલી કાળજીથી તને ઘડી છે કેમ કે આ રચના (પચી) સ્યામ સાથે રમણ કરવાને જો કોઈ યોગ્ય હોય તેની છે અને તે તો હે સ્યામા તું જ છે. અથવા ગોવિંદ પ્રભુ કૃપાથી હું જાણી શકી છું કે બ્રહ્માજીએ એક મૂર્તિ ખૂબ જ મહેનત કરીને રચી છે અને તે રચ્યા પછી પરેશાન થઈ ગયા કે આનાથી સુંદર બીજી કોઈ રચના હવે શક્ય નથી. આ તેમણે શ્યામને રમણ કરવા લાયક મૂરતી ઘડી. હે સખી માઈ, તારા મનમાં એમ છે કે સ્યામ કોઈ બીજાંથી મોહ્યા છે ? તેથી રીસાઈ છે ? પણ ના એવું નથી કેમ કે બ્રહ્માજીએ રચેલ તે મૂરતી તું જ છે. તું જ તે શ્યામની સ્યામા છે. (૨)

આમ, વૃષભાનકુંવરીના મનનો સંશય દૂર કરીને માન છોડાવ્યું.

## (૧૩૧) કાન્હરો 3/૧૨૦

અરી તૂ કાહે અનમની બોલત નાહીં બુલાયેં
અવલોંતો તૂ હસત ખેલત હી કહા ભયો મોહીં આયે ૧
નયન નીચે કીયે ચીતવન રૂખ દીયેં તીરછી ભૂંહ ચઢાયે
રસિક પ્રીતમ પીય કબકે ઠાડે વિનવત હૈ પેર પાયે ૨

**ભાવાર્થ :**

સખી રાધાજીને થોડું ખીજાઈને પણ વિનવી રહી છે - અરી, તું શા માટે આમ અન્યમનસ્ક થઈને ચૂપ કરી રહી છે. તને બોલાવવા કેટલું કરીયે છીએ તોય બોલતી નથી. (અરી તૂ કાહે અનમની બોલત નાહી) હજુ થોડીવાર પહેલાં તો તું અમારી સાથે હસતી હતી, ખેલતી હતી અને હું આ સ્યામની સાથે અહીં આવી એટલામાં તને શું થઈ ગયું ? (અવલોં તો તુ હસત ખેલત હી કહા ભયો મોહી આયે ?) (૧)

તારી આંખો તેં જમીન પ્રતિ ઢાળી દીધી છે જાણે કે દૃષ્ટિને રજા આપી દીધી હોય ! (ચિતવન રૂખ દીયે) અને ભ્રમર ત્રાંસી કરીને ઊંચે ચેઢાવી દીધી છે. આ બધાં લક્ષણ તારી રીસ પ્રકટ કરે છે. તું વિચાર તો ખરી કે તારા પ્રીતમ જો તારા પ્રતિ અરસિક નથી બન્યા, પછી શું છે ? તેમનો રસ તો તારે માટે છે તેવા રસિક છે અને તને પ્રીત કરે છે માટે તે પ્રીતમ છે. વળી તારા દોષ પ્રતિ ધ્યાન ન ધરનારા છે તેવા ધૈર્યવાન છે તેથી તો ક્યારના અહીં તારી વાટ જોતા ઠાડા છે. એટલું જ નહિ તને કેટલી બધી વિનતી કરે છે, અરે તેથી ય આગળ પોતાનું માન નેવે મૂકીને તારા પગે પડે છે (પરે પાયેં) તેથી તું માન છોડી તેમને આધીન થા. (૨)

**વિશેષ ભાવાર્થ :**

શ્રીમહાપ્રભુજી જીવને કહે છે 'અરી તૂ કાહે અનમના' અરી - કહેતાં તૂ તો તુચ્છ જીવ છે. છતાં કેમ અહંકાર કરે છે ? તારી પાસે અહંકાર કરવા લાયક છે શું ? આ સર્વ પદાર્થો જેને તું તારા જાણે છે તે તો બધા પ્રભુના છે. તે તું પોતાના માટે વાપરે છે હવે તને તેનું ભાન કરાવવા છતાં તું નિવેદન નથી કરતો ? (બોલત નાહીં બુલાયે) હમણાં લગી તો તું તે વિષયો સાથે હંસી હંસીને ખેલતો હતો. ભોગવતો હતો અને હવે જ્યારે હું (મહાપ્રભુ) આવ્યો તને સમર્પણની વાત કરવા, ત્યારે જાણે તારી પાસે તારું મન જ ન હોય તેમ અનમન થઈ ગયો ? થોડીવાર પહેલાં તો જાણે બધુ જ હસતું ખેલતું (વિષયસાથે) હતું. હમણાં સુધીતો



દૃષ્ટિ સંસારમાં ભટકતી હતી હવે કેમ તેને ભોયમાં ભંડારી દીધી ? અને ચિતવન-દૃષ્ટિ જાણે રજા આપી દીધી હોય તેમ તેનો વિનિયોગ પ્રભુ માટે કરવા તેયારી નથી. એટલું જ નહિ સમર્પણની વાતથી જ તને રોષ ચડયો છે. (તીરછી ભૂંહ ચઢાયે) મફતમાં રહેવા આપેલ ઘરના માલિક આવે ત્યારે તેમના પ્રતિ ઉપકારના વચનો કહેવાં કે, ઉપકાર દૃષ્ટિ કરવાને બદલે ભવાં ચઢાવવાના ?

આ તો પુષ્ટિપ્રભુ છે. તું અંશપણું ભૂલી જાય પણ તે અંશીપણું ભૂલે તેવા નથી. તારો રસ (આનંદ) જે તિરોહિત છે પણ તે તો આનંદમય રસિક. તું તેમનો સેવક હોવાનું અભિમાન નથી રાખતો. પણ તે સ્વામી તરીકેનું રાખે છે. તારામાં સ્નેહ વિરમી ગયો છે પણ તે તો સ્નેહ ભંડાર પ્રીતમ છે. આવા સમર્થ પ્રભુ તારા ઉદ્ધાર માટે ધૈર્ય ધરીને સહસ્ત્ર પરિવત્સરથી ઠાડા છે. શાસ્ત્રોની વાણી દ્વારા તને ભક્તિમાર્ગમાં લાવવા વિનવે છે (વિનવત હે) હરે તને તેમના ચરણ, પુષ્ટિવશ પ્રાપ્ત થઈ ગયા છે તો (પરે પાયે) આ ચાન્સ ગુમાવ નહિ. તેમના ચરણ પકડી તેમને સમર્પિત થઈ જા.

## (૧૩૨) બિહાગરો 3/૧૨૩

આવત જાત હોં તો હાર પરીરી
જ્યોં જ્યોં પ્યારો વિનતી કર પઠાવત
ત્યોં ત્યોં તૂ ગઢમાન ચઢીરી ૧
તિરાહે બિચ પરે સોઈ બાવરી
હોં ચોગાનકી ગેંદ ભઈરી
ગોવિન્દપ્રભુકોં વેગ મિલ ભામિની
સુભગ યામીની જાત વહીરી ૨

**ભાવાર્થ :**

રૂસણા લઈને બેઠેલી પોતાની સખીને બીજી સમજાવી રહી છે. જરાક ખીજાઈ જઈને કહે છે - આ બાજુથી પ્રભુ મને તારી પાસે મનાવવાને મોકલે છે, એનો તુ પ્રત્યુત્તર નથી આપતી તેથી હું તે સંદેશ કહેવા પાછી જાઉ છું. આમ આવવા અને જવાનું એટલી બધી વાર થયું કે હવે તો હું જ હતાશ થઈ ગઈ છું. પ્યારો લાલન તને જેમ જેમ વિનતીનાં વચનો કહેવડાવીને મને મોકલે છે તેમ તેમ તું તો માનનાગઢ પર (માનના છાપરે) ચઢે છે. (૧)

જે પગાલ-બાવરું હોય તે જ તમારા બેયની વચ્ચે સમાધાન કરાવવા પડે. કેમ કે જાણે હું દડો હોઉં અને તમે બન્ને ચૌગાન - બેટ લઈને મને આમ-તેમ ફંગોળો.

મારી તને છેલ્લી વિનતી - સલાહ છે કે ભલી થઈને ગોવિન્દ પ્રભુને જલ્દી જઈને મળ. જે તને સૌભાગ્યરૂપ જોબન મળ્યું છે તે તો વહી ચાલ્યું, તે પાછું નથી આવતું. કે નથી આવા સ્વામીનો સ્નેહ ફરી મળતો. (૨)

## (૧૩૩) બિહાગરો 3/૧૨૩

માન ન ઘટયો આલી તેરો ઘટજુ ગઈ સવ રૈન
બોલન લાગે તમચર ઠોરઠોરતુ અજહૂ ન બોલી રી પીકબેન ૧
કમલકલી વિકસી તુ ન નેકહસી
કોન ટેવ પરી મૃગશાવક નયન
નંદદાસ પ્રભુકો નેહ દેખ હાંસી આવત
વે બૈઠે હૈ રચી રચી સેન ૨

**ભાવાર્થ :**

સખી પોતાની પ્રિય સખી કે જેની સાથે પ્રભુનું મન લાગી ગયું છે તેને કહે છે - અરી તારું અભિમાન - રૂસણું ઘટયું નહી. પણ આખી રેન-રાત ઘટવા લાગી. એટલી રાત થઈ ગઈ છે કે તમચર ઠેર ઠેર બોલવા લાગી ગયાં છે. પણ તારા મુખમાંથી મધુરો સો પીક, કોયલ જેવો અવાજ નીકળતો નથી. (૧)

રાત્રીના પોયણાં કુમુદ-કમળની જે કળી હતી તે રાત્રી જામતાં ખીલીને કમળ બની ગયું પણ તારા મુખ પર પ્રસન્નતા રૂપ હાસ્ય ન ફરક્યું. અરી મૃગલીના નયન જેવા નયનવાળી બાળકી તને આ તે કેવી ટેવ પડી છે ? તારી જેવી પાછળ નંદલાલ પ્રભુનો સ્નેહ જોઈને, લાગે છે આ તે કેવી મજાક છે ! અથવા તો નંદલાલનો એક તરફી સ્નેહ જોઈને અમને હસવું આવે છે કે તે તો કેટકેટલા મનોરથો ધરીને બેઠા છે અને તું તો રુસણું લઈને બેઠી છે ? (૨)

# પોઢવેકા પદ

## (૧૩૪) કેદારો 3/૧૨૭

સખીયન રુચિ રુચિ સેજ બનાઈ
રંગમહલમેં પરે હે પરદા ધરી અંગીઠી સુખદાઈ ૧
સિતસમેં ગ્રીષ્મ ઋતુકીની અતીસુંદર વરદાઈ
શ્રીવિઠ્ઠલગિરિધારી કૃપાનિધિ પોઢે ઓઢી રજાઈ ૨



**ભાવાર્થ :**

પ્રભુના રંગમહલમાં સખીઓએ પોતાને જે અતીસુંદર (રૂચિ) લાગે છે તેવી સેજ સ્નેહપૂર્વક (રૂચિ) તૈયાર કરી દીધી છે. પ્રભુ જેવાં સ્વામિનીજી સાથે એકાંતમાં બિરાજે છે તેવા રંગમહેલમાં પડદા પાડી દીધાં છે કેમ કે પવન અને ઠંડી ન લાગે તથા વધારામાં અંગીઠીમાં દેવતા અગ્નિ એટલો જ છે કે જેથી સુખ આપનાર બની રહે. ૧

આ સમય તો સિતકાળનો છે પણ આ ભક્તોએ તેને ગ્રિષ્મઋતુ બનાવી દીધી છે. ઠંડીનો અણસાર પણ નથી આવતો અને તેથી તે ખૂબ પ્રસન્નતા આપનાર થઈ પડ્યો છે. (અતીસુંદર વરદાઈ) શ્રીવિઠ્ઠલ - ગિરિધારી તો કૃપાના ભંડાર હોવાથી સ્વામિનીજી સહિત રજાઈ ઓઢીને પોઢી ગયા છે. ૨

**વિશેષ ભાવાર્થ :**

જે ભગવદીયો છે તેમનો તો સહજ સ્વભાવ છે કે સ્વામિને કેમ સુખ થાય સ્વામિનીજીને કેમ સુખ થાય અને ભક્તોને કેમ સુખ થાય ? તેથી જેઓએ આ સર્વ સાથે સખ્યભાવના અધિકાર છે તેવા ભક્તોમાં અખૂટ પ્રેમ છે અને તે પ્રેમ કૃતિમાં પણ પ્રકટે છે. તેથી તેઓ ભાવાત્મિકા સેવા કરે છે. (રૂચિ) બીજી રૂચિથી તેઓ ભાવાત્મિકા કથા પણ કરે છે. આ સંગ્રહરૂપ સેવા-કથા અન્ય ભક્તો માટે સરળ બોધ બની રહે છે તે તેમને આનંદના માર્ગે દોરી જનાર છે. (સેજ બનાઈ) ભગવદ્ સુખાર્થે જે કંઈ સેવા કથા કરે છે તે સર્વ 'સેજ'માં આવી ગયું. સેજ તે ઉપલક્ષણ છે. આ ભક્તો માત્ર પ્રેમ પૂર્વકની પણ આસક્તિ પૂર્વક પ્રભુની સેવાને પહોંચે છે તેથી તે ચિત્તની એકાગ્રતા (રૂચિ) સહિતનો સ્નેહ (રૂચિ) આમ, રૂચિ સ્નેહનું બીજું સ્ટેજ છે.

પ્રભુ રંગમહેલમાં પધારવાના છે. પ્રભુ તો અક્ષરબ્રહ્મ સમાન નિર્ગુણ મહલમાં બિરાજે છે. તે ભક્તોને સુખ આપનારા સગુણ ભક્તોની વચ્ચે સગુણતા ધરીને પધારે છે. તેવા ભક્તોની અંદર અંતઃકરણમાં આપ પધારે છે. ત્યારે પડદા પડી જાય છે. આ પુષ્ટિ ભક્તિ જ એકાંતિકા છે જેથી તે એકના પ્રતિ છે. માટે તો ગુપ્ત છે. પ્રકટ કીયે રસજાય. પોતાની અંદર જે તાપ-ઉત્કટતા ઉત્કંઠા પ્રભુના સત્કાર માટેની ચટપટી પ્રભુને સુખ થાય માટે શું કરું અને શું ન કરું ? 'આજ પાહુને ભોજન આયે કંઈ પિરસું કંઈ ટહલ કરું એકો નહિ બનત ઉપાયરી' તેવી તાપાત્મક ભક્તિ - અંગિઠી પ્રભુને બહુ સુખકારી બની રહે છે. ''ધરી અંગીઠી સુખદાઈ''

પ્રભુના ચરણકમલની સેવા કરવાની યોગ્યતા હોવા છતાં પ્રભુએ તેવા ભક્તને મુખારવિંદની સેવાની યોગ્યતા માની લીધી. દાસ્યભક્તિ સહિત આવેલા જીવને પ્રભુએ સખ્ય, આત્મનિવેદન દઈ દીધું. તેથી શીતની ઠંડી સાથે સાથે હૂંફ જેમ સુખકર લાગે તેમ દાસ ભક્તિના શેડમાં અને સખ્યભક્તિની ડીઝાઈન ખૂબ આકર્ષક બની રહે છે. તેથી તો તે ડીઝાઈન ખૂબ જ સુંદર શોભે છે અને સુખકર લાગે છે. ''અતિસુંદર વરદાઈ''.

**(૧૩૬) કેદારો** 3/૧૨૭

**સોવત નીંદ આય ગઈ સ્યામહીં**
**મહરી ઉઠ પોઢાય દુહનકો અપન લગી ગૃહકામ હી** ૧
**વરજત હે ઘરકે લોગન કો હરીયે લે લે નામ હી**
**ગાઢે બોલ ન પાવત કોઉ ડર મોહન બલરામ હી** ૨
**શિવ સનકાદિક અંત નહિ પાવત ધ્યાવત હૈં દીનયામહી**
**સુરદાસપ્રભુ બ્રહ્મ સનાતન સો સોવત નંદધામહી** ૩

**ભાવાર્થ :**

આખો દિવસ વનમાં ગાય ચરાવન લીલાને કારણે સ્યામને તો સુતાં વેંત ઊંઘ આવી ગઈ. યશોદાજી શ્યામ અને રામ બન્નેને (દુહનકો) આ રીતે પોઢાવીને પછી પોતે રાતનાં બાકી રહેલાં ઘરકાર્યમાં લાગી ગઈ. (૧)

પરંતુ તેનું ચિત્ત તો લાલનના સુખાર્થે જ છે. તેથી તે ઘરનાં પ્રત્યેકને નામ દઈ દઈને ધીમા અવાજે (હરીયે) કડક સૂચના (બરજત) આપે છે (કે અવાજ ન કરશો, લાલન પોઢી ગયા છે, નિંદ તૂટી જશે) તેથી તો સહેજ પણ જોરથી (ગાઢે બોલ) કોઈ બોલી શકતું નથી. કેમ કે સૌને ડર છે કે મોહન-બલરામ જાગી જાય તો! (૨)

પ્રભુની આવી લીલાને શિવ અને સનકાદિક રાત-દિન ધ્યાન (ધ્યાવત હે દિન-રાત હી) કરવા છતાં સમજી શકતા નથી. તેઓ તો આ સુરદાસના પ્રભુન સનાતન બ્રહ્મ તરીકે જ જાણે છે (કે જે સૂવે નહિ જાગે નહિ, તેને રાત શું દિવસ શું ?) અને તે તો અહીં નંદજીના ધામમાં પોઢી ગયો છે. સનાતન બ્રહ્મ પોઢે ત્યારે તો પ્રલયલીલા થઈ હોય જ્યારે અત્યારે તો આવિર્ભાવ લીલા છે. છતાં સનાતન બ્રહ્મ પોઢ્યા છે. આ બધું તેમની સમજ બહાર છે. (૩)



**(૧૩૭) નાયકી** 3/૧૨૯

**પોઢી રહી પીય સંગ પ્યારી**
**રંગમહલમેં ધરી અંગીઠી પરદા પરે સુખકારી** ૧
**ચિત્ર વિચિત્ર બની ચિત્ર સારી જગમગાત અતી ભારી**
**મુખ તંબોલ લે ખાત ખવાવત અંક હારે ગિરિધારી** ૨
**અતી વિચિત્ર ગુનરૂપ આગરી લલિતા સખી પ્રચારી**
**સૂરદાસ પ્રભુ કો અદ્‌ભૂત સુખ તનમનધન બલિહારી** ૩

**ભાવાર્થ :**

શિતકાલમાં રાત્રી વહેલી થાય છે. તેથી વ્હેલાં વ્હેલાં પીયુની સંગે એમનાં પ્યારીજી પોઢી ગયાં છે. જે મહેલમાં એમનાં ભાવના રંગ ખિલે તેવી સજાવટ છે. (રંગ મહલ) ત્યાં ઠંડીની સાથે અંગીઠી પણ ધરી છે. આ પણ ઉદ્દીપન ભાવરૂપ છે. બારી-અટારીમાંથી ઠંડો પવન ન આવે માટે બધે જ પડદા પાડી દીધા છે. તે પણ ભાવના ઉદ્દીપનરૂપ, અભયરૂપ, એકાંતરૂપ, હૈયા ધારણરૂપ, મનશાંતિરૂપ પડદા પડયા છે તેનો રંગ, ડીઝાઈન વગેરે એવા છે કે તે ગુંગળામણ કરીને એકાંતને ભયંકર કરનાર નહિ પણ સુખ કરનાર છે. (૧)

આ રંગમહલનો એક ખંડ છે તેમાં અનેક પ્રકારની વિવિધતા છે (ચિત્ર-વિચિત્ર) તેની શોભા આંખને ઉડીને વળગે તેવી છે (જગમગાત અતી ભારી). જે ગોપીજનોના ચિત્તનો નિરોધ કરવા માટે, તેનો સર્વ ભાર ઉઠાવી લેવા સમર્થ છે તેવા પ્રભુએ પ્યારીને પોતાના બાહુમાં સમાવી લીધા છે. તો સામે શ્રીસ્વામિનીજી પોતે સુગંધીત તાંબુલ આરોગે છે અને આરોગાવે છે. (૨)

પ્યારીજી ખૂબ જ વિશિષ્ટ પ્રકારના અલૌકિક ગુણોના ભંડાર-ખાણ સમાન છે. આપના સખી લલિતાજી આપના ગુણોનો યશ-પ્રચાર કરનારાં છે. તેથી તે આપનાથી બહુ નજીક નહિ અને બહુ દૂર નહિ તેમ રહે છે. જેથી આપની સેવામાં હાજર પણ રહે અને આપની સ્વતંત્રતામાં વિઘ્નરૂપ પણ ન થાય. (લલિતા સખી પ્રચારી) સુરદાસજી કહે છે કે - પ્રભુને ખૂબ જ સુખ થઈ રહ્યું છે કે જેવું સુખ આપને પહેલાં નથી થયું (સુરદાસ પ્રભુકો અદ્‌ભૂત સુખ) તેવા સુખ પર આપણા તન-મન-ધન વારી દઈએ! (૩)

**વિશેષ ભાવાર્થ :**

પ્રભુની જે અંગસૃષ્ટિ (પુષ્ટિસૃષ્ટિ) છે તે પ્રભુને અતિ પ્રિય છે. આપ ગીતાજીમાં અને ભાગવતમાં ''મને ભક્ત બહુ પ્રિય છે.'' તેમ કહે છે. આવા ભક્ત સાથે ભગવાન લીલા કરવા તથા ભક્તોને સુખ આપવા જ પ્રભુ ભૂતલ પર તથા ઘરે ઘરે સ્વરૂપસેવા દેવા પધારે છે. ભગવાનનો ભક્તમાં નિરોધ થાય ત્યારે આપને માટે સર્વ સૃષ્ટિનો લય થઈ જાય છે. ભગવાન પોતાની શક્તિને પોઢાડીને પછી તેની સાથે પોઢે છે. તેમ ૧૦-૧ ભાગવતના ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે. શ્રી સ્વામિનીજી ભગવાનાં મુખ્ય શક્તિ રૂપે પોતે સ્વયં છે. શ્રીસ્વામિનીજીનાં સ્વરૂપે સર્વ ભક્તજનો આપમાં વ્યષ્ટિરૂપિ બિરાજે છે. જે આપે સૃષ્ટિ-જગત રચ્યું છે તે રંગ મહેલ છે. તેમાં આપ લીલા કરે છે. પરંતુ જીવના ભાવનું ઉદ્દીપન કરવા માટે તાપ-ક્લેશ રૂપ અંગીઠી અંતઃકરણના એકાન્તમાં ધરે છે અને જગતના વિષયોથી અલિપ્ત રહેવા માટે પરદા પાડયા છે. ભક્તને તો સુખ જ કરનારા છે. પ્રભુ સાથે ખેલવા માટેની અંતઃકરણરૂપ નાની સી કોઠરી (ચિત્રસારી) તે ખૂબ જ ચિત્ર-વિચિત્ર છે. તેમાં રહેલા મનને કારણે અનેક સંકલ્પ વિકલ્પ થાય છે. પરંતુ તે પ્રભુસંબંધિ હોવાથી (જગમગાત અતી ભારી) .

જ્યારે જીવ પ્રભુના મુખનું તંબુલ લઈ પોતે પોતાના મુખમાં મુકે છે એટલે કે પ્રભુના હૃદયનો ભાવ, પોતે પોતાનામાં મૂકે છે અને પોતાનો ભાવ પ્રભુને સમર્પે છે. ત્યારે આ ભાવની લેવડ-દેવડથી પ્રભુ તેને પોતાનો કરી દે છે તેથી 'અંકભર' અને તેવા જીવનો નિરોધ પ્રભુ સિદ્ધ કરે છે અને જીવનો લૌકિક-અલૌકિક ભાર પ્રભુ ઉપાડી લે છે. આમ પ્રભુ ગિરિધારી લીલા કરે છે. જગતમાં તો સત્વ-રજ-તમ્ ત્રણ ગુણોની જ બોલબાલા છે પણ આ જીવ તો જ્યારે અલૌકિક ગુણો તથા નિર્ગુણભાવના ભંડાર રૂપ થઈ જાય છે (અતી વિચિત્ર ગુનરૂપ આગરી) તેવા જીવને પ્રભુને પ્રિય બનાવવા રૂપ અનેક સામગ્રી લલિતાજી પ્રભુ સન્મુખ કરાવે છે. લલિતાજી પ્રભુને સિફારીસ કરે છે. દામોદરદાસ હરસાનીજી જે મુખ્ય સ્વામિનીજીના પણ પ્રિય સખી છે તેવા દાસાનુદાસની કૃપાથી જીવ પર સત્વરે કૃપા થાય છે (લલિતા સુખ પ્રચારી) ત્યારે તે જીવને પ્રભુનું અદ્‌ભૂત સુખ, સ્વરૂપાનંદનો લાભ પ્રાપ્ત થાય છે. તે એવું સુખ છે કે તેમાં આ તન-મન-ધન બધું જ ઓવારી દઈએ. એટલે કે તેને સમર્પિત કરી દઈને પ્રભુમાં જ તલ્લીન થઈ જઈને સુખમાં મહાલીયે, બિલકુલ હળાફૂલ થઈને. (તન-મન-ધન બલિહારી).



॥શ્રીહરિ:॥

# ભગવત્‌કીર્તન રહસ્ય

## વિભાગ-૬

- ઉરાહને
- છાક
- પલકન કી ભાવના
- ઉષ્ણકાળ - રાજભોગ દર્શન
- આવની
- આશ્રય
- વસંત બહાર
- વસંત પાલને
- ધમાર
- દ્વિતીય પાટ
- વર્ષાકાલ - છાક